
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી સીમંધરદેવાય નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# જ્ઞાનનું જ્ઞાનત્વ

અધ્યાત્મમૂર્તિ સ્વાનુભવ વિભૂષીત
પૂ. કાનજીસ્વામીના પ્રમુખ શિષ્યરત્ન
શુદ્ધાત્મવેદી પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈના
સમયસાર ગાથા - ૯૨, ૯૩ ઉપરના
માર્મિક પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૯ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૦૦ મા જન્મદિન પ્રસંગે

તા. ૧-૬-૨૦૦૯ જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા. ૧૦૦/- મૂલ્ય - સ્વાધ્યાય

## 'જ્ઞાનનું જ્ઞાનત્વ' પ્રાપ્તિ સ્થાન

રાજકોટ : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

રાજકોટ : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ટેલી નં. ૨૨૩૧૦૭૩

મુંબઈ : (૧) શ્રી પંકજભાઈ શાંતિભાઈ ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કુલ પાસે,
બોરીવલી (વે.), મુંબઈ - ૪૦૦ ૦૯૩ ટે.નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩ ૨૦૧૫૯

(૩) શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

સોનગઢ : ડૉ. માધુરીબેન એસ. નંદુ ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ
અને જેકેટ મલ્ટીકલર ફોટા :
**DESIGNSCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** info@designscope.in
**Web :** www.designscope.in

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. ફોન : ૨૪૬૮૪૬૧,
મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૫૬૩૧૪૪૪
**Email: sharpoffset@hotmail.com**


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi's 100th Janma Jayanti (1 June 2009) by Shree Kundkund KahanAmrut Prabhavna Mandir Trust, "Sweet Home", Jagnath Plot, Sheri Number 6, Jymkhana Road, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of GnaanNu Gnaanatva is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 1 June 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રકાશકીય કલમે....

**"અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે શ્રી ગુરુ કહાનનો."**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ. ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ 'જ્ઞાનનું જ્ઞાનત્વ' નામના પુસ્તકમાં ૯૨/૯૩ ગાથા કર્તાકર્મ અધિકારની જે છે તેમાં મુખ્યપણે પૂ.ભાઈશ્રીએ આચાર્ય ભગવાનને જે આ ગાથામાં કહેવાનો આશય છે તે પોતાના સમ્યક્જ્ઞાનથી સ્પર્શ થયેલી વાતોનું સ્પષ્ટીકરણ કરેલ છે. મૂળ ગાથામાં જે પાઠ છે અને ટીકાકારે તેનું જે સ્પષ્ટીકરણ કરેલ છે તે પૂ.ભાઈશ્રી દ્વારા અનેક વખત થયેલા તેમના પ્રવચનો દ્વારા વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.

આ ગાથાનો મર્મ એ છે કે જીવ સમયવર્તી અજ્ઞાની કેવી રીતે બની જાય છે અને તેનું અજ્ઞાન ત્વરિત દૂર કેમ થઈ જાય તેનું માર્મિક રહસ્ય પૂ.ભાઈશ્રીએ પ્રગટ કરેલ છે. રાગની ઉત્પત્તિ ખરેખર ક્યાં થાય છે અને જ્ઞાનની ઉત્પત્તિ ક્યાં થાય છે, અને તે બેની સાહજિક જ અનાદિ અનંત ભિન્નતા હોવા છતાં પ્રતિભાસિત થતા રાગને પોતાનો માનવાની ભ્રાંતિને કારણે જ જીવનું સંસારરૂપી પરિભ્રમણ અટકતું નથી. ખરેખર પોતે તો જ્ઞાન સ્વભાવી આત્મા અનાદિ અનંત છે અને તેમાંથી પ્રગટતા પણ ખરેખર જ્ઞાન ઉપયોગની જ થાય છે અને તેવા જ્ઞાનમાં માત્ર જ્ઞાયક જ જણાય રહ્યો હોવા છતાં, તેની જ્ઞપ્તિમાં સ્વપરનું પ્રતિભાસન સ્વભાવિક હોવાથી સ્વના પ્રતિભાસને તિરોભૂત કરીને પરના પ્રતિભાસનો આવિર્ભાવ કરીને સમયવર્તી અજ્ઞાન જીવ ઊભું કરે છે.

આવું સમયવર્તી અજ્ઞાન દૂર કરવા માટે પૂ.ભાઈશ્રીએ આ ૧૫ પ્રવચનોમાં ખૂબ જ ગહનતાથી આ વિષયની સ્પષ્ટતા કરી જ્ઞાનનું અજ્ઞાનત્વ દૂર કેમ થાય ને જ્ઞાનનું જ્ઞાનત્વ જીવને ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ અને પ્રગટ થતા જ્ઞાન ઉપયોગનો સ્વભાવ સમજાતાં સ્હેજમાં જ પ્રગટ થઈ જાય તેવો માર્મિક સંદેશ આપેલ છે. તેમાંના ઘણાં મુદ્દાઓ નીચે વર્ણવવામાં આવ્યા છે. તેનું સ્પષ્ટીકરણ સમજવા માટે આ પ્રવચનોનો સ્વાધ્યાય કરવાથી જ વધારે જ્ઞાન ચોખ્ખુ થઈને સમ્યક્ પ્રતીતિનો જન્મ થશે. સ્વપરનો પ્રતિભાસ તથા સ્વપરપ્રકાશકના તફાવત વિશેની વિશેષ છણાવટ આ સંસ્થા તરફથી અગાઉ પ્રકાશિત થયેલ પુસ્તક ''મંગલ જ્ઞાન દર્પણ ભાગ-૧'' માં વિસ્તૃતિપૂર્વક કરવામાં આવેલ છે. જેમાંથી વાંચકોને ઘણાં રેફરન્સ મળી રહેશે તો વિશેષ વિસ્તાર માટે તેનો અભ્યાસ કરવા વિનંતી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પૂ.ભાઈશ્રી દ્વારા 'જ્ઞાનનું જ્ઞાનત્વ' પુસ્તકમાં નીચે દર્શાવેલા મુદ્દાઓનું અપૂર્વ સ્પષ્ટીકરણ ને વિસ્તાર કરવામાં આવેલ છે**

* અજ્ઞાનની ઉત્પત્તિ થવાનું કારણ શું ? અને તેનો નાશ થઈને સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થાય.
* કુંદકુંદઆચાર્યે કહ્યું કે કર્મોનો કર્તા થાય છે-કર્મોનો અકર્તા થાય છે, અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે કર્મોનો કર્તા પ્રતિભાસે છે-કર્મોનો અકર્તા પ્રતિભાસે છે તેનું રહસ્ય ને તફાવત શું છે ? તેની સ્પષ્ટતા.
* સામાન્ય અપેક્ષાએ તો અજ્ઞાનીનો આત્મા પણ રાગનો અકર્તા ને અકારણ છે.
* સમયસારની જયસેનાચાર્યની ટીકામાં છે કે અધ્યવસાનાદિ ભાવકર્મ, દ્રવ્યકર્મમાં થાય છે.
* સામાન્ય ને વિશેષ બે પડખાવાળો એક પદાર્થ છે.
* સમ્યગ્દષ્ટિ ને મિથ્યાદષ્ટિના પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે.
* રાગ એક જ જગ્યાએ દ્રવ્યકર્મમાં થાય છે. બીજી જગ્યાએ જ્ઞાનમાં તો માત્ર પ્રતિભાસે છે. પુદ્ગલમાં રાગ થાય છે ને આત્મામાં જ્ઞાન થાય છે.
* નિમિત્તમાં રાગ હોય તો જ તેનું લક્ષ કરતા નૈમિત્તિકમાં રાગ થાય. માટે રાગ નિમિત્તમાં જ છે, ઉપાદાનમાં જ્ઞાન છે. નૈમિત્તિક, નિમિત્તની અપેક્ષા રાખે છે તેને ગૌણ કરો તો જ્ઞાન જ્ઞાન જ્ઞાન છે. જ્ઞાન નિરપેક્ષ છે.
* જ્ઞાન જ્ઞાનથી છે. જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેયનું જ્ઞાન પણ જ્ઞાનથી થાય છે અને આત્માનું જ્ઞાન પણ જ્ઞાનથી થાય છે.
* અજ્ઞાનીને પણ જ્ઞાનની સ્વચ્છતા છે, શુદ્ધતા નહીં. જીવનું લક્ષણ સામાન્ય ઉપયોગ બધાને પ્રગટ છે. તે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ ને અસંભવ દોષથી રહિત છે. સ્વચ્છતાનું સ્વરૂપ સમજે તો પણ જ્ઞાની થઈ જાય. બધું રહસ્ય સ્વચ્છતામાં છે. પ્રતિભાસ કહો, લક્ષણ કહો, ટર્નીંગ પોઈન્ટ કહો, બધું સ્વચ્છતામાં સમાયેલું છે. જ્ઞાનની પોતાની જ સ્વતંત્ર સ્વચ્છતા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

* ત્રણ પોઈન્ટ સ્વભાવના છે, ચોથા પોઈન્ટે કાં જ્ઞાનનું અજ્ઞાનત્વ ને કાં જ્ઞાનનું જ્ઞાનત્વ થઈ જાય છે.
* જ્ઞાનને જ્ઞાયક સાપેક્ષથી જ્ઞાનાકાર કહેવાય ને જ્ઞેય સાપેક્ષથી જ્ઞેયાકાર કહેવાય છે. દૃષ્ટિ અપેક્ષાએ પરિણામ સર્વથા ભિન્ન ને જ્ઞાન અપેક્ષાએ કથંચિત્ ભિન્ન અભિન્ન છે.
* એકવાર સ્વભાવના પક્ષમાં તો આવી જા. વ્યવહારનો પક્ષ તો છોડ, છોડ નહીં તો ગળે તેમાં તો આવ, કે હું જ્ઞાનમય આત્મા માત્ર જાણનાર છું.
* સ્ફટિક લાલ ફૂલના પ્રતિભાસ સમયે પણ સ્વચ્છ સફેદ રહી ગયો છે, લાલ થયો જ નથી. આ વાત ચમત્કારિક છે.
* જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જ જાણે છે, તેવો પરોક્ષમાં નિર્ણય થાય છે ને પ્રત્યક્ષમાં અનુભવ થાય છે.
* અકર્તા થયો તેમ લેતાં પૂર્વે કર્તા હતો તેમ આવી જશે માટે પૂર્વે પણ કર્તા પ્રતિભાસતો'તો અને વર્તમાનમાં પણ અકર્તા પ્રતિભાસે છે.
* પરિણામનો વિચાર કરવો તોપણ ક્ષણિક ઉપાદાન ને તત્ સમયની યોગ્યતાથી જ કરવો.
* પરને જાણે છે માટે જ્ઞાતા છે ? તો તો દોષ આવી જશે. જ્ઞાતાનું લક્ષણ તો જ્ઞાયકને જાણે છે માટે જ્ઞાતા છે.
* ધ્રુવના લક્ષે જ પૂર્વ ઉત્તર પર્યાયનું પણ જ્ઞાન થાય. ઉત્પાદવ્યયનું જ્ઞાન, ઉત્પાદવ્યયના લક્ષ વિના ધ્રુવના લક્ષે થાય છે.
* અજ્ઞાનની ઉત્પત્તિનું કારણ પણ હાથમાં આવી જાય તો, અજ્ઞાની અજ્ઞાન છોડીને જ્ઞાનમય જ્ઞાની બની જાય. અજ્ઞાન, પર પણ કરાવતું નથી ને આત્માનો સ્વભાવ પણ અજ્ઞાન કરવાનો નથી.
* દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે અને આત્મા જાણવારૂપે પરિણમે છે.
* અજ્ઞાનભાવ નિમિત્તના લક્ષ વગર ન થાય. અહીંયા અજ્ઞાન થાય તો ત્યાં જ્ઞેય ન રહ્યું, તે નિમિત્ત થઈ ગયું. નિમિત્તના લક્ષ વગર નૈમિત્તિક ન થાય.
* પ્રથમથી જ અનાદિથી રાગી તો પુદ્ગલ જ છે. પણ જાણવાના કાળે પ્રતિભાસ થતાં ભ્રાંતિ થઈ જાય છે.

- ઉપયોગ અને આત્મા અનાદિથી એક સત્તા છે, રાગ ભિન્ન સત્તા છે.
- જો રાગ પુદ્‌ગલમાં ન થતો હોય તો જીવની પર્યાયમાં પણ ન થાય તે અદ્‌ભૂત ન્યાય છે. નિમિત્તમાં ન હોય તો નૈમિત્તિકમાં ન થાય.
- દ્રવ્યકર્મમાં રાગ થાય છે તે રાગ તેમાં આવ્યો ક્યાંથી ?
- જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશક છે.
- પૂ. ગુરુદેવે કહ્યું કે ભગવાનની ભક્તિના રાગમાં જ્ઞાન બિડાઈ જાય છે.
- જ્ઞાન ને રાગના એકપણાનો અધ્યાસ કેમ થઈ જાય છે તેની સ્પષ્ટતા.
- પાણીની સ્વચ્છતા ને માટીની મલિનતા તેનું અપૂર્વ દૃષ્ટાંત દ્વારા લક્ષણ ભેદે સ્પષ્ટીકરણ.
- પ્રકૃતિનો સ્વભાવ એટલે શું ?
- દ્રવ્ય પર્યાયના પ્રદેશ ભિન્નતાનું અપૂર્વ સ્પષ્ટીકરણપૂર્વક સચોટ ન્યાયથી ભિન્નતાની સિદ્ધિ. પર્યાય પરદ્રવ્ય છે તેની સિદ્ધિ.
- સ્યાદવાદથી કથંચિત્ દ્રવ્યપર્યાયની એક સત્તા ને કથંચિત્ બે સત્તાની, પ્રમાણજ્ઞાન ને શુદ્ધનયથી સમ્યક્એકાંતપૂર્વક સમ્યક્અનેકાંતની સિદ્ધિ-સોનાના દૃષ્ટાંતે અપૂર્વ સ્પષ્ટતા.
- અનેકાંતના ત્રણ પ્રકારનું વર્ણન.
- એક સમયમાં છ ષટ્‌કારક સ્વતંત્ર છે તથા પરિણામનો કર્તા પરિણામની સ્પષ્ટતા.
- પારિણામિકભાવના ત્રણ ભેદ કયા ને કેવી રીતે ?
- એક પર્યાયમાં અનંતગુણ નથી તેથી પર્યાય આત્મા નથી.
- સ્વભાવ નિરપેક્ષ છે, નય સાપેક્ષ છે.
- એક ગુણને બીજા ગુણ સાથે કાર્ય કારણ નથી.
- જીવ મિથ્યાત્વ ને અજીવ મિથ્યાત્વ તેની સ્પષ્ટતા.
- જ્ઞાનનો મૂળ સ્વભાવ શું ?
- જ્ઞાનાદિગુણોનું કોઈ હરણ કે સર્જન કરી શકતું નથી.
- આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે અને અનુભવજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે.
- જ્ઞાનમાં જ્ઞાનત્વ છે ને જ્ઞેયોમાં જ્ઞેયત્વ છે.
- અભેદનો ભેદ અભેદને જ પ્રસિદ્ધ કરે છે.

ઉપરોક્ત મુદ્દાઓ સમજવા માટે આ પુસ્તકમાં પ્રકાશિત થયેલા ૧૫ પ્રવચનો દ્વારા સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરાવમાં આવેલ છે. મુમુક્ષુ સમાજને આ પુસ્તક આ મુદ્દાઓ સમજી ને પોતાના નિજ કલ્યાણ હેતુએ આ પ્રવચનોના નિમિત્તે પોતાની માંગલિકતા પ્રગટ થાય તેવી મંગલ ભાવના.

પૂ.'ભાઈશ્રી' લાલચંદભાઈની ૧૦૦ મી જન્મજયંતિના સુઅવસરે 'જ્ઞાનનું જ્ઞાનત્વ' નામનું પુસ્તક પ્રકાશિત કરતા સંસ્થા હર્ષ અનુભવે છે. આ પ્રવચનો વિડીયો કેસેટમાંથી અક્ષરશઃ ઉતારીને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનો ઉતરાવવાનું કાર્ય ડૉ.દેવેન્દ્રભાઈ એમ. દોશી સુરેન્દ્રનગર દ્વારા થયેલ હોય સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર માને છે. આ સમગ્ર પ્રવચનોને વિડીયો કેસેટ પરથી સાંભળીને, ચેક કરી, પ્રુફ રિડીંગનું કાર્ય કરનારનો પણ સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

પૂ.'ભાઈશ્રી' ના આ પુસ્તકના પ્રકાશન અર્થે આત્માર્થી સ્વ. ચીમનલાલ પોપટલાલ શાહ તથા સ્વ. જીવીબેન ચીમનલાલ શાહના સ્મરણ અર્થે રૂા. ૫૧,૦૦૦/- ની દાનરાશિ ગૌતમભાઈ શાહ-અમદાવાદ તથા રમાબેન ગાંધી-મુંબઈ દ્વારા પ્રાપ્ત થયેલ છે. તેમના આ કાર્ય બદલ સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું સુંદર રીતે લેસર ટાઈપ સેટીંગ તથા પુસ્તકના ફ્રન્ટ પેઈજ, કલર પેઈજ વિગેરે સુંદર બનાવી આપવા બદલ Designscope વાળા શ્રી અમરભાઈ પોપટ તથા પુસ્તક છાપવામાં સહકાર આપવા બદલ ''શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ'' વાળા શ્રી ધર્મેશભાઈ શાહનો સંસ્થા આભાર માને છે.

અમારા શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટનું આ ''જ્ઞાનનું જ્ઞાનત્વ'' તે દસમું પુસ્તક છે. આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકના સ્વાધ્યાયથી સૌ મુમુક્ષુઓ પૂ. ''ભાઈશ્રી'' નું હૃદય સમજી ને પોતાના જ્ઞાનમાં અવધારીને ત્વરિત પોતાના જ્ઞાયકદેવના દર્શન કરી લ્યે તેવી મંગલભાવના.

આ પુસ્તક http://www.AtmaDharma.com ની Website પર મૂકેલ છે.

**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ.**

## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલ પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ
ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ

## ''જ્ઞાનનું જ્ઞાનત્વ'' પુસ્તકમાં આવેલ દાનરાશિ

| રૂપિયા | | | |
|---|---|---|---|
| ૫૧,૦૦૦ | શ્રી ગૌતમભાઈ ચીમનલાલ શાહ - અમદાવાદ | ૧૦૦૦ | એક મુમુક્ષુબેન |
| | તથા રમાબેન કિશોરચંદ્ર ગાંધી - મુંબઈ | ૧૦૦૦ | એક મુમુક્ષુબેન (હ. કલ્પનાબેન મેઘાણી) |
| ૧૧,૦૦૦ | અજય જૈન - કલકત્તા | ૧૦૦૦ | ઈન્દુભાઈ સંઘવી - મોરબી |
| ૧૦,૦૦૦ | મીનાબેન અશ્વિનભાઈ પટેલ - સોનગઢ | ૧૦૦૦ | પ્રભાવતી વિનોદચંદ્ર શાહ - કાંદીવલી |
| ૫૦૦૦ | શ્રી પ્રવીણભાઈ દોશી - બેંગ્લોર | ૧૦૦૦ | શ્રેયા ભવિ સંઘવી - જામનગર |
| ૫૦૦૦ | શાંતાબેન બાલચંદભાઈ - થાણા | ૧૦૦૦ | આર્જવ ઓજસ શેઠ - જામનગર |
| ૫૦૦૦ | રેવાબેન નાગરદાસ ટીંબડીયા - રાજકોટ | ૧૦૦૦ | ડૉ. માધુરીબેન નંદુ - સોનગઢ |
| ૨૫૦૦ | મોહનલાલ વી. શાહ - મુંબઈ | ૧૦૦૦ | બ્ર. ધીરજશ્રી - સોનગઢ |
| ૨૦૦૦ | ગુણવંતીબેન ભોગીલાલ સંઘવી - વડોદરા | ૫૦૦ | હંસાબેન દોશી - બેંગ્લોર |
| ૨૦૦૦ | શાંતાબેન નગીનદાસ - બરોડા | ૫૦૦ | કિશોરીબેન ઉદયભાઈ શેઠ - બેંગ્લોર |
| ૧૦૦૨ | મંજુલાબેન હરકીશનભાઈ વારીયા - જામનગર | ૫૦૦ | સ્વ. ગોદાવરીબેન હંસરાજ શાહ - મદ્રાસ |
| ૧૦૦૧ | બેન પૂનીતબેન | ૫૦૦ | એક મુમુક્ષુબેન (હ. કોકિલાબેન દોશી) |
| ૧૦૦૧ | ઉષાબેન ચંદ્રકાન્તભાઈ દોશી - મુંબઈ | ૫૦૦ | નાનજીભાઈ લાલજીભાઈ ભેદા - મુંબઈ |
| ૧૦૦૦ | છગનલાલ કાલીદાસ વાઘર | ૧૦૧ | રેખાબેન ઉદાણી - રાજકોટ |
| | | ૧,૦૮,૧૦૫ | |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

# અનુક્રમણિકા

## સમયસાર ગાથા - ૯૨, ૯૩ ઉપરના પ્રવચનો


| પ્રવચન નં. | વિભાગ | તારીખ | સ્થળ | પેઈજ નં. |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૦૭-૦૯-૮૭ | રાજકોટ | ૫ |
| ૨ | ૧ | ૦૮-૦૯-૮૭ | રાજકોટ | ૧૬ |
| ૩ | ૧ | ૦૯-૦૯-૮૭ | રાજકોટ | ૨૭ |
| ૪ | ૧ | ૧૦-૦૯-૮૭ | રાજકોટ | ૪૨ |
| ૫ | ૨ | ૧૬-૧૧-૮૯ | હિંમતનગર | ૫૮ |
| ૬ | ૨ | ૧૭-૧૧-૮૯ | હિંમતનગર | ૭૪ |
| ૭ | ૩ | ૨૬-૦૧-૯૦ | રાજકોટ | ૮૯ |
| ૮ | ૩ | ૨૭-૦૧-૯૦ | રાજકોટ | ૧૦૮ |
| ૯ | ૩ | ૨૮-૦૧-૯૦ | રાજકોટ | ૧૨૭ |
| ૧૦ | ૩ | ૨૯-૦૧-૯૦ | રાજકોટ | ૧૪૨ |
| ૧૧ | ૪ | ૨૫-૧૧-૯૬ | કલકત્તા શિબિર | ૧૪૭ |
| ૧૨ | ૪ | ૨૫-૧૧-૯૬ | કલકત્તા શિબિર | ૧૫૮ |
| ૧૩ | ૫ | ૨૨-૦૨-૯૭ | રાજકોટ | ૧૬૯ |
| ૧૪ | ૫ | ૨૨-૦૨-૯૭ | રાજકોટ | ૧૮૧ |
| ૧૫ | ૫ | ૨૩-૦૨-૯૭ | રાજકોટ | ૧૯૪ |

ॐ

**परमात्मने नम:**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી સમયસાર

## ગાથા - ૯૨ / ૯૩

**अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह–**

**परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।**
**अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ।। ९२ ।।**

**परमात्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् स:।**
**अज्ञानमयो जीव: कर्मणां कारको भवति ।। ९२ ।।**

अयं किलाज्ञानेनात्मा परात्मनो: परस्परविशेषानिर्ज्ञाने सति परमात्मानं कुर्वन्नात्मानं च परं कुर्वन्स्वयमज्ञानमयीभूत: कर्मणां कर्ता प्रतिभाति। तथाहि–तथाविधानुभवसम्पादनसमर्थाया: रागद्वेषसुखदु:खादिरुपाया: पुद्गलपरिणामावस्थाया: शीतोष्णानुभवसम्पादनसमर्थाया: शीतोष्णाया: पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्नत्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्याज्ञानात्परस्परविशेषानिर्ज्ञाने सत्येकत्वाध्यासात् शीतोष्णरुपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदु:खादिरुपेणाज्ञानात्मना परिणममानो ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयमज्ञानमयीभूत 'एषोऽहं' रज्ये इत्यादिविधिना रागादे: कर्मण: कर्ता प्रतिभाति।

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :-

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

ગાથાર્થ :- [**परम्**] જે પરને [**आत्मानं**] પોતારૂપ [**कुर्वन्**] કરે છે [**च**] અને [**आत्मानम् अपि**] પોતાને પણ [**परं**] પર [**कुर्वन्**] કરે છે [**सः**] તે [**अज्ञानमयः जीवः**] અજ્ઞાનમય જીવ [**कर्मणां**] કર્મોનો [**कारकः**] કર્તા [**भवति**] થાય છે.

ટીકા : અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો) જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું (અર્થાત્ આ હું રાગ કરું છું)' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે શીત-ઉષ્ણપણાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.

**ज्ञानातु न कर्म प्रभवतीत्याह –**

**परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।**
**सो णाणमओ जीवो कम्माणमकारगो होदि ॥ ९३ ॥**

**परमात्मानमकुर्वन्नात्मानमपि च परमकुर्वन्।**
**स ज्ञानमयो जीव: कर्मणामकारको भवति॥ ९३ ॥**

अयं किल ज्ञानादात्मा परात्मनो: परस्परविशेषनिर्ज्ञाने सति परमात्मानम कुर्वन्नात्मानं च परमकुर्वन्स्वयं ज्ञानमयीभूत: कर्मणामकर्ता प्रतिभाति । तथाहि–तथाविधानुभव सम्पादनसमर्थाया: रागद्वेषसुखदु:खादिरुपाया: पुद्गलपरिणामावस्थाया: शीतोष्णानुभव सम्पादनसमर्थाया: शीतोष्णाया: पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्नत्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलाभिन्नत्य मेवात्यन्तभिन्नस्य ज्ञानात्परस्परविशेषनिर्ज्ञाने सति नानात्वविवेकाच्छीतोष्णरुपेणेवात्माना परिणमितुमशक्येन रागद्वेषसुखदु:खादिरुपेणाज्ञानात्माना मनागप्यपरिणममानो ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयं ज्ञानमयीभूत: एषोऽहं जानाम्येव, रज्यते तु पुद्गल इत्यादिविधिना समग्रस्यापि रागादे: कर्मणो ज्ञानविरुद्धस्याकर्ता प्रतिभाति।

---

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે :-

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

ગાથાર્થ :- [**परम्**] જે પરને [**आत्मानम्**] પોતારૂપ [**अकुर्वन्**] કરતો નથી [**च**] અને [**आत्मानम् अपि**] પોતાને પણ [**परम्**] પર [**अकुर्वन्**] કરતો નથી [**स:**] તે [**ज्ञानमय: जीव:**] જ્ઞાનમય જીવ [**कर्मणाम्**] કર્મોનો [**अकारक: भवति**] અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

ટીકા : જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :- જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું (રાગને) જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે (અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે)' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

ભાવાર્થ :- જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે અર્થાત્ 'જેમ શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે તેમ રાગદ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે' એવું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.

卐

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૧

### શ્રી સમયસારજી ગાથા - ૯૨
### વિડીયો પ્રવચન નં. ૧૬, સળંગ પ્રવચન નં. ૧
### તા. ૭-૯-૮૭
### પ્રવચન સ્થળ :- દિગંબર જિન મંદિર - રાજકોટ

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. એનો કર્તા-કર્મ અધિકાર ગાથા-૯૨.

અજ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય છે અને અજ્ઞાનનો નાશ થઈને જ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય છે. એ રહસ્યવાળી ગાથાઓ ૯૨ અને ૯૩ છે. પહેલી ૯૨ ગાથા.

**परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।**
**अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ॥ ९२ ॥**

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

હવે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય છે.

ગાથાનો અર્થ :- જે કોઈ જીવ પરને કે પરભાવને, પરદ્રવ્યને પોતાનું કરે છે. પરભાવ અને પરદ્રવ્ય પોતાના છે એમ જાણે છે ને માને છે અને પોતાને પણ પર કરે છે એટલે પરપણે પોતાને જાણે, માને અને સ્વને પણ પરપણે જાણે, માને તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા થાય છે.

કુંદકુંદઆચાર્ય ભગવાન એમ ફરમાવે છે કે જે કોઈ આત્મા પરને પોતારૂપ માને જાણે અને સ્વને પરરૂપે જાણે માને એવો અજ્ઞાની પ્રાણી કર્મોનો કર્તા થાય છે. કર્મોનો એટલે ભાવકર્મનો કર્તા થાય છે.

દ્રવ્યકર્મ અને નોકર્મ તો આત્માથી અત્યંત ભિન્ન છે. એનું કરવું તો આત્માના ત્રિકાળ સ્વભાવમાં પણ નથી ને પર્યાય સ્વભાવમાં પણ નથી. તેના પર્યાય સ્વભાવમાં હોય તો એટલું જ છે કે અજ્ઞાનભાવ છે ત્યાં સુધી તે ભાવકર્મનો કર્તા થાય છે, તેમ કુંદકુંદભગવાને કહ્યું. ટીકાકાર કહેશે કે કર્તા પ્રતિભાસે છે. એ બે વચ્ચેનો શું તફાવત છે, એ ખાસ સમજવા જેવો છે. કુંદકુંદઆચાર્ય ભગવાન તીર્થંકરના સ્થાને છે અને એની ટીકા કરનાર અમૃતચંદ્ર આચાર્ય ભગવાન તે ગણધરના સ્થાન ઉપર છે.

કુંદકુંદઆચાર્ય ભગવાન કહે છે કે જે કોઈ જીવ પરને પોતાનું જાણે, માને તેને મિથ્યાત્વ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ ભાવ અથવા અજ્ઞાનરૂપ ભાવ પ્રગટ થાય છે, તે જીવ એ ભાવો, ભાવકર્મ કે રાગનો કર્તા થાય છે. હવે રાગનો કર્તા થાય છે એમ લખ્યું એની ટીકા, પછી ટીકા ને એમાં (ગાથામાં) શું માર્મિક તફાવત છે એનો આપણે વિચાર કરશું. વિચારવા જેવી આ ખાસ વાત છે.

ટીકા :- અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો, સ્વ ને પર બેય જુદા છે. એકબીજાને કાંઈ લાગતું વળગતું નથી. છતાં પોતાના અજ્ઞાનથી કર્મના પરિણામ અને નોકર્મના પરિણામને પોતાના જાણે-માને તો તેને અજ્ઞાન ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનથી એ ભાવકર્મ પ્રગટ થાય છે.

પરનો અને પોતાનો પરસ્પર વિશેષ, કર્મ અને નોકર્મ, કર્મના પરિણામ ને નોકર્મના પરિણામ એ આત્માથી અત્યંત સર્વથા ભિન્ન છે, છતાં પણ કર્મના પરિણામને અને નોકર્મના પરિણામને પોતાના જાણે, માને તો એને ભગવાન અજ્ઞાન કહે છે. અને અજ્ઞાનથી એ ભાવકર્મનો કર્તા થાય છે એમ અન્વયાર્થમાં કહ્યું.

ટીકાકાર કહે છે કે બેયનો તફાવત જુદાઈ જાણતો નથી. આત્મા ને આસ્ત્રવની જુદાઈ જાણતો નથી એવો પાઠ નથી. ખ્યાલ રાખજો જરા, સૂક્ષ્મ વાત છે.

એક તો જીવ છે અને બીજો અજીવ છે. અજીવના બે ભેદ. એક નોકર્મ અને એક કર્મ, પુદ્ગલના જ બે ભેદ છે. બેય પ્યોર પુદ્ગલની જ જાતિ છે અને એક આત્માની ચૈતન્ય જાતિ છે. એ બેય જાત જુદી છે. એ બેય જુદા હોવા છતાં બે નો તફાવત, જુદાઈ એની દૃષ્ટિમાં ખ્યાલમાં આવતી નથી એટલે કર્મના પરિણામ ને નોકર્મના પરિણામને પોતાના જાણે છે, તેથી તે અજ્ઞાની બને છે. અજ્ઞાની બને છે ત્યારે તે ભાવકર્મનો કર્તા થાય છે એમ મૂળમાં કહ્યું.

ટીકાકાર કહે છે કે ત્યારે પરને પોતારૂપ કરતો પોતાને પર કરતો પોતે અજ્ઞાનમય થયો થકો કર્મોનો એટલે ભાવકર્મનો કર્તા પ્રતિભાસે છે. ઓમાં કહ્યું કે રાગનો કર્તા થાય છે. ટીકાકાર કહે છે કે હું કર્તા છું એમ એને પ્રતિભાસ થાય છે. બેમાં ફેર છે, સમજવા જેવો ફેર છે. બેય કથન યથાર્થ છે. બેય આચાર્યના કથન છે.

કુંદકુંદાચાર્ય ભગવાન તો સાક્ષાત્ સદેહે સીમંધર ભગવાન પાસે પધાર્યા'તા. મહાવિદેહ ક્ષેત્રની યાત્રા કરવા ગયા'તા. ત્યાં આઠ દિવસ રહ્યા'તા અને અહીં આવીને શાસ્ત્રની રચના કરી છે, પણ અમૃતચંદ્રાચાર્ય ભગવાન સદેહે ગયા'તા એવો ક્યાંય ઉલ્લેખ નથી. પણ આ ભવ પહેલા એ પુરુષ પણ મહાવિદેહક્ષેત્રમાંથી આવેલા લાગે છે. કે જે કુંદકુંદભગવાનની વાણીનું હૃદય ખોલીને બતાવે છે, કે કુંદકુંદ ભગવાન આમ કહેવા માગે છે. ત્યારે કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે અજ્ઞાનીજીવ ભાવકર્મનો કર્તા થાય છે અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકાકાર કહે છે કે ભાવકર્મોનો કર્તા છું, એમ એને પ્રતિભાસે છે. એકમાં વિશેષની મુખ્યતાએ કહ્યું. અજ્ઞાનીનો આત્મા પણ રાગનો કર્તા સામાન્ય અપેક્ષાએ થઈ શકતો નથી. વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. જો સામાન્ય અપેક્ષાએ કર્તા થતો હોય તો રાગનું અકર્તાપણું કદી પણ પ્રગટ થઈ શકે નહીં. પર્યાયમાં કર્તાપણું એને ભાસે છે, રાગનો હું કર્તા છું એમ પર્યાય દૃષ્ટિવાળાને એ વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે, એમ કહ્યું.

આચાર્ય ભગવાન ટીકાકાર કહે છે કે ઓમાં સામાન્ય પડખું ગર્ભિત હતું. સામાન્ય અપેક્ષાએ કર્તા થાય છે એમ કુંદકુંદાચાર્ય ભગવાનને કહેવું જ નથી. કોઈ જ્ઞાનીને કહેવું નથી. પણ કોઈને એમ થાય કે આત્મા કર્તા થાય છે તો સામાન્ય સ્વભાવ ભગવાન આત્મા રાગને કરે છે. તો એક પ્રશ્ન મને થાય છે કે ભગવાન આત્મા રાગને શા માટે કરે ? એને રાગને કરવાની જરૂર શું પડી, કે રાગને કરે ? માટે ભગવાન આત્મા તો રાગનો કર્તા કોઈપણ સમયે થતો નથી. એક સમય પણ રાગને કરતો નથી. કરી શકતો જ નથી. ચેતન જડને ન કરે પણ એ સામાન્ય પડખું જે અકર્તાનું છે, જ્ઞાયકનું-જ્ઞાતાનું પડખું છે એને જ એમ માની બેસે છે કે આત્મા રાગનો કર્તા છે એટલે અજ્ઞાન ઊભું થયું એટલે અજ્ઞાનભાવે તે આત્મા વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા થાય છે પણ અકર્તાપણું કાયમ છે.

અહીંયા ટીકાકાર કહે છે કર્મોનો, ભાવકર્મનો કર્તા પ્રતિભાસે છે. અજ્ઞાની જીવને એમ ભાસે છે કે રાગને હું કરું છું. રાગને હું કરું છું એમ ભાસે છે. છે જાણનાર, રાગનો કરનાર નથી. પણ દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી. દૃષ્ટિ અકારક ઉપર નથી. એની દૃષ્ટિ પર્યાય ઉપર પડી છે એટલે એને એમ થાય છે કે આ રાગને મેં કર્યો ને હું કરું છું. કરે છે પરિણામ, માને છે કે હું કરું છું. એ પર્યાયદૃષ્ટિ થઈ ગયો. ત્યારે ટીકાકારે અકર્તાને આગળ રાખીને કર્તા પ્રતિભાસે છે એમ કહ્યું. કુંદકુંદાચાર્ય ભગવાને અકર્તાને ગૌણ કરીને કર્તા થાય છે એમ કહ્યું. ટીકાકારે અકર્તાને આગળ રાખ્યો એટલે કર્તા પ્રતિભાસે છે. એ શબ્દો ઉપરથી વિચાર આવે આત્માર્થી જીવને કે આ શું ? કર્તા થાય છે કે કર્તા પ્રતિભાસે છે ?

જેમ કે, આ લાકડી છે, અજ્ઞાની કહે હું આનો કર્તા છું. કોઈ કહે ભાઈ કર્તા તું નથી તને કર્તાપણું પ્રતિભાસ્યું છે. કર્તા તું થઈ શકતો નથી. સમજાય છે ? આ નોકર્મ છે. નોકર્મના પરિણામને આત્મા કરી શકતો નથી. છતાં હું કરનાર છું એમ એને પ્રતિભાસે છે એ એનું અજ્ઞાન છે. ત્યારે વિશેષ અપેક્ષાએ એની કર્તાબુદ્ધિ થઈ છે એટલે અજ્ઞાની કહેવામાં આવે છે.

અહીંયા કહે છે કે અંદરની વાત હવે આવશે જરા, કે આત્મા છે તો અકર્તા-જ્ઞાતા, જ્ઞાયક હોવા છતાં પણ દૃષ્ટિ અકર્તા ઉપર આવતી નથી અને પરિણામ ઉપર દૃષ્ટિ પડી છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી જાણે હું આને રાગને કરું છું, એમ એને પ્રતિભાસે છે. પ્રતિભાસે છે એટલે એમ ભાસે છે. ભાસે છે એટલે એમ લાગે છે, ઈ લાગે છે એ એનું અજ્ઞાન છે.

એ વાત ટૂંકાણમાં કરી કે જ્યાં સુધી ભેદજ્ઞાનનો અભાવ છે, ત્યાં સુધી અજ્ઞાની આત્મા વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા થાય છે એ સો ટકા સાચી વાત છે. એ વાત જૂઠી નથી. પણ સામાન્ય અપેક્ષાએ એ જ સમયે અકર્તા છે એ વાતેય સો ટકા સાચી છે. વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે, ત્યારે સામાન્ય અપેક્ષાએ કર્તા થઈ જાય તો કોઈ કાળે અકર્તાપણું પ્રગટ થઈ શકે નહીં. આ સામાન્ય ને વિશેષ બે પડખા. બે પડખાવાળો એક પદાર્થ છે. સામાન્ય ને વિશેષ. ભાઈ ! ૯૨ નંબરની ગાથા કર્તા-કર્મની છે, તેમાં એક મહત્ત્વની વાત છે. હમણાં જ બતાવ્યું, ફરીથી બધાએ ધ્યાન રાખવા જેવી ચીજ છે.

કુંદકુંદઆચાર્ય ભગવાન એમ ફરમાવે છે કે જ્યાં સુધી પરને પોતાનું માને છે ત્યાં સુધી અજ્ઞાની એની દશામાં ઉત્પન્ન થતાં પર આશ્રિત મિથ્યાત્વ આદિ ભાવો, રાગાદિ ભાવો એનો કર્તા થાય છે. એવો પાઠ છે મૂળમાં. **'कर्मणां कारक भवति'** કર્મનો કારક બને, ગુજરાતીમાં. એના અર્થમાં કહ્યું, કર્મોનો કર્તા થાય છે. કર્મ એટલે દ્રવ્યકર્મ નહીં. દ્રવ્યકર્મ ને નોકર્મનો કર્તા તો અજ્ઞાનભાવે થતો નથી. અજ્ઞાનભાવે એક સમય પૂરતો વિશેષ અપેક્ષાએ એ આત્મા કર્તા થાય છે. એ સો ટકા સાચી વાત છે. પણ એટલી જ વાત સો ટકા સાચી છે કે સામાન્ય અપેક્ષાએ કર્તા થતો નથી. બીજા પડખાને ભૂલી ગયો. પહેલા પડખાને યાદ કરીને આત્મા કર્તા બન્યો. આહાહા ! વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. પણ સામાન્ય અપેક્ષાએ આત્મા એ જ સમયે એનો કારક પણ નથી ને કારણ પણ નથી.

પવિત્ર પરમાત્મા ! આહા ! પવિત્ર પરમાત્મા, અપવિત્ર એવા રાગ એનો કર્તાય થતો નથી અને તેનું કારણ પણ એમાં નથી. આહાહાહા ! એટલું સુરક્ષિત સામાન્ય પડખું રહી જાય છે. જો સામાન્ય પડખામાં અકર્તાનો અભાવ થઈને એ કર્તા બની જાય ભગવાન રાગનો, તો વિશેષ અપેક્ષાએ કોઈને અકર્તાપણું પ્રગટ થઈ શકે નહીં. સામાન્ય ને વિશેષનો ખીચડો કર્યો છે. પ્રમાણથી એક સત્તા પણ નયથી બે સત્તા. પ્રમાણ સુધી આવીને ખીચડો કર્યો-પ્રમાણને ઓળંગીને આ, ''પ્રમાણની બહાર જાવું નહીં ને પ્રમાણમાં અટકવું નહીં.'' પ્રમાણમાં અટકે તે નય સુધી પહોંચતો નથી. ભેદજ્ઞાન થતું નથી અને વ્યવહારનો નિષેધ એને આવી શકતો નથી. નિશ્ચયનો પક્ષ આવતો નથી એટલે પક્ષાતિક્રાંત થવાનો અવકાશ પણ એને રહેતો નથી.

જ્યારે પાણી પર્યાયે મલિન છે ત્યારે મલિનતા પર્યાયમાં થઈ છે. એ સો ટકા સાચી વાત પણ એટલી જ સો ટકા સાચી વાત છે કે પાણી સામાન્ય અપેક્ષાએ નિર્મળ, નિર્મળ ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળ. સો ટકા કે કાંઈ પચાસ, પચાસ ટકા ? પર્યાયમાં મલિનતા ભલે હો, તો પણ પાણી પોતાના પારિણામિક સ્વભાવને છોડતું નથી.

એમ ભગવાન આત્માને ભૂલેલો આત્મા અજ્ઞાનદશામાં ભલે રાગનું કર્તાપણું સ્વીકારે ને અજ્ઞાની બની જાય. તોપણ એ વિશેષ અપેક્ષાએ કર્તા થયો છે. એનું જે સામાન્ય પડખું છે એ તો શુદ્ધ, પરિપૂર્ણ, પારિણામિકભાવ કદી પણ રાગનો કર્તા બનતો નથી. ઉદયભાવમાં કર્તાપણું ભલે આવ્યું. ઉદયભાવમાં મલિનતા ભલે હોય, ઔદયિકભાવ- એમાં મલિનતા ભલે હો પણ એ મલિનતાનો પ્રવેશ પરમાત્મ સ્વભાવમાં બિલકુલ કદી ત્રણ કાળમાં થઈ શકતો નથી. તે હું છું, તે હું છું.

અહીંયા સામાન્ય શુદ્ધમ, વિશેષ અશુદ્ધમ, આહાહા ! એની બધી પર્યાયોની મધ્યમાં એક અનુપમરૂપ સામાન્ય તત્ત્વ બિરાજમાન છે તે અજ્ઞાનીની દૃષ્ટિ સામાન્ય ઉપર જતી નથી. વિશેષમાં એ અટકેલો છે. વિશેષને ગૌણ કરીને સામાન્યને દેખે તો એને સમ્યગ્દર્શન થાય, થાય ને થાય. એ કોલ કરાર છે, સંતોએ કોલ કરાર કરીને વાત કરી છે.

કહે છે કે એ કર્તા પ્રતિભાસે છે, માર્મિક વાત મૂકી અમૃતચંદ્રાચાર્યે. ગુરુ કહે છે કર્તા થાય છે અને ગણધર ભગવાન કહે છે કે કર્તા પ્રતિભાસે છે. એ કર્તા થતો નથી. અકર્તાપણાનું પડખું કાયમ રાખ્યું. ભાઈ ! મૂળમાં અને ટીકામાં આટલો તફાવત. જોઈ લેજો કર્તા થાય છે એમ ઓમાં લખ્યું. આમાં લખે છે કર્તા પ્રતિભાસે છે એટલે ખરેખર તો કર્તા થતો નથી. આહાહા ! ખરેખર જો એક સમય પૂરતો પણ આત્મા મિથ્યાત્વનો કર્તા થઈ જાય, થઈ ગયો હોય તો કોઈ પણ જીવને સમ્યગ્દર્શન પ્રગટ થવાનો અવકાશ રહી શકતો નથી. ભલે વિશેષમાં ભૂલ કરી. તને ક્ષમ્ય છે. અત્યાર સુધી વિશેષ ઉપર લક્ષ રાખીને નિમિત્ત ઉપર લક્ષ રાખીને ભલે તું ભૂલ કરી રહ્યો છો. પણ તારે પાછું ફરવું પડશે. એક વખત સામાન્યને નિહાળી લે. તો વિશેષ પણ સહજ શુદ્ધતારૂપે પરિણમે જશે. આહાહાહા !

વિશેષની અશુદ્ધતાનો અભાવ કરવા નિજ સામાન્યનું અવલંબન છે. બીજો કોઈ ઉપાય નથી. લાખ ઉપાય બીજા કરે. આહાહા ! કર્મોનો કર્તા પ્રતિભાસે છે. અજ્ઞાનીને એમ ભાસે છે કે રાગને હું કરું છું. એ એનો પ્રતિભાસ અજ્ઞાન છે. એને ભાસે છે એ એનું અજ્ઞાન છે. ખરેખર એ કર્તા થઈ ગયો હોત તો અજ્ઞાન ન કહેવાત. શું કહ્યું ? તેને ભાસે છે કે હું રાગનો કર્તા છું અને એ વાત એને ભાસે છે એ વાત સાચી હોત અજ્ઞાનીની, તો અજ્ઞાની ન કહેવાત, તો તો જ્ઞાની કહેવાત, પણ એનો પ્રતિભાસ અજ્ઞાન છે. મિથ્યા પ્રતિભાસ છે.

સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિને પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. પંચાધ્યાયી કર્તાએ આ વાત કરી છે. આહાહા ! પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. એક સામાન્યને જોઈને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે આત્મા રાગનો કર્તા નથી. એ સાધકની અવસ્થામાં રાગ છે, એ વખતે સાધક કહે છે સામાન્ય ઉપર નજર રાખીને કે આત્મા રાગનો કર્તા નથી. એક અજ્ઞાની સામાન્યને છોડીને કેવળ વિશેષ ઉપર લક્ષ રાખતો, ઈ એમ કહે છે કે આત્મા જ રાગને કરે છે. એના ઉપર જોર એટલું આપે છે કે એની બુદ્ધિ બિડાઈ જાય છે. આહાહા ! હળવેકથી કહે, હળવેકથી કહેવું હોય તો કહે, કે જ્યાં સુધી આત્માનું ભાન નથી ત્યાં સુધી વિશેષ અપેક્ષાએ અજ્ઞાનીનો આત્મા રાગનો કર્તા થાય છે પણ એ વખતે સાથે બોલી જજે કે વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે, તે સમયે ભગવાન આત્મા અકર્તા રહેલો છે. આહા ! વિશેષનું જ્ઞાન કરાવી અને સામાન્યનું અવલંબન લેવરાવી લે. આહાહા !

વિશેષ અપેક્ષાએ ભલે કર્તા થયો, પર્યાય અપેક્ષાએ, પણ સામાન્ય અપેક્ષાએ ચિદાનંદ ભગવાન આત્મા, તે રાગમાં આવતો નથી તો રાગને કેમ કરે ? 'તદ્રૂપો ન ભવતિ' ભગવાન આત્મા રાગરૂપે થતો નથી-માટે રાગનો કર્તા પણ નથી અને કારણ પણ નથી. કર્તા અને કારણ બે શબ્દ છે એમાં મહત્ત્વ છે. કર્તામાં ઉપાદાન કર્તા નથી એમ કહેવા માગે છે અને કારણમાં નિમિત્ત કર્તા નથી એમ કહેવા માગે છે. આ એક વિદ્વાનને ઘણાં વર્ષ પહેલાં પ્રશ્ન પૂછ્યો'તો સોનગઢમાં, કે કર્તા ને કારણ એમ બે શબ્દ આચાર્ય મહારાજે કેમ મૂક્યા. ૩૨૦ ગાથામાં પણ છે અને પરમાર્થ પ્રતિક્રમણની ૭૭ થી ૮૧ ગાથા નિયમસારની એમાં પણ કર્તા, કારયિતા, અનુમોદક અને કારણ નથી. એ ઉપચારથી શબ્દો છે તો કર્તા નથી ને કારણ નથી એમ કેમ ? કર્તા નથી એ ઉપાદાનપણે કર્તા નથી અને રાગ આત્માને આશ્રયે થતો નથી માટે આત્મા કારણ નથી. આહાહા !

તે વાત કહે છે પ્રભુ ! એક વાર હળવેકથી કહે કહેવું હોય તો, અજ્ઞાની અજ્ઞાનભાવે વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા એક સમય પૂરતો થાય છે. એક સમય પૂરતોય કદાચિત્ કર્તા થાય છે. કથંચિત કર્તા ન કે, કથંચિત્‌માં લંબાઈ જશે. કદાચિત્‌માં કોઈ વખતે કર્તા થાય અજ્ઞાન હોય ત્યાં સુધી. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. સ્પષ્ટ કરીને આચાર્ય મહારાજ આ વાતને સમજાવે છે.

આટલી વાત તો મૂળ બે લીટી કુંદકુંદઆચાર્ય ભગવાનની અને એનો અર્થ ટીકા સંક્ષેપમાં કહ્યું પણ એટલામાં ન સમજાય. કેમકે બધા સંક્ષેપ રુચિવાળા જીવો નથી હોતા. વિસ્તાર રુચિવાળા જીવો ઝાઝા. થોડું કહીને ઝાઝું સમજી જાય એવા જીવો ઓછા અને ઘણું કહે પછી થોડું સમજે માત્ર એ પણ 'સમજાણું કાંઈ ?' એમ ગુરુદેવ કહેતા'તા. સમજાણું કાંઈ ? એટલે અમે જે કહીએ છીએ એમાં કાંઈક થોડું ખ્યાલમાં આવ્યું ? થોડું સમજાણું ? પછી પોતે ને પોતે કહે, જો પૂરું સમજાય જાય તો કામ થઈ જાય તારું. આહાહા ! એના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનીના શબ્દોમાં સાધારણ વાતમાં પણ મર્મ રહેલો હોય છે એમ નેમ વાણી નીકળતી નથી. આત્માના હિત માટે વાણી નીકળી.

હવે એ વાત સ્પષ્ટતાથી સમજાવે છે. જેમ, જેવી રીતે દૃષ્ટાંત. શીત-ઉષ્ણ, ટાઢી-ઉની અવસ્થા છે એ નોકર્મની અવસ્થા છે, એ દ્રવ્યકર્મની અવસ્થા નથી, એ ધ્યાન રાખવાનું. એક નોકર્મ છે અને બીજું દ્રવ્યકર્મ છે. નોકર્મમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય છે. દ્રવ્યકર્મમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તો હોય છે પણ વિશેષમાં એને રાગ-દ્વેષ-મોહ પણ એમાં હોય છે એ એમાં કહેવું છે.

થાય છે તો રાગ એક જગ્યાએ, બે જગ્યાએ થતો નથી. આહા ! અપૂર્વ વાત છે. જરા સૂક્ષ્મ છે પણ સમજાય એવી છે. કહેશે કે, શીત ઉષ્ણનો અનુભવ, અનુભવ એટલે જ્ઞાન, વેદન નહીં. અનુભવ એટલે આ ટાઢું છે ને ઉનું છે એવું જ્ઞાનમાં જ્ઞેય થાય છે. ટાઢી ઉની અવસ્થા જ્ઞાનમાં જ્ઞેય થાય છે. ધ્યાન રાખજો. જગતના કોઈ પદાર્થમાં નિમિત્તપણું નથી. જગત બધું જ્ઞેયરૂપે છે.

વીસેક વર્ષ પહેલા વાત કરી'તી અઢાર વીસ વર્ષ પહેલા, કે આ જગતમાં કોઈ નિમિત્ત નથી, બધા જ્ઞેયો છે. અહીંયા જ્ઞાન થાય છે. ત્યારે એ વખતે તો હું વાંચતો'તો ને ચંદુભાઈ નહોતા વાંચતા. પછી તો હું મુંબઈ ગયો તો, પછી ચંદુભાઈ વાંચતા'તા ઘણાં વર્ષ પહેલા એમાં રવિવારે ફરવા જાય-એક ચંદુભાઈની મોટર હોય, રતિભાઈની મોટર હોય, નવરંગભાઈની હોય. નવરંગભાઈએ નાસ્તો કરતા કરતા પ્રશ્ન કર્યો, ત્યાંય ચર્ચા તત્ત્વની હોં, બીજું કાંઈ નહીં. કોઈ વિકથા નહીં ફરવા જવામાં. નવરંગભાઈ બેઠા છે ને, એણે કીધું. એણે કહ્યું. નવરંગભાઈએ પૂછ્યું કે ભાઈ તમે આજ પ્રવચનમાં શું કહ્યું આ ? આ જગતમાં કોઈ નિમિત્ત જ નથી. બધાય જ્ઞાનમાં જ્ઞેય છે. એ શું ? આહાહા ! મેં કહ્યું આઠ કર્મ જ્ઞેય છે, નિમિત્ત નથી. ગાંડા એને જ્ઞેયને નિમિત્ત બનાવે છે, મૂર્ખા એને નિમિત્ત બનાવે છે. ડાહ્યા, એ તો જ્ઞાનના જ્ઞેયપણે જાણે છે. નિમિત્ત બનાવે એને નૈમિત્તિક અવસ્થા પ્રગટ થાય. જે જ્ઞેય જાણે એને જ્ઞાન પ્રગટ થાય. એ વાતનો ખુલાસો કર્યો'તો, કોઈને યાદ હોય તો આ વાત કરી'તી. કેમ કે મૂળ પાયાની વાત હોય એ ભૂલાય નહીં.

આપણે ૨૫૨ માં કળશમાં એ વાત નીકળી હતી એ ન ભૂલાય. સોનગઢમાં પ્રશ્ન કર્યો તો ઈશ્વરભાઈએ, એ પણ માર્મિક વાત દૃષ્ટિના વિષયના ચાર ભેદ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ.

શીત-ઉષ્ણનો અનુભવ એટલે જ્ઞાન. અનુભવ એટલે વેદન નહીં. ટાઢી-ઉની અવસ્થાનું વેદન આત્માને થતું નથી. ઠંડી અવસ્થા અને ઉષ્ણ અવસ્થા નોકર્મના પરિણામ છે, એનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અનુભવ કરાવવામાં સમર્થ એટલે જ્ઞાનમાં જ્ઞેય થવામાં સમર્થ, આ શું કહ્યું ? સમર્થ, જ્ઞાનમાં જ્ઞેય થવામાં એ સમર્થ છે, એટલું નિમિત્તપણું એનામાં છે. સમર્થ એ તો શીત ઉષ્ણ પરિણામની અવસ્થા. કોની અવસ્થા છે એ ટાઢી-ઉની ? પુદ્‌ગલની અવસ્થા છે. એ પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, અભિન્ન થાય છે એમ નથી લખ્યું, એ અભિન્ન હોય જ છે-પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન હોય છે. આત્માના જ્ઞાન પરિણામ આત્માથી અભિન્ન અને ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નને લીધે આત્માથી સદાય, જાણનાર દેખનાર એવા ભગવાન આત્માથી સદાય અત્યંત ભિન્ન છે.

યુગલજી :- આજ તો આપ હી ફરમાવો.

પૂ. ભાઈ :- મૈં તો ઈધરકા કાયમ રહેનેવાલા હૂં, આપ તો થોડા દિન હૈ, ઈસલિયે આપકા તો ખાસ રખના હૈ.

યુગલજી :- યે શિષ્ટાચાર કી બાત હૈ.

પૂ.ભાઈ :- નહીં શિષ્ટાચાર નહીં. આપકો સુનને કી સબકી ભાવના હૈ, ઐસા શિષ્ટાચાર નહીં. આહાહા !

આત્માથી સદાય ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં જ્ઞેય થાય, તો પણ એ જ્ઞેય જ્ઞાનમાં આવી શકે નહીં. ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં નિમિત્તપણે જ્ઞેય થવામાં સમર્થ છે. તો પણ એ પુદ્‌ગલની અવસ્થા એનાથી અભિન્ન છે અને આત્માથી સદાય એટલે ત્રણે કાળ અત્યંત એટલે સર્વથા (ભિન્ન છે). આ જૈન દર્શનમાં અત્યંત ક્યાંથી આવ્યું ? આહાહા ! ભાઈ ! એ અત્યંત આવશે નહીં ત્યાં સુધી એ કથંચિત્‌નું જ્ઞાન તને સાચું નહીં થાય. આહાહા !

એ અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન, અનુભવ એટલે વેદન નહીં, જ્ઞાન. ઠંડી ઉની અવસ્થા છે એવું જ્ઞાન થાય છે. એ પ્રકારનો અનુભવ તે તે પ્રકારનો, પ્રકાર લખ્યું ને જે. ટાઢી હોય તો ટાઢી અવસ્થા છે એવું જ્ઞાન થાય. ઉની હોય તો ઉની એવું જ્ઞાન થાય છે. જ્ઞાન તો જ્ઞાનથી થાય છે. ઠંડી અવસ્થા ને ઉની અવસ્થાથી જ્ઞાન થતું નથી. કેમકે ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં પ્રવેશી શકતી નથી. જ્ઞાન જ્ઞાનથી થાય છે. જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેયનું જ્ઞાન પણ જ્ઞાનથી થાય છે ને આત્માનું જ્ઞાન પણ જ્ઞાનથી થાય છે.

અહીં કહે છે કે અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા ! એવી રીતે અનુભવ એટલે જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે, જ્ઞાન આત્માથી અભિન્ન અને ટાઢી ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન. આ ભિન્ન ને આ અભિન્ન ને આ બધું શું છે ? આ સમજવા જેવું છે. ગુજરાતીમાં લખેલું છે આ કાંઈ સંસ્કૃત નથી. સંસ્કૃતનો અનુવાદ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાંચી શકાય. પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્ન કોઈ બીજો કરાવી દ્યે, એ વસ્તુના સ્વભાવમાં નથી. (શ્રોતા :- થોડોક ફેર તો પડે) ના જરાય ફેર પડે જ નહીં. સેક્રેટરી પદ છે ને એટલે.

આ એ પ્રકારનો અનુભવ ટાઢી-ઉની અવસ્થા જે પ્રકારે છે તે પ્રકારે અહીંયા જ્ઞાન થાય છે, એ ટાઢી-ઉની અવસ્થા છે માટે જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞાન ટાઢી-ઉની અવસ્થાને અડે છે માટે ટાઢી-ઉની અવસ્થાનું જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞાન જ્ઞેયને અડ્યા વિના, શું કહ્યું ? આ બરફ અહીંયા મૂક્યો તો એ બરફને કારણે બરફનું જ્ઞાન થયું એમ નથી. બરફ તો જ્ઞાનને અડતો જ નથી. શરીરને અડતો નથી તો જ્ઞાનને તો ક્યાંથી અડે ? આહાહા ! એ કહે છે કે ટાઢી-ઉની અવસ્થા સંબંધીનું જે જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે. એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને ટાઢી-ઉની-અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. તેથી આત્માથી અત્યંત ભિન્ન છે, ટાઢી-ઉની અવસ્થા.

તે રીતે, લ્યો દૃષ્ટાંત પૂરો થયો. આહાહા ! સિદ્ધાંતમાં આવવા માટે દૃષ્ટાંત પણ બહુ લંબાવવું નહીં. અમારા પિતાજી કહેતા'તા કે દૃષ્ટાંત કેમ લંબાવે છે ? સિદ્ધાંતમાં જા ને. આહાહા ! તેવી રીતે તે જ પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ. અનુભવ એટલે જ્ઞાન કરવામાં સમર્થ, કરાવવામાં સમર્થ નિમિત્તપણે હોં, કર્તા નથી. જ્ઞેય કર્તા થાય ને જ્ઞાન અહીંયા એનું જ્ઞેયનું કર્મ થાય એમ નથી. એ તો કર્તા આત્મા છે અને જ્ઞાન એનું કર્મ છે. એ જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે. એ જ્ઞાનમાં જ્ઞેય ભિન્ન નિમિત્ત છે. તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ. જ્ઞાન થવામાં નિમિત્તપણે સમર્થ એવી, આહાહા ! આ નિર્મળ જ્ઞાતા, જ્ઞેયનો સંબંધ છે. એ આ જે સંબંધ નિર્મળ જ્ઞાતા જ્ઞેયના સંબંધથી સમજાવે છે. જ્ઞાતા, જ્ઞેય ન માનતા એ ભૂલ ક્યાં કરે છે ? એ કહેશે.

સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્ગલ પરિણામની અવસ્થા, હાય ! હાય ! રાગદ્વેષ ને સુખદુઃખ એ તો જીવની અવસ્થા અમે માનીએ છીએ. જીવમાં થાય કે પુદ્ગલમાં થાય ? કે સાંભળ ! એક જ જગ્યાએ થાય છે. બીજી જગ્યાએ અજ્ઞાનીને ભાસે છે. જ્ઞાનીને એક જગ્યાએ ભાસે છે, અજ્ઞાનીને એક જગ્યાએ ભાસે છે. અજ્ઞાનીને એક જગ્યાએ ભાસે છે ને જ્ઞાનીને પણ એક જ જગ્યાએ ભાસે છે. એ શું ? આહાહા ! અજ્ઞાનીને એમ ભાસે છે કે રાગ-અહીંયા આત્મામાં થાય છે એક જ જગ્યાએ. જ્ઞાનીને એમ ભાસે છે કે રાગ પુદ્ગલમાં થાય છે. અહીંયા જ્ઞાન થાય છે ને પુદ્ગલમાં રાગ થાય છે. આહાહા ! જોવા જોવામાં બહુ મોટો ફેર છે, દૃષ્ટિના ફેરે ફેર છે.

એ ગોમ્મટસારની છઠ્ઠી ગાથા છે. એમાં એક બહુ સારી વાત એમણે લખી છે. ગોમ્મટસારમાં હોં. એ ભાવકર્મ છે ને, એ દ્રવ્યકર્મનો જ ભાગ છે. અને અહીંયા એનું લક્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને જ્યારે અહીંયા જીવ ભાવકર્મરૂપે પરિણમે છે, ત્યારે કાર્યમાં કારણનો આરોપ આપીને ભાવકર્મ આત્મામાં ન હોવા છતાં, ભાવકર્મ તો પુદ્‌ગલમાં થતા હોવા છતાં પણ કાર્યમાં કારણનો આરોપ આપીને ભાવકર્મ જીવમાં થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા ! આરોપિત કથન છે. અણઆરોપિતરૂપે તો પુદ્‌ગલના પરિણામ છે. આરોપિતરૂપે તે જીવના પરિણામ છે. અજ્ઞાની એક જગ્યાએ ભાવકર્મ જુએ છે. જ્ઞાની પણ ભાવકર્મ એક જગ્યાએ જુએ છે. બે જગ્યાએ જુએ છે ? એ બીજાના ભાવ-રાગી પુદ્‌ગલ છે હું રાગી નથી. આહાહા ! આમાં સ્વચ્છંદ નહીં થાય. જીવ સ્વતંત્ર થઈ જાશે. આ સમજવા જેવો પાઠ છે.

કહે છે કે, એ સુખદુઃખાદિ, રાગદ્વેષસુખદુઃખાદિ પુદ્‌ગલ પરિણામની અવસ્થા વ્યવહાર રત્નત્રયના પરિણામ એ દ્રવ્યકર્મની અવસ્થા છે. જીવમાં તો જ્ઞાન થાય છે. જ્ઞાન ઉપયોગ-સામાન્ય ઉપયોગ, હમણાં શુદ્ધ ઉપયોગ ન લેવો. હમણાં આવશે બધું. જો પુદ્‌ગલની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, દ્રવ્યકર્મથી અભિન્ન છે. રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ નિમિત્તમાં છે, એ જ્ઞેયમાં છે. નિમિત્તમાં નહીં પણ જ્ઞેયમાં છે, એ જ્ઞેયના પરિણામ છે. આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. શું ભિન્ન છે ? દ્રવ્યકર્મના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે-જુદા છે. દ્રવ્યકર્મના પરિણામ ઉડીને જ્ઞાનમાં આવતા નથી. આહાહા !

ફૂલની રતાશ ત્યાંથી (ફૂલમાંથી) ઉડીને સ્ફટિકમાં આવતી નથી. સ્ફટિકને જોનારા બે છે. એક કહે છે કે કાચ રાતો છે ને બીજો કહે છે કે કાચ સફેદ છે. એમાં ત્રીજો આવ્યો, કે શું છે ? કહે અમારી આ બહુ મોટી તકરાર ચાલે છે. મને દેખાય છે કે રાતું છે આ, અને આ કહે છે કે સફેદ, સફેદ ને સફેદ, સો ટકા કહે છે પાછું પચાસ ટકા પણ ઢીલો પડતો નથી. આહા ! હવે અમે બંને તકરારમાં પડ્યા છીએ, તમે ડાહ્યા માણસ છો. અમારો કાંઈક ફેંસલો કરી દ્યો. ઓલો કહે છે અપરિક્ષક, કે એમ નહીં, ફેસલો નહીં. બોલાવો બધા માણસોને ગામનાને, બધા ગામના માણસ ભેગા થઈ ગયા ગાંડા, રાતું, રાતું ને રાતું. બધા કહેવા મંડ્યા. પીઠડીયાભાઈ ! ઓલો એક જણ કહે છે કે હું એકલો બસ છું.

એકલો સોનગઢનો સંત કહે છે કે સ્ફટિકમણિ સફેદ, સફેદ અને સફેદ. આખી દુનિયા લાલ, લાલ ને લાલપણે કહે છે, એક પુરુષ નીકળ્યો. ફૂલને હટાવીશમાં. ફૂલને હટાવીશમાં, ફૂલને રાખીને હું કહું છું કે એ સફેદ છે. ફૂલને હટાવીશમાં હોં, કહે ફૂલને હટાવ તો તો એ તને ખ્યાલ આવે પણ ફૂલના સદ્‌ભાવમાં જોવા જેવું છે. કર્મના ઉદય વખતે જો, જ્ઞાનમાં એ જ્ઞેયપણે ભાસે છે. રાગ અહીં આવતો નથી. રાતી ફૂલની ઝાંય ભલે કરે પ્રતિભાસ પણ ફૂલનો લાલ ભાગ ત્યાંથી છૂટી અને સ્ફટિકમણિમાં આવે છે એમ છે નહીં. પણ બંધ અધિકારમાં લખ્યું છે. એ વ્યવહારનયનું કથન છે. એ બધો (વ્યવહાર) અભૂતાર્થ ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસત્યાર્થ જાણીને બંધ જાણીને છોડવા યોગ્ય છે. રાત્રે આપણે આવ્યું'તું આસ્ત્રવનું સ્વરૂપ જાણીને પણ છોડવા યોગ્ય છે. એમ ભાવબંધનું સ્વરૂપ જાણીને પણ છોડવા યોગ્ય છે. એ વ્યવહારનું કથન, ભાઈ ! ગ્રહણ કરવા યોગ્ય નથી. ભાઈ ! ગ્રહણ કરી, કરીને મરી ગયો. આહાહા ! એક સમય પણ નિશ્ચયનું વચન એણે આત્મસાત્ નથી કર્યું. આહાહા !

રાગદ્વેષસુખદુઃખ એ બધા પુદ્ગલ પરિણામની અવસ્થા છે. જીવની નહીં, ચેતનની નહીં. જડની અવસ્થા છે, એનામાં અનુભાગ છે. એ પુદ્ગલથી અભિન્નપણાને લીધે અભિન્ન થવાને લીધે નહીં. અભિન્નપણાને લીધે, કાયમ માટે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. પુદ્ગલના પરિણામ, કર્મના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, આ સુખદુઃખનું જ્ઞાન થાય છે. સુખદુઃખ આત્મામાં નથી થતું. હેં ? ઈ શું ? સુખદુઃખ થાય છે ને સામે એનું અહીંયા જ્ઞાન થાય છે. અહીંયા સુખદુઃખ નથી થતું.

આ વસ્તુની સ્થિતિનું જ્ઞાન કરાવ્યા પછી, ક્યાં જીવ ભૂલે છે એની ભૂલ પણ બતાવશે. આ તો વસ્તુની સ્થિતિ હજી કહે છે. તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, રાગ જણાય તો રાગ ત્યાં થાય છે એમ અહીં જણાય છે. ત્યાં દ્વેષ થાય, તો તે જણાય, તો ત્યાં દ્વેષ થાય છે એવું જ્ઞાન થાય છે. ત્યાં સુખદુઃખનો અનુભાગ આવ્યો'તો એમ જણાય છે કે સુખ-દુઃખ ત્યાં થાય છે, એનું અહીંયા જ્ઞાન થાય છે. એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. સુખદુઃખ સંબંધીનું જે જ્ઞાન તે આત્માથી અભિન્ન ને સુખદુઃખ પુદ્ગલકર્મથી અભિન્ન છે એટલે આત્માથી અત્યંત ભિન્ન છે જ્ઞેય.

જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. અત્યંત ભિન્ન છે, ત્યારે હવે એ વાત કરે છે. એને જોતાં નથી આવડતું અને કેમ અજ્ઞાન ઊભું કરે છે. સ્થિતિ તો આમ છે. છે તો જ્ઞેય ત્યાંને અહીં થાય છે તો જ્ઞાન, એ જ્ઞેય ઉપર લક્ષ જાય છે એટલે બને છે નિમિત્ત. અને અહીં જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ કરે છે. જ્ઞાનને જ્ઞાનરૂપે રહેવા દેતો નથી. એ વાત કરે છે.

જ્યારે અજ્ઞાનને લીધે આત્મા એ રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય, આહાહા ! ત્યાં થતાં રાગદ્વેષસુખદુઃખ અને એ સંબંધે અહીંયા જ્ઞાન થાય છે. જ્ઞાનની સ્વચ્છતા છે. જ્ઞાનની સ્વચ્છતા, શુદ્ધતા ન લેવી. સામાન્ય ઉપયોગની વાત કરે છે. એક સામાન્ય ઉપયોગ લક્ષણ છે. એક વિશેષ શુદ્ધઉપયોગ જીવનું લક્ષણ છે. અને ત્રીજું સહજ જ્ઞાન, સહજ દર્શન ગુણ એ જીવનું લક્ષણ છે. સહજ જ્ઞાન, સહજ દર્શન એ દૃષ્ટિના વિષયભૂત પારિણામિકભાવ સ્વભાવ છે એ એનું લક્ષણ છે. નિત્યનું લક્ષણ નિત્ય. પારિણામિકનું લક્ષણ પારિણામિક અને બીજું એક શુદ્ધ ઉપયોગ જીવનું લક્ષણ છે કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે શુદ્ધ ઉપયોગમાં ભગવાન આત્મા અનુભવમાં આવ્યો તો એ લક્ષણે લક્ષને પ્રસિદ્ધ કર્યું તો શુદ્ધઉપયોગને પણ જીવનું લક્ષણ કહેવામાં આવે છે.

હવે શુદ્ધ ઉપયોગ પ્રગટ ન થયો હોય ત્યારે પણ એની પહેલા પણ જીવનું લક્ષણ ઉપયોગ પ્રગટ છે. આહાહા ! એ લક્ષણ પ્રગટ ન હોય તો કોઈને આત્માનો અનુભવ ન થાય. માટે કહે છે અને તેના અનુભવનો તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો ન હોય ત્યારે. એકપણાના અધ્યાસને લીધે, જાણે રાગ અને જ્ઞાન બેય એક છે એમ એને ભ્રાંતિથી ભાસે છે. રાગ પુદ્ગલના પરિણામ છે અને જ્ઞાન જીવના પરિણામ છે. એ જ્ઞાન અને જ્ઞેયનો તફાવત ભાસતો નથી એટલે જ્ઞેયને પોતાપણે માને છે, એ જ્ઞેયને નિમિત્ત બનાવે છે. અહીં રાગ નૈમિત્તિક ભાવે ઉત્પન્ન થાય છે. નિમિત્ત અને નૈમિત્તિક સંબંધ નવો ઉત્પન્ન થાય છે, સ્વભાવગત નથી, વિભાવગત છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વભાવગત નથી, વિભાવગત છે. વિભાવ છે ત્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક. સ્વભાવ થાય તો જ્ઞાતા જ્ઞેયનો વ્યવહાર પ્રગટ થાય છે. વખત થઈ ગયો.

**શ્રી સમયસારજી ગાથા - ૯૨**

**વિડીયો પ્રવચન નં. ૧૭, સળંગ પ્રવચન નં. ૨**

**તા. ૮-૯-૮૭**

**સ્થળ :- દિગંબર જિન મંદિર - રાજકોટ**

ઓમાં છે ને અહીંયા સ્વાંગ ધારણ ન કર્યો. આપણે સ્વાંગ ધારણ કરવો કે આઠ કર્મ નિમિત્ત છે કે આઠકર્મ જ્ઞેય છે. આ ગાથાનો જ અર્થ ચાલે છે. આ ગાથાથી બહાર, પણ રાગ ઉત્પન્ન કરાવવામાં એ સમર્થ નથી. આમાં લખેલું છે. આહાહા !

અરે ! આ તો કોઈ સમયસાર છે. હે ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા છે. અને એ ઉપયોગથી આત્મા અનન્ય છે, એમ શાસ્ત્રમાં લખ્યું છે અને એમ છે. ભલે તું રાગથી અનન્ય માની બેઠો, એ તો તારી માન્યતા વિપરીત છે. આત્મા જ્ઞાનથી અનન્ય છે. કોનો આત્મા ? બધા આત્મા. આહાહા ! સ્વીકાર કરે તો શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. સ્વીકાર કરે તો.

આ ઉપયોગ લક્ષણ છે આત્માનું. ઉપયોગને શુદ્ધઉપયોગ ને અશુદ્ધઉપયોગ ને અજ્ઞાન, મિથ્યાજ્ઞાન ને સમ્યગ્જ્ઞાન. આવા વિશેષની અપેક્ષા ન લઈએ તો ઉપયોગ-સામાન્ય ઉપયોગ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનું વિશેષણ કોઈ ન લગાડવું. એ લક્ષણ નિગોદથી માંડીને સિદ્ધ પરમાત્મા સુધી છે, તેમાં અવ્યાપ્તિ ને અતિવ્યાપ્તિ ને અસંભવ દોષ લાગતો નથી. મતિ જ્ઞાન ઉપયોગ લક્ષણમાં તો દોષ લાગે છે અને કેવળજ્ઞાન ઉપયોગમાં પણ દોષ લાગે છે, અને કુમતિમાં પણ દોષ લાગે છે પણ ઉપયોગ લક્ષણ આત્માનું છે, જે તત્ત્વાર્થ સૂત્રકાર ઉમાસ્વામિ ભગવાને કહ્યું છે. આહાહા !

''ઉપયોગો લક્ષણમ્'' ઉપયોગ જીવનું લક્ષણ છે, રાગ જીવનું લક્ષણ નથી. અરે લક્ષણમાં આવે ને તોય કામ થઈ જાય, લક્ષ તો પછી. કહે છે કે ઉપયોગ લક્ષણવાળો જે ભગવાન આત્મા છે એ અહીંયા જાણવારૂપે જીવ પરિણમે છે અને સામે એક પુદ્ગલ છે પુદ્ગલ. પુદ્ગલના બે વિભાગ કર્યા આચાર્ય મહારાજે, કે એક નોકર્મ એના પરિણામમાં ટાઢી-ઉની અવસ્થા થાય છે. ટાઢી-ઉની, શીત-ઉષ્ણ જે કહ્યા શબ્દો એ નોકર્મના પરિણામ છે. નોકર્મમાં રાગદ્વેષસુખદુઃખ નથી થતાં, નોકર્મમાં ટાઢી-ઉની અવસ્થા થાય છે, એ આત્માથી ભિન્ન છે. નોકર્મ પુદ્ગલ, આત્માથી ભિન્ન છે અને એ ટાઢી-ઉની અવસ્થાનું અહીંયા જ્ઞાન થાય છે. અહીંયા ટાઢી-ઉની અવસ્થા થાય નહીં, જ્ઞાયકમાંય ટાઢી-ઉની અવસ્થા નથી આવતી અને વર્તમાન વર્તતો ઉપયોગ જે છે એમાંય ટાઢી-ઉની અવસ્થા પ્રવેશી શકતી હશે ? ત્રણ કાળમાં એનો પ્રવેશ નથી. ટાઢી-ઉની અવસ્થારૂપે નોકર્મ પરિણમે છે, અને જાણવારૂપે અહીંયા જ્ઞાન આત્મારૂપ પરિણમે છે ઉપયોગરૂપે, એ બેયનો જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર છે પણ એમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી.

બીજી વાત. કે આઠ પ્રકારના કર્મનો બંધ થયો છે પૂર્વે, પોતાના અજ્ઞાનના નિમિત્તમાં આવીને, ભેદજ્ઞાનનો અભાવ હતો પૂર્વકાળ સુધી, ઉત્તર કાળમાં અજ્ઞાનને લંબાવવું નહીં. લંબાવવા જેવું અજ્ઞાન નથી, અજ્ઞાનને લંબાવવા જેવું નથી, અજ્ઞાનનો તો અભાવ કરવા માટે શાસ્ત્રો છે. તો પૂર્વે અજ્ઞાન હતું એનું નિમિત્ત પામીને આઠ પ્રકારના કર્મો બંધાણા હતા. અને એ કર્મના ચાર પ્રકાર ભગવાને કહ્યા. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ ને પ્રદેશબંધ એમ ચાર પ્રકારના કહ્યા, એમાં એક અનુભાગ બંધ પડે છે-એમાં રસ પડે છે કર્મમાં, દ્રવ્યકર્મમાં એક રાગદ્વેષસુખદુઃખ એવો એનો સ્વાદ એમાં છે.

જેમ ટાઢી-ઉની અવસ્થા એની સત્તામાં છે, એમ રાગદ્વેષ અહીંયા (આત્મામાં) થાય છે એ ન જો, થોડીકવાર તો એમ લે, થોડીકવાર અહીંયા જ્ઞાન થાય છે (એમ લે) કંઈ વાંધો નહીં આવે. તને તકલીફ નહીં પડે, વિચારવામાં તકલીફ નહીં પડે. તો એ વિચારતા જો તને સાચુ લાગે તો અપનાવી લેજે. અમે તો જાંગડ માલ આપીએ છીએ એ માલ પાછો આપજે, જો તને ન ગમે તો. તને ગમશે. તારું હિત થશે. ભાઈ ! પ્રભુ ! આહાહા ! હઠ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરમાં કે મારામાં રાગ થાય છે, હું અજ્ઞાની છું. સંસારી જીવમાં તો રાગ જ થાય ને ! એ રાગ થાય છે એમ જ્યાં નક્કી કર્યું ત્યાં અજ્ઞાન ઉભું થઈ ગયું. પણ આત્મામાં જ્ઞાન થાય છે, ઉપયોગ જેનું લક્ષણ છે. આહાહા !

રાગ તો જણાય છે. રાગ થતો નથી મૂળમાં, રાગ જણાય છે. એ ક્યાં થાય છે એમ જણાય છે ? કે રાગ જીવની પર્યાયમાં થાય છે એમ જણાય છે ? કે નહીં. એ દ્રવ્યકર્મનો રસ છે રાગદ્વેષસુખદુઃખના પરિણામ. એ પરિણામ દ્રવ્યકર્મથી અભિન્ન છે અને એના સંબંધે જે અહીંયા જ્ઞાન થયું (તો) જ્ઞાતા જ્ઞેયમાં આવ્યો. નિમિત્ત-નૈમિત્તિકનું લફરું છોડવા જેવું છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અજ્ઞાનીને લાગુ પડે છે. આહાહા ! પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. છે કે નહીં ? હા, છે. એ ટાળવા માટે છે. છે કે નહીં ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તમે માનો છો કે નહીં ? હા, નિષેધ કરવા માટે છે, લે હાલ, એ આદરવા માટે નથી. આહાહા ! શાસ્ત્ર વાંચીને તે એમ કાઢ્યું કે આત્માને કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એ તો એનું એ રહ્યું. અજ્ઞાન ઉભું રાખ્યું. અરે ! જ્ઞાતા-જ્ઞેયના સંબંધનો તો હજી નિષેધ અમારે કરવો છે. એ કરાવવું છે, તું પહેલા જ્ઞાતા જ્ઞેયમાં તો આવ.

એ આત્મામાં ઉપયોગ લક્ષણ છે. એ જાણવાની ક્રિયા થાય છે એ ઉપયોગ આત્માથી અભિન્ન છે. એ ઉપયોગમાં શું જણાય છે ? કર્મના પરિણામ, સુખદુઃખ ? સુખદુઃખના પરિણામ છે, એ જીવના જ છે એમ માની બેઠો છે. નીકળું બીજું. પુદ્‌ગલના જ છે ને જીવના નથી. આહાહા !

તું જો જરાક જ્ઞાનની આંખ ઉઘાડીને જો. અનુભવ પહેલા વિચાર તો કર, વિચાર કરીને જો. તને રસ્તો-લાઈન સાચી મળતી હોય ને તારો આત્મા ગવાહી પૂરે સાક્ષી, તો આ વાત માની લેજે તું. નહીંતર તો તું કરતો હોય એ કરજે. હોનહાર તારી હોય તો બીજા શું કરે ?

અહીંયા જ્ઞાન થાય છે. સ્વચ્છ જ્ઞાન છે. જ્ઞાન સ્વચ્છ છે. જ્ઞાન શુદ્ધ ન લેવું. અજ્ઞાની પાસે શુદ્ધ ઉપયોગ નથી પણ ઉપયોગ છે અને એ ઉપયોગ સ્વચ્છ છે. એ સ્વચ્છ ઉપયોગમાં ભગવાન આત્મા પણ પ્રતિભાસે છે જ્ઞાયક, એમાં સ્વપરપ્રકાશક શક્તિ છે- ઉપયોગમાં સ્વચ્છતા છે. એમાં જ્ઞાયકનોય પ્રતિભાસ થાય છે અને એમાં પુદ્‌ગલના પરિણામ પણ જણાય છે. રાગાદિ જીવના પરિણામ પણ જણાય છે એમ ન લેવું. રાગ તો હમણાં સ્થાપોમાં થોડીકવાર, થોડીકવાર કર્મમાં થાય છે એમ લે ને.

આમાં લખ્યું છે એનો અર્થ ચાલે છે હોં-ઉપરથી કાંઈ વાત નથી કરતો. આમાં લખ્યું છે-રાગદ્વેષસુખદુઃખ એ કર્મના પરિણામ, પુદ્‌ગલના પરિણામ છે એ જ્ઞાનપદમાં જણાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનપદમાં જણાય છે. એ જાણવાના કાળે ભૂલી જાય છે કે હું જ્ઞાનથી અનન્ય છું એ ભૂલી ગયો અને જ્યાં રાગ જણાય છે જ્ઞાનની સ્વચ્છતામાં, તો રાગ મારો, દેહ જણાય તો દેહ મારો, પુત્ર જણાય તો પુત્ર મારો. મકાન જણાય તો મકાન મારું, આ નોકર્મ જણાય તો નોકર્મમાં આત્મબુદ્ધિ કરે અને કર્મના પરિણામ જણાય તો કર્મમાં આત્મબુદ્ધિ કરે, એને અજ્ઞાન કહેવામાં આવે છે. પરભાવને પોતાનો માને એને અજ્ઞાન છે ને અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે. કર્મ એટલે ભાવકર્મ મિથ્યાત્વ, કર્મ એટલે ભાવકર્મ ઉત્પન્ન થાય છે- અજ્ઞાનની દશામાં.

એ વાત કાલે કરી'તી કે બે દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. બે દ્રવ્યના બે પરિણામ વચ્ચે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર કથંચિત્ થોડીકવાર માટે હમણાં રાખો, નિશ્ચય વિનાનો વ્યવહાર. પછી નિશ્ચયપૂર્વકનો વ્યવહાર પાછો આવશે. એ જ્ઞેયપણે જણાશે. તેને વ્યવહાર કહેવામાં (આવે તો) નિશ્ચયપૂર્વકનો વ્યવહાર.

વસ્તુની સ્થિતિનું વર્ણન કરતાં આચાર્ય ભગવાન કહે છે કે આત્મા તો જ્ઞાનમય છે. જીવમાં જ્ઞાન થાય છે-જીવ જાણે છે ને પુદ્‌ગલ કરે છે. જીવ જાણે છે ને પુદ્‌ગલ રાગની રચના (કરે છે). રાગરૂપે પરિણમે છે પુદ્‌ગલ, વ્યાપ્ય-વ્યાપક સંબંધ રાગનો પુદ્‌ગલની સાથે છે. આહાહા ! વ્યાપ્ય-વ્યાપક લખ્યું છે ને શાસ્ત્રમાં આત્મા સાથે ? આહાહા !

એક વાર રાગનો પુદ્‌ગલની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે અને આત્માની સાથે જ્ઞાનનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે કર્તા-કર્મ સંબંધ નથી, એમ પ્રત્યક્ષ અનુભવ થવા પહેલા પણ (વિચાર કર). આહા ! અનુભવનું કારણ થાય. જેની પાછળ અનુભવ આવે એવો સમ્યક્ વિચાર તો જગાડ. કેમ અનુભવ થતો નથી આટલા વર્ષ થયા ? ક્યાંથી થાય. લાઈન ખોટી છે. લાઈન હાથમાં આવવી મુશ્કેલ છે. આહાહા ! અનુભવ તો થાય પણ લાઈન હાથમાં આવે તો. વેપારી નથી કહેતા કે ઘણાં ધંધા બદલાવ્યા પણ કોઈ લાઈન સાચી મળતી નથી. વેપારી ઘણા આવે ને કહે કે લાઈન સરખી બેસતી નથી. આ ધંધો કર્યો, પછી દુકાન બંધ કરી પછી પાછો બીજો ધંધો કર્યો. શું ? સમજી ગયા ? એમ એને લાઈન હાથમાં આવવી જોઈએ. લાઈન હાથમાં આવશે તો કામે ચડી જશે ને અનુભવ થશે, પણ લાઈન જ ખોટી છે.

અહીંયા કહે છે કે રાગદ્વેષ એ કોની સત્તામાં થાય છે ? કે, કર્મની સત્તામાં થાય છે. ત્યારે જીવની સત્તામાં શું થાય છે ? અજ્ઞાનીની વાત ચાલે છે, અજ્ઞાન ટળવાનો ઉપાય છે, કે જીવની સત્તામાં જ્ઞાન થાય છે, વસ્તુની સ્થિતિ આવી છે. આખી વસ્તુની સ્થિતિનું બ્યાન કર્યું. હવે વસ્તુની સ્થિતિ આવી હોવા છતાં પણ એ ક્યાં ભૂલે છે એનો ભૂલનો પોઈન્ટ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બતાવે છે ક્યાં ભૂલે છે ? અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે ? થાય છે તો જ્ઞાન, પણ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. આહાહા ! એવી માર્મિક વાત મૂકી છે. અજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ લખ્યું જ નથી. ઉત્પન્ન તો જ્ઞાન થાય છે પણ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. હા, જ્ઞાનનું અજ્ઞાનત્વ એ વાત આવશે.

જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો, એ ક્યાં થાય છે રાગદ્વેષ-સુખદુઃખ ? આહાહા ! કર્મમાં ને કર્મની સત્તામાં થાય છે. જીવની સત્તામાં જ્ઞાન થાય છે અને કર્મની સત્તામાં રાગાદિ થાય છે. એ રાગ જેને કર્મ ભાસે છે નિમિત્તપણે એ અજ્ઞાની છે અને (કર્મ) જ્ઞેયપણે ભાસે અને પછી આત્મા જ્ઞેયપણે ભાસે તો જ્ઞાની થઈ જાય. પણ એક સ્ટેજ તો ઓળંગી જા. એને નિમિત્ત નથી ને જ્ઞેય છે એમાં તો આવ. તો ખરું જ્ઞેય એ છે કે ખરું જ્ઞેય આ છે, એ તને ખ્યાલમાં આવશે, પણ તું એને નિમિત્તપણે સ્થાપીશ તો અહીં નૈમિત્તિકભાવ ઉત્પન્ન થશે. આહાહા !

એ રાગદ્વેષસુખદુઃખાદિનું અને તેના અનુભવનું તે સંબંધે થતું જ્ઞાન, રાગ હોય તો રાગ ત્યાં થાય છે, એવું જ્ઞાન અહીંયા થાય છે. ક્રોધ ત્યાં થાય તો અહીંયા ક્રોધ થાય છે એવું જ્ઞાન થાય છે. ક્રોધ ત્યાં થાય એવું અહીંયા જ્ઞાન થાય. પણ ક્રોધ ત્યાં પણ થાય અને ક્રોધ અહીંયા પણ થાય એમ છે નહીં. અને તને જો અહીંયા થાય છે એમ લાગે તો અજ્ઞાન ઉભું કર્યું છે તે.

શ્રોતા :- જ્ઞાન કર્મ થયા પહેલા એ જ્ઞેય થઈ શકે ?

ઉત્તર :- હા. જ્ઞેય જ છે. થઈ શકે એમ નહીં. ત્રણ કાળમાં જ્ઞેય છે. એ નિમિત્ત છે જ નહીં. નિમિત્ત તો એને ગાંડો બનાવે છે. એ તો પાઠ છે. શીખડાવવું તો એ જ છે. આહાહા ! ગાંડો એને નિમિત્ત બનાવે છે.

એક વખતની ૭૫ ની સાલની વાત છે. પૂ.ગુરુદેવશ્રીની જન્મજયંતિ મુંબઈ હતી અને અભિનંદન ગ્રંથ પુસ્તક એક બહાર પડ્યું એમાં બધા વિદ્વાનોને કહ્યું, કે તમે લેખ લખો-કોઈએ કર્તાકર્મ-કોઈએ જ્ઞાતા જ્ઞેય-કોઈએ જે જેની રીતે, લેખો ઘણાં આવ્યા. એમાં મારું પણ મન થઈ ગયું. મેં ત્રણ લેખ લખ્યા ઘણે ભાગે, એમાં એક આ લેખ લખ્યો કે આઠ પ્રકારના જે કર્મ છે એ નિમિત્ત નથી પણ જ્ઞેય છે. જ્યારે એ કર્મ એમ કહે છે કે આ આખું જગત અમને નિમિત્ત તરીકે પોકારે છે અને એક માત્ર સોનગઢનો સંત એમ કહે છે કે હે કર્મો-તમારું નામ નિમિત્ત નથી, તમારું નામ જ્ઞેય છે. તમારું નામ અજ્ઞાનીએ બગાડી નાખ્યું છે. આહાહા ! સત્યલાલ નામ હતું એના બદલે અસત્યલાલ નામ કરી નાખ્યું. નામ બગાડ્યું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે એ આઠ કર્મને વિચાર આવ્યો કે, આ એક ફક્ત સોનગઢના સંત અમને જ્ઞેય કહે છે, અને આ બધાય કહે છે નિમિત્ત છે, આ નિમિત્ત છે, નામ બગાડ્યું. કર્મનો ઉદય નિમિત્ત-કર્મનો ઉદય નિમિત્ત, શાસ્ત્રમાં આવે છે. ગોમ્મટસારમાં આવે છે, ધવલમાં આવે છે. આહાહા ! તો હવે શું કરવું ? અમારું નામ જ્ઞેય છે કે નિમિત્ત છે ? સોનગઢની વાત તો થોડાક લોકો (માને છે.) સોનગઢના સંતની વાત તો થોડા માને છે, કે એ જ્ઞેય છે. થોડા અલ્પ. પણ બધા તો આખું જગત તો એને નિમિત્ત જ કહે છે, તો ખરું શું છે ? ત્યારે બીજાએ દલીલ કરી કે જો તમારું નામ જ્ઞેય હોય તો તમે મહાવિદેહક્ષેત્રમાં જઈ અને પ્રમાણ લઈ આવો. સીમંધર ભગવાન એમ કહે કે તમારું નામ જ્ઞેય છે તો અમે માનશું, બાકી સોનગઢની વાત અમે માનતા નથી.

ત્યારે એ સભા ભરાણી એમાં પાંચ પરમાણુ પ્રતિનિધિ થયા અને કહે તે પાંચેયને સીમંધર ભગવાન પાસે મોકલો. પરમાણુને જાતા તો કાંઈ વાર લાગે નહીં. એક ક્ષણમાં અહીં, તો બીજે સમયે ત્યાં જઈને પાંચ પરમાણુ સીમંધર ભગવાનને વંદન કરે છે, કહે અહીંયા સુધી શા માટે ધક્કો ખાધો. તમારું નામ જ્ઞેય છે અને અમારી બ્રાંચ ઓફિસ તો સોનગઢમાં છે. ત્યારે કર્મ કહે છે કે એ બ્રાંચ ઓફિસનું તો થોડા માને છે, બધાય માનતા નથી. ભલે બધાય ન માને પણ અમે તમને કહીએ છીએ, જાહેર કરીએ છીએ કે અનાદિ અનંત તમારું નામ જ્ઞેય, જ્ઞેય ને જ્ઞેય છે. આહાહા ! અનાદિ અનંત. એ તો જોડાય એના માટે નિમિત્ત, ન જોડાય તો નિમિત્ત થાય નહીં. એકદમ હકાર નથી આવતો, કાંઈ વાંધો નહીં, ધીમે ધીમે આવશે. આહાહા ! છે સૂક્ષ્મ વાત. જરા ઘેરી વાત તો છે.

કહે છે, પરમાણુ અહીંયા આવ્યા અને કેટલાક પાછા એ લાયક હતા તેને એમ લાગ્યું કે, આહાહા ! અહીંયા તો જ્ઞાન થાય છે. અહીંયા જો જ્ઞાન થાય છે તો એનું નામ જ્ઞેય જ હોય. અહીંયા રાગ થાય તો એનું નામ નિમિત્ત. અહીંયા તો પ્રત્યેક જીવને જ્ઞાન થાય છે. એ જ્ઞાન કેવું થાય છે એ ખબર છે, કે એમાં જ્ઞાયકનો અનુભવ થાય છે એવું જ્ઞાન થાય છે. લે. એનાથી આગળ થોડીક વાત. આહાહા ! માને એની બલિહારી છે, વાત તો કુદરતી ઘણી સ્પષ્ટ બહાર આવી ગઈ છે.

એ વાત કરે છે કે રાગદ્વેષસુખદુઃખના પરિણામ અને તે સંબંધેનો એનો અનુભવ, અનુભવ એટલે જ્ઞાન. વેદન ન લેવું. જ્ઞાન (લેવું). ત્યાં જ્ઞેય છે અને અહીંયા જ્ઞાન છે. જ્ઞાનમાં સ્વચ્છતા છે, શુદ્ધતા ન લેવી. ઉંધુ ન મારવું કે બધા અજ્ઞાનીને શુદ્ધ ઉપયોગ થાય છે એમ લાલુભાઈએ કહ્યું. આહાહા ! મારા તરફ અન્યાય ન કરતા, અમે કહીએ છીએ તે ધ્યાન દઈને સાંભળો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ્ઞાન ઉપયોગ-સ્વચ્છ ઉપયોગ પ્રગટ થાય છે. આમાં લખ્યું છે એનો અર્થ ચાલે છે. મારા ઘરની વાત નથી કરતો. કહે છે કે તને તેના અનુભવનું એટલે જ્ઞાનનું પરસ્પર વિશેષ ન જાણતો હોય, આહાહા...આ જ્ઞાન છે અને આ રાગ છે પુદ્ગલના પરિણામ છે એમ વિશેષ-તફાવત-જુદાઈ, આહાહા...જીવ-અજીવની જુદાઈ જાણતો નથી.

એક જીવ છે ને બીજો અજીવ છે, એક જીવના પરિણામ અહીંયા ઉપયોગ થાય છે અને ત્યાં અજીવના-પુદ્ગલના પરિણામમાં રાગ થાય છે. આહાહા ! એ જોડાય તો અહીં રાગ થાય. એને જાણે તો રાગ ન થાય. એમાં જોડાય ને આમ (તો રાગ થાય). જ્ઞાન ઉપયોગની સ્વચ્છતામાં જ્યાં પ્રતિભાસ્યું ત્યાં રાગી હું, તો અજ્ઞાન થઈ ગયું. દર્પણમાં અગ્નિનો પ્રતિભાસ હોય, પ્રતિભાસ દેખીને બાળક એમ કહે છે કે આ દર્પણ બળે છે, સળગે છે, પાણીથી એને ઠારો, એ અજ્ઞાન છે. એની માતા કહે છે. તારો ભાસ છે એ આમાં કાંઈ અગ્નિ છે નહીં. અગ્નિ ભિન્ન છે અને સ્વચ્છતા ભિન્ન છે. એમ જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન છે. આહાહા !

કહે છે કે, એટલો વિશેષ તફાવત અજ્ઞાની જાણતો નથી. એકદમ ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. આહાહા ! એટલી બિડાઈ ગઈ છે કે ધોધમાર પાણી ૪૫ વર્ષ પડ્યું તો પણ એ કાળમીંઢ પથ્થર કાંઈ થોડા પણ નરમ ન થાય. માટી હતી એ મલિન થઈ. ગળી, ભીની થઈ. ભીગી થઈ, ભીની થઈ. આહાહા ! કહે છે કે એમ પરસ્પર વિશેષ, જ્ઞાન અને જ્ઞેયનું પરસ્પર વિશેષ, જુદાઈ, તફાવત ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસથી, છે ભિન્ન. છે એક ચેતન અને બીજું જડ.

જીવની પર્યાયમાં રાગ થાય એ તો જડ છે પણ ઓલુંય જડ છે. ઓલું જડ છે અને આ પણ જડ છે, બેય જડ ભાવ છે. પણ અત્યારે અહીંયા આપણે, આ વાત એવી છે કે છઠ્ઠી ગાથામાં કહ્યું-કે પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા શુદ્ધ કહેવાય છે. પરદ્રવ્યના ભાવોથી ભિન્ન, પરદ્રવ્ય અને પરદ્રવ્યમાં થતા નૈમિત્તિક ભાવો એનાથી ભિન્ન નથી કહ્યું. પરદ્રવ્યના ભાવોથી આત્મા ભિન્ન છે. એ પરદ્રવ્યના ભાવો એટલે આ, આ કર્મકૃત કીધા ભાવો કર્મના ભાવો, કર્મની સ ામાં થાય છે. આહાહા ! સર્વથા કર્મની સત્તામાં થાય છે અને જ્ઞાન સર્વથા આત્મામાં થાય છે. એક વાર જુદું તો પાડ, તો તને આનંદ આવશે. દુઃખ ટળી જશે. અધ્યાસ અનાદિકાળનો એકપણાનો મટી જશે. આહાહા !

એક એક લીટી, એક એક શબ્દોને ભેગા બેસીને ચર્ચા તો કરો કે આમાં શું લખ્યું છે. આનો શું અર્થ ? આઘી-પાછી વાત નહીં. એ કચરાને એક બાજુ રાખો. કચરો ઘુસી ગયો છે ને નિમિત્ત-નૈમિત્તિકનો. આહાહા ! એને એક બાજુ રાખને હમણા. જ્ઞાતા જ્ઞેયના વ્યવહારમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવને, પછી નિશ્ચય જ્ઞાતા-જ્ઞેયમાં આવીશ.

એકપણાનો અધ્યાસ થઈ ગયો છે. રાગ તો આત્મામાં જ થાય ને? રાગ કાંઈ પુદ્‌ગલમાં થાય ? આહાહા ! પુદ્‌ગલમાં જ થાય રાગ અને જ્ઞાનમાં જણાય, એ જાણવાના કાળે પરસ્પર બેયની જુદાઈ જાણતો નથી ને તેથી જીવ એમ માને છે કે મારામાં રાગ થયો. તારામાં રાગ જણાય છે કે તારામાં રાગ થાય છે ? શરીર મારું તો શરીર સંબંધે તારામાં જ્ઞાન થાય છે કે એ શરીર મારું ક્યાંથી આવ્યું ? જ્ઞાન ઉપયોગમાં કર્મ ને નોકર્મ નથી. અરે ક્રોધાદિક પણ ઉપયોગમાં નથી. આહાહા ! વાત ઝીણી છે પણ છે મજાની સમજવા જેવી છે પણ જરા સૂક્ષ્મ ઉપયોગ કરે તો એને મજા આવે.

એને એકપણાના અધ્યાસને કારણે ઉપયોગ ને રાગ, આત્મા ને રાગ અનન્ય છે, એમ આવે વ્યવહારનયના કથનો એને સત્યાર્થ ભાસે છે. રાગથી આત્મા અન્ય છે, અનન્ય થયો જ નથી, અનન્ય રાગથી આત્મા થાય તો કોઈ કાળે રાગનો અભાવ થઈ શકે નહીં, અને ઉપયોગથી તો ત્રણેય કાળ અનન્ય છે. આહાહા !

એકપણાના અધ્યાસને લીધે શીત-ઉષ્ણની માફક, જો હવે સમજાવે છે. સાંભળ ભાઈ ! તને એમ લાગે છે કે રાગથી હું અનન્ય થઈ ગયો, તો સાંભળ ! જો ભાઈ ! ટાઢી-ઉની અવસ્થા છે કે નહીં ? કે હા. ટાઢી-ઉની અવસ્થા એનાથી તો આત્મા જુદો જ હોય. ટાઢી-ઉની અવસ્થા છે એ તો પુદ્‌ગલની અવસ્થા છે. કાંઈ આત્મા એના રૂપ થઈ જાય ? એ જડરૂપ થાય ? કે જો એ રૂપે ટાઢી-ઉની અવસ્થારૂપે ન થાય તો રાગરૂપે પણ ન થાય. લેને જરાક થોડીક વાર, મજા આવશે તને અને વિચારમાં પણ મજા આવશે, અનુભવની વાત તો (અલૌકિક છે). આહાહા ! કેમ કે ભેદજ્ઞાનમાં મિથ્યાત્વ ગળે છે અને મિથ્યાત્વ ગળે તેને સમ્યક્‌ની સન્મુખ કહેવાય. મિથ્યાત્વ ગળે નહીં તો સમ્યક્ સન્મુખ નથી.

શીત-ઉષ્ણની માફક અર્થાત્ જેમ ટાઢી-ઉની અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું થવું, આત્મા ટાઢો થઈ જાય ને આત્મા ઉનો થઈ જાય ? કે ના. ટાઢો-ઉનો તો ન થાય. ત્યારે ટાઢો-ઉનો ન થાય આત્મા, તો રાગરૂપે થઈ જાય ? એ જરા ઘડીકમાં હા આવતી નથી. વજુભાઈ ! ટાઢી-ઉની અવસ્થારૂપે તો આત્મા ન થાય કેમકે એ તો જડ છે. ટાઢી અવસ્થા ને ઉની અવસ્થાનું જ્ઞાન થાય, પણ કાંઈ જ્ઞાન ટાઢી અવસ્થારૂપે થઈ જાય ? પુદ્‌ગલરૂપે ? એ તો ન થાય. ત્યારે જો એ ન થાય તો, થવું અશક્ય છે, શબ્દ વાપર્યો અશક્ય. દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ અને ગંભીર છે.

(શ્રોતા :- મહા મંગલમય હૈ) મહા મંગલમય છે. આહાહા ! મંગલમય એટલે હિત થઈ જાય આત્માનું. માંગલિક અહીં પ્રગટ થાય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મંગલમય ભાવ છે. એ મંગલમય ભાવ પ્રગટવાનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે. તારો પક્ષ છોડીને એક વખત આચાર્ય ભગવાન શું કહે છે. ધીરજથી તું વાંચ તો ખરો, આ ગાથા ઉપર, ગાથા વાંચીને તો એના ઉપર એનું નામ લખેલું છે. ગાથા જે અધ્યયન કરે ને એના ઉપર એનું નામ લખેલું છે. પત્ર છે. આ ધર્મપિતાનો પત્ર છે. આહાહા ! એવી શાહી આવે છે કે જ્યારે અગ્નિ લગાડે ને ત્યારે અંદરમાંથી અક્ષર સૂઝે ગુપ્ત લખાણ હોય ગુપ્ત. એના ઉપર અગ્નિ લગાડે ને ત્યારે એ અંદરમાંથી અક્ષર ઉઠે. એમ અહીંયા નામ લખેલા છે. આહાહા ! કોના પ્રત્યે ? કે જે વાંચે એના પ્રત્યે. જે અધ્યયન કરે એના પ્રત્યે એનું નામ લખેલું છે.

ભાઈ ટાઢી-ઉની અવસ્થારૂપે થવું અશક્ય છે અર્થાત્ જેમ, દૃષ્ટાંત ! જેમ, જેવી રીતે ટાઢી-ઉની અવસ્થારૂપે આત્મા વડે થવું પરિણમવું આત્મા વડે થવું, પરિણમવું (અશક્ય છે). આત્મા ટાઢો-ઉનો થઈ જાય, એ અશક્ય છે. શું કહ્યું ? શબ્દ છે અશક્ય ? કથંચિત્ શક્ય અને કથંચિત્ અશક્ય, કથંચિત્ રાખોને. આ કથંચિત્, સર્વથાનો ખ્યાલ નથી આવતો એ-કથંચિત્‌ને રવાડે ચડી ગયો છે. સર્વથા પછી કથંચિત્ હોય ભાઈ તને કથંચિત્‌ની ખબર નથી. રાગ આત્માથી સર્વથા ભિન્ન છે. પરિણામ આત્માથી સર્વથા ભિન્ન છે પછી કથંચિત્ લે ને, પહેલા સર્વથા તો લે. મજા આવશે તને. (ટાઢી-ઉની અવસ્થારૂપે) પરિણમવું અશક્ય છે.

ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા એ ટાઢી-ઉની અવસ્થારૂપે થાય, જડરૂપે થઈ જાય ચેતન, તે અશક્ય છે. આહાહા ! જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. આત્માનું ઠંડી-અવસ્થારૂપે પરિણમવું અશક્ય છે. હવે સૂક્ષ્મ આવ્યું એના કરતા વધારે.

એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, માની બેઠો છે કે હું રાગરૂપે થઈ ગયો. એ તો એનું અજ્ઞાન છે, રાગરૂપે થવું અશક્ય છે. જો ટાઢી-ઉની અવસ્થારૂપે થાય તો આત્મા રાગરૂપે થઈ જાય. પણ એ માનતો થકો, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, થાય છે તો જ્ઞાન, ઉપયોગ સામાન્ય. એ જ્ઞાનનો-ઉપયોગનો દુરુપયોગ કર્યો. ઉપયોગનો કાં સદ્‌ઉપયોગ કરે કાં ઉપયોગનો દુરુપયોગ, દુરુપયોગ શું કર્યો ? કે રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી, ક્રોધનો પ્રતિભાસ દેખીને હું ક્રોધી, એમ જ્ઞાનનું અજ્ઞાન પ્રગટ કરતો થકો, પોતે અજ્ઞાનમય થયો થકો, આહાહા !

એ જડ અને ચેતન બેય ભિન્ન ભિન્ન હોવા છતાં પણ જાણે હું જડ થઈ ગયો એમ એની બુદ્ધિમાં ભાસે છે. હમણાં ઘણાં દિવસ થયા આ ''જડભાવે જડ પરિણમે ચેતન-ચેતન ભાવ'' એ સાંભળ્યું નથી. આજ સંભળાવે જો આ ચંદુભાઈ તો સારું. બહુ સરસ છે. અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પૃથક છે. જડ જડરૂપે પરિણમે છે ને ચેતન ચેતનરૂપે પરિણમે છે અનાદિ અનંત. આહાહા ! ચેતન જડરૂપે ન થાય. જડ, રાગ હોં અહીંયા રાગ લેવો. આહાહા !

જડ ભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ,
કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ.
છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં ચેતન ચેતન તેમ.
પ્રગટ અનુભવરૂપ છે સંશય તેમાં કેમ ?
સંશય તેમાં કેમ ?
જો જડ ત્રણ કાળમાં ચેતન ચેતન થાય.
બંધ મોક્ષ તો ઘટે નહીં પ્રવૃત્તિ નિવૃત્તિ ન હોય.
પ્રવૃત્તિ નિવૃત્તિ ન હોય.

તો બંધ-મોક્ષની સ્થિતિ ન થાય, આ એમ કહેવા માગે છે. ચેતન ત્રણે કાળ ચેતન રહે છે. જડ ત્રણે કાળ જડ રહે છે. આત્મા જાણનારરૂપે પરિણમે છે, પુદ્ગલ રાગરૂપે પરિણમે છે, જા. બેય પદાર્થ ભિન્ન ભિન્ન છે. એક વાર લક્ષમાં તો લે. આહાહા ! રાગ જડ છે. એ રાગરૂપે કોણ પરિણમે છે ? એ પુદ્ગલ પરિણમે છે. કોણે જાણ્યું ? કે સર્વજ્ઞ ભગવાને જાણ્યું. સાંભળ ! આહાહા ! તારા અજ્ઞાનથી માપ ન નીકળે. આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. પુદ્ગલ જડરૂપે પરિણમે છે જા. આહાહા ! એક વખત વિભાગ કરી નાખજે. જીવ જાણવારૂપે પરિણમે છે ને પુદ્ગલ કરવારૂપે પરિણમે છે. બેયની ભિન્નતા છે. આહાહા !

કહે છે જ્ઞાનનું અજ્ઞાનત્વ, શબ્દ વાપર્યો જ્ઞાન, જ્ઞાન એટલે ઉપયોગ, બાબુજી ! જ્ઞાનની સાથે સામાન્ય ઉપયોગ, સામાન્ય ઉપયોગ તો બધા પાસે છે. (યુગલજી :- જ્ઞાનકો અજ્ઞાન બના દિયા) હા ! જ્ઞાન કો અજ્ઞાન બના દિયા, જ્ઞાનમેં જાનનેકી ક્રિયા હૈ પણ ઉસમેં જો રાગ પ્રતિભાસ હુઆ તો મૈં રાગી, તો જ્ઞાન કા અજ્ઞાન બના દિયા. આહાહા ! અપને આપ, કિસીને બનાયા નહીં હૈ. અજ્ઞાન અપને આપ, અજ્ઞાની બન જાતા હૈ. આહાહા !

દેહ જાનનેમેં આયા તો દેહ મેરા, શાસ્ત્ર જાનનેમેં આયા તો શાસ્ત્ર મેરા, રાગ જાનનેમેં આયા તો રાગ મેરા. કહે છે જ્ઞાન કા અજ્ઞાનત્વ. આહા ! આ માર્મિક વાત મૂકી કે વસ્તુ સ્થિતિ એવી છે, વસ્તુ સ્થિતિ એવી છે કે અહીંયા આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે અને પુદ્ગલ એ જડ, જડભાવે પરિણમે છે. ચેતન ચેતનભાવે પરિણમે છે, વસ્તુ સ્થિતિ આમ છે પણ વસ્તુ સ્થિતિનો ખ્યાલ જે નથી કરતો, એના જ્ઞાનમાં રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી, એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે તો જ્ઞાન, પણ જ્ઞાન થયા પછી અજ્ઞાન થાય છે? ના. એક સમયમાં જ્ઞાન અને એ સમયે અજ્ઞાન. કાં એક સમયે જ્ઞાન અને એ સમયે જ્ઞાન-શું કહ્યું? હેં! (યુગલજી :- ઉસી સમય) ઉસી સમય અજ્ઞાન હૈ. સમય ભેદ નહીં હૈ. જો સમયે ઉપયોગકા ઉત્પાદ હોતા હૈ વો સમયે રાગકા પ્રતિભાસ હોતા હૈ, વો સમયે રાગમેં આત્મબુદ્ધિ કર લેતા હૈ. સમય ભેદ નહીં હૈ, જ્ઞાનકા અજ્ઞાન એક સમયમેં હોતા હૈ. ઔર દૂસરે સમયે ભેદજ્ઞાન કિયા. અરે એ રાગ તો જુદી જાત હૈ. મેરી જ્ઞાન સ્વચ્છતામેં ઉસકા પ્રતિભાસ હોતા હૈ. મૈં તો જ્ઞાનમય હું. તો જ્ઞાનકા જ્ઞાનત્વ હો જાતા હૈ. કાં તો જ્ઞાનકા અજ્ઞાનત્વ બનાવે કાં જ્ઞાનકા જ્ઞાનત્વ બનાવે. એ ઉસકા હાથ કી બાત હૈ. આહાહા! કોઈ બળાત્કારે ઉસકો અજ્ઞાની બનાતા નહીં હૈ અને તીર્થંકર ઉસકો બળાત્કારે જ્ઞાની બના દેતે નહીં હૈ. એક તીર્થંકર પાકે તો બધાનું કામ થઈ જાય, એમ છે નહીં. આહાહા!

(તીર્થંકર) કહતે હૈ તુમ બૈઠે રહો. ઈધર અંદરમેં દેખો. મૈં ભી ઈધર દેખતા હું. તુમ ઉધર ક્યોં દેખતે હો. પ્રતિમા મૂક બોધ આપે છે. કે હું પણ મારા આત્માની સામે જોઉં છું. પણ સાહેબ લોકાલોકને તમે જાણો છો ને? તું કાંઈ સમજતો જ નથી. હું ક્યાં જોઉં છું ઈ તો જો. હું આમ (બહાર) જોઉં છું? તું આમ (બહાર) જોશ તો હું પણ બહાર જોઉં એમ! તો મારામાં ને તારામાં ફેર શું?

તું પ્રતિમાની સામે તો જો. પ્રતિમા તને બોધ આપે છે, કે હું તો મારા ભગવાન આત્મામાં ડૂબી ગયો છું. એમાંથી ફુરસદ નથી બહાર ઉપયોગ મૂકવાની. આહાહા! એમ તારો સ્વભાવ પણ જેમ હું મારા આત્માને જાણું છું એમ તું આમ આમ કરવાનું (બહાર જોવાનું) બંધ કરી દે થોડીક વાર અને આમ કરને (અંદર જો ને). આહાહા! આમ બહાર જોવા કરતા અંદર જો ને.

અરિહંતના દ્રવ્ય ગુણ પર્યાયને જાણીને જે પોતાના આત્માને જાણે છે. પ્રતિક્રમણમાં આવ્યું હતું. આહાહા! ચેતન-ચૈતન્ય ને ચિદ્દ્વિવર્તન એને સંકેલો કરીને અંદરમાં જાય છે તો અભેદના લક્ષે અભેદ થઈ જાય છે. આહાહા! મોહ ક્ષય થઈ જશે તારો. હું જાણનાર છું. કરવાના પક્ષમાંથી છૂટી જા.

હું જાણનાર છું. પછી કોનો જાણનાર છું? જાણનારનો જાણનાર છું. જાણનારનો પણ જાણનાર નથી ત્યારે અનુભવ થાય-નથી આવે છે ને એટલો કારકનો ભેદ કાઢી નાખ્યો.

જ્ઞાનનું અજ્ઞાનત્વ કરતો થકો પોતે અજ્ઞાનમય થયો થકો, હવે શું કહે છે? આ હું રાગી છું. લ્યો, આ અજ્ઞાનીનું લક્ષણ-આ હું રાગી છું. અર્થાત્ આ હું રાગ કરું છું. અજ્ઞાનીનું લક્ષણ-શું કહ્યું? આ શુભાશુભભાવ હું કરું છું-આ દાન મેં કર્યું, આ ઉપવાસ મેં કર્યો, મેં કર્યું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવું-કરવું-કરવું-કરવું. આહાહા ! જાણવું-જાણવું-જાણવું એમાં નથી આવતો. જાણવામાં નથી આવતો, હજી કરવામાં ઉભો છે ત્યાં સુધી અજ્ઞાન છે.

આ હું રાગ કરું છું ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મોનો કર્તા પ્રતિભાસે છે.

હવે આનો વધારે ખુલાસો આ ભાવાર્થમાં બહુ સરસ આવશે.

**શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩**
**વિડીયો પ્રવચન નં. ૧૮, સળંગ પ્રવચન નં. ૩**
**તા. ૯-૯-૮૭**
**પ્રવચન સ્થળ :- દિગંબર જિન મંદિર - રાજકોટ**

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેનો કર્તાકર્મ અધિકાર ગાથા-૯૨ નો ભાવાર્થ.

૯૨ ગાથાના મથાળામાં એમ કહ્યું કે, હવે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે. આચાર્ય ભગવાન અમુક જગ્યાએ એમ ફરમાવે, નવા કર્મના બંધની વાત આવે ત્યારે એમાં અજ્ઞાન નિમિત્ત હોવાથી અજ્ઞાનથી કર્મ બંધ થાય છે. અહીંયા કર્મ બંધ થાય છે એ શબ્દ ન વાપરતા અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે એમ લખ્યું છે. આત્માથી ભાવકર્મ ઉત્પન્ન થતું નથી અને દ્રવ્યકર્મથી પણ ભાવકર્મ પેદા થતું નથી. પણ માત્ર પોતાના અજ્ઞાનથી ભાવકર્મની ઉત્પત્તિ દશામાં થઈ જાય છે. એ અજ્ઞાનનું કારણ બતાવ્યું કે ભાવઅજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે.

તો જીવને અજ્ઞાન કેમ પ્રગટ થાય છે ? કે સ્વ અને પર એવો વિભાગ વિશેષ તફાવત જુદાઈ જાણતો નથી. ઉપયોગમય આત્મા અને પુદ્‌ગલમય રાગ બેય જુદા છે એનો વિશેષ તફાવત-જુદાઈ જાણતો નથી. એટલે એને પોતાના અજ્ઞાનથી અધ્યાસથી એક જેવું લાગે છે એટલે એની દશામાં જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી તેને ભાવકર્મની ઉત્પત્તિ થયા કરશે. જો અજ્ઞાન ટળી અને જ્ઞાન થાય તો ૯૩ ગાથામાં કહેશે કે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી.

૯૨ ગાથાના મથાળામાં અજ્ઞાનથી કર્મબંધ થાય છે એમ લખ્યું નથી. અજ્ઞાનથી કર્મ એટલે ભાવકર્મ ઉત્પન્ન થાય છે. ૯૩ ગાથાના મથાળામાં એમ કહેશે કે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એટલે દ્રવ્યકર્મ બંધાતું નથી એમ નહીં, પણ જ્ઞાનથી ભાવકર્મ ઉત્પન્ન થતું નથી. જ્ઞાતા થાય છે ત્યારે તે કર્તા થતો નથી, એમ કહેશે ૯૩ ગાથામાં.

હવે ૯૨ ગાથાનો ભાવાર્થ બાકી છે. ટીકા તો થઈ ગઈ. ભાવાર્થમાં બહુ સહેલું કરીને બતાવ્યું છે કે મૂળ ટીકાકાર આચાર્ય ભગવાને આ ગાથામાં શું કહ્યું તેનો સંક્ષેપ સાર જગતના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવોને સરળતાથી ખ્યાલમાં આવે અને ખ્યાલમાં કોને આવે ને ક્યારે ખ્યાલમાં આવે કે પોતાનો પક્ષ છોડી અને અહીંયા આચાર્ય ભગવાન આ ગાથામાં શું કહેવા માગે છે ? આગલી-પાછલી ગાથાને યાદ કરે તો આ ગાથા ન સમજાય. જે ગાથા ચાલતી હોય, જે અપેક્ષાનું કથન હોય જે પ્રયોજન સિદ્ધ કરવું હોય આચાર્ય ભગવાનને એ અપેક્ષાથી સમજે તો એની અપેક્ષા પોતાના ખ્યાલમાં આવી શકે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા, પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. જેમ ટાઢી-ઉની અવસ્થા એ પુદ્ગલના પરિણામ છે-પુદ્ગલની સત્તામાં છે. ટાઢી-ઉની અવસ્થા નોકર્મના પરિણામ છે એમ રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા બધા વિભાવભાવો નિમિત્તમાં થાય છે. નૈમિત્તિક તો જો એ નિમિત્ત બનાવે તો અહીંયા થાય ને જો એ નિમિત્ત ન બનાવે ને જ્ઞેય જાણે તો અહીંયા વ્યવહારજ્ઞાન પ્રગટ થાય અને પછી નિશ્ચય જ્ઞાન પ્રગટ થાય.

રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. ખાટો-મીઠો જે સ્વાદ છે, જેમ ખાટા-મીઠાનો સ્વાદ એ પુદ્ગલના ભાવો છે. તેમ રાગદ્વેષસુખદુઃખ આકુળતાના જે ભાવો દેખાય છે એ પુદ્ગલની સત્તામાં છે. કેવળ પુદ્ગલની સત્તા છે. એ પુદ્ગલના જ ભાવો છે. શેરડી મીઠી છે. અફીણ કડવું છે. એ બધા નોકર્મની સત્તામાં થતાં પરિણામ છે. એમ આ રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ જ્ઞેયની સત્તામાં થાય છે. એ જ્ઞેયોના ભાવ છે. એ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. ઉદય એટલે પ્રગટતા. ઉદય એટલે ત્યાં પ્રગટતા થાય છે. અહીંયા જ્ઞાન પ્રગટે છે, જેમ દર્પણમાં સ્વચ્છતા પ્રગટ થાય છે અને સામે અગ્નિ પ્રગટે છે. અગ્નિ પ્રગટે છે એ અગ્નિના પરિણામ છે અને અહીંયા સ્વચ્છતા સમયે સમયે પ્રગટે છે એ દર્પણની પર્યાય છે, એમ અહીંયા જ્ઞાન પર્યાય પ્રગટ થાય છે, અજ્ઞાનીની વાત ચાલે છે.

અહીંયા ઉપયોગ સામાન્ય લક્ષણ જે જાણવાની ક્રિયા એ જ્ઞાન અહીંયા પ્રગટ થાય છે. અને ત્યાં એ જૂના કર્મ બંધાણા છે પોતાની મૂર્ખાઈથી પોતે મુર્ખાઈ કરી'તી પૂર્વે, તે અજ્ઞાનનું નિમિત્ત પામીને એ કર્મનો બંધ થયો હતો, એ કર્મના બંધ વખતે કર્મમાં કર્મનો અનુભાગ એટલે રસ પડ્યો'તો એ રસ ઉદય થાય છે. પ્રગટ થાય છે. પર્યાય પ્રગટ થાય, એ પર્યાય પુદ્ગલકર્મથી અનન્ય છે અને અહીંયા એ પુદ્ગલની પર્યાય જ્ઞાનમાં જણાય છે, એ જ્ઞાનઉપયોગથી આત્મા અનન્ય છે. એમ ટીકામાં બધી વાત વિસ્તારથી ઘણી આવી.

કહે છે કે એ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે, તેથી તે શીત-ઉષ્ણપણાની માફક ટાઢી-ઉની અવસ્થાની જેમ પુદ્ગલકર્મથી અભિન્ન છે. તે એટલે રાગદ્વેષ પુદ્ગલકર્મથી અભિન્ન છે. જેમ ટાઢી-ઉની અવસ્થા નોકર્મથી અભિન્ન છે એમ રાગદ્વેષના પરિણામ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યકર્મથી અભિન્ન છે. એ રાગદ્વેષ નોકર્મમાં થતા નથી પણ રાગદ્વેષ દ્રવ્યકર્મની સત્તામાં થાય છે. અને આ ઉપયોગમય આત્માથી અત્યંત ભિન્ન છે. એ જ્ઞાયકથી તો જડ ભિન્ન છે. ચેતનથી તો જડ ભિન્ન છે. પણ એ જ્ઞાન ઉપયોગ વર્તમાનમાં જે પ્રગટ થાય છે એનાથી પણ આ પુદ્ગલની સત્તા ભિન્ન છે. ભલે પુદ્ગલના પરિણામ જ્ઞાનની સ્વચ્છતામાં જણાય, પણ એ પુદ્ગલના પરિણામ જ્ઞાયકમાં તો આવતા નથી, પણ જ્ઞાનઉપયોગમાં પણ આવતા નથી. જેમ દર્પણના દળમાં અગ્નિ આવતી નથી એમ દર્પણની ઉપરની સ્વચ્છતાની સપાટીમાં પણ તે અગ્નિ પ્રવેશી શકતી નથી. એમ આત્માથી અત્યંત ભિન્ન છે.

હવે આગળ, સ્થિતિ તો આમ છે. આ સ્થિતિનું વર્ણન કર્યું. હવે એ સ્થિતિનો યથાર્થપણે જેને ખ્યાલ નથી આવતો એ ભૂલ કરે છે. અજ્ઞાનને લીધે આત્માને, તેનું એટલે ઉપયોગમય આત્માનું અને રાગમય પુદ્ગલકર્મનું ભેદજ્ઞાન એટલે જુદાઈ, વિશેષ તફાવત-જુદાઈ નહીં હોવાથી, જ્ઞાન ભિન્ન અને કર્મ ભિન્ન એમ ભિન્નતાનું ભાન નહીં હોવાને કારણે તે એમ જાણે છે કે, તે એટલે અજ્ઞાની એમ જાણે છે કે, જેમ છે તેમ જાણે તો જ્ઞાન અને જેમ નથી એમ જાણવા લાગે તો અજ્ઞાન. તે એમ જાણે છે કે આ સ્વાદ મારો છે. આ ટાઢી-ઉની અવસ્થા મારી છે. અને આ રાગદ્વેષ ને સુખદુઃખના આકુળતાના પરિણામ, એ આકુળતાના પરિણામ મારા છે. આકુળતા-દુઃખના પરિણામ પુદ્ગલના પરિણામ છે. આહાહા !

નિશ્ચયનયે જોવામાં આવે તો, નિશ્ચયથી જોવામાં આવે તો આત્મામાં જ્ઞાન ઉપયોગ જાણનક્રિયા થાય છે અને નિશ્ચયથી જોવામાં આવે ત્યારે એ રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ કર્મના પરિણામ છે, એ જ્ઞેય છે. ત્યાં જ્ઞેય છે સામે અને અહીં જ્ઞાન થાય છે, પછી કહેશે જ્ઞાનનું અજ્ઞાન.

ભેદજ્ઞાન નહીં હોવાથી તે એમ જાણે છે કે, ઊંધુ જાણે છે-વિપરીત જાણે છે કે, આ સ્વાદ મારો છે. આહા ! હવે રાગદ્વેષસુખદુઃખનો સ્વાદ જે થાય છે-જણાય છે, એ જ્ઞાન ઉપયોગની સ્વચ્છતામાં માત્ર જણાય છે. એ જાણવાના કાળે જ્ઞાનને પકડતો નથી અને જે જણાય છે દુઃખના પરિણામ-આકુળતાના પરિણામ તે મારા છે, એવી કલ્પના કરે છે. કારણ કે એ સ્વાદ મારો જ છે. મારો જ, એમ. મારું જ્ઞાન છે એમ નથી લેતો પણ જ્ઞાનની સ્વચ્છતામાં જે જણાય છે, જણાય છે તે ભિન્ન છે, જ્ઞાયકથી તો તે ભિન્ન છે પણ વર્તમાન વર્તતો સામાન્ય ઉપયોગ જે સ્વચ્છ છે, તે કહેશે હમણાં, એનાથી પણ આ ભિન્ન છે.

કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે, જ્ઞાનમાં સ્વચ્છતા છે, સ્વચ્છતા છે એટલે સમજે નહીં તો અજ્ઞાની થાય અને સ્વચ્છતાનું સ્વરૂપ સમજે તો પણ જ્ઞાની થઈ જાય. કેમકે સ્વચ્છતામાં સ્વપરપ્રકાશકનો પ્રતિભાસ થાય છે. જો ઉપયોગ મલિન હોય તો એમાં સ્વપર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન જણાય અને નોકર્મ કે કર્મ પણ ન જણાય. પણ એની વર્તમાન વર્તતી અવસ્થામાં ઉપયોગ લક્ષણ છે. તે સ્વચ્છ છે એ શુદ્ધ નથી, સ્વચ્છ છે. તે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષઆદિનો સ્વાદ છે તે પુદ્‌ગલનો સ્વાદ છે તે પુદ્‌ગલની સત્તામાં છે, પુદ્‌ગલના પરિણામ જ્ઞાનની સ્વચ્છતામાં જણાય પણ છે. સર્વથા જણાતા નથી એમ છે નહીં. જો જણાય નહીં તો અજ્ઞાન ઊભું ન થાય, અને જ્ઞાયક ન જણાતો હોય તો જ્ઞાન પ્રગટ ન થાય. બેય જણાય છે. બે નો પ્રતિભાસ થાય છે. એમાં એકને તિરોભૂત કરે છે અને બીજાને આવિર્ભૂત કરે છે.

એ રાગદ્વેષઆદિનો સ્વાદ શીતઉષ્ણપણાની માફક, આહાહા ! જેમ ટાઢી-ઉની અવસ્થા નોકર્મના પરિણામ છે, એમ રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્‌ગલના પરિણામ છે. તે જ્ઞાનમાં પ્રતિબિંબ થતાં-જો આવ્યું. ઓલું સ્વચ્છ જ્ઞાન લીધું'તું. એ આંધળો વાંચી શકે એવું છે. દેખતો તો વાંચે પણ આંધળો પણ વાંચી શકે, શાંતિથી અધ્યયન ઘરે જઈને કરે તો-અને એ આંધળો વાંચે તો દેખતો થઈ જાય. આંધળો જો વાંચે, આમાં લખ્યું છે એમ વાંચે તો દેખતો થઈ જાય. 'વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર.' એમ ગુરુદેવ કહેતા હતા. કવિ દલપતરામ, ક.દ.ડા. ગુરુદેવ કહેતા'તા. તે સમજે નહીં સઘળો સાર. દેખતો તો વાંચી શકે પણ આંધળો જો વાંચવા જાય તો દેખતો થઈ જાય. આહાહા ! આમાં શું લખ્યું છે ? આ તો ગજબની વાત છે. આટલું અંધારૂ ! અનંત કાળથી રાગ પુદ્‌ગલમાં થાય અને મારામાં જણાય અને મારામાં જણાય ત્યારે એ રાગ મારો, અરે ! આ શું કર્યું મેં ! આહાહા ! શું કર્યું મેં ?

આ હલતો હાથ, હલતો હાથ, શબ્દ કહું છું. હલતા હાથને પુદ્‌ગલ હલાવે. કિશોરભાઈ ! હલતા હાથને કોણ હલાવે ? પુદ્‌ગલ. પછી એમાં જવાબદારી છે હો હમણાં પાછો રાગ આવશે. હલતા હાથને પુદ્‌ગલ હલાવે છે. હલાવે પુદ્‌ગલ. આ ક્રિયાને કરે કોણ ? પુદ્‌ગલ. એ પુદ્‌ગલની ક્રિયા છે. હલતો હાથ જ્ઞાનમાં પ્રતિભાસે તો ખરો ! જણાય તો ખરો ! હલતો હાથ જ્ઞાનમાં જણાય છે, હાથ હલે છે. આમ લકવા થાય તો થાય. ચંદુભાઈએ બતાવ્યું'તું અહીંયા મને એકવાર અહીંયા (હાથમાં) જરા તકલીફ છે ને આમ પુસ્તક હાથમાં લઈને આમ આમ કરવા મંડ્યા. મને બતાવ્યું. બહુ હલે છે મેં કહ્યું. આના હિસાબે વધારે હલતો હાથ, ના. એ ચંદુભાઈ કર્તા નથી. ના-હાથ હલે છે, એનો હાથ. ચંદુભાઈનો હાથ જ નથી. એ તો સમજાવવું છે.

આ તો દૃષ્ટાંત છે. આ તો દૃષ્ટાંત ત્રણ દિવસ પહેલાનું પિક્ચર આવ્યું. આહાહા ! હલતો હાથ બતાવ્યો. હલાવીને નથી બતાવ્યો. હલતો હાથ હલે છે. જો જો હોં આમાં ન્યાય છે બહુ ઊંડો, જરા દૃષ્ટાંતમાં હા પાડતા પહેલા (વિચારજો) પછી પાછી હા પાડવી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડશે. હલતો હાથ કોણ હલાવે છે ? ખરેખર કહી દ્યો, બધા આજે ૪૫ વર્ષ બધાયે સાંભળ્યું છે. જીવ હલાવે છે કે પુદ્ગલ ? (શ્રોતા :- ક્રિયાવતી શક્તિ) પણ હલાવનાર કોણ ? ક્રિયાવતી શક્તિ કોની ? જીવની કે પુદ્ગલની. (શ્રોતા :- પુદ્ગલની) હાં..એમ. હલતો હાથ પુદ્ગલ હલાવે છે, બરોબર છે.

હવે હલતો હાથ જે હલે છે એ જ્ઞાનમાં જણાય પણ ખરો. જ્ઞાનમાં જણાય છે કે નહીં ? એ હલતો હાથ જ્ઞાનમાં જણાય તે વખતે ભૂલ શું કરી ? કે હું હલાવું છું. સંસાર ઊભો થઈ ગયો. આખો સંસાર ઊભો થઈ ગયો. અજ્ઞાન ઊભું થઈ ગયું. અરે અજ્ઞાનથી ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. એ પરંપરા મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એવી પરંપરા ચાલુ થઈ ગઈ અજ્ઞાનથી. આત્માથી કર્મ ઉત્પન્ન થતું નથી. દ્રવ્યકર્મ ભાવકર્મને બળાત્કારે કરતું નથી. માત્ર અજ્ઞાનથી ભાવકર્મ પ્રગટ થાય છે. એક એક શબ્દની અંદર માલ ભર્યો છે. આહાહા !

૯૨ ગાથાનું મથાળું છે. અજ્ઞાનથી કર્મ બંધાય છે એમ લખ્યું નથી. કોઈ જગ્યાએ લખે છે નિમિત્તપણે તે ઠીક છે. પણ અહીંયા અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે એવો પાઠ છે. ૯૨ ગાથાની ઉપર છે. રતિભાઈ ! વાંચો તો ખરા-અજ્ઞાનથી કર્મ બંધાય છે એવો પાઠ નથી. બીજી જગ્યાએ આવે, આવે એ વાતેય સાચી. અજ્ઞાનથી કર્મ બંધાય છે એટલે કર્મના બંધમાં અજ્ઞાન નિમિત્ત છે એટલું બતાવવા માટે અજ્ઞાનથી કર્મ બંધાય છે, એમ કહેવાય છે. અહીંયા જુદી વાત છે. અહીંયા અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે, કર્મ એટલે ભાવકર્મ. એ રાગ આત્માથી ઉત્પન્ન થતો નથી અને પુદ્ગલથી પણ ઉત્પન્ન થતો નથી. અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે.

હવે કહે છે કે હલતો હાથ જ્ઞાનમાં જણાણો. ત્યાં એને હું હલાવું છું. હું હલાવું છું ત્યાં અજ્ઞાન થઈ ગયું. હલાવે છે પુદ્ગલ, માને છે કે હું હલાવું છું. એ અજ્ઞાન કેમ ? કહે છે, જો પોતે હલાવતો હોય તો તો જ્ઞાન કહેવાય, હલાવે છે બીજો. કર્તા બીજો છે. કર્તા એનો પુદ્ગલ છે અને માને છે કે હું કર્તા છું, તેનું નામ અજ્ઞાન થયું. આ તો સાદી સીધી વાત છે. એમાં કંઈ ના પાડવા જેવી તો નથી. ભલે અભિપ્રાયમાં કર્તાબુદ્ધિ એ જુદી વાત છે.

આમ તો દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે. જેમ આ નોકર્મ હલતા હાથરૂપે પરિણમે છે, ચાલતા પગરૂપે પરિણમે છે પુદ્ગલ-નોકર્મ, એમ દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે. એ દ્રવ્યકર્મના પરિણામ છે. એ દ્રવ્યકર્મ રાગદ્વેષસુખદુ:ખરૂપે પરિણમે છે. એનો ઉદય એના કાળમાં આવે છે ત્યારે એ પરિણમે છે. ત્યારે એ પરિણમન જ્ઞાનપદમાં જણાય છે, જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે. જ્યાં જણાય છે ત્યાં ઘોડો (સવાર) થઈ ગયો. આહાહા ! એ પરિણામ મારા ને એ પરિણામને હું કરું. હલતા હાથને પુદ્ગલ હલાવે છે અને ઘોડો થઈ ગયો કે હું હલાવું છું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ અજ્ઞાન છે. એમ રાગને પુદ્ગલ કરે છે એની સત્તામાં, ક્રિયા ત્યાં થાય છે, એ ક્રિયા અહીંયા જણાય છે. જાણવાના કાળે ભૂલી જાય છે કે હું જાણનાર, હું જાણનાર, હું જાણનાર, હું જ્ઞાતા અને એ જ્ઞેય. એ જ્ઞાતા જ્ઞેયના વ્યવહારમાં પણ હજી આવતો નથી. આહાહા !

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છોડી ને જ્ઞાતા જ્ઞેયના વ્યવહારમાં આવે તો અહીંયા વ્યવહારજ્ઞાન પ્રગટ થાય છે અને પછી પોતાનો આત્મા જે જ્ઞાયકદેવ જ્ઞેય થાય છે ત્યારે એ જ્ઞાનમાં નિશ્ચયજ્ઞાન પ્રગટ થાય છે. વ્યવહારજ્ઞાન પછી નિશ્ચયજ્ઞાન પ્રગટ થાય છે. વ્યવહારજ્ઞાનમાં આવે તો એનું મિથ્યાત્વ ગળવા મંડે છે. કેમકે હું જાણનાર છું ને આ જણાય છે એટલો જ મારે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે. નિશ્ચય જ્ઞાતા-જ્ઞેય પ્રગટ થયા પછી ખરેખર પરની સાથે વ્યવહારે જ્ઞાતા જ્ઞેય કહેવાય. પણ નિશ્ચય પ્રગટ થવા પહેલા પણ તું જ્ઞાતા જ્ઞેયના વ્યવહારમાં તો આવ. આહાહા ! કે અહીંયા જ્ઞાન થાય છે અને એ જ્ઞેયનું પરિણમન છે. જ્ઞેયની સત્તા જ્ઞેયમાં છે. જ્ઞાનની સત્તા જ્ઞાનમાં છે. જ્ઞેયો જ્ઞાનમાં આવતા નથી.

તો કહે છે કે, જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષઆદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે.

શ્રોતા :- દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે એ જરા સ્પષ્ટતા કરવા વિનંતી.

ઉત્તર :- દ્રવ્યકર્મ એટલે કે ચારિત્રમોહ ને દર્શનમોહ આપણે બેય પ્રકૃત્તિ લઈએ. દર્શનમોહ નામનું જે કર્મ છે એ જ મિથ્યાત્વરૂપે પરિણમે છે. જીવ જ્ઞાનરૂપે પરિણમે છે. ક્યારે ? કે દર્શનમોહ મિથ્યાત્વરૂપે પરિણમે છે ત્યારે. હજી એનાથી સૂક્ષ્મ વાત બીજી હમણાં લેશું, પણ આટલી વાત પહેલા-આને સમજી લઈએ. પછી એનાથી સૂક્ષ્મમાં જાવું છે હજી.

શ્રોતા :- આ સુખદુ:ખરૂપે થાય છે એ તો જાણે બરોબર છે પણ એમાં ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ જે થાય એ શું ?

ઉત્તર :- ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ થાય છે એ તો એની મૂર્ખાઈ થઈ ગઈ. એની કર્તાબુદ્ધિ થઈ, સ્વામિત્વબુદ્ધિ થઈ, એ તો મૂર્ખ છે એ મૂર્ખાને આગળ નથી કરવો આપણે.

શ્રોતા :- ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ એ પરિણામ કોના ?

ઉત્તર :- એ જીવના મૂર્ખાઈવાળા-અજ્ઞાન. આહાહા ! હવે એ જીવના પરિણામ છે કે જ્ઞાન જીવના પરિણામ છે એ તમારા પ્રશ્નનો ઉત્તર હજી બાકી છે. થોડોક બાકી છે. અત્યારે તો એટલો જવાબ દીધો. આહાહા ! હવે એ ઈષ્ટ અનિષ્ટ પરિણામ તો જીવના ખરા કે નહીં ? ઈ વાર છે હજી. પહેલા તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળો વચ્ચે બીજો પ્રશ્ન આવી ગયો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યકર્મ છે એ જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મ-ભગવાને જોયા છે, છે. ઘાતિ ને અઘાતિ બે પ્રકાર છે. ૧૪૮ કર્મની પ્રકૃતિ છે. એ કંઈ સસલાના શીંગડા છે એમ છે નહીં. એ પણ એક પદાર્થ છે. જીવથી ભિન્ન પુદ્‌ગલ નામનો પદાર્થ છે.

હવે અનાદિથી જીવ ભેદજ્ઞાનનો અભાવ હોવાને કારણે, પરને પોતારૂપે જાણીને અજ્ઞાનરૂપે પરિણમે છે. એ પરિણમતો, પરિણમતો અહીંયા રાજકોટ સુધી આવ્યો. સમજો ! આજે પરિણમતો પરિણમતો રાજકોટ સુધી આવ્યો એટલે સોનગઢ સુધી આવ્યો ને સોનગઢથી પછી અહીં આવ્યો. બરાબર ? હવે એમ કહે છે કે, એ પૂર્વે જે અજ્ઞાનનું નિમિત્ત પામીને દર્શનમોહ ને ચારિત્રમોહ નામનો કર્મનો બંધ થયો'તો પૂર્વે, આ એક સમયની વર્તમાન પર્યાય પૂર્વની પર્યાય, છેક ત્યાં લઈ જાવ આગળ ભૂતકાળમાં. અનાદિકાળથી અજ્ઞાન છે ને પ્રવાહધારા, છે તો એક સમયનું અજ્ઞાન, છે તો અજ્ઞાન એક સમયનું પણ એક સમય કરતાં કરતાં કરતાં કરતાં એ લંબાવતો ગયો અહીં સુધી, રાજકોટ સુધી આવી ગયો, પછી તો મોક્ષમાં જશે પણ અત્યાર સુધી રાજકોટમાં આવ્યો આપણે સારી વાત જ લઈએ. તમે નિગોદમાં જાશો એવી ભાષા મુમુક્ષુને શોભે નહીં. આમાંથી કોઈ જીવને નિગોદમાં મોકલવો ? આહાહા ! એ મોકલી તો શકતો નથી પણ એના પરિણામ બગાડે છે.

કહે છે કે દર્શનમોહ ને ચારિત્રમોહ કર્મનો બંધ થયો છે પૂર્વે, એનું નિમિત્ત પામીને અજ્ઞાન ઊભુ રાખ્યું. હવે એ દર્શનમોહમાં કર્મ બંધ થયો છે. ચાર પ્રકારના સ્થિતિ, અનુભાગ, પ્રકૃતિ અને પ્રદેશ એમ ચાર પ્રકારના બંધ થાય છે, એ ભગવાને કહ્યાં છે. એમાંય અનુભાગ એટલે એમાં રસ પડે રસ, જેમ ખાટો મીઠો પુદ્‌ગલમાં રસ પડે છે એમ મિથ્યાત્વ નામનો રસ પડે છે દર્શનમોહમાં અને ચારિત્રમોહમાં પડે છે રાગદ્વેષ. એ રાગદ્વેષના ચાર પ્રકાર. ક્રોધ, માન, માયા ને લોભ. ક્રોધ અને માન એ દ્વેષ છે, માયા અને લોભ એ રાગ છે. એ રાગ અને દ્વેષના ચાર પ્રકાર પડે છે. એ ચારિત્રમોહકર્મની સત્તામાં એનો અનુભાગ, એનામાં પડેલો-રહેલો છે.

હવે અહીંયા શું થાય છે જીવમાં, જીવ જ્ઞાનરૂપે પરિણમે છે. આહાહા ! આ બેસે તો બેસાડવું, ન બેસે તો ડીપોઝીટ રાખવું. મારા ગયા પછી કોક'ને કામ આવશે કે લાલુભાઈ આમ કહેતા'તા. આ વાત સર્વજ્ઞ ભગવાને કહેલી છે. અફર ! ફરે એવી નથી. જગતને ફરવું પડશે. પાઠ નહીં કરે.

શ્રોતા :- રતિભાઈની મુશ્કેલી એ છે કે કર્મનો ઉદય કહો, દર્શનમોહ-ચારિત્રમોહ, શાતાઅશાતાનો ઉદય પુદ્‌ગલમાં કહો તે વાંધો નથી, પણ સુખદુઃખ ને રાગદ્વેષ તો ભાવકર્મ છે તેને દ્રવ્યકર્મમાં કેવી રીતે નાખવા તેમાં તેમને ગોટો થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- એ આસ્રવો સંજ્ઞ અને અસંજ્ઞ બે પ્રકારના છે, સમયસારમાં છે. એ સિવાય ભાઈ જયસેનઆચાર્ય ભગવાનનું શાસ્ત્ર છે. આ વાત અહીં પાટનીજી જેવા જૂના અનુભવીને પણ ખ્યાલ નહોતો, એવી વાત છે. ત્રણ ચાર વર્ષ પહેલા ત્યાં ગયો'તો જયપુર, ત્યારે મેં તેમને બતાવ્યું કે આ જયસેન આચાર્ય ભગવાનની ટીકામાં એમ લખ્યું છે કે જ્યાં ભાવકર્મની વાત આવે, ત્યાં બે જગ્યાએ ભાવકર્મ થાય છે એમ જાણજો. એક જગ્યાએ થાય છે એમ અજ્ઞાની જાણે છે, જીવમાં જ થાય છે એમ જાણે છે. ચંદુભાઈએ કહ્યું ને કે રાગદ્વેષસુખદુઃખ તો જીવમાં જ થાય ને કાંઈ પુદ્‌ગલમાં થાય ? એવું અજ્ઞાન અનાદિ કાળનું જીવને વર્તે છે. કેમ કે શાસ્ત્રનું અધ્યયન નહીં. આહાહા ! શાસ્ત્રનું અધ્યયન નહીં ને પોતાની એવી યોગ્યતા નહીં એટલે એને ઘડીકમાં મેળ ખાતો નથી.

(શ્રોતા :- ઉપદેશ પણ સાંભળનારને મળતો નથી) એ હું બોલ્યો નહીં. સમજી ગયા ! ઉપદેશક પણ એવા મળ્યા કે ભાવકર્મ તો જીવમાં જ થાય. ભાવકર્મ પુદ્‌ગલમાં થાય છે એવા ઉપદેશક પણ મળવા વિરલ છે. (શ્રોતા :- સાચો ઉપદેશ મળતો નથી એમ મારું કહેવું છે) સાચો ઉપદેશ મળતો નથી, વાત સાચી છે. ભાવકર્મ જીવમાં થાય છે. એ જે વાત છે ને, એ ભાવકર્મ થાય છે પુદ્‌ગલમાં અને જીવમાં જણાય છે ત્યાં સુધી દોષ નથી. પણ જાણવાના કાળે એ પરિણામ મારા, તો અહીંયા ભાવકર્મ પ્રગટ થાય. નિમિત્તના લક્ષે નૈમિત્તિક પ્રગટ થાય, પણ એને જ્ઞેય બનાવે તો જ્ઞાન પ્રગટ થાય, વ્યવહાર જ્ઞાન. એ જ્ઞેય જાણે તો અહીં વ્યવહાર જ્ઞાન અને આત્માશ્રિત થાય તો નિશ્ચયજ્ઞાન પ્રગટ થયા વિના રહે નહીં. એ અનુભાગ એમાં છે. આ વાત સર્વજ્ઞ ભગવાને કહેલી છે. આ વાત સોનગઢના સંતે કહેલી છે એમ નહીં કહેવાનું કે લખવાનું. આ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે કે ભાવકર્મ બે જગ્યાએ છે એમ સર્વત્ર તમારે અધ્યયન કરવું. આહાહા !

ભાવકર્મ એક જ જગ્યાએ થાય છે. જીવની સત્તામાં થાય છે એવું અજ્ઞાન અનાદિ કાળનું છે અને એ પ્રકારનો ઉપદેશ પણ આવે. પણ દ્રવ્યકર્મની સત્તામાં ભાવકર્મ થાય છે, એ વાત એના કાને પડે નહીં, તો વિચાર ક્યારે કરે ? પહેલામાં પહેલું એમ લેવું જોઈએ કે ભાવકર્મ પુદ્‌ગલની સત્તામાં થાય છે. પછી જે ભૂલે તેને ભાવકર્મ જીવમાં થાય. અને ન ભૂલે એને જ્ઞાન જીવમાં થતું દેખાય. આહાહા !

તો એ દ્રવ્યકર્મની અંદર એક રસ છે. એ દ્રવ્યકર્મની સત્તામાં થાય છે એ જ્ઞાનમાં જણાય છે. પણ એ એને બેસાડવું જોઈએ ને, એમાં એક પ્રશ્ન આવ્યો'તો મુંબઈમાં પંદર વર્ષ પહેલાં, કે આ રાગદ્વેષસુખદુઃખનો અનુભાગ એમાં ક્યાંથી આવી ગયો ? થાય છે તો અહીંયા. પંદર વર્ષ પહેલા પ્રશ્ન કર્યો'તો મુંબઈમાં, મુંબઈ હું વાંચતો'તો ત્યારે-આ એમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાંથી આવ્યું ? આહાહા ! પુદ્‌ગલમાં ક્યાંથી આવ્યું આ ? (શ્રોતા :- પુદ્‌ગલને સુખદુઃખ થોડા હોય) હા. પુદગલને સુખદુઃખ થોડા હોય ? બોલો. આહાહા ! એ જડ છે એને સુખદુઃખ હોય ? ચેતનમાં સુખદુઃખ હોય. વજુભાઈ ! જરા કઠણ તો પડે એવું છે. કાંઈ વાંધો નહીં. એ તો નેપાળાનો જ્યારે આપે ને વૈદો ત્યારે પેટ સાફ થાય. બહુ પેટમાં જ્યારે ગંદકી ભરાઈ ગઈ હોય ને ગટર. આહાહા ! ત્યારે કહે નેપાળાનો આપો હવે, ત્યારે પેટ એકદમ સાફ થઈ જાય. રોગ બધો નીકળી જાય. એ વૈદની સીસ્ટમ આ છે. (શ્રોતા :- પેટ સાફ ન થાય આખો સાફ થઈ જાય !) એ ન સ્વીકારે, વૈદની વાત ન સ્વીકારે. આહાહા ! કાંઈ વાંધો નહીં એ તો સૌ સૌની થીઅરી પ્રમાણે, આ તો દૃષ્ટાંત છે. ખરેખર તો એ શું છે એ તો આપણે કાંઈ નથી જાણવું.

કહે છે કે સાંભળ ! તેં વાત સાંભળી છે કે રાગ જીવમાં થાય છે, પણ રાગ પુદ્‌ગલમાં થાય છે એ વાત તેં સાંભળી નથી, નથી સાંભળી ઈ મારે સંભળાવવી છે. તે સાંભળી છે ઈ મારે સંભળાવવી નથી. રાગ જીવમાં થાય છે એ તો બધા કહે છે પણ રાગ પુદ્‌ગલમાં થાય છે એ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈ કહી શકે નહીં. આહાહા !

એ કહે છે કે, પંદર વર્ષ પહેલા પ્રશ્ન આવ્યો કે આ રાગદ્વેષસુખદુઃખના પરિણામ અનુભાગ પુદ્‌ગલમાં આવ્યો ક્યાંથી ? પછી એને આધાર આપ્યો. મુરબ્બી રામજીભાઈ પણ આધાર આપતા'ને. ગુરુદેવ પણ આધાર આપતા'તા. મારી તો યાદશક્તિ બહુ ઓછી પણ કોક કોક વાત યાદ રહી જાય છે, તો આધાર આપ્યો. આ વાત કળશટીકાકારે કળશમાં કરી છે. કળશ-૩ ટીકા જુઓ. બહુ શાંતિથી આપણે સ્વાધ્યાય કરવાનો છે ને, એટલે કાંઈ ઉતાવળ તો છે નહીં. ત્રીજા નંબરનો કળશ છે. લખી લ્યો. કળશ ટીકા નંબર ત્રણ, સારું લખો. આવો કંઈક અભ્યાસ કરે, લખે અમે કહીએ તે અને ઘેર જઈને અધ્યયન કરે તો અમને મજા આવે. આહાહા !

નહીંતર અમે, હમ બકતા હૈ ને સબ સુનતા હૈ. ગુરુદેવ કહેતા'તા લવતીકલા-લવતીકલા-લવતીકલા-લવતીકલા. અમે કહ્યા કરીએ અને તમે સાંભળ્યા કરો. લવતીકલા-લવતીકલા એમ ગુરુદેવ કહેતા હતા. (શ્રોતા :- એવું રાજકોટમાં નથી.) રાજકોટમાં નથી. તમે સેક્રેટરી છો ને. (શ્રોતા :- હકીકત છે) બહુ સારું, ખુશી થવા જેવું છે. (શ્રોતા :- રાજકોટમાં અભ્યાસ વધતો જાય છે એનું આ રીઝલ્ટ છે) એ રાજકોટનું વાતાવણ સારું છે. યુગલજી સાહેબ પણ એમ બોલ્યા કે સોનગઢથી તત્ત્વ રાજકોટમાં આવ્યું. પ્રમોદ વ્યક્ત કરતા'તા.

ત્રીજા કળશના ભાવાર્થમાં છે. જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોહકર્મ બંધાય છે. પછી ઉદય સમયે એ નિમિત્તમાત્ર થાય છે. એ એમાં જોડાય છે ત્યારે એને નિમિત્ત કહેવાય, ન જોડાય તો એને જ્ઞેય કહેવાય. કર્મમાં જોડાઈ જાય તો એને નિમિત્ત કહેવાય અને જ્ઞાન ઉપયોગમાં આત્મા જોડાઈ જાય તો એ જ્ઞેય થઈ જાય. એ નિમિત્તને પલટાવીને એ જ્ઞેય થઈ જાય છે. જ્ઞેયને પલટાવીને કોઈ અજ્ઞાની એને નિમિત્ત બનાવે છે, છે તો જ્ઞેય, એને નિમિત્ત ગાંડા બનાવે છે. ડાહ્યો થાય તો એને જ્ઞેય તરીકે ભાસે છે. આહાહા !

સુખદુઃખ કર્મમાં થાય છે. એ સુખદુઃખ છે એનો ભોક્તા કોણ છે ? કે જીવ ભોક્તા છે કે નહીં ? એનો ભોક્તા પણ જીવ નથી. કાઢો ૧૦૯ થી ૧૧૨ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે કે સુખદુઃખને ભોગવે છે કે નહીં ? કરે નહીં તો કાંઈ નહીં. આહાહા ! અધ્યાત્મની વાત બેસવી કઠણ બહુ. બેસે તો કામ થઈ જાય. યોગ્યતા ઉપર આધાર છે. આ કોઈના સમજાવવાથી કોઈ સમજે એવી ચીજ નથી. આ ભાવાર્થ આમ છે કે પુદ્‌ગલમય મિથ્યાત્વ આદિને વેદતો જીવ, મિથ્યાત્વના પરિણામને વેદે તો ખરો ને જીવ ! પોતે મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલને કરે છે. વેદે છે-એટલે કરે છે. દુઃખને વેદે, દુખને ભોગવે એટલે દુઃખના પરિણામને કરે.

તેનું સમાધાન. આ તરફ આઠમી લીટી છે લગભગ. ‘પુદ્‌ગલમય મિથ્યાત્વ આદિને વેદતો, વેદતો જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે’. આહાહા ! એ દુઃખને વેદે છે, એ કર્મફળ ચેતનાને કોણ વેદે છે ? કહે જીવ. કર્મચેતનાને કોણ કરે ? કહે જીવ. કર્મ ફળને કોણ વેદે ? કહે જીવ. આહાહા ! અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પાપી છે. દૃષ્ટિ વિપરીત છે. જીવ જાણે કે દુઃખને વેદે ? જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, આહાહા ! જાણે તે કરે નહીં અને કરે તે જાણે નહીં. કરે તો વેદે ને ? (શ્રોતા :- આ તો તલવારની ધાર જેવું છે) હા, તલવારની ધારે ઓપરેશન થઈ જાય એવું છે આ મિથ્યાત્વનું.

આ તર્ક તારો ખરેખર અવિવેક છે. આત્મા દુઃખને ભોગવે છે એ તારો પ્રશ્ન મૂર્ખાઈ ભરેલો છે. અવિવેક ભરેલો છે. કેમકે રાગને કરતો નથી તે રાગના ફળને ભોગવી શકતો નથી. કારણ કે, હવે કારણ આપે છે. આત્મા કેમ એનો ભોક્તા નથી ? કારણ કે ભાવ્ય-ભાવકભાવનો અભાવ હોવાથી, આહાહા ! વેદ્ય વેદકભાવનો અભાવ છે. આત્મા વેદક અને દુઃખ વેદાય એવું વેદ્ય એમ છે નહીં. એ તો એકતાબુદ્ધિવાળો અજ્ઞાની પોતાના અનુભવને આગળ કરે છે. તે જ્ઞાનીના અનુભવને અને જ્ઞાનીના વચનને આગળ કરતો જ નથી. ધ્યાન દઈને સાંભળતો પણ નથી. ધ્યાન દઈને વાંચતો પણ નથી. ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી, થવાથી નહીં. ત્રણેયકાળ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા જડ એવા દુઃખના ભાવને વેદતો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શલ્ય પડ્યું રહે છે કે એ દુઃખ તો જીવમાં જ થાય ને ? આહાહા ! એ દુઃખ નિમિત્તમાં છે અને નિમિત્તનું લક્ષ કરે તો દુઃખ અહીંયા થાય અને જ્ઞાન આત્માનું લક્ષ કરે તો એ દુઃખ, પુદ્ગલના ભાવ જ્ઞાનીઓને અનુભવમાં આવે છે. આહાહા ! એ દુઃખના પરિણામ પુદ્ગલના છે એમ જ્ઞાનીઓને અનુભવમાં આવે છે.

ભાવ્યભાવક ભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલમય મિથ્યાત્વ આદિનો ભોક્તા પણ નથી. મિથ્યાત્વનું ફળ-કર્મચેતના ને કર્મ ફળચેતના. આહાહા ! એ દુઃખને ભોગવે છે એમ જીવ જાણે ત્યાં સુધી એને દુઃખ આવ્યા કરશે. શું કહ્યું ? કેમ દુઃખી થાય છે ખબર છે ? આ દુઃખી અત્યાર સુધી કેમ થયો ? એનું કારણ શું ? કારણ તપાસો. ઊંડાણથી કારણ તપાસો કે હું દુઃખને ભોગવું છું એ દુઃખનું કારણ છે. હું દુઃખને જાણું છું એ ? આ હું દુઃખને જાણું છું એ પણ કથંચિત્ છે. ખરેખર તો એ જ્ઞાયક જ જણાય છે ત્યારે પછી દુઃખના સ્થાને સુખ પ્રગટ થઈ જાય છે. દુઃખને ભોગવું છું એવું મિથ્યાશ્રદ્ધાન, વિપરીત શ્રદ્ધા છે જીવમાં. આહાહા !

દુઃખનો ભોક્તા પુદ્ગલ છે કે આ વાત તો કોઈ દિ’ અમે સાંભળી નથી. આહાહા ! તો એ તો સંભળાવું છું કહે છે, જે વાત તે સાંભળી છે એ વાત મારે સંભળાવવી નથી. જે સાંભળી નથી એ વાત મારે સંભળાવવી છે. દુઃખનો ભોક્તા. આહાહા ! દુઃખનો ભોક્તા પુદ્ગલ ! ભલભલાને બેસે નહીં. અગિયાર અંગનો પાઠી ભૂલાવામાં રહી ગયો. કે કથંચિત્ તો દુઃખને ભોગવે છે ને, કથંચિત્ લગાવ્યું. આહાહા ! અરે ! કથંચિત્ દુઃખને જાણે છે એમ લગાડને. સર્વથા આત્માને જાણે છે એમ લે ને. આહાહા ! આ વાત એવી છે કે પોતે ભાઈ થોડો ઊંડો ઉતરે તો થાય. બીજાનો કોઈ પ્રવેશ કોઈમાં છે અને કોઈ કોઈને સમજાવી દ્યે એ તો બનતું નથી. ૪૫-૪૫ વર્ષ સુધી સમજાવવાની મહેનત કરી. આહાહા ! શરીરની દરકાર વિના, પણ કરુણાના સાગર છે, પણ બધા કાંઈ સમજી શકે નહીં. કોઈ વિરલો વિર જીવ સમજી શકે એ યોગ્યતા પ્રમાણે થાય.

એ શાસ્ત્રમાં એમ પણ આવે છે કે કાળલબ્ધિ વિના કોટિ ઉપાય કરવા છતાં પણ એને પ્રાપ્ત થતું નથી ને કેવળી ભગવાનના જ્ઞાનમાં નોંધ છે કે આ જીવનો આટલો કાળ વીત્યે આનો મોક્ષ થશે. અર્થાત્ આટલા કાળ વીત્યા પછી એને સમ્યગ્દર્શન થશે એ કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાનમાં નોંધ છે. આહાહા ! એટલે જીવ પોતાની યોગ્યતા અનુસાર સમજે છે. ગુરુનો એમાં કાંઈ પ્રવેશ નથી. એ કેમ સમજ્યો નહીં ? તું પ્રશ્ન કરીશમાં. એ પ્રશ્ન અસ્થાને છે, એની યોગ્યતા અત્યારે નથી. કાલે સમજી શકશે આજે ન સમજી શકે. ન સમજી શકે તો એના ઉપર કોપાયમાન થાઈશ માં. ગમે તેવા પ્રશ્ન કરે તો તું કોપાયમાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાઈશ માં, એને અત્યારે સમજાતું નથી એટલે આવા પ્રશ્નો એને ઉઠે છે. કાલે, એ ભગવાન આત્મા છે એવી એની પરિણતિ ફરીને એ પણ સમ્યગ્દષ્ટિ થઈ જશે. પર્યાયને ન જો. આહાહા ! પર્યાયને જોતા એ જીવ પ્રત્યે તને રાગદ્વેષ આવશે. પર્યાયને ન જો. પર્યાયને ગૌણ કરીને જો. આત્મા ભગવાન છે.

અરે એ ભૂલ આત્મા કરે છે એમ ન જો, આત્મા ભૂલને ન કરે ? ભૂલનો જન્મ અજ્ઞાનમાંથી થાય છે. આત્મામાંથી ભૂલ જનમતી નથી. તેમ ભૂલ કર્મ કરાવતું નથી. એ સુખદુઃખના પરિણામ તો, લ્યો રતિભાઈનો પ્રશ્ન છે ચંદુભાઈનો. તો એ પ્રશ્ન કાંઈક વધારે ચોખ્ખો થાવો જોઈએ. આહાહા ! એ વાત સાચી છે. દુઃખના પરિણામ પુદ્‌ગલમાં થાય છે. દુઃખ જડમાં થાય એ વાત બેસવી કઠણ છે. અનુભાગ રસ છે એ. આહાહા ! એ નિમિત્તમાં રસ છે. નિમિત્તમાં જો દુઃખ ન હોય તો નૈમિત્તિકમાં દુઃખનું વેદન ન આવે, ન્યાય સમજાય છે કાંઈ ?

જો દુઃખના પરિણામ પુદ્‌ગલની સત્તામાં ન હોય તો એ દુઃખ નિમિત્ત ન થાય, નિમિત્ત ન થાય તો અહીંયા દુઃખની ઉત્પત્તિ નૈમિત્તિક ન થાય, માટે પ્રથમમાં પ્રથમ દુઃખ ત્યાં થાય છે, એ દુઃખ જ્ઞાનમાં જણાય છે અને હું દુઃખી, ત્યાં પુદ્‌ગલમાં દુઃખ છે માટે હું દુઃખી એવી ભ્રાંતિ એને થાય છે. ત્યાં પુદ્‌ગલમાં દુઃખ ન હોત તો હું દુઃખી એવી ભ્રાંતિ ન થઈ શકત, ન્યાય સમજાય છે કાંઈ ? આહાહા !

રાગ થાય છે, તો રાગમાં કોઈ નિમિત્ત છે કે નહીં ? કે સ્વભાવથી રાગ અહીં ઉત્પન્ન થયા કરે ? કે ના. નૈમિત્તિક ભાવ છે. નૈમિત્તિક ભાવ છે તો રાગમાં કોઈ નિમિત્ત છે કે નહીં ? તો રાગમાં કોણ નિમિત્ત છે ? રાગમાં રાગ નિમિત્ત છે. રાગ નૈમિત્તિક છે જીવના અશુદ્ધ પરિણામ અને રાગ નિમિત્ત છે એ પુદ્‌ગલના પરિણામ. નિમિત્ત અને નૈમિત્તિકમાં એક ભાવ હોય. શું કહ્યું સમજાણું ? નૈમિત્તિકમાં જે પ્રકાર ભજે છે એ પ્રકાર એ જ સમયે નિમિત્તમાં હોય. એનું નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય. ત્યાં ક્રોધનો ઉદય હોય અને અહીં ક્ષમાભાવ થાય એવું ન બને. આહાહા ! માટે અહીંથી અંદરથી તમે તપાસો તો દુઃખનું વેદન અહીંયા થાય છે તો દુઃખ તો વિભાવ છે, નૈમિત્તિક છે. નૈમિત્તિક તો નિમિત્તના લક્ષ વિના ન થાય. તો અહીંના દુઃખથી નક્કી થાય છે કે ત્યાં દુઃખ થાય છે. ત્યાં દુઃખ હોય છે. આહાહા !

આ જૈનદર્શન એકદમ આગમ, અનુમાન, યુક્તિ અને અનુભવથી સિદ્ધ થાય એવી સર્વજ્ઞ ભગવાનની વાણી છે. (શ્રોતા :- વ્યાપ્યવ્યાપકપણું આ રીતે ગણાય ?) વ્યાપ્યવ્યાપક એક સત્તામાં હોય નિમિત્ત-નૈમિત્તિક બે સતામાં હોય. (શ્રોતા :- આપે હમણાં જે કહ્યું એમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ન હોઈ શકે) આમાં નિમિત્ત-નૈમિત્તિક. કે દુઃખ જીવની પર્યાયમાં થાય છે એના ઉપરથી નૈમિત્તિક ઉપરથી એ નિમિત્તમાં દુઃખ હોય તો જ આંહી નૈમિત્તિકમાં થાય. જો ઉદયમાં દુઃખ ન હોય તો અહીંયા દુઃખ પ્રગટ જ ન થાય. આહાહા ! કેમકે દુઃખ સ્વ આશ્રિત નથી. દુઃખ પર આશ્રિત છે. સુખમય આત્માને આશ્રયે દુઃખનો જન્મ ન થાય. દુઃખ જો કાર્ય છે, તો એનું નિમિત્ત કારણ પણ હોવું જોઈએ. દુઃખ છે એ ઉપાદાન કારણ છે એનું પોતાનું, તત્ સમયની પર્યાય, ત્રિકાળી ઉપાદાન દુઃખનું કારણ નથી. એ વાત તો આપણે આવી ગઈ. બહુ સરસ વાત આવી ગઈ. (શ્રોતા :- ૭૫, ૭૬ ગાથામાં) ૭૫ ગાથામાં. હા. યાદ રહી ગયું સારું. આહાહા !

એ આ સેક્રેટરી ને પ્રમુખ થાય એ પણ આત્માના લક્ષે થવું જોઈએ. આ આત્માને છોડીને કોઈ કાર્ય કરવા જેવું નથી. ભલે બધા વાહ-વાહ કરે. આહાહા ! એ કોઈના સર્ટિફીકેટ પરદેશ જાય તો કામ આવે એવા નથી. આહાહા ! કહે છે, ન્યાય સમજાય છે ? (શ્રોતા :- બે વચ્ચે સમવ્યાપ્તિ છે કે વિષમ વ્યાપ્તિ) એ જોડાય તો સમવ્યાપ્તિ. આહાહા ! ત્યાં જોડાવું જ જોઈએ એવો નિયમ નથી. જોડાય તો એને નિમિત્ત કહેવાય અને પરિણતિ અંદરમાં જોડાય તો એ નિમિત્ત નથી પણ એ જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે. સારું છે આ કમિટિના મેમ્બર છે ને એટલે એનેય જરા અભ્યાસ તો વધારે કરવો જોઈએ ને પોતા માટે. આહાહા ! પોતા માટે.

ગજબની વાત છે કે દુઃખ અહીંયા થાય છે. તમારા પ્રશ્નનો ઉત્તર ચાલે છે કે, દુઃખ અહીંયા થાય છે. ઠીક છે, મંજૂર છે. અજ્ઞાનદશામાં દુઃખ પોતાની પર્યાયમાં થાય છે. થાય છે, હકીકત છે. સમજી ગયા ! જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી દુઃખ પર્યાયમાં આકુળતા થાય છે. હવે એ જે આકુળતા, દુઃખ થાય છે એ સ્વાભાવિક પર્યાય છે કે નૈમિત્તિક પર્યાય છે ? વિભાવ છે કે સ્વભાવ છે ? નૈમિત્તિક, વિભાવ છે. બરાબર ! તો જો નૈમિત્તિક છે એ નિમિત્તના લક્ષ વગર ન થાય. કે આત્માના લક્ષે થાય દુઃખ, બોલો ? દુઃખ આત્માના આશ્રયે થાય ? દુઃખ આત્માના આશ્રયે થાય તો સિદ્ધમાં થવું જોઈએ ને જ્ઞાનીને પણ થવું જોઈએ. દુઃખ નિમિત્તના લક્ષે જ થાય, નિમિત્તના અવલંબે જ થાય. તો અહીંયા દુઃખ છે તો ત્યાં દુઃખ છે. આહાહા ! (શ્રોતા :- સ્વભાવના લક્ષે ન થાય) ત્યાં સુઃખ હોય ને અહીંયા દુઃખ થાય એમ નથી, અહીંયા દુઃખ છે ત્યારે ત્યાં દુઃખ છે. અહીંયા સુખ છે ત્યારે ત્યાં સુખનો ઉદય છે. અભ્યાસ વગર ખ્યાલ ન આવે. ચંદુભાઈ તો ઘણી વખત કહે છે કે અભ્યાસ કરો, અભ્યાસ કરો. આહાહા ! બહુ કહે છે એ તો પણ અભ્યાસ કરવો એ તો પોતાની વાત છે ને. (શ્રોતા :- આપ કહો છો કે નહીં) હું ય કહું છું. હું તો બહુ કહું છું ભાઈ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું યે કહું ને તમારેય કહેવું, આપણો સ્વાંગ જ કહેવાનો છે. અભ્યાસ કરો, અભ્યાસ કરો. આપણો સ્વાંગ છે ને આ. હેં !

કહે છે ને. એ કહે જ ને. બધાય કહે ને. અભ્યાસ તો મૂળ ચીજ છે ભાઈ. (શ્રોતા :- ૭૬, ૭૭ અને ૭૮. આપણે ત્રણેય પંડિત ૭૬-૭૭-૭૮ ઉંમરના છીએ. કાલે ચાલ્યા જાશું- કોઈ તૈયાર થાતું નથી) તૈયાર થાવું જોઈએ ને. જાહેર કરતા'તા કે આપણે અભ્યાસ કરવો જોઈએ અને ખરેખર તો આ ગુરુદેવનું શાસન ચાલુ રહે, આપણે આ તત્ત્વજ્ઞાન ધારા ચાલુ રહે તો સ્વ અને પર બધાયનું હિત થાય. આ માંડ માંડ આ વાત બહાર આવી છે. આ ગુરુદેવની વાત છે તે તીર્થંકરની વાત છે હોં. કાંઈ તીર્થંકરના ઉપદેશમાં અને ગુરુદેવના ઉપદેશમાં કિંચિત્‌માત્ર ફરક નથી. અત્યારે તો ફરક કાઢનારાય જન્મ્યા પાછા.

(શ્રોતા :- યુગલજીએ કહ્યું બીજા એમ માને છે સૂર્યકીર્તિ ત્રીજે ભવે થશે અમે તો કહીએ છીએ આ ભવમાં સૂર્યકીર્તિ તીર્થંકરનું કામ કર્યું) હા. એ સૂર્યકીર્તિનો ઉપદેશ અમે સાંભળ્યો છે. સૂર્યકીર્તિ થવાના છે એનો ઉપદેશ નથી સાંભળ્યો. સૂર્યકીર્તિ સાક્ષાતનો ઉપદેશ અમે સાંભળ્યો છે. આહાહા ! અમારે મન તો એ સૂર્યકીર્તિ જ હતા. ભાઈ ! તત્ત્વજ્ઞાન વિના બધુ ધૂળધાણી ને વા પાણી છે. આયુષ્ય ગમે ત્યારે પૂરું થઈ જશે. તત્ત્વજ્ઞાન પણ ભેદજ્ઞાન માટે છે. ભેદજ્ઞાન પણ અભેદનો અનુભવ કરવા માટે છે. તત્ત્વજ્ઞાન ભેદજ્ઞાન માટે છે. ધારણા માટે નથી અને ભેદજ્ઞાન પણ અભેદનો અનુભવ કરવા માટે છે.

કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષ, હવે દુઃખની વાત આવી. વિચારજો. દુઃખ જીવમાં થાય છે એ તો દરેકને અનુભવ છે, હવે દુઃખ પર આશ્રિત છે કે સ્વ આશ્રિત, એક અમારા વેદાંતી મિત્ર હતા. એ ચંદુભાઈના પેશન્ટ હતા. બચુભાઈ લોહાણા હતા. એની સાથે ઘણી પહેલા ચર્ચા થતી'તી પછી અમે બેય જુદા પડ્યા એટલે ચર્ચા બંધ કરી. સામસામા બેસીને ચર્ચામાં ઉતરીએ તો મજા ન આવે. એમાં એક દિવસ કુદરતી તે એક વખત બોલી ગયા, કહે એ ભ્રમણા છે ભ્રમણા. મેં કહ્યું ભ્રમણા સ્વ આશ્રિત છે કે પર આશ્રિત. ખલાસ ! આહા ! આ છ દ્રવ્ય છે, લોક છે ને એ બધું ભ્રમણા છે. મેં કીધું ભ્રમણા છે એ સ્વ આશ્રિત હોય કે પર આશ્રિત, ઉત્તર ન આપી શક્યા. કેમ કે એ પરને તો માનતા નથી. કે બીજો પદાર્થ જીવ સિવાય અજીવ છે એમ તો માનતા નથી. તો ભ્રમણા પરઆશ્રિત તો બોલી શકે નહીં, અને જો ભ્રમણા સ્વ આશ્રિત કહે તો તો એ એનો સ્વભાવ થઈ જાય છે. ચૂપ થઈ ગયા. આહાહા ! અરે સર્વજ્ઞની સામે ચેલેન્જ કોણ કરી શકે. તાકાત કોની છે ?

એમ દુઃખ થાય છે. હું મંજૂર કરું છું કે પર્યાયમાં દુઃખ અજ્ઞાનીને થાય છે. બિલકુલ નથી થતું એમ નથી, થાય છે. થાય છે એટલે સ્વ આશ્રિત છે કે પર આશ્રિત. જો તમે પર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રિત કહેવા જશો તો દુઃખ બીજે થાય છે એમ તમારે, તમારી રીતે, તમારી જાતે મને કહેવું પડશે. કાલે કહેજો, પરમ દિ' કહેજો, ગમે ત્યારે કહેજો, કહેવું પડશે. આહાહા ! પ્રમાણિકપણે વિચાર કરશો તો ખ્યાલમાં આવશે.

એ જ્ઞાનમાં પ્રતિબિંબ થતા જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય. આહા ! જ્ઞાન તો જ્ઞાન રહે છે, રાગદ્વેષ થતું નથી. થયું હોય એવું અજ્ઞાનીને પ્રતિભાસે છે, ભાસે છે, જણાય છે. પણ જેવું જણાય છે એવું સ્વરૂપ નથી. એને જણાય છે દેહ મારો, દુકાન મારી. એને જણાય છે કે દુકાન મારી, દેહ મારો એમ છે ? નૌતમભાઈ ! એમ થાય ? ન થાય, તો રાગ મારો. રાગ આત્માનો થાય ? આહાહા ! થાય નહીં, જો થાય તો તો અજ્ઞાન ન કહેવાય.

અજ્ઞાનીને જે ભાસે છે તેથી તે એમ માને છે કે, આહા ! વિપરીત શ્રદ્ધા કરે છે કે, હું રાગી છું. હું દ્વેષી છું, હું ક્રોધી છું ઈ વાત કરે છે. ખૂબી તો એ છે, મિથ્યાદષ્ટિ છે એની વિપરીત માન્યતા છે. દેહ મારો, રાગ મારો, શ્રદ્ધાની વિપરીતતા સો ટકા છે, એ વખતે જ્ઞાનગુણ અને મિથ્યાત્વ આદિ રાગ આદિની ચીકાશ એમનામાં એકત્વપણું થયું નથી. એક થયા નથી ભલે એક માને. જ્ઞાન ને રાગ એક માને પણ એક થાય નહીં. ઈષ્ટ અનિષ્ટની કલ્પના અને જ્ઞાન એ બે જુદી ચીજ છે. ક્યારે ? કે ત્રણેય કાળ. આહાહા ! ક્યારે ? કે મિથ્યાદષ્ટિ છે ત્યારે એકત્વપણું નથી.

ભાવાર્થ આમ છે કે સંસાર અવસ્થારૂપે મિથ્યાદષ્ટિ જીવને, સંસારમાં બેઠો છે, મિથ્યાદષ્ટિ છે, આત્માનું ભાન નથી,એવા મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ પ્રગટ છે. આહાહા ! અલૌકિક વાત ! કોહીનૂરના હીરા. એક હીરો હાથમાં આવે તો નિર્ધનતા રહે નહીં. એ આંધળો વાંચે તો એ દેખતો થાય એવા શાસ્ત્રો પડ્યા છે. દેખતો વાંચે એને તો દૃષ્ટિ નિર્મળ વધારે થાય, દેખતો વાંચે તો દૃષ્ટિ ઘણી નિર્મળ થઈ જાય, પણ આંધળો વાંચે તો પણ દેખતો થઈ જાય.

ભાવાર્થ આમ છે કે સંસાર અવસ્થારૂપ મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગ આદિ ચીકાશ પણ છે. બે ભાવ છે. ક્ષયોપશમભાવ પણ છે અને ઔદયિકભાવ પણ વિદ્યમાન છે. પારિણામિકભાવ તો છે જ. પારિણામિકભાવ તો છે જ. એનો તો અહીંયા પ્રશ્ન જ નથી. ડિપોઝીટ રાખ્યું. બે પર્યાય પ્રગટ છે. જ્ઞાનઉપયોગ પ્રગટ થાય છે અને અનાદિનો મિથ્યાત્વ, રાગ, ક્રોધ પણ પ્રગટ થાય છે. એ રાગાદિ ચીકાશ પણ છે. કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે. નવા કર્મનો બંધ છે એનું નિમિત્ત કારણ રાગ આદિની ચીકાશ છે. જ્ઞાનગુણના પરિણમનથી (બંધ) થતો નથી. જાણવાની ક્રિયાથી કર્મનો બંધ થતો નથી. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાદષ્ટિ જીવને કર્મના બધનું કારણ રાગની ચીકાશ, જ્ઞાનની લુખાશ નહીં. જ્ઞાન લુખ્ખું છે. કોનું જ્ઞાન? મિથ્યાદષ્ટિનું જ્ઞાન. આહાહા! કેમકે ક્ષયોપશમભાવે છે. જ્ઞાનગુણના પરિણમનથી બંધ થતો નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે તથા જ્ઞાનગુણને વિશે એટલે ઉપયોગને વિશે જાણવાની ક્રિયાને વિશે જ્ઞાનગુણ એટલે જાણવાની ક્રિયા. જ્ઞપ્તિ : જ્ઞપ્તિ લખ્યું છે. જ્ઞપ્તિક્રિયા. જ્ઞાનગુણને વિશે કરોતિઃ અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી. જ્ઞાનનું ને રાગનું એકત્વ થયું નથી. એ ભિન્નત્વ રહેલું છે. એ કારણથી જ્ઞાનગુણને અશુદ્ધપણું નથી.

જ્ઞાનગુણ ને અશુદ્ધપણું. આહાહા! ક્ષયોપશમ જ્ઞાનનો ઉપયોગ અને અશુદ્ધપણું રાગ આદિનું, ઈષ્ટ અનિષ્ટની કલ્પના, એનાથી જ્ઞાન જુદું છે. હવે ઈષ્ટ અનિષ્ટની કલ્પનાથી જો ઉપયોગ ભિન્ન છે, તો ઈષ્ટ અનિષ્ટથી જ્ઞાયક તો ભિન્ન હોય, હોય ને હોય જ. જ્ઞાયકમાં ઈષ્ટ અનિષ્ટ તો નથી પણ ઉપયોગમાંય ઈષ્ટ અનિષ્ટ નથી. આહાહા! અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનગુણ અને અશુદ્ધપણું દેખતા તો મળેલા જેવા દેખાય છે. આહાહા! ઉપર ટપકે દેખાય તો મળેલા જેવા એકમેક, જ્ઞાન અને દુઃખ, જ્ઞાન અને રાગ ઉપરથી એકમેક મળેલા દેખાય છે.

**શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩**

**વિડીયો પ્રવચન નં. ૧૯, સળંગ પ્રવચન નં. ૪**

**તા. ૧૦-૯-૮૭**

**સ્થળ : દિગંબર જિન મંદિર - રાજકોટ**

એમ જાણીને અજ્ઞાન એ ઉત્પન્ન કરે છે કે ભાવકર્મ જીવની દશામાં પ્રગટ થાય છે. નિશ્ચયનયે ભાવકર્મ એક જ જગ્યાએ કહેશે. પ્રોફેસર! રાગદ્વેષસુખદુઃખ તો પરમાં થાય છે. અને દ્રવ્યકર્મના જે પરિણામ દ્રવ્યકર્મની સત્તામાં છે, કે જે પરિણામ દ્રવ્યકર્મથી અનન્ય છે. એ દ્રવ્યકર્મના પરિણામ એટલે રાગદ્વેષસુખદુઃખના પરિણામ, એ જડ એવા દ્રવ્યકર્મથી અનન્ય એની સત્તામાં છે. અહીંયા આત્માની સત્તામાં ઉપયોગ થાય છે. જાણવાની ક્રિયા, તે જાણવાની ક્રિયાથી આત્મા અનન્ય છે. વસ્તુની સ્થિતિ તો આમ છે.

હવે વસ્તુસ્થિતિને ભૂલનાર જીવ, ઉપયોગની સ્વચ્છતામાં એને રાગદ્વેષસુખદુઃખના પરિણામ નિશ્ચયનયે કર્મના પરિણામ હોવાના કારણે એનો પ્રતિભાસ જ્ઞાનની પર્યાયમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં એને એમ ભ્રાંતિ થઈ ગઈ છે, કે આ પરિણામ મારા છે. રાગદ્વેષસુખદુઃખના પરિણામ મારા છે. જ્ઞાન મારું છે એ સમયે સમયે ભૂલે છે અને આ જ્ઞેયનો પ્રતિભાસ થાય છે તે જ્ઞેય મારા છે, એમ અનાદિકાળથી જીવ બે ભાવનો વિશેષ તફાવત- જુદાઈ જાણતો નથી એટલે પરભાવને પોતાનો માને છે. તેથી તે જ્ઞાનનું અજ્ઞાનત્વ સમયે સમયે પ્રગટ કરે છે.

એ સ્વયં અજ્ઞાની બની જાય છે. એ અજ્ઞાનનો ઉત્પાદક ત્રિકાળી સામાન્ય શુદ્ધ ઉપાદાન તત્ત્વ નથી, તેમ દ્રવ્યકર્મથી પણ ભાવકર્મ ઉત્પન્ન થતું નથી. જીવની સત્તામાં જે ભાવકર્મ ઉત્પન્ન થાય છે એ તો પોતાના અજ્ઞાનથી થાય છે. એ બળાત્કારે દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમાવતું નથી, એ તો નિમિત્તમાત્ર છે. પર નિમિત્તનું લક્ષ છે ને ઉપાદાનનું લક્ષ છે નહીં. અનાદિકાળથી પરનું-નિમિત્તનું લક્ષ છે અને નિમિત્તમાં થતા ભાવો જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે. કેમકે જ્ઞાન ઉપયોગની સ્વપરપ્રકાશક શક્તિ છે, એ સ્વચ્છ શક્તિમાં જણાતાં વેંત જ, એમ માની બેસે છે કે રાગ તો મારામાં થાય છે. દુઃખ મારામાં થાય છે. એ જ્ઞાનનું અજ્ઞાન કરે છે. ત્યાં સુધી એ જીવ સંસારમાં રૂવે છે, રખડે છે. ભવનો અંત આવતો નથી. ક્યાંથી આવે ? પારકા ભાવને પોતાના માન્યા અને પોતાના જ્ઞાનમય આત્માને ભૂલી ગયો, કે હું તો જ્ઞાનમય જાણનાર આત્મા છું-તેથી તે જીવ સમયે સમયે જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો થકો અજ્ઞાની બને છે.

જેમ શીત ઉષ્ણરૂપે પરિણમવું અશક્ય છે, એમ રાગદ્વેષસુખદુઃખરૂપે પરિણમવું એના ભાવે પરિણમવું અશક્ય હોવા છતાં હું એ ભાવે પરિણમી ગયો એમ માને છે તે એનું મિથ્યા શલ્ય છે અને એનું નામ અજ્ઞાન છે, ત્યાં સુધી સંસાર ઊભો રહેશે.

હવે એ સંબંધે કાલે ચર્ચા થઈ'તી કે રાગદ્વેષ, મોહ ને સુખદુઃખના ભાવો જીવમાં તો થાય છે એવો અનુભવ તો અમને અનાદિકાળનો છે. અને એક આ વાત જુદી કાન ઉપર આવી, કે રાગદ્વેષસુખદુઃખ દ્રવ્યકર્મની સત્તામાં પણ થાય છે, એકાંતે જીવની પર્યાયમાં થાય છે એમ નથી, ત્યારે ખડભડાટ તો થાય, કે દુઃખના પરિણામ તો જીવમાં થાય અને જીવ એને વેદે, દુઃખના પરિણામ પુદ્‌ગલમાં થાય એ વાત અમે સાંભળી નથી અને બેસતી પણ નથી. ન બેસે ત્યાં સુધી તો ક્ષમ્ય છે, પણ એની ઠેકડી ઉડાડવા જેવી નથી. પ્રયત્ન કર તને બેસશે ભાઈ, એ જિનવાણી માતા છે. એના માટે કાલ કહ્યું'તું. એક આધાર આપીશ એમ કહ્યું હતું એ આધાર છે. સમયસારનો જ પાછો આધાર બીજા શાસ્ત્રનો નહીં. છે તો ગોમ્મટસારમાં, પણ ગોમ્મટસારનો આધાર લઈ આચાર્ય ભગવાને પોતે આ વાત કરી છે અને આ વાત સર્વજ્ઞથી સિદ્ધ છે.

આ વાત સર્વજ્ઞ ભગવાને કરેલી છે કે રાગદ્વેષસુખદુઃખના પરિણામ દ્રવ્યકર્મમાં થાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. એ આચાર્ય ભગવાન કહે છે કે હું મારા ઘરની વાત કહેતો નથી. પણ એક સમયમાં જેને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું, તે સ્વ અને પર લોકાલોકને સમયમાત્રમાં પ્રત્યક્ષ જાણે દેખે છે એવા સર્વદર્શી, સર્વજ્ઞ પરમાત્માએ ફરમાવ્યું છે કે આ રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ કર્મ, દ્રવ્યકર્મની સત્તામાં થાય છે અને જ્ઞાનની સત્તામાં જણાય છે પણ જ્ઞાનની સત્તામાં એ ભાવ આવતો નથી. પણ જાણવાના કાળે હું જ્ઞાનમય આત્મા છું એ ભૂલી ગયો અને જે જણાય છે તે મારું. આહાહા ! જાણે છે તે હું, એ રહી ગયું અને જણાય છે તે મારું એવો મોહ ઉત્પન્ન કરે છે.

એ આપણા શાસ્ત્રમાં ગાથા ૧૯૦ છે આપણી પાસે જે શાસ્ત્ર છે ને એમાં ૧૯૦ ગાથા છે. બે ટીકા છે. સમયસાર શાસ્ત્રની બે ટીકા છે. એક અમૃતચંદ્રાચાર્ય ભગવાનની આત્મખ્યાતિ નામની ટીકા છે અને બીજી ટીકા જયસેનાચાર્ય ભગવાને સંસ્કૃતમાં કરી છે. એ આજથી એક હજાર વર્ષ પહેલાં સંસ્કૃતમાં ટીકાકારે ટીકા કરી. એના પછી બસો-ત્રણસો વર્ષ પછી એટલે આજથી સાતસો, આઠસો વર્ષ પહેલાં જયસેનાચાર્ય થયા છે તેઓશ્રીએ પણ ટીકા લખી છે. એક ત્રીજી ટીકા પણ છે એ સામાન્ય છે.

જુઓ હવે અહીં ૧૯૦ નંબરની જે ગાથા છે એની ટીકા કરતા જયસેનાચાર્ય ભગવાન ફરમાવે છે કે 'જબ ઉદયમેં આયે હુએ દ્રવ્યકર્મરૂપ', ઉદયમેં આયે હુએ દ્રવ્યકર્મરૂપ રાગદ્વેષ આદિ અધ્યવસાનોંકા ભી અભાવ હૈ'. જીવ મેં હોનેવાલે રાગદ્વેષ આદિ ભાવકર્મરૂપ અધ્યવસાનોં કા ભી અભાવ હોતા હૈ. ઇત્યાદિ રૂપસે સંવરકા કર્મસે વર્ણન કરતે હૈ.

સંવરની ગાથા ૧૮૧ થી ૧૮૩ છે. આ ૧૯૦ ગાથાની ટીકા છે. પહેલો સામાન્ય અર્થ કરે છે. સામાન્ય એટલે કુંદકુંદચાર્ય ભગવાને જે પ્રાકૃતમાં ગાથા લખી છે. તેનો ટૂંકાણમાં અન્વયાર્થરૂપ અર્થ કરે છે.

હું રાગાદિ ભાવોકે કારણ, એટલે જીવમાં થવાવાળા રાગાદિ ભાવો, તેનું કારણ ઉદય પ્રાપ્ત મિથ્યાદર્શન. આહાહા ! મિથ્યાદર્શન જેમ અહીંયા ભાવકર્મનું નામ છે એમ મિથ્યાદર્શન ત્યાં થાય છે. થાય છે ત્યાં સુધી બે જગ્યાએ થાય છે. નથી થતું તો પછી એક પણ જગ્યાએ નથી થતું, સિદ્ધ અવસ્થા પ્રગટ થાય છે. અથવા ક્રમે ચોથે, પાંચમે આવતા એક એક કર્મના ઉદયનો પણ અભાવ થઈને નિર્જરા થાય છે. તેમ તેમ અહીં જોડાણ થતો જે ભાવ તે પણ ઉત્પન્ન થતો નથી. ઉદય પ્રાપ્ત મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ તથા યોગ ઐસે ચાર અધ્યવસાન હૈ. એ કર્મનો ઉદય છે એ ખૂબ ખુલાસો આવશે. આ શાસ્ત્ર જેને જોઈતું હોય તે લઈ જાય વાંચવા, ચોવીસ કલાકમાં લઈને અહીં પછી પાછું આપી દે એ શરતે. કેમકે મળતા જ નથી હવે એ, બીજો કોઈ પ્રશ્ન જ નથી. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યહ બાત સર્વદર્શી, આ જે ઉદયમાં આવેલા મિથ્યાદર્શન તે ઉદયપ્રાપ્ત કર્મની સત્તામાં એ છે. એક યહ બાત સર્વદર્શી, ભગવાન સર્વજ્ઞોને કહી હૈ. આ મૂળમાં છે કુંદકુંદાચાર્ય ભગવાનની ગાથામાં છે. **'मिच्छत्तं अण्णाणं अविरदिभावो य जोगो य'**આહાહા ! આ સર્વદર્શી પરમાત્માએ આ વાત કરેલી છે, કે દ્રવ્યકર્મમાં મિથ્યાદર્શન, રાગદ્વેષસુખદુઃખના પરિણામ એની સત્તામાં થાય છે. હવે તેના શબ્દાર્થની ટીકા કરે છે. રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ જીવમાં થાય છે. એ વાત જગતના જીવોને પ્રસિદ્ધ છે, અનુભવથી સિદ્ધ છે. અનુભવ એટલે એનો અજ્ઞાનમય અનુભવ હોં, થાય છે તો જ્ઞાન. આહાહા ! પણ જ્ઞાનને ચૂકી ગયો અને નિમિત્તનું લક્ષ કરે છે તો નૈમિત્તિકભાવ થાય છે. સ્વભાવને ભૂલે છે ત્યારે.

ઉસ પ્રસિદ્ધ જીવ સંબંધી રાગદ્વેષાદિ વિભાવ કર્મોકે અર્થાત ભાવાંતરોકે કારણ, આહાહા ! અહીંયા કાર્ય થાય છે રાગદ્વેષમોહનું, એનું કારણ-નિમિત્ત કારણ, ઉપાદાન કારણ તો તત્ સમયની પર્યાય, ત્રિકાળી ઉપાદાન કારણ નથી. રાગનું કારણ ભગવાન આત્મા નથી. આહાહા ! એ હેતુ પ્રશ્ન કરે છે. ઘણી વાતો શાસ્ત્રોમાં આવે કે પૂર્વ ક્ષણવર્તી પર્યાય પરિણત દ્રવ્ય તે કારણ, ઉત્તર ક્ષણવર્તી પર્યાય પરિણત દ્રવ્ય તે કાર્ય. આવી આવી અનેક પ્રકારની વાતો, આવે શાસ્ત્રોમાં તો આનો કોઈ પાર નથી. આહાહા !

અહીંયા કહે છે કે ઉદયમેં આયે હુએ રાગદ્વેષાદિ વિભાવકર્મો કે અર્થાત્ ભાવકર્મ કે કારણ, કારણ એટલે નિમિત્ત કારણ ઉદયમેં આયે હુએ, જુઓ આ શબ્દ પડ્યો છે. ઉદયમેં આયે હુએ દ્રવ્યકર્મરૂપ રાગાદિ હૈ. અહીંયા રાગનું કારણ નૈમિત્તિકભાવ. રાગ થાય તો એનું કારણ દ્રવ્યકર્મમાં જે રાગ થાય છે એનું લક્ષ કરતાં હું રાગી, હું રાગી. રાગ થાય છે ત્યાં, જણાય છે જ્ઞાનમાં, જાણવાના કાળે જાણનારને ગ્રહ્યો નહીં અને જે જણાય છે જ્ઞેય એને ગ્રહણ કર્યું. છે તો એ જ્ઞેય, થાય છે અહીંયા જ્ઞાન પણ એ જ્ઞેય મારું એટલે મારામાં રાગ થયો. ઓલું બન્યું નિમિત્ત અને અહીંયા થઈ ગયો નૈમિત્તિકભાવ. સંસાર ઊભો થઈ ગયો.

ઉદયમેં આયે હુએ દ્રવ્યકર્મરૂપ રાગાદિ હૈ. એક તો ભાવકર્મ જીવમાં થાય. બીજું ભાવકર્મ દ્રવ્યકર્મમાં થાય. કહેશે આસ્તે આસ્તે બધી વાત કરશે. ઐસા સર્વદર્શી સર્વજ્ઞોને કહા હૈ. આ દ્રવ્યકર્મમાં થાય છે ભાવકર્મ, કે સાંભળી નથી અમે વાત. સાંભળી નથી તો નવી સાંભળવી, એમાં શું ! સાંભળી ન હોય તો કાંઈ નહીં. પણ આજે જાગ્યા ત્યાંથી સવાર એમાં શું વાંધો ? આહાહા ! કાલે આ વાત કહી. એક મુમુક્ષુ બહાર નીકળીને કહે છે ભાઈ ! જો આ દ્રવ્યકર્મમાં રાગદ્વેષસુખદુઃખ થાય છે એમ બેસી જાય તો સંસારનો અભાવ થઈ જાય. વાહ રે વાહ ! પકડનારા કોક, કોક તો હોય ને ? બધાય ન પકડે તો કાંઈ નહીં. યોગ્યતા પ્રમાણે કોક-કોક તો પકડનારા હોય. હું ખુશી થયો. વાહ ! એટલું તો લક્ષમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવ્યું, કે થાય છે ખરેખર ત્યાં, અને માને છે કે અહીં થાય છે. અહીંયા થાય છે એ માન્યતા છૂટે ને, તો અહીંયા જ્ઞાન થઈ જાય છે. સંસારનો અંત થાય છે એક સમયમાં હોં. આહાહા !

એ સર્વદર્શી સર્વજ્ઞોને કહા હૈ હોં ભાઈ, આ વાત કુંદકુંદાચાર્ય ભગવાન-સમર્થ આચાર્ય આધાર આપે છે, આ વાત મારી કહેલી નથી. સર્વદર્શી પરમાત્માએ, અરિહંતે કહેલી છે. આહાહા ! કે, જેને સાંભળવા ઉપરથી ઈન્દ્રો અને દેવો આવે, અને જેના ગણધર, વઝીર લાખો એ સાંભળે. આહાહા ! સભામાં એ વાત દિવ્યધ્વનિમાં આવી છે આ વાત, કે ભાવકર્મ જીવમાં થાય છે એનું કારણ દ્રવ્યકર્મમાં રાગ થાય છે, એનું અહીંયા જ્ઞાન થાય છે. રાગ ત્યાં થાય છે એનું અહીં જ્ઞાન થાય છે. પ્રથમ અહીંયા રાગ થતો નથી. આહાહા ! પ્રથમ અહીંયા જ્ઞાન થાય છે ને ત્યાં રાગ થાય છે. રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી, ખલાસ એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. સર્વદર્શી સર્વજ્ઞોને કહા હૈ.

યહાં શિષ્યને શંકા પડી, હવે શિષ્ય એ શંકા કરે છે. શંકા સારી છે, બધાને શંકા થાય એવી વાત છે. શંકાય થાય ને કોઈને આશંકાય થાય, કોઈને શંકા થાય. એમ બે પ્રકારના જીવો હોય. શિષ્યને શંકા કિ, કી અધ્યવસાન તો ભાવકર્મમેં હોતા હૈ. અધ્યવસાન તો ભાવકર્મ તો, અહીં જ થાય છે, જીવમાં જ થાય. આ વળી નવું ક્યાંથી આવ્યું ? શિષ્યે સમજવા માટે પોતાને બેસતું નથી એટલે શંકા કરી. ઈસલિયે ઉનકો જીવ સંબંધી હી હોના ચાહિયે, કહેના ચાહિયે. શું કહ્યું શિષ્યે, કે દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ તો જીવમાં જ થાય એમ કહેવું જોઈએ. વળી, દયા, દાન, કરુણાના ભાવ પુદ્‌ગલમાં થાય છે દ્રવ્યકર્મમાં થાય છે. એ આ શું ? આહાહા ! આ વાત સર્વજ્ઞોએ કહેલી છે. ન બેસે તો ડીપોઝીટ રાખવી, વાત નહીં ફરે આ.

કહે છે, કે ઈસલિયે ઉસકો જીવ સંબંધી હી એમ, કથંચિત્ નહીં, સર્વથા જીવમાં થાય છે એમ કહેવું જોઈએ, કથંચિત્ કહે તો તો બેનો સ્વીકાર થઈ ગયો. તો તો નરમ પડી ગયો અને ભેદજ્ઞાનનો અવકાશ રહી ગયો.

જીવ સંબંધી હી હોના ચાહિયે. એ તો જીવમાં જ થાય ને દયા, દાન, કરુણા, હિંસા અહિંસાના પરિણામ-હિંસા, અહિંસાના પરિણામ તો જીવમાં થાય. તો હિંસાના અને અહિંસાના પરિણામ કોઈ દિ' પુદ્‌ગલમાં થતા હશે ? આહાહા ! શંકા તો થાય અને સમજદાર હોય એને આશંકા પણ વિશેષ સ્પષ્ટતા માટે થાય. ઉદયમેં પ્રાપ્ત દ્રવ્યકર્મરૂપી કારણોકા ભાવ પ્રત્યે દુઃખ, અધ્યવસાન કૈસે કહ શકતે હૈ ? ભાવકર્મ તો જીવમાં થાય એમ કહો. પણ અધ્યવસાન આદિ ભાવકર્મ ત્યાં દ્રવ્યકર્મમાં થાય છે એ તમે કેવી રીતે કહી શકો છો, સમજાવો અમને. આહાહા ! કેમ કે આ જૂના કાને નવી વાત અમે સાંભળીએ છીએ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યાર સુધી તો, એટલો તો અમને એકેન્દ્રિયથી માંડીને આજ સુધી અનુભવ છે કે સુખદુઃખ તો જીવમાં જ થાય. આહાહા !

ઈસકા સમાધાન આચાર્ય કહતે હૈ, કરતે હૈ કિ યહ બાત નહીં હૈ. તું કહેશ કે જીવમાં જ થાય ભાવકર્મ અને દ્રવ્યકર્મમાં ન થાય, એમ જો તારી શંકા હોય તો, તું જે માની બેઠો છો અને કરી રહ્યો છો એમ નથી. યહ બાત નહીં હૈ, ક્યોંકિ ભાવકર્મ તો દો તરહકે હોતે હૈ, ભાવકર્મ બે પ્રકારના થાય. બે પ્રકારના છે, છે તો એક જ પ્રકારનું પણ ભૂલે તો બીજે પ્રકારે થાય છે. ભાવકર્મ દો તરહકે હૈ, હોતે હૈ.

એક જીવ સંબંધી લ્યો, એક જીવમાં થવાવાળું ભાવકર્મ રાગદ્વેષ-મોહ, સુખદુઃખના પરિણામ એક જીવ સંબંધી. એટલે જીવના પરિણામ, જીવ સંબંધી. દૂસરે પુદ્ગલસંબંધી હૈ. અરે ! બીજું ભાવકર્મ તો પુદ્ગલ સંબંધી છે. એક જીવસંબંધી અને એક પુદ્ગલસંબંધી. એક નૈમિત્તિક અને એક નિમિત્તમાં. ક્રોધ, માન, માયા, લોભ આદિ પ્રગટરૂપ ભાવો જીવસંબંધી ભાવકર્મની જે પ્રગટતા થાય છે-ક્રોધ, માન, માયા, લોભની, સમયે સમયે નવા કર્મ, સ્વભાવને ભૂલીને આવે એટલે એ જીવ સંબંધી ભાવકર્મ ક્રોધાદિક કહેવાય. તથા પુદ્ગલપિંડ જો ઉદયમેં આતે હૈ, ઉનમેં જો શક્તિ હૈ અનુભાગ શક્તિ, ઉનકો પુદ્ગલદ્રવ્યરૂપ ભાવકર્મ કહેતે હૈ. ઐસા હી કહા હૈ, ગોમ્મટસારનો આધાર આપે છે હવે પોતે, જયસેન આચાર્ય ભગવાન ગોમ્મટસારનો આધાર આપે છે, **'पुग्गलपिंडो दव्वं कोहादि भावदव्वं तु'.**

અહીંયા, યહાં દૃષ્ટાંત દ્વારા સમજાતે હૈં કે મીઠી યા કડવી. દૃષ્ટાંત આપીને સમજાવે છે, એ દ્રવ્યકર્મમાં ભાવકર્મ થાય, એ ઘડીકમાં અમને બેસતું નથી. કાંઈક દૃષ્ટાંત આપો તો ખ્યાલ અમને કંઈ આવે. દૃષ્ટાંત આપે છે.

સમજાતે હૈ કે મીઠી યા કડવી આદિ સ્વાદવાલી ચીજ, મીઠી અને કડવી એક સ્વાદવાળી વસ્તુ નોકર્મના પરિણામ છે. ચીજ જબ ભક્ષણ કી જાતી હૈ-એ ખોરાક લેવામાં આવે છે, જીભ ઉપર મૂકે જ્યારે કડવી, મીઠી વસ્તુ જીભ ઉપર મૂકે ત્યારે ભક્ષણ કી જાતી હૈ, તબ ઉસ ખાનેવાલે જીવકે, એ ખાવાવાળા જીવને, જીભ ઉપર મૂકનારા જીવને, મીઠા યા કડવા આદિ, જે કંઈ પ્રકારની વસ્તુ બનેલી છે ઐસા સ્વાદકા પ્રગટ વિકલ્પરૂપ જીવ સંબંધી ભાવ હોતા હૈ, કે આ ખાટી છે ને આ મીઠી છે. એવો જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એ જીવ સંબંધે છે. ખાટી મીઠી પદાર્થમાં છે. ખાટી-મીઠી સંબધેનો વિકલ્પ જીવમાં થાય. ખાટી-મીઠી જે પર્યાય છે એ તો નોકર્મની સત્તામાં, ખાટી મીઠીના પરિણામ નોકર્મના એનો ઉડીને અહીંયા જીવમાં પ્રવેશ નથી થતો, પણ આ ખાટી વસ્તુ છે આ મીઠી વસ્તુ છે એવો જે વિકલ્પ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાટી-મીઠી એ નિમિત્ત છે અને એના સંબંધે ઉત્પન્ન થતો વિકલ્પ. આ ખાટો પદાર્થ છે, આ પદાર્થ મીઠો છે-તીખો છે એવો જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એ જીવની સત્તામાં, જીવની પર્યાયમાં થાય છે. સ્વભાવને ભૂલે છે એને વિકલ્પ આવો ઉત્પન્ન થાય છે ખાટા-મીઠાનો, એ જીવ સંબંધી છે. અને ખાટી-મીઠી વસ્તુ છે એ નોકર્મ સંબંધી છે. એક નિમિત્ત અને એક નૈમિત્તિક. દૃષ્ટાંતથી સમજાવે છે.

જીવ કે મીઠા યા કડવા આદિ સ્વાદકા પ્રગટ વિકલ્પરૂપ જીવ સંબંધી ભાવ હોતા હૈ. એ જે વિકલ્પ ઉઠ્યો. આ ખાટો પદાર્થ ને આ મીઠો પદાર્થ એ વિકલ્પ છે એ જીવ સંબંધી છે. અને ખાટો મીઠો પદાર્થ છે એ પુદ્ગલ સંબંધી છે. ખાટો મીઠો જે પદાર્થ છે તે તો પુદ્ગલ છે અને આ ખાટો પદાર્થ છે ને આ મીઠો પદાર્થ છે એવો જે એના લક્ષે ઉત્પન્ન થયેલો વિકલ્પ એ તો જીવની સત્તામાં થાય છે. એ કાંઈ નિર્વિકલ્પ ધ્યાનમાં બેઠો નથી. આહાહા !

ઉસ ભાવ સંબંધી ભાવ હોતા હૈ. ઉસ ભાવકી વ્યક્તતા અર્થાત્ પ્રગટ હોનેકા કારણ આ વિકલ્પ ઉત્પન્ન થવાનું કારણ, નૈમિત્તિકભાવ ઉત્પન્ન થવાનું કારણ, નિમિત્ત છે. ખાટો મીઠો પદાર્થ એના લક્ષે વિકલ્પ ઉઠ્યો છે, એ વિકલ્પ ઉઠ્યો છે એ જીવ સંબંધી છે અને વિકલ્પમાં નિમિત્ત છે, એ નોકર્મ છે. એ નિમિત્ત અને નૈમિત્તિકના સંબંધથી જોવામાં આવે તો બે જગ્યાએ એ થયું. ખાટો, મીઠો ત્યાં પદાર્થ છે ને એના સંબંધે જે ખાટા-મીઠાનો વિકલ્પ અહીંયા થાય છે. હોને કે કારણ મીઠી યા કડવી આદિ દ્રવ્યકે ભીતર રહેનેવાલી, મીઠી યા કડવેપનેકી શક્તિ હૈ. એ તો દ્રવ્યમાં છે. ખાટો-મીઠો, અવસ્થા તો ત્યાં છે. અહીંયા ક્યાં છે ? અહીંયા એ સંબંધનો વિકલ્પ થાય છે બસ.

જો કિ પુદ્ગલદ્રવ્ય સંબંધે હૈ. એ ખાટા-મીઠાના જે પરિણામ છે, એ તો પુદ્ગલની અવસ્થા છે. જીવની અવસ્થા નથી. પણ ખાટું, મીઠું છે આ, એવો જે વિકલ્પ ઉઠે છે એ તો જીવની અવસ્થામાં થાય છે. એક નિમિત્ત અને બીજું નૈમિત્તિક. ઈસ શક્તિકો પુદ્ગલકા ભાવકર્મ કહેતે હૈ. એ ખાટા-મીઠાની શક્તિને પુદ્ગલનો ભાવ કહેવામાં આવે છે. ઈસ તરહ, એ દૃષ્ટાંત પૂરો થયો.

ઈસ તરહ-શક્તિ એટલે અનુભાગ શક્તિ. કર્મમાં અનુભાગની શક્તિ, પર્યાય-પર્યાય. પર્યાયની વાત છે. ખાટી-મીઠી પર્યાય છે અને એનો પછી ખાટી મીઠીનો પ્રગટ અનુભાગ છે એને પર્યાયમાં ખાટા-મીઠાની શક્તિ એનામાં છે. અને ખાટો, મીઠો છે એવો વિકલ્પ જીવમાં થાય છે. (શ્રોતા :- એનામાં જે શક્તિ એટલે પર્યાય શક્તિ રહેલી છે) પર્યાય-પર્યાય, દ્રવ્ય નહીં. એક ધ્યાન રાખવું કે, નિમિત્ત અને નૈમિત્તિક સંબંધ જે બને છે તે બે દ્રવ્યની પર્યાય વચ્ચે બને છે. એ એક નિયમ. બે દ્રવ્યના પરિણામ વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંબંધ હોય. સામાન્યની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય. જ્યાં શક્તિ લખે ત્યાં એની શક્તિની વ્યક્તિ ખાટી-મીઠી. કેમ કે ખાટી-મીઠી જે પર્યાય છે, એ તો પર્યાય છે. સામાન્ય સ્વભાવ ખાટો મીઠો નથી. એ તો સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળો શક્તિરૂપે છે. અહીં તો પ્રગટ ખાટી-મીઠી અવસ્થા થઈ છે. કોઈ પદાર્થ ખાટો અને કોઈ પદાર્થ મીઠો ઈ એની પર્યાય છે. પર્યાય-પર્યાય વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય. સામાન્ય દ્રવ્યની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય. ઈસ તરહ, એ દૃષ્ટાંત પૂરો થયો.

ઈસ તરહ ભાવકર્મકા સ્વરૂપ જીવ સંબંધી, એ તો જીવની અવસ્થામાં થાય. જીવ પોતાના જ્ઞાનમય આત્માને ભૂલે ત્યાં સુધી. હું જ્ઞાનમય છું એમ ભૂલે છે સમયે-સમયે ત્યારે નિમિત્તનું લક્ષ કરે છે ને નિમિત્તના લક્ષે થતો નૈમિત્તિકભાવરૂપે પોતે પરિણમી જાય છે જીવ. એ તો જીવસંબંધી ઔર પુદ્‌ગલ સંબંધી દો તરહકા જાનના. બે તરફ, બે તરફ એ બે જાત છે. એક જીવમાં અને એક પુદ્‌ગલમાં. ભાવકર્મ બે જગ્યાએ થાય છે એમ લેવું. એક જગ્યાએ થાય છે એમ ન લેવું. શિષ્યનો પ્રશ્ન છે. એક જ જગ્યાએ થાય છે. શિષ્યે પ્રશ્ન કર્યો'તો કે ભાવકર્મ તો જીવમાં જ થાય. કે નહીં. ભાવકર્મ બે જગ્યાએ થાય છે. જો ભાવકર્મ એકમાં થાય તો સ્વભાવ થઈ જાય. નિમિત્તના લક્ષે થાય છે. જો નિમિત્તનું લક્ષ છૂટે તો ભાવકર્મનો પણ અભાવ થઈ જાય છે. આહાહા ! આ તો જૈન દર્શન, ન્યાયથી, લોજીકથી વાત ચાલે છે.

ઈસ તરહ ભાવકર્મકા સ્વરૂપ જીવ સંબંધી ઔર પુદ્‌ગલ સંબંધી, દો તરહ કા જાનના. જહાં કહીં ભાવકર્મકા વ્યાખ્યાન હો. હવે એક સિદ્ધાંત સિદ્ધ કરે છે આચાર્ય મહારાજ, કે જ્યાં જ્યાં ભાવકર્મની વાત તમે વાંચો શાસ્ત્રમાં કે સાંભળો ભાવકર્મ, જ્યાં ભાવકર્મની વાત આવે ત્યાં તમારે તરત જ કોઈને કહેવું નહીં પણ મનમાં વિચારવું કે ભાવકર્મ બે જગ્યાએ હોય, એક જ જગ્યાએ ન હોય. એક જગ્યાએ હોય તો સ્વભાવ થઈ જાય.

જહાં-કહીં ભાવકર્મકા વ્યાખ્યાન હો વહાં ઐસા હી મતલબ સમજને યોગ્ય હૈ કે બે જગ્યાએ થાય છે ભાવકર્મ, મહાસિદ્ધાંત. વે અધ્યવસાન ચાર હૈ. મિથ્યાદર્શન કર્મ જિસકે ઉદયસે વિપરીત શ્રદ્ધાન હોતા હૈ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. અજ્ઞાન જિસકે ઉદયસે, કર્મના ઉદયથી. કર્મના ઉદયથી એટલે કર્તા-કર્મ નથી. નિમિત્ત-નૈમિત્તિક છે એ બે વચ્ચે. ઉદયથી એટલે કે એના નિમિત્તના કારણે લેવું. ત્યાં બળાત્કારે કાંઈ રાગરૂપે આત્માને પરિણમાવે કર્મ એવું છે નહીં. એ પોતાના સ્વભાવને ભૂલીને રાગરૂપે પરિણમે ત્યારે રાગમાં કર્મના ઉદયને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. બે વચ્ચે કર્તા-કર્મ નથી.

અજ્ઞાન, જિસકે ઉદયસે જ્ઞાનકી મંદતા રહેતી હૈ. અવિરતિભાવ અર્થાત્ કષાયોંકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉદય જિસકે કારણ અપને આત્મામેં ચારિત્ર કા યથાર્થ અનુભવ નહીં કર શકતા. યથાયોગ્ય અર્થાત્ શરીરાદિ નામકર્મકે ઉદયકે કારણ આત્માકે પ્રદેશોકા હલનચલનરૂપ વ્યાપાર હોતા હૈ અથવા આત્માકી યોગ શક્તિકા પરિણમન હોતા હૈ. એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બે દ્રવ્યોની, બે પર્યાય વચ્ચે થઈ જાય છે. માટે ભાવકર્મ બે જગ્યાએ છે એમ લેવું. દુઃખ આત્મામાં જ થાય છે એમ ન લેવું. આહાહા !

કથંચિત્ કહો તો વાંધો નથી, સર્વથા નહીં. અજ્ઞાન છે ત્યાં સુધી દુઃખ જીવની પર્યાયમાં થાય છે એમ છે, પણ જ્યાં સ્વભાવનું લક્ષ કરે ત્યાં દુઃખનો અભાવ થઈ જાય છે. દુઃખ થાય છે એનું નિમિત્ત કારણ પરનું લક્ષ છે. બહિર્મુખતા છે ત્યાં સુધી વિભાવ છે. જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ તો વિભાવનો અભાવ થાય છે ને કર્મની નિર્જરા થઈ જાય છે એ ઉદયનું નામ નિર્જરા થાય છે. ઔદયિક ભાવ હોય તો ઉદય. આહાહા ! એમાં જોડાય, એનું લક્ષ કરે, એમાં ઔદયિક ભાવ થાય તો ઓને ઉદય કહેવાય. એ ઉપયોગ અંદરમાં જોડાઈ જાય તો કર્મના ઉદયને નિર્જરા નામ દેવામાં આવે છે.

હવે ૯૩ નંબરની ગાથા આવે છે.

શ્રોતા :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બંધાયેલા દ્રવ્યમાં હોય કે છૂટા દ્રવ્યમાં હોય.

ઉત્તર :- એક પરમાણુ હારે ન હોય, સ્કંધમાં હોય. એક પરમાણુ નહીં. સ્કંધ છે એ એટલે રજકણોનો પિંડ સ્કંધ છે, એક પરમાણુ નહીં, એ કર્મની અંદર અનુભાગ છે. એ અનુભાગનો ઉદય આવે છે ને જીવ એમાં જોડાય છે. જોડાવું જોઈએ ઉપયોગને આત્મામાં અને જોડાય છે પરમાં, પરનું લક્ષ કર્યા કરે છે આમ સમયે સમયે સ્વભાવને ભૂલીને, એટલે એમાં જોડાય છે કર્મના ઉદયમાં અને અહીંયા ભાવકર્મ પ્રગટ થાય છે. સંસાર ઊભો થાય છે એ સ્થિતિ છે. કર્મ પણ નથી અને જીવમાં ભાવકર્મ પણ થતું નથી એમ નથી. અને કર્મના ઉદયથી રાગ થાય છે એમ પણ નથી. પોતાના શુદ્ધનયથી ચ્યૂત થાય ત્યારે રાગ થાય છે. મહા સિદ્ધાંત. આહાહા ! જ્યારે રાગ થાય ત્યારે પરપદાર્થને નિમિત્ત કહેવામાં આવે છે.

(શ્રોતા :- શું પ્રશ્ન હતો તે સમજાણો નહીં. શીત-ઉષ્ણનો દાખલો છે એ નોકર્મનો છે અને બીજી ઉદયની વાત છે. બે દાખલામાં ફેર છે.) ફેર છે પણ એ નિયમરૂપ નિમિત્ત કોણ છે ? કે નોકર્મ નથી. નિયમરૂપ નિમિત્ત દ્રવ્યકર્મ છે. હવે દ્રવ્યકર્મ છે એ એક પરમાણુની વાત નથી, પિંડ છે. દ્રવ્યકર્મનો પિંડ શબ્દ છે. સમજી ગયા ? એટલે એમાં, એ પિંડમાં કર્મનો ઉદય આવે કે ન આવે ? એમાં તમારો શું વિચાર ચાલે છે. (શ્રોતા :- નોકર્મ સાથે નિયમરૂપ સંબંધ નથી નિયમરૂપ નિમિત્ત થઈ શકતું નથી) કેમ કે વિગ્રહગતિમાં નોકર્મ નથી. છતાં મિથ્યાદર્શન થાય છે. કર્મના ઉદયની હારે જોડાય છે. નિયમરૂપ નિમિત્ત-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નૈમિત્તિક સંબંધ દ્રવ્યકર્મની સાથે છે. નોકર્મ તો ઉપચારથી નિમિત્તનું નિમિત્ત કહેવામાં આવે છે. (શ્રોતા :- અવ્યાપ્તિ દોષ આવી જાય છે.) આવી શકે. કેમકે આ તો છે ને મેં દૃષ્ટાંત આપ્યું.

જગતના જીવોને દ્રવ્યકર્મ અત્યારે દેખાતું નથી. દ્રવ્યકર્મ તો દેખાતું નથી. નોકર્મ તો દેખાય છે. શરીર દેખાય છે એટલે શરીરમાં આત્મબુદ્ધિ કરે છે. હવે શરીરમાં આત્મબુદ્ધિ ક્યારે થાય કે એ દર્શનમોહના ઉદયમાં જોડાય તો, એમ.

એક પ્રશ્ન આવ્યો'તો મુંબઈમાં, તમે કહો છો કે-આ દ્રવ્યકર્મમાં જોડાય છે જીવના પરિણામ, તો દ્રવ્યકર્મ તો છદ્મસ્થને દેખાતા નથી, જણાતા નથી. એ તો અવધિજ્ઞાનીનો વિષય અથવા તો કેવળીનો વિષય છે. આ તો મતિશ્રુતજ્ઞાની છે. ભલે કુમતિ પણ છદ્મસ્થ છે અને દ્રવ્યકર્મ તો સૂક્ષ્મ છે. તે તો કાંઈ જણાતાં નથી તો એમાં એ જોડાતા આમ થાય છે, એમાં જોડાતા આમ થાય છે એનો વધ થાય તો આમ થાય છે. એ કાંઈ સમજાતું નથી અમને. એનો શું કંઈ ન્યાય છે એની પાછળ વાત કરો, એવો પ્રશ્ન આવ્યો તો કે, હા. જબરદસ્ત ન્યાય છે. એ હમણાં પ્રશ્ન આવ્યો મુંબઈમાં.

એક અહીં વીસ વર્ષ પહેલા પ્રશ્ન આવ્યો'તો. એક અજાણ્યો માણસ હતો, બહારગામથી આવ્યો'તો, સામો બેઠો હતો, એણે પ્રશ્ન કર્યો'તો. વીસ વર્ષ પહેલા ત્યારે હું વાંચતો'તો અહીંયા, ત્યારે એવો પ્રશ્ન બીજો આવ્યો'તો કે દ્રવ્યકર્મ તો જણાતા નથી અને દ્રવ્યકર્મમાં જોડાય છે. કે સાંભળો ભાઈ કે કાર્ય થાય છે, એ તો અનુભવ છે કે નહીં ? રાગ થાય, દ્વેષ થાય, દુઃખ થાય, સુખ થાય, હર્ષ થાય, શોક થાય એ તો અનુભવમાં આવે છે કે-નહીં ? કે હા, એ તો અનુભવમાં આવે છે. તો જો કાર્ય અનુભવમાં આવે છે તો કારણ વિના કાર્ય હોઈ શકે નહીં. એટલે નક્કી થાય છે કે એનું લક્ષ તથા (તે) પ્રકારના ઉદયમાં જોડાય છે. ભલે તને ન જણાતાં હોય. છદ્મસ્થ છો તું. કર્મનો વિપાક તને ન જણાતો હોય તો કાંઈ નહીં પણ તારી બુદ્ધિ આત્મામાં આવતી નથી. પરમાં જાય છે તો પર એક દ્રવ્યકર્મ છે એનાં લક્ષે એના વશે એ પોતે વિભાવરૂપે પરિણમી જાય છે. સ્વભાવથી ભ્રષ્ટ થઈને પોતે વિભાવરૂપે સમયે-સમયે પરિણમી જાય છે. આહાહા ! માટે દ્રવ્યકર્મ પણ નિમિત્તરૂપે છે. આહાહા ! કાર્ય ઉપરથી કારણ હોય, હોય ને હોય જ. એ કાર્ય થાય છે તો તેનું નિમિત્ત કારણ હોય. ઉપાદાન કારણ તો પરિણામ છે અને નિમિત્ત કારણ ચારિત્રમોહનો દર્શનમોહનો ઉદય છે એ આપણે આવી ગયું છે.

આ પ્રયોજનભૂત વાત છે. આહાહા ! મારું લક્ષ તો પ્રયોજનભૂત ઉપર પહેલેથી છે. બહુ આપણે સાથે સ્વાધ્યાય ઘણો કરતા યાદ રાખ્યું. પણ પાછું, બહુ યાદ ન રહ્યું. ભૂલાઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયું. આહાહા ! કયા ગુણસ્થાને કેટલી કર્મની પ્રકૃત્તિ ઉદય ને વિછયુતી ને એ બધું, ઈશ્વરભાઈ પણ ભેગા હતા. ચંદુભાઈ તો હોય જ. બધા ભણતા'તા. ચીમનભાઈ ! આ નિશાળમાં જેમ ભણવા બેસે ને બાળક હોય એમ અમે ભણતા'તા બાળક થઈને, તો જ ભણાય, નહીંતર ભણાય નહીં. અહીં તમારી પાસે તમારા જેટલી ઉંમરના આવે ને, એ શીખવા બાળક થઈને આવે તો શીખાય. આહાહા ! નહીંતર શીખાય નહીં. વિદ્યા ન ચડે. હું જાણું છું તો ગયો દુનિયામાંથી. (શ્રોતા :- શિયાળામાં સવારે ૫ વાગ્યે જાતા) શિયાળામાં સવારે પાંચ વાગ્યે જાતા. એ તો એક ઈતિહાસ થઈ ગયો. (શ્રોતા :- ૩૫ વર્ષ થયા.) ૩૫ વર્ષ. (શ્રોતા :- શિયાળામાં પાંચ વાગ્યે શરણાલાલજીના ક્લાસમાં જતા-પ્રવેશિકા શીખતા)

એક એવો બનાવ બન્યો. શરણલાલજી ટીચર તરીકે હતા. દૃષ્ટિ વિપરીત પણ ટીચર તરીકે હતા. શબ્દનો અર્થ બરાબર સમજાવે એટલો પણ એનો ઉપકાર ગણાય આપણા ઉપર. એક વખત મેં એને ખાનગીમાં પૂછ્યું'તું. કે વર્ષોથી આ હું સાંભળું છું વ્યાખ્યાનો, પહેલા સ્થાનકવાસીમાં સાંભળતો'તો. સાધુઓના સાધ્વીઓના, હવે ગુરુદેવના સાંભળું છું. હું તો સ્વયં શાસ્ત્ર વાંચું એવી શક્તિ મને મળે તો મને સંતોષ થાય. એના માટે અભ્યાસ કરું તો કેટલો ટાઈમ જોઈએ. તમે મને ટાઈમ આપશો-કે હા. કેટલા ટાઈમમાં શાસ્ત્ર વાંચી શકીશ ? કેટલા ટાઈમ પછી. તો કહે સીર્ફ છ મહિના. છ મહિના, સિર્ફ છ મહિના હોં. છ મહિના સુધી હમ કો દે દો. અચ્છા કબૂલ હૈ. મેં તો એમ કીધું. તું મારો ભગવાન. મને એમ કે બે ત્રણ વર્ષ લાગશે. પછી મેં પૂછ્યું કે આપની પાસે જે ટાઈમ હોય એ ટાઈમે આવું. એના ટાઈમે જ આપણે જવાયને આપણે જરૂર હતી ને. પોષ મહિનાની ઠંડી. સવેરે પાંચ બજે આના. અચ્છા કબૂલ. પાંચ વાગ્યાનો ટાઈમ આપ્યો. એ પાંચમાં પાંચ મિનિટે પહોંચી જાઉં. પહેલા તો એકલો જતો'તો.

આ ઈતિહાસ છે થોડોક, પાંચ મિનિટમાં કહી દઉં છું. અભ્યાસ કરવા જેવો છે. આની પાછળ કહેવાનો મારો આશય જીવોએ અભ્યાસ કરવા જેવો છે. અને જે ચીમનભાઈ અહીં આવ્યા પછી ઘણાં જીવો આ રીતે તૈયાર પણ થયા. (શ્રોતા :- ચાર પાંચ દિવસ તો એકલા ગયા) એકલો ખાનગી. (શ્રોતા :- ચંદુભાઈને વાત ન કરી) ચંદુભાઈને ય નહીં. (શ્રોતા :- પછી ખબર પડી. ચંદુભાઈ શેના પાછળ રહે ?) એ ચંદુભાઈને ખબર પડી મગનભાઈને ખબર પડી કે ભાઈ એકલા એકલા શું કરો છો ? આહાહા ! મને એ પછી તાવ આવવા મંડ્યો ઝીણો. સમજી ગયા. શરદીવાળું શરીર, ઘણાં વર્ષ પહેલાની વાત છે. ઘરમાં વાત ન કરી. જો વાત કરું તો જવા જ ન દે કોઈ. રાગ છે ને વ્યક્તિનો. આહાહા ! વાત ન કરાય. કેમકે આપણે તો આપણું કરવું'તું ને શરીરનું તો (જે થાય તે) પછી ચંદુભાઈને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બધા આવવા માંડ્યા પછી કોટડીમાં ગયો, નવલકુંજમાં, રૂમ ઉપર હું ગયો'તો. પહેલા અહીંયા શરૂ થયું ને પછી જ્યારે બધા આવવા માંડ્યા પછી ત્યાં આપણે રામનિવાસમાં શરૂ થયું. પણ એ જૈનસિદ્ધાંત પ્રવેશિકાથી માંડીને છેક ગોમ્મટસાર. આહાહા ! છેક ઘણાં પ્રકારો તત્ત્વાર્થસૂત્ર, ગોમ્મટસાર ઘણાં ઘણાં શાસ્ત્રોનું અધ્યયન અમે સાથે કર્યું ૩૫ વર્ષ પહેલા.

કેમકે ખરેખર આ તત્ત્વજ્ઞાન એવું છે કે કેવળ શાસ્ત્ર વાંચવાથી કે કેવળ સાંભળવાથી આનો ઉકેલ આવે એવું નથી. ભલે શાસ્ત્ર નિમિત્ત હોય. દેશનાલબ્ધિ નિમિત્ત હોય છે એનો નિષેધ નહીં પણ ખરેખર તો નિર્ણય પોતાને કરવો જોઈએ, કે વસ્તુ શું છે ? કેમ છે ? એમાં ઊંડો ઉતરે અને નિરંતર નિર્ણય કરે અને વિચાર કર્યા કરે, મંથન કર્યા કરે, ભેદજ્ઞાનનો વિચાર કર્યા કરે, તો એને આગળ વધવાનો ચાન્સ છે.

અહીંયા કહે છે કે આ ભાવકર્મ એક જગ્યાએ સાંભળ્યું છે બીજી જગ્યાએ ક્યાંથી આવ્યું આ. એ અનાદિનું છે. તે સાંભળ્યું નથી એટલે નથી ? આહાહા ! બે જગ્યાએ ભાવકર્મ છે. છે તો એક જ જગ્યાએ બીજી જગ્યાએ તો નવું ગાંડો ઊભું કરે છે, એ ગાંડો થઈ ગયો છે, પાગલ થઈ ગયો છે. રાગ મારામાં થાય છે. પાગલ છે એ. આહાહા !

અને રાગ મારામાં થાય છે એવો જો પક્ષ રાખશે અને પક્ષ ગળશે પણ નહીં તો એને આત્માનો અનુભવ થવાનો નથી. પક્ષ ગળે-પક્ષ ગળવો જોઈએ. ભલે રાગ રહી જાય પણ રાગનો પક્ષ મારી નાખે. રાગ ચારિત્રનો દોષ છે અને રાગ મારો એવો પક્ષ એ શ્રદ્ધાનો દોષ થઈ ગયો. ગુરુદેવે ૪૫ વર્ષ સુધી શ્રદ્ધાના દોષ ઉપર હંટર લગાવ્યા છે. કેમકે હંટર લગાવ્યા વિના એ સીધો ચાલે એવો નથી. કરુણાનો હંટર કરુણાનો. (શ્રોતા :- હંટર મારે એ કરુણા) હા, કરુણા. હિતને માટે-આપણા હિતને માટે. આહાહા ! જ્ઞાનીની તો કરુણા જ હોય ને. ચંદુભાઈ, એને શું બીજું ? આહાહા ! કોઈ પામો-કોઈ પામો, આહાહા ! એ કરુણાની મૂર્તિ થઈ ગઈ એ તો જેને એનો પ્રત્યક્ષ લાભ લીધો હોય એને જ ખબર પડે. આહાહા ! જેને એની હાજરીમાં લાભ નથી લીધો એ જીવ અત્યારે ચોધાર આંસુએ રડે છે.

એક અમદાવાદમાં ભાઈ મળ્યા મને, તે ભાઈ રોવા માંડ્યા. મેં કીધું કાં શું છે ભાઈ ? તેમણે કહે, ગુરુદેવની હાજરીમાં મેં ગુરુદેવ અમદાવાદ પધારતા'તા. મને કેટલાક ભાઈઓ કહે, પણ હું જતો નહોતો. પણ પાછળથી એના સ્વર્ગવાસ પછી એનું સાહિત્ય વાંચ્યું. આહાહા ! વાંચ્યું, બોલતા રડવા માંડ્યો, કાંઈ વાંધો નહીં, જાગ્યા ત્યાંથી સવાર. આહાહા ! એ જ્ઞાનીનો પ્રત્યક્ષ યોગ એ પણ એક લ્હાવો છે. જીવનનો લ્હાવો છે. આહાહા ! (શ્રોતા :- લ્હાવો બહુ લીધો) બહુ લ્હાવો લીધો. આ પુરુષ તો અજોડ છે. એ જ્યારે યુગલજી જેવો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમર્થ વિદ્વાન એ પણ જ્યારે વાત કરે છે ત્યારે આંખમાંથી પાણી દડદડ ચાલ્યા જાય છે. આહાહા ! અમારે તો એ સૂર્યકિર્તી અત્યારે હતા એમ માનીએ છીએ અને સૂર્યકીર્તિની વાણી અમે સાંભળી છે. આહાહા ! એવી સરસ વાતો કરી એણે, આહાહા ! બીજાનેય આંખમાંથી આંસુ આવી જાય. આ તો રોતા જ હોય એની સામે તો હું જોઉં જ નહીં. એટલે એ તો રોતા જ હોય. થાય, થાય. ગુરુદેવ પ્રત્યે કોને ન થાય ? આહા ! જીવનનો તારણહાર, તારક બન્યા આપણા. આહા !

નહીંતર આપણે બધા અંધારામાં હતા. આહાહા ! ક્રિયાકાંડમાં પડ્યા'તા. દેહ, મન અને વાણીની ક્રિયાથી ધર્મ થાય ને આગળ વધે તો પુણ્યથી ધર્મ થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય ને પુણ્યથી ધર્મ થાય. થઈ રહ્યું, કરો મજા. આહાહા ! (શ્રોતા :- યુગલજી તો કહે કે ગુરુદેવ તો અમારા તારણહાર એનો તો અનંત ઉપકાર છે અમારા ઉપર. એ તો નહીં પણ આ ગુજરાતી પ્રજાનો અમે તો ઉપકાર માનીએ છીએ, અનંતો ઉપકાર એમ ત્યારે કહે. હા, ગુજરાતી પ્રજાએ સોનગઢમાં અમને કેવો સાથ આપ્યો. કેટલો આવકાર આપ્યો ને કેવી રીતે રાખ્યા, એ ઉપકાર પણ અમે હજી નથી ભૂલતા. ભલે ગમે તેટલો દ્વેષ કરે પણ અમે એ ઉપકાર. ગુજરાતી લોકોનો નથી ભૂલતા. હિંદી વાળાને આશ્રય આપ્યો) એમ જ હોય. (શ્રોતા :- હવે બીજે ક્યાંય ભાવકર્મ ગોતી કાઢતા નહીં.) હવે બેયનો અભાવ થવાનો છે, ત્રીજું ગોતવાનું નથી. (શ્રોતા :- એનું સાચું ભાવકર્મ જ્ઞાન થાય.)

એ જ હું કહું છું એ તો જ્ઞાન છે. આહાહા ! હવે એ ભાવકર્મમાં જે પર ભિન્ન છે એમ જેણે જાણ્યું જેના જ્ઞાનમાં આવ્યું એને ભાવકર્મ ક્યાં રહેવાનું છે ? આહાહા ! એનો તો અલ્પકાળમાં મોક્ષ થાય, થાય ને થાય જ. હવે ૯૩ ગાથાનું મથાળું.

થોડોક ઈતિહાસ કીધો. આ તો અમે સાથે અભ્યાસ ૩૫ વર્ષ સુધી કર્યો'તો. (શ્રોતા :- બધા અભ્યાસ કરે એટલા માટે આ વાત કરી.) હા. એટલા માટે. હા, એટલા માટે અને અભ્યાસ કરે છે બધા. રસ લ્યે છે-ચીમનભાઈનો લાભ લ્યે છે એ સારી વાત છે. પાયાની વાત છે. (શ્રોતા :- રુચિ છે એમ કરીને એને બહુ પ્રોત્સાહન નથી દેવા જેવું. ઘરે વાંચવું જોઈએ એમ કાં નથી કહેતા ?) હા, એ તો પછી ઘરે વાંચવાની ઇચ્છા નો થાય એને ? થાય જ ને વાંચશે. આપણે શ્રદ્ધા રાખો. બધા વાંચશે, વાંચશે જ. (શ્રોતા :- બધાને વાંચવાની બંધી આપી છે. પ્રતિજ્ઞા આપી છે. પા કલાક અડધી કલાક, એક કલાક સ્વાધ્યાય કરવાનો.) એમ. લ્યો એ તો આજે સાંભળ્યું. સારું કર્યું. આહાહા ! (શ્રોતા :- બધાય ઊભા થઈને બંધી લ્યો.) અરેરે ! આવા શીખડાવનારની કદર રાજકોટે કરી એમ મને વિચાર આવે છે. રાજકોટ આખા સંઘે હોં. આખો સંઘ, આખા સંઘનો એકમત છે. ભાઈ મારા કાન ઉપર તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વાત આવે. બહુ સારું સમજાવે છે. આહાહા ! પ્રશંસા ખાતર પ્રશંસા નથી, પણ જેનો જે રીતે ઉપકાર હોય એનો એ રીતે, સજ્જન ઉપકારને ઓળવે નહીં. સજ્જન ઉપકારને ઓળવે નહીં. આહાહા !

પ્રાણ જાતો હોય અને લોટો પાણીનો કોઈ આપે અને પ્રાણ બચી જાય તો જિંદગી આખી એને ભૂલે નહીં. સજ્જન ઉપકારને ઓળવે નહીં. જેટલો જેનો જે પ્રકારનો ઉપકાર, કોઈને કોઈ પ્રકાર, કોઈને કોઈ પ્રકાર, કોઈને કોઈ માત્રામાં, વિશેષ માત્રા ભલે ફેરફાર હોય-પણ સજ્જન ઉપકારને ઓળવે નહીં.

૯૩ નંબરની ગાથા જેનું મથાળું. જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. આત્માનું જ્યાં જ્ઞાન થયું ને ભાન થયું કે હું તો જાણનાર, જાણનાર, દેખનાર છું. આહાહા ! હું રાગાદિનો, દ્રવ્યકર્મ ને નોકર્મનો કરનાર નહીં. હું એનો જાણનાર પણ કથંચિત્, એ સર્વથા જાણનાર જ્ઞાયકનો હું છું. એવું જ્યાં જ્ઞાન પ્રગટ થાય છે જીવને, જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી, શાસ્ત્રજ્ઞાનથી નહીં, શાસ્ત્રજ્ઞાન જ્ઞાન જ નથી. ભ્રમણા છે, એ જ્ઞેય છે. આહાહા ! એ તો જ્ઞાનની ઉપાધિ કહી એને. જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી, અનુભવ જ્ઞાનથી, અનુભૂતિથી એટલે સ્વસંવેદનજ્ઞાનથી. જેવો જ્ઞાનાનંદ પરમાત્મા છે, એવો જ ભગવાન આત્મા અંતરસન્મુખ થઈને જ્ઞાનમાં જ્ઞેય થયો, ધ્યાનનું ધ્યેય થયો, શ્રદ્ધામાં શ્રદ્ધેય થયો અને પરિણમન મોક્ષમાર્ગનું પ્રગટ થાય છે. એવી એક સમ્યગ્જ્ઞાનની દશા પ્રગટ થાય તેવું જે જ્ઞાન, એવું જ્ઞાન જેને પ્રગટ થયું હોય તેને કર્મ ઉત્પન્ન થતું નથી. એટલે રાગાદિનો હું કર્તા છું એવું મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી, એમ હવે કહે છે. ૯૩ નંબરની ગાથા.

**परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।**
**सो णाणमओ जीवो कम्माणमकारगो होदि ।। ९३ ।।**

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

ગાથાનો અર્થ છે. કુંદકુંદાચાર્ય ભગવાનની ગાથા છે. જે રીતે જે કોઈ જીવ પરને પોતારૂપ કરતો નથી. જે પરભાવ અને પરદ્રવ્યો જ્ઞાનમાં જ્ઞેયપણે ભલે જણાય, પણ એ જ્ઞેયો મારા છે એમ માનતો નથી. કેમ કે જ્ઞાનમાં જ્ઞાયક સ્વજ્ઞેયપણે આવી ગયો. આહાહા ! જે સમ્યગ્જ્ઞાનમાં જ્ઞાયક સ્વજ્ઞેયપણે બિરાજમાન થયો અને જે જ્ઞાનમાં જ્ઞાયક સ્વજ્ઞેયપણે અભેદપણે સમયે સમયે જણાય રહ્યો છે. એવી એક જ્ઞાનની દશા જેને પ્રગટ થાય છે તેને પરજ્ઞેયો ભલે જણાય, પણ એ પરજ્ઞેયો મારા છે એવી મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન થતી નથી.

પોતારૂપ કરતો નથી અને પોતાને પણ, આહા ! પોતાનો જે આત્મા જ્ઞાનાનંદ આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિમાં અનુભવમાં આવી ગયો. તે પોતાને પણ પર કરતો નથી એટલે એ પરરૂપ હું છું એમ માનતો નથી. પર મારા નથી હું પરનો નથી એવું ભેદજ્ઞાન થઈ ગયું છે.

તે જ્ઞાનમય જીવ, આહાહા...એ જ્ઞાનમય તો હતો, પણ જ્ઞાનમય થયો. જ્ઞાનમય તો અનાદિથી જીવ છે. જ્ઞાનમય હતો ને જ્ઞાનમય થયો. જ્ઞાનમય હતો તે દ્રવ્ય છે અને જ્ઞાનમય થયો તે અનુભવ છે. પ્રગટ જ્ઞાન પ્રગટ થાય છે, જ્ઞાયકના અવલંબે એ જ્ઞાન પ્રગટ થયું પછી તે કર્મને કરતો નથી, તે જ્ઞાનમય જીવ કર્મોનો અકર્તા થાય છે. અર્થાત્ કર્તા થતો નથી. મૂળમાં કર્તા થતો નથી, અકર્તા છે એમ લખ્યું અને આમાં કહે છે કે અકર્તા પ્રતિભાસે છે. આહાહા ! આ બેય વાત વિચારવા જેવી છે.

જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો, પરનો એટલે દ્રવ્યકર્મનો અને નોકર્મનો. પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે સ્વજ્ઞેય અને પરજ્ઞેયનો તફાવત જાણતો હોય ત્યારે, આત્માનો ને નિમિત્તનો નહીં. જ્ઞાયક એવું સ્વજ્ઞેય અને કર્મના પરિણામ અને નોકર્મના પરિણામ જે પરજ્ઞેય છે. એવા પોતાનો ને પરનો પરસ્પર વિશેષ-તફાવત-જુદાઈ જાણતો હોય ત્યારે, પરને પોતારૂપ નહીં કરતો થકો, એ દ્રવ્યકર્મમાં ઉત્પન્ન થતાં ભાવકર્મને પોતાના છે એમ જાણતો માનતો નથી.

અહીંયા જ્ઞાન જ પ્રગટ થાય છે અને કર્મમાં રાગ પ્રગટ થાય છે. આહાહા ! બેયની સત્તા ન્યારી જુદી જુદી છે. જ્ઞાન ભિન્ન ને જ્ઞેય ભિન્ન. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન એ પણ એક પ્રકાર છે ભેદજ્ઞાનનો. આત્મા ને આસ્ત્રવનું ભેદજ્ઞાન કરતા પણ અનુભવ થાય છે. અને જ્ઞાયક, જ્ઞાન ભિન્ન ને જ્ઞેય ભિન્ન એ ઓના કરતા ઊંચા પ્રકારની વાત છે. માટી ચોપડીને પછી ન્હાવું, સ્નાન કરવું, માટી લગાવવી શરીર ઉપર પહેલા અને પછી સ્નાન કરવું એ પણ એક લાઈન છે. એ પણ એક લાઈન છે. એના કરતા ઊંચી લાઈન આ છે. આહાહા ! કે આસ્રવની ઉત્પત્તિ જ ન થવી, જેથી સંવરની ઉત્પત્તિ થઈ જાય.

કહે છે કે જ્ઞાન અને જ્ઞેયનું ભેદજ્ઞાન. જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન એક અને જ્ઞાન અને જ્ઞેયનું ભેદજ્ઞાન. જ્ઞાન તો અહીંયા છે. જ્ઞાનમય જીવ તો અહીંયા છે ને આ બધા જ્ઞેયો છે. આત્મા સિવાયના પર જ્ઞેયને જ્ઞેય કહેવાય. અહીંયા (આત્મામાં) જ્ઞાન થાય છે અને આ બધા જ્ઞેયો, એ જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ જ્યારે ટળે છે ત્યારે, પોતારૂપ નહીં કરતો ને પોતાને પર નહીં કરતો પોતે જ્ઞાનમય થયો થકો, આહાહા ! જ્ઞાનમય થયો, જ્ઞાનમય તો હતો. જ્ઞાનમય તો બધા જીવો છે. કોઈ જીવ રાગમય નથી, ભવી હો કે અભવી હો. કોઈ જીવ રાગમય નથી. સર્વ જીવ જ્ઞાનમય છે જે સમજે તે થાય. શ્રીમદ્‌નું એક આવું વાક્ય છે. છે ને ભાઈ. આહાહા ! 'સર્વ જીવ છે જ્ઞાનમય જે સમજે તે થાય' એવું કાંઈક છે. હેં ? યોગસારમાંય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહાહા ! એ તું રાગમય નથી, રહેવા દે, ભૂલી જા થોડીકવાર, ભૂલી જા. હું રાગમય છું ને મારે ના પાડવી ? કે તું રાગમય નથી એમ અમે તારા આત્માને જાણીએ છીએ. તું તારા આત્માને જાણતો નથી પણ અમે તારા આત્માને જાણી લીધો છે લે ! કેમકે અમે અમારા આત્માને રાગથી રહિત જાણ્યો છે તો બધા આત્મા રાગથી રહિત જ હોય. આહાહા !

અરે એક વખત સ્વભાવના પક્ષમાં તો આવ, પક્ષાતિક્રાંત તો પછી. અરે વ્યવહારનો પક્ષ તો છોડ. અરે છોડ નહીં તો ગળે એમાં તો આવ. આહાહા ! કે હું તો જ્ઞાનમય આત્મા જાણનાર, જાણનાર, જાણનાર. આહાહા ! ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત છું. માંગલિક, મંગલાચરણમાં કહ્યું કે તારો આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત છે. નમઃ સમયસારમાં, માંગલિકમાં કહ્યું, તારો આત્મા એવો છે. આહાહા ! તું રાગી નથી. કે ભાઈ સંસારી જીવ ! જીવ સંસારી હોય જ નહીં. આહાહા ! જીવ કહેવો અને એને સંસારી કહેવો એ તો લાંછન છે. જીવ તો જ્ઞાનાનંદ પરમાત્મા અંદર બિરાજમાન છે તે જીવ છે.

જ્ઞાનમય થયો થકો, જ્ઞાનમય તો હતો પણ ભેદજ્ઞાન થયું. સ્વપરનો વિભાગ ખ્યાલમાં આવ્યો. કે જાણનાર તે આત્મા છે અને જે રાગાદિ જણાય છે તે કર્મના પરિણામ છે તે જીવના પરિણામ જ નથી. જીવના પરિણામ જ નથી. મૂળમાં ભૂલ છે. ૧૯ નંબરની ગાથામાં આ વાત કરી છે. અંતરંગમાં ઉત્પન્ન થતાં મોહાદિ એ જીવના પરિણામ નથી, કર્મના પરિણામ છે. આહાહા !

કહે છે કે જ્ઞાનમય થયો થકો, જ્ઞાનમય તો હતો અનાદિ અનંત, પણ દૃષ્ટિમાં હું રાગમય છું એવી વિપરીત દૃષ્ટિ હતી. ગુરુગમે, ગુરુની કૃપા અને પોતાની યોગ્યતાથી એવો એક બનાવ બની જાય છે સહજ, કે જીવ જ્ઞાનમય છે એમ ભાન થાય છે નવું. જ્ઞાનમય થયો થકો, આહાહા ! આ છે અને થાય છે, છે તો દ્રવ્ય છે અને થાય છે એ પર્યાયપરિણત દ્રવ્ય થયું. મોક્ષમાર્ગમાં આવી ગયો. જ્ઞાનમય થયો થકો કર્મનો અકર્તા પ્રતિભાસે છે. કુંદકુંદ ભગવાને એમ લખ્યું છે કે કર્મનો કર્તા થતો નથી, ટીકાકાર કહે છે કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

પહેલા કર્મનો કર્તા થયો'તો ને હવે અકર્તા થયો એ પર્યાય અપેક્ષાએ કથન છે. પણ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો હું તો અકર્તા હતો ને આજેય અકર્તા છું એમ મને પ્રતિભાસ થયો. કર્તાપણાની માન્યતા છૂટી જાય છે અકર્તા પ્રતિભાસે છે. એ સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. વખત થઈ ગયો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૨

**શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩**
**વિડીયો પ્રવચન નં. ૧૮૭, સળંગ પ્રવચન નં. ૫**
**તા. ૧૬-૧૧-૮૯**
**સ્થળ : હિંમતનગર**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર છે.

અનાદિકાળથી આત્મા સ્વભાવે જ્ઞાતા હોવા છતાં, પોતે પોતાની મેળે કોઈના ઉપદેશ વિના હું રાગાદિ અને દેહાદિ પરનો કર્તા છું. એમ અનંત અનંત કાળથી માને છે. એ જ માન્યતા મિથ્યાત્વ, અજ્ઞાન ને સંસાર છે. એ કર્તાકર્મની પ્રવૃત્તિ કેમ મટે ? ખરેખર તો આત્મા કર્તા ને જ્ઞાન કર્મ છે. એ જ્ઞાન પણ કેવું (કે) પરને જાણે એવું જ્ઞાન કર્મ નથી. કેમકે જ્ઞાન પરનું નથી. જ્ઞાન તો જ્ઞાયકનું છે. જ્ઞાન જ્ઞેયનું નથી પણ જ્ઞાન તો જ્ઞાયકનું છે. જ્ઞાન પરનું નથી પણ જ્ઞાન તો સ્વનું છે. સ્વનું જ્ઞાન છે, જ્ઞાન પરનું નથી. જેમ દેહ પરનો છે, રાગ પરનો છે, એમ જ્ઞાન પરનું નથી, સ્વનું છે. સ્વને દેખી, સ્વને પ્રસિદ્ધ કરે છે એવું જ્ઞાન જ આત્માનું કર્મ છે અને તે આત્માનો સ્વભાવ છે.

એને બદલે અનંતકાળથી આત્મા બહિર્મુખ દૃષ્ટિ હોવાને કારણે પરને કરવાની બુદ્ધિ અને જાણવાની બુદ્ધિ રહી ગઈ હોવાને કારણે એ રાગાદિની ઉત્પત્તિ થાય છે, અને રાગ એ મારું કર્મ ને હું કર્તા એવી અનંતકાળથી અજ્ઞાનમય કર્તાની પ્રવૃત્તિ, કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનમય છે. અનંતકાળથી છે. એ અનંતકાળથી આ કર્તાબુદ્ધિ ને કર્તાકર્મની પ્રવૃત્તિ ટળે અને આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ અનુભવમાં આવે, તે જ્ઞાન આત્માનું કર્મ થાય ત્યારે એ જ્ઞાનમાં આનંદ પણ આવે એટલે આનંદ પણ કર્મ થાય.

જ્ઞાન કર્મ થાય અને રાગ જ્ઞેયપણે જણાય, આનંદ છે એને ભોગવે અને દુઃખને જાણે. રાગને કરે નહીં ને દુઃખને ભોગવે નહીં. અહીંયા જ્ઞાન આત્માનું પ્રગટ થઈ જાય છે, ત્યારે એની સાથે અતીન્દ્રિય આનંદ પણ આવે છે, તો એવું ભેદજ્ઞાન થતાં આત્મ અનુભવ થાય એ કળા ને વિધિ આમાં બતાવે છે. તો ૯૨ નંબરની ગાથાની ટીકા થઈ. હવે એનો ભાવાર્થ.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા, જગતને કઠણ પડે છે આ, રાગદ્વેષસુખ-દુઃખાદિની અવસ્થા. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ, યાત્રાના ભાવ, પરમાત્માના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શનનો વિકલ્પ કે પૂજાનો શુભરાગ એ બધા પુદ્‌ગલના ભાવો છે. પુદ્‌ગલના સંગે થાય છે માટે અવસ્થા પુદ્‌ગલની છે. ચેતનની સાથે એ અવસ્થા મળતી નથી. અણમળતા ભાવો છે અને બે વચ્ચે સંધિ છે. બે એક થયા નથી. જ્ઞાન અને રાગ એક થયા નથી. છતાં એને અનંતકાળથી એક જેવા લાગે છે એને કહે છે કે એ પરિણામ જ તારા નથી. આત્માને જાણનાર પરિણામ જે જ્ઞાન-દર્શન એ તારા છે, પણ રાગદ્વેષ ને સુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. પુદ્‌ગલકર્મ છે જાતિ એમાં પરિણતિ જોડાય છે, આત્મામાં જોડાવાને બદલે ત્યારે એમાં રાગાદિની ઉત્પત્તિ થાય છે તો 'જે જેનું હોય તે તે જ હોય' માટે રાગાદિ પુદ્‌ગલના સંગથી થાય છે માટે રાગ પણ પુદ્‌ગલ છે. પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. એ ચેતનનો સ્વાદ નથી. સુખદુઃખના પરિણામ એ ચેતનનો સ્વાદ નથી. ચેતન જેવા લાગે છે ભ્રાંતિથી પણ એ ચેતન છે નહીં.

તેથી તે શીત-ઉષ્ણપણાની માફક, ટાઢી-ઉની અવસ્થાની માફક પુદ્‌ગલકર્મથી અભિન્ન છે. રાગ પુદ્‌ગલથી અભિન્ન છે. રાગ પુદ્‌ગલથી અભિન્ન છે, તેથી આત્માથી ભિન્ન છે અને આત્માનું જ્ઞાન આત્માથી અભિન્ન છે. રાગ પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. કેમકે પુદ્‌ગલના પરિણામ તો સર્વથા ભિન્ન હોય ને. ચેતનના પરિણામ દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન, જ્ઞાન અપેક્ષાએ કથંચિત્ ભિન્ન અભિન્ન. દૃષ્ટિ અપેક્ષાએ ચેતનના પરિણામ પણ સર્વથા ભિન્ન છે. પણ એ જ વખતે જ્ઞાન પ્રગટ થાય છે એ જ્ઞાન એમ જાણે છે કે આ ચેતનના પરિણામ આત્માથી કથંચિત્ ભિન્ન ને અભિન્ન.

જેમ દૃષ્ટિ એમ કહે છે કે સર્વથા ભિન્ન અને જ્ઞાન કહે છે, એવું જ્ઞાન જાણે છે કે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે મારાથી કથંચિત્ ભિન્ન એટલે કે નિશ્ચયનયે ભિન્ન અને વ્યવહારનયે અભિન્ન છે. એમ જ્ઞાન બરાબર જેમ છે તેમ જાણે છે. આહાહા ! આ રાગાદિભાવ ઉત્પન્ન થાય છે તે, આત્માથી અત્યંત ભિન્ન છે, કેમકે પુદ્‌ગલના ભાવો છે માટે ભિન્ન છે. ચેતનના ભાવ નથી. અને અજ્ઞાનને લીધે જે જ્ઞાન આત્માને ન જાણે એનું નામ અજ્ઞાન. શાસ્ત્ર વાંચતા નથી આવડતું માટે અજ્ઞાન એમ નથી.

અજ્ઞાનની વ્યાખ્યા સંસ્કૃત નથી આવડતું માટે અજ્ઞાન એમ નહીં. પણ જે જ્ઞાન જેનું છે એને ન જાણે એને જાણવાનું છોડી દ્યે, તો એ જ્ઞાન નથી રહેતું પણ જ્ઞેય થઈ જાય છે. છે તો જ્ઞાન, એ જ્ઞાનમાં જ્ઞાયક જણાય પણ છે. પણ એનું લક્ષ ત્યાં નથી જ્ઞાયક ઉપર, લક્ષ છે રાગાદિ ઉપર તો રાગાદિ જણાય છે એમ ન્યાં ભાસે, ત્યાં એ જ્ઞાન મટીને જ્ઞેય થઈ જાય છે. જ્ઞેય એટલે ઈન્દ્રિયજ્ઞાન થઈ જાય છે. જ્ઞાન તો પ્રગટ થાય છે. અને એ જ્ઞાન તો જ્ઞાયકનું છે. એમાં જ્ઞાયક જણાય છે, છતાં પણ જાણનાર જણાય છે એમ ખ્યાલમાં ન લેતાં, મને આ પર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે એમ જ્યાં ભાસ્યું, સ્વ જણાતું નથી ને પર જણાય છે. ત્યાં જ્ઞાન ન રહ્યું પણ ઈન્દ્રિયજ્ઞાન એટલે કે અજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન રહ્યું પણ અજ્ઞાનપણે રહ્યું આત્મજ્ઞાન (પણે) નહીં.

અજ્ઞાનને લીધે આત્માને તેનું એટલે ઉપયોગનું અને રાગનું, જ્ઞાનનું અને રાગનું, જ્ઞાનનું અને અજ્ઞાનનું ભેદજ્ઞાન નહીં હોવાથી એની જુદાઈ ભેદજ્ઞાન-જુદાઈ, જેમ ઘઉં ને કાંકરા જુદા છે, તેમ જ્ઞાન અને રાગ બેય જુદી ચીજ છે. રાગ તો કાંકરાની જગ્યાએ છે અને જ્ઞાન તો ઘઉંની જગ્યાએ છે. ઘઉંની તો રોટલી થાય-ખવાય, પણ કાંકરાની રોટલી ન થાય. એમ ભેદજ્ઞાન નહીં હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો છે.

જેમ ખાટો-મીઠો સ્વાદ નોકર્મનો છે. સાકર છે, અફીણ છે, લીંબુ છે એ નોકર્મ છે. નોકર્મમાં ખાટો-મીઠો રસ છે. કોઈમાં ખાટો, કોઈમાં મીઠો, કોઈમાં કડવો, તે પર પદાર્થ છે તેવો રસ છે. એ સ્વાદ છે એ સાકરનો છે મીઠો. આત્માનો સ્વાદ નથી. કેમકે સ્વાદથી મીઠાપણું આવે છે. સાકરથી તન્મય છે અને તે સંબંધીનું જ્ઞાન તો આત્માથી તન્મય છે. હવે આવે છે સ્વાદ જ્ઞાનનો, ભાસે છે કે સાકરનો સ્વાદ મને આવ્યો. એ બહિર્મુખતા થઈ ગઈ. અજ્ઞાન થઈ ગયું. ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું.

જેમ ખાટો-મીઠો નોકર્મનો સ્વાદ છે એમ રાગદ્વેષસુખદુઃખ એ દ્રવ્યકર્મનો સ્વાદ છે. એક નોકર્મ એક દ્રવ્યકર્મ. શરીર અને શરીરથી ભિન્ન જે બાહ્ય પદાર્થ હોય રોટલી, દાળ, ભાત, શાક એ બધા નોકર્મ કહેવાય. તદ્દન અલગ છે એ આત્માથી તદ્દન ભિન્ન છે. અને દ્રવ્યકર્મ આત્માના સંયોગ સંબંધમાં છે. એ દ્રવ્યકર્મનો ઉદય આવે છે, એમાં એનો અનુભાગ રાગદ્વેષ, મોહ-સુખ, દુઃખ એ એનો સ્વાદ છે, જેમ ખાટો-મીઠો નોકર્મના પુદ્ગલનો સ્વાદ છે એમ રાગદ્વેષસુખદુઃખ એ દ્રવ્યકર્મનો સ્વાદ છે. જડનો સ્વાદ છે, ચેતનનો સ્વાદ નથી. એનું ભેદજ્ઞાન નહીં હોવાથી એ એમ જાણે છે કે આ સ્વાદ મારો છે. છે પુદ્ગલનો સ્વાદ, જાણે છે મારો સ્વાદ. આહાહા !

કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે. લ્યો, ૮૭ ગાથામાં જેમ છે એમ આમાં પણ છે. આ જયચંદ પંડિતે બહુ સારું કામ કર્યું. સંસ્કૃતમાંથી એણે હિંદી બનાવ્યું. હિંદી બન્યું માટે ગુરુદેવના પ્રતાપે ગુજરાતી થયું.

કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે, રાગદ્વેષસુખાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનમાં એ રાગ આવતો નથી પણ પ્રતિબિંબિત થાય છે. રાગ છે એ બિંબ છે અને રાગ સંબંધીનું અહીંયા જ્ઞેયાકાર જ્ઞાન થયું, છે તો જ્ઞાનાકાર, આમથી (અંદરથી) જુઓ તો જ્ઞાનાકાર, આમ નિમિત્તથી જુઓ તો જ્ઞેયાકાર. જ્ઞેય સાપેક્ષથી જ્ઞેયાકાર કહેવાય. જ્ઞાયક સાપેક્ષથી જ્ઞાનાકાર કહેવાય. પર્યાય એક નામ બે. જ્ઞાનની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય તો એક જ, નામ બે.

કહે છે કે જ્ઞાનમાં એ પ્રતિભાસે છે-પ્રતિબિંબિત થાય છે. બિંબ અને પ્રતિબિંબ. જેમ દર્પણ છે એ સ્વચ્છ છે એની સામે મોર આદિ પદાર્થ કે કોઈ ઝાડ પાન હોય તો એ મોરને કહેવાય બિંબ અને મોર જેવો આકાર અહીંયા સ્વચ્છતામાં દેખાય છે એ આકાર મોરનો નથી. મોરનો આકાર મોરથી અભિન્ન હોય. દર્પણનો આકાર દર્પણથી અભિન્ન હોય, એ સ્વચ્છતા છે. દર્પણની તો સ્વચ્છતા છે. એ કંઈ લીલો, પીળો, જાંબલી રંગ ત્યાંથી ખસીને અહીં નથી આવતો. એ મોરને કહેવાય બિંબ અને મોરની આકૃતિ જે દેખાય છે એ આકૃતિ તો છે અરીસાની પણ મોર જેમાં નિમિત્ત છે, તો મોરની આકૃતિ દેખાય છે એમ કહેવાય. તો એ છે પ્રતિબિંબ. પ્રતિબિંબ છે એ અરીસાની સ્વચ્છતા છે. મોર બિંબ છે.

એમ જ્ઞાનમાં પ્રતિબિંબ થાય છે તો પણ રાગદ્વેષ ને ક્રોધ, માન, માયા આમ જણાય, થાય ત્યારે જણાય છે. જણાય છે એટલે પ્રતિબિંબિત થાય છે. પ્રતિભાસ થાય છે, ઝળકે છે જ્ઞાનમાં. જ્ઞાન સ્વચ્છ છે ને અરીસાની માફક (એટલે) જણાય છે. પ્રતિબિંબ થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય. આહાહા ! આ ભૂલ અહીંયા થાય છે. આહાહા !

દુકાન જ્ઞાનમાં જણાય તો દુકાન મારી, શરીર જણાય તો શરીર મારું, પુત્ર જણાય તો પુત્ર મારો. આહાહા ! જ્ઞાન મારું અને શરીર મારું નહીં, દુકાન મારી નહીં આ એમ રાગ પણ મારો નહીં. રાગ તો બિંબ છે. રાગ તો પરજ્ઞેય છે. એ જણાય પણ જાણવાના કાળે હું રાગી, હું દ્વેષી એમ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. જ્ઞાનને જ્ઞાનરૂપે રાખતો નથી.

જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એમ એને ભાસે છે. જ્ઞાન રાગરૂપ થતું નથી. રાગ જ્ઞાનરૂપ થાય નહીં. આત્મા અનાત્મા ન થાય ને અનાત્મા આત્મા ન થાય. બે વસ્તુ તો ભિન્ન ભિન્ન છે. પણ એની ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. એટલે જાણે હું રાગી થઈ ગયો. હું દ્વેષી થઈ ગયો. હું મનુષ્ય, હું પર્યાય, હું સ્ત્રી, હું પુરુષ, એમ જાણે કે જ્ઞાન રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. ભાસે છે ઉલ્ટું, પણ ભાસે છે એમ થતું નથી. આહાહા ! મોટર મારી, એમ કલ્પના કરે તો મોટર આત્માની થાય ? આહાહા ! મોટરનો સ્વામિ એ પુદ્‌ગલ છે. આત્મા એનો સ્વામિ નથી. રાગનો સ્વામિ પુદ્‌ગલ છે તો મોટરનો સ્વામિ તો પુદ્‌ગલ હોય જ. (જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય) એવું અજ્ઞાનીને ભાસે છે. એનો પ્રતિભાસ ખોટો છે, છે પુદ્‌ગલના ભાવો અને જાણે છે પોતાના ભાવો એ પ્રતિભાસ અજ્ઞાન છે.

તેથી તે એમ માને છે એમ શ્રદ્ધે છે. માને છે એટલે શ્રદ્ધાનો દોષ. એમ માને છે કે હું રાગી છું. આહાહા ! રાગ જણાતા હું રાગી, ક્રોધ જણાતા હું ક્રોધી. મનુષ્યની પર્યાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય તો હું મનુષ્ય. જે પર્યાય જ્ઞાનમાં પ્રતિભાસે એ મારી છે એમાં મમતા કરે છે. મમતા કરી અને ચારગતિના દુઃખને વ્હોરી લ્યે છે. આહાહા ! દૃષ્ટિ વિપરીત છે.

શ્રોતા :- બિંબ ઔર પ્રતિબિંબ દોનો ભિન્ન ભિન્ન હૈ ?

ઉત્તર :- હા. બિંબ ભિન્ન અને પ્રતિબિંબ ભિન્ન છે. બિંબ તો, લોકાલોકને બિંબ કહેવાય અને કેવળી ભગવાનને લોકાલોક જ્ઞાનમાં જણાય છે કેવળજ્ઞાનમાં, તો લોકાલોકને બિંબ કહેવાય અને કેવળજ્ઞાનની પર્યાયમાં એ જેવો છે સ્વભાવ લોકાલોક એવું આમાં જણાય છે. એ જ્ઞાનની પર્યાયનું નામ પ્રતિબિંબ છે. જ્ઞાનની પર્યાયનું નામ પ્રતિબિંબ છે. પણ એમાં એકલા પરપદાર્થ નથી જણાતા, જ્ઞાયક પણ જણાય છે. પણ બે ભૂલ કરે છે. કાં તો સીધો બિંબને પકડે છે અને કાં પ્રતિબિંબમાં અટકે છે.

એ પરિણામને જાણવાનું બંધ કરી દે તો જાણનાર જણાશે. બિંબ છે એ તો નિમિત્ત છે. પ્રતિબિંબ છે એ નૈમિત્તિક છે. નૈમિત્તિક છે એ નિમિત્તની અપેક્ષા રાખે છે. પણ એ નૈમિત્તિકને ગૌણ કરો તો જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન છે. નિરપેક્ષ જ્ઞાન છે. ત્યાં એ જ્ઞાયક તરફ વયો જાય છે. આ જણાય છે એ નૈમિત્તિક જણાય છે એમ નહીં, જ્ઞાન જણાય છે. નિમિત્તનું લક્ષ છોડી દે, નૈમિત્તિકનું લક્ષ છોડી દે અને જ્ઞાન જણાય છે. આહાહા ! જો નૈમિત્તિક જણાય છે તો એનું લક્ષ નિમિત્ત ઉપર છે.

ફરીને, એક ઘણાં વર્ષ પહેલાં ભાવનગર ગયો'તો. ત્યાં ધીરુભાઈ તંબોલી છે આપણા મુમુક્ષુ. એ, એમના ધર્મપત્ની ને એનો દિકરો વિમલ બેઠો'તો. ત્યારે વિમલની ઉંમર નાની, અત્યારે તો મોટો થઈ ગયો છે. બાર તેર વરસની ઉંમર હશે વિમલની કે ચૌદ વરસની હશે, ત્રણેય જણા બેઠા'તા. ત્યાં ઉતર્યો'તો. મેં કીધું ધીરુભાઈ આ સ્ફટિકમણિની સામે લાલ ફૂલ હોય ત્યારે સ્ફટિકમણિ કેવો જણાય છે ? ત્યારે ? ફૂલને હટાવતા નહીં કીધું. તો કહે ત્યારે તો લાલ છે. બોલો હંસાબહેન, તો કહે લાલ. બોલ વિમલ તો તે કહે સફેદ. અરે આ તારા મા-બાપથી જુદો કેમ તું પડ્યો ? આહાહા !

હવે જેને એ લાલ પર્યાય જણાય છે સ્ફટિકમાં, લાલ પર્યાય જણાય છે એ સ્ફટિકમણિના દ્રવ્યનેય જોતો નથી, સ્ફટિકમણિની સ્વચ્છતા પણ એને દેખાતી નથી, તિરોભૂત થાય છે. અને સ્ફટિકમણિમાં પડતું પ્રતિબિંબ-પ્રતિભાસ લાલ દેખાય છે અહીં, આહીં લાલ દેખાય છે. એટલે એ ખરેખર ફૂલને જ જુએ છે. પછી કહ્યું કે તમને લાલ દેખાય છે એ તો તમારી નજર ફૂલ સામે ગઈ. કહે ના. ફૂલ તો આમ (સામે) છે અને સ્ફટિકમણિ આમ (અહીંયા પાસે જુદો) છે, અમે આમ (સ્ફટિકને) જોઈને કહીએ છીએ. સમજ્યા ! ન્યાય ખ્યાલ આવ્યો ! નિમિત્તની સામે તો લક્ષ છે નહીં અમારું, અમારું લક્ષ તો સ્ફટિકમણિ સામે છે. તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્ફટિકમણિની સામે છે તો તમને શું જણાય છે ? કહે લાલ. ભલે એનો સ્વભાવ સફેદ હોય પણ અત્યારે તો એની પર્યાયમાં લાલ છે. તો હવે જો એ લાલ છે ને, તે નૈમિત્તિક અવસ્થા છે. એ નૈમિત્તિકને જુએ છે, નિમિત્ત સાપેક્ષ રતાશને જુએ છે, એમાં રતાશ નથી. એમાં તો સ્વચ્છતા જ છે. એના દ્રવ્ય ને ગુણ ને પર્યાય બધામાં સ્વચ્છતા વ્યાપેલી છે. એ સ્ફટિકમણિની પર્યાય રાતા રંગરૂપે પરિણમી જ નથી. એ તો સ્વચ્છતારૂપે જ પરિણમે છે. એમ આત્મા અનાદિનો જ્ઞાનરૂપે જ પરિણમે છે. રાગરૂપે કદી પરિણમતો નથી. પ્રેમચંદજી !

તો મેં કહ્યું કે આ તમારો દિકરો પાસ થઈ ગયો, તમે બેય નાપાસ. પણ નાપાસ કેવી રીતે ? અમને સમજાવો. એ કહે અમે તો ફૂલ સામે તો જોતા નથી. અમે ફૂલ રાતું છે એમ તો કહ્યું નથી. અમે તો કહીએ છીએ કે આ પર્યાય ને આ સ્ફટિકમણિ રાતું છે. તમે લાલ જે ભાગ છે એને તમે જોયો ને? સ્વચ્છતા તો દેખાણી નહીં ને તમને, તિરોભૂત થઈ ગઈ ને ? કહે હા, અત્યારે સ્વચ્છતા ક્યાંથી દેખાય, ફૂલ ઉપાડી લો તો સ્વચ્છતા દેખું, અરે ફૂલની હાજરીમાં સ્વચ્છ છે, એમ રાગની હાજરીમાં જ્ઞાન થાય છે. આહાહા ! એ જ્ઞાન, એ રાગ જ્ઞાનમાં તો આવતો નથી. પણ રાગ સંબંધીનું જે નૈમિત્તિક જ્ઞાન એ પણ એમાં છે નહીં. એ તો તિરોભૂત કરીને આ આત્મા જણાય છે, જ્ઞાન જણાય છે. આહાહા ! આ રહસ્ય છે.

પછી અમે તો આમ જોઈએ છીએ, અમે તો ઉપાદાનની સામે જોઈએ છીએ. અમે નિમિત્તની સામે ક્યાં જોઈએ છીએ. આત્માની સામે જુઓ તો સ્વચ્છતા જવાબ આવવો જોઈતો'તો. સ્વચ્છતાનો જવાબ તો આવ્યો નહીં અને લાલ છે, એ તો સીધી વાત છે. મેં કહ્યું કે તમે નૈમિત્તિકને જુઓ છો, એટલે ડાયરેક્ટ તો નૈમિત્તિકને જુઓ છો પણ ઈન્ડાયરેક્ટ નિમિત્તને જુઓ છો તમે. શું કહ્યું ? ડાયરેક્ટ તો નૈમિત્તિક ઉપર નજર છે એની લાલપર્યાય ફૂલની પર્યાય ઉપર, એ ફૂલની પર્યાય છે. જો ફૂલની પર્યાય તો લાલ એનાથી અભિન્ન છે એ અરિસામાં ક્યાં લાલ આવી ગયું. અરીસો લાલ ક્યાં થયો ? એ તો અરીસાની સ્વચ્છતા જ માત્ર છે. આહાહા ! પણ એની નજર ઓલા બિંબ ઉપર તો નહીં પણ પ્રતિબિંબ ઉપર પડી છે. બિંબ ઉપર જ નજર છે ખરેખર તો. નિમિત્તાધીન દૃષ્ટિ છે.

કહે અમે તો રાગને (અંદર) અહીંયા સ્થાપ્યો નથી. કે એ તારી નજર પુદ્ગલ ઉપર છે. અહીંયા જ્ઞાન થાય છે કે રાગ થાય છે ? જ્ઞાન થાય છે પ્રભુ ! આહાહા ! આવી અલૌકિક વાત છે. માર્મિક વાત છે. નૈમિત્તિકને જુએ છે એણે સ્વભાવભૂત પર્યાયને તિરોભૂત કરી નાખી. એક અપેક્ષાએ કહીએ તો સામાન્યનો તિરોભાવ, વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ. રાગ જણાય છે એ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કર્યો, અજ્ઞાન થઈ ગયું. અને રાગ જણાય છે ત્યારે રાગ નથી જણાતો પણ જ્ઞાન જણાય છે, જ્ઞાયક જણાય છે તો સામાન્યનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવિર્ભાવ અનુભવ થઈ જાય છે, રાગ મારો તો દૂર રહ્યો.

એક વખત એવો બનાવ બન્યો. રાજકોટમાં બનેલો બનાવ. બહારગામથી ઘણા માણસો આવે તો રાજકોટમાં આમ ચર્ચા બહુ સારી થાય એવી પ્રસિદ્ધિ. એટલે ગુરુદેવ પધારે ત્યારે પંદર દિ' રોકાય. તો બહારગામથી માણસો ગામે ગામના ઘણાં આવે. કલકત્તા, બેંગ્લોર ને મદ્રાસથી બધા આવ્યા. એમાં રાત્રે પ્રશ્ન પૂછાણો. એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો'તો. કે જ્યારે સ્ફટિકમણિની સામે લાલ ફૂલ હોય ત્યારે સાહેબ સ્ફટિકમણિ કેવો જણાય ? કહે લાલ. કેમકે ગુરુદેવની એક રીત એવી હતી, કે ક્યાંથી પ્રશ્ન ઊઠે છે અને કેવો પ્રશ્ન ઊઠે છે એવો ઉત્તર આપી દ્યે. લાલ ! મારી સામે જોઈને કહ્યું ઈ ભાઈએ, કે તમારે કાંઈ પૂછવું છે ? મેં કહ્યું. મારે કાંઈ પૂછવું નથી, કેમ એમ કહ્યું, કે અમારે ઘેર ચર્ચા થાતી'તી ત્યારે મેં કહ્યું હતું કે સ્ફટિકમણિની સામે લાલ ફૂલ હોય ત્યારે પણ સ્ફટિકમણિ સ્વચ્છ, સ્વચ્છ ને સ્વચ્છ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયથી સ્વચ્છ છે. એમ રાગ જણાય છે ત્યારે પણ દ્રવ્ય, ગુણ, પર્યાયે સ્વચ્છતા છે. જ્ઞાનમાંય સ્વચ્છતા છે. આહાહા !

પછી તો બીજા પ્રશ્નો ચાલુ થયા. પછી બીજે દિવસે એટલે તે દિવસે ગુરુદેવ થોડીક વાર આમ આંટા મારતા'તા આહાર કરીને, તે દિવસે એટલે રાત્રે પ્રશ્ન થયો અને બીજે દિ' દસ વાગ્યે આહાર કરીને આમ આંટા મારતા'તા ત્યારે કોઈએ ગુરુદેવને કહ્યું, કે સાહેબ આપે તો કાલ આમ જવાબ આપ્યો કે લાલ છે. લાલુભાઈએ તો કહ્યું'તું કે એ વખતે તો સફેદ છે, સ્વચ્છ છે, લાલ નથી. લાલ તો ફૂલનો ધર્મ છે, કંઈ સ્ફટિકમણિનો સ્વભાવ નથી. એમ ! એમ કહ્યું'તુ. બસ એટલું જાણી લીધું. સમજી ગયા ! પછી મૌન થઈ ગયા. પછી સાંજે જ્યારે સ્તુતિ પૂરી થઈ.

હવે જ્યારે આગલે દિ' જવાબ આપ્યો. તે દિ' મદ્રાસ ને બેંગ્લોરના બે મહેમાન આવ્યા'તા. તે મદ્રાસવાળો બીજે દિ' તેને ઉતાવળ હતી તો ચાલ્યો ગયો, ટાઈમ નહોતો એટલે અને ઓલો બેંગ્લોરવાળો હતો, તેણે આગલે દિ'નો જવાબ સાંભળ્યો અને બીજે દિ'નો પણ જવાબ સાંભળ્યો. સ્તુતિ પૂરી થઈ. કાલે એક પ્રશ્ન આવ્યો'તો ને કે લાલ ફૂલ સામે હોય ત્યારે સ્ફટિકમણિ કેવો હોય ? કહે લાલ. એ તો બંધની અપેક્ષાએ જવાબ આપ્યો'તો. બંધ અધિકારમાં આવે છે કે લાલરૂપે પરિણમે છે. સમજી ગયા ! એટલે ભ્રાંતિરૂપે પરિણમે છે. બંધ એટલે ભ્રાંતિરૂપે. આહાહા ! પરિણમતો હોય લાલરૂપે અને લાલ કહે તો ભ્રાંતિ ન કહેવાય. પરિણમતો નથી અને છતાં ભાસે છે લાલ એનું નામ ભાવબંધ છે. પણ એ તો કાલે જવાબ આપ્યો'તો ને, એ તો બંધ થાય છે ને બંધ અધિકારમાં છે તે વિવિક્ષાથી કહ્યું હતું. બાકી સ્વચ્છ જ છે ઈ. કેમ લાલભાઈ ! તમે કહ્યું'તું ને એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભાઈને. કીધું, હા સાહેબ.

મુળશંકરભાઈ દેસાઈ ગુજરી જવાની તૈયારીમાં હતા, ચોવીસ કલાક પહેલા, મારે મુંબઈ જાવું હતું. અમે રોજ જતા'તા તેની પાસે, તે દિવસે મેં કહ્યું'તું એ મુળશંકરભાઈ દેસાઈને, કે ભાઈ સ્ફટિકમણિની સામે લાલફૂલ હોય ત્યારે સ્ફટિકમણિ કેવો જણાય છે ? મારે અત્યારે જવાબ જોઈતો નથી. તમે વિચાર કરજો. આ સર્વજ્ઞ ભગવાને કહેલી એક વાત કરું છું-આપું છું. થોડો વિચાર કરજો તો તમારું કામ થશે. તો હું ગયો બીજે દિ' મુંબઈ.

આખું ઘર કહે નહીં, રાતુ, રાતુ, લાલ છે તો લાલ જ છે. નિમિત્ત હોય ત્યારે તો એ લાલ જ હોય ને, નિમિત્તને હટાવો. આહા ! કોણ હટાવે ને કોણ મૂકે. નિમિત્તના સદ્ભાવ ને અભાવમાં, એ જ્ઞાન તો જ્ઞાન જ છે. નિમિત્તનો ઉદય હો કે ઉપશમ હો, આત્માનું જ્ઞાન થાય છે. જ્ઞાનરૂપે જ પરિણમે છે અનાદિનો પણ એ માનતો નથી, કે હું રાગરૂપે પરિણમું છું તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. એમાં ઉપદેશ શું કરે ? કરે શું આ એ વિષય છે આ. એ જ વિષય છે અહીં એ જ છે. સ્ફટિકમણિનું દૃષ્ટાંત, અરીસાની સ્વચ્છતાથી સમજાવ્યું છે.

આઠેક વર્ષ પહેલા ગયો'તો લંડન. લંડનવાળાએ બોલાવ્યા'તા થોડાક દિવસ. દોઢેક મહિનો રોકાણો'તો એમાં બસો કિલોમીટર દૂર એક ગામ છે, ત્યાં જવું'તું. મને કહે ચાલો. ઝવેરચંદભાઈ હતા. તે સેલ્ફ ડ્રાયવીંગ કરે. અહીંયા પણ બધા સેલ્ફ ડ્રાયવીંગ કરે છે. અહીંયાય છોકરાવ બધાય કરે છે ને. ત્યાં તો રસ્તા બહુ પહોળા. સમજી ગયા ! છતાં મોટરની આવક ને જાવક ને બધું ચાલે. ઢોર ઢાખર તો હોય નહીં. તો એ અરીસાની સામે જોયા કરે ને સાઈડ આપે.

મેં કહ્યું કે ઝવેરચંદભાઈ આ અરીસાની સામે તમે શું કામ જોવો છો ? કહે પાછળથી આવે ને એને સાઈડ આપવી જોઈએ. તો મેં કીધું આમ પાછળ જોવો ને. ત્યાં પાછળ કોણ આવે છે તો પાછળ જુઓ ને, આમ તમે અરીસાની સામે શું કામ જુઓ છો ? કે જો હું પાછળ જોઉં તો એક્સીડન્ટ થઈ જાય. તો પાછળ ઓલો એક રાજુ કરીને બેઠો'તો. પ્રેમચંદભાઈનો દિકરો, સમજી ગયા ! રાજેશ ! એ કહે બાપા ! મારું તો કામ થઈ ગયું. મને બાપા કહેતો'તો જામનગરવાળા બધા જે મહાજન હોયને, એ મોટી ઉંમરવાળાને બાપા કહે. કોઈ જગ્યાએ બાપુજી કહે. કોઈ જગ્યાએ દાદા કહે. એ કહે બાપા ! મારું તો કામ થઈ ગયું. મેં કહ્યું શું કામ થઈ ગયું તારું. એ કહે દર્પણ જ જણાય છે, ઓલું એમાં પદાર્થ જણાતા જ નથી. અરે ! શું કહે છે તું ? આહાહા ! જો એ દર્પણને જોઈને સાડ નથી આપી એણે, નૈમિત્તિક જોઈને સાઈડ આપી અને આમ પાછળ જુએ તો એક્સીડન્ટ થઈ જાય એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્પણને જોવું પડે છે બીજો ઉપાય નથી.

એમ અહીં જ્ઞાનને જોતાં જ્ઞેયો જણાય જાય છે. જ્ઞેયની સન્મુખ થવું પડે નહીં. રાગ જણાય જાય છે. રાગની સન્મુખ થાય, મોટરની સન્મુખ થાય તો મોટર જણાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી. એ તો ઈન્દ્રિયજ્ઞાન છે. એ ઈન્દ્રિયજ્ઞાન પર આશ્રિત, એ સન્નીકર્ષ કરે છે. એની સાથે સંગ કરે છે. સંબંધ કરે છે ત્યારે જણાય અને તેથી એ જ્ઞાન જ નથી પણ અજ્ઞાન છે. કમજોર છે, અજ્ઞાન છે. જ્ઞાનમાં પ્રતિબિંબ થતાં, બેને પ્રશ્ન પૂછ્યોને, બિંબ અને પ્રતિબિંબ એટલે શું ? આ એમાંથી આટલું નીકળ્યું. બિંબ કોને કહેવાય અને પ્રતિબિંબ કોને કહેવાય ? અરે બિંબની સામે તો જો માં પણ પ્રતિબિંબની સામે પણ જો માં.

એ જ્ઞેયને તો ગૌણ કર પણ જ્ઞેયાકાર જ્ઞાનને પણ તિરોભાવ કરી નાખ. આહાહા ! જ્ઞેય સંબંધીનું જ્ઞાન થતું નથી પણ જ્ઞાયક સંબંધીનું જ્ઞાન થાય છે એમ લે ને. અરે જ્ઞાયક જણાય છે એમ લેને, આ જ્ઞેય જણાય છે એમ રહેવા દે ને. આહાહા ! બપોરે બેને કહ્યું'તું ને કાલે એ દેહપદ જ્ઞાનપદમાં જણાય છે, એવો અનાદિનો મિથ્યાત્વભાવ આ જ્ઞાનીના વચનના યોગે દૂર થઈ જાય છે. આહાહા ! શ્રીમદ્જીએ બહુ જગ્યાએ સારો ખુલાસો કર્યો છે કે જાણવાના બહાને પણ જીવ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. જીવનો સ્વભાવ જીવપદમાં જણાય છે. એવું સમ્યગ્જ્ઞાન જ્ઞાનીના વચનોથી પ્રગટ થઈ જાય છે. થશે નહીં, થઈ જાય છે એમ. આહાહા !

બહુ વાત બહાર આવી છે હોં, આ બધા ગુરુદેવના પ્રતાપ છે. ગુરુદેવ પાસેથી શીખેલા છીએ હોં બધાય. આહાહા ! કોઈ સ્વયંબુદ્ધ નથી. ગુરુદેવ બોધિતબુદ્ધ, એના બોધથી સૌએ સૌની શક્તિ પ્રમાણે ગ્રહણ કરેલું છે. એ જ વાત ગુરુદેવે કહેલી વાત આપણે દોહરાવીએ છીએ. આહાહા ! (શ્રોતા :- આપ ચર્ચો છો ને એટલે એ ઘેડ બેસે છે. આપ એ વાતને વિશેષ ચર્ચો છો ને એટલે બેસે છે) સ્પષ્ટીકરણ થાયને, એટલે બેસે છે.

(એક વખત) ઘરે બધા બેઠા'તા. બાપુજી મારા બેઠા'તા. આ સ્ફટિકમણિની વાત આવીને ત્યારે લગભગ પંદર જણા સારી સારી વ્યક્તિઓ હોં, વક્તાઓ પણ એમાં રાજકોટના બધા બેઠા'તા. અને કોઈ દિ' પ્રશ્ન કરવાની મારી ટેવ નહીં. કોઈ દિ' પ્રશ્ન ન કરું કોઈને. એક દિવસ પ્રશ્ન કરવાનું મન થયું કે સ્ફટિકમણિની સામે લાલ ફૂલ હોય ત્યારે એ સ્ફટિકમણિ કેવું જણાય ? એમ પ્રશ્ન કર્યો'તો, તમે બોલો-તમે બોલો-પંદરમાંથી બધાએ જવાબ આપ્યો કે લાલ, લાલ, લાલ, લાલ અને લાલ, એમાં એક ત્રિભોવનભાઈ વારિયા બેઠા'તા. તે કહે નહીં સફેદ છે એ. હું તો મૌન થઈ ગયો. ત્યારે બધાએ કહ્યું કાંઈ ફેંસલો તો આપો કાંઈક. મેં કહ્યું આ વારિયા સાચા બાકી તમે બધા, ખોટા એમ ન કહ્યું. પણ તમે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધા-તમે બધા...આહાહા !

એમ એક વખત એવો બનાવ બન્યો એક ગામડાનો માણસ સ્ફટિક લઈને વેંચવા આવ્યો. સ્ફટિકમણિ શું છે એને ખબર નહીં. એ તો કાચ જ સમજે ને, ગામડાનો માણસ પણ કંઈ જોયેલું ન હોય. સારો સ્ફટિક હો, સારો એવો. સ્ફટિકમણિ લાવ્યો અને ભૂલેશ્વરમાં ઉભો રહ્યો. અને ટેબલ ઉપર મૂકીને હરરાજી કરે કે ભાઈ આ મારે એક કાચ વહેંચવો છે. એ તો બિચારો કાચ જ કહે. હવે ઓલા કહે અમારે આ કાચ લેવો છે. સમજી ગયા. તો ચાર આના, આઠ આના, બાર આના, રૂપિયો, સવા રૂપિયો, દોઢ રૂપિયો એમ ચડતા ચડતા ચડતા પાંચ રૂપિયા સુધી આવ્યા. ના. ના. સાહેબ મારે પાંચ રૂપિયામાં તો આવો સુંદર કાચ વેંચવો નથી. એમાં શાંતિભાઈ ઝવેરી જેવા શાક લેવા આવ્યા હશે. આમ જોઈને કહે કે આ છે શું ? તે આમ ગયા પાસે, આમ નજર કરી, તેમને થયું કે છે તો સ્ફટિક આમ મનમાં. પણ આ કાપડિયાની દુકાને ઓલા લાલ ટીંગાડેલા પડદા એની ઝાંય એમાં આવતી'તી, એ કોઈને સ્ફટિકમણિ ભાસે નહીં. લાલ કાચ ભાસે, લાલ કાચ ભાસે લાલ કાચ, એનો પ્રતિભાસ તો થાય ને એમાં એટલે બધાને એમ કે આ લાલ કાચ છે. પછી ઓલા ભાઈને કહે છે કે મારે ટાઈમ થાય છે મહેમાન આવ્યા છે. હું હરરાજીમાં ઉભો રહી શકું એમ નથી. અને તારે શું આની કિંમત લેવી છે ? એ મને કહે, મને પોસાશે તો પૈસા આપી દઈશ. શેઠ ! પાંચ રૂપિયાથી કોઈ વધારે ચડાવો કરતું નથી. મારે એકસો એક રૂપિયા લેવા છે. ફટ દઈને ખીસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢીને આપી, લઈ અને ભાગ્યા પાછું વળીને જોયું નહીં. પહોંચ્યા ઘરે. ઘરે બધા બેઠા'તા. બીજે દિ' બજારમાં જઈને દસ લાખ રૂપિયામાં આ સ્ફટિકમણિ આપી દીધો. દસ લાખ. દસ લાખમાં સ્ફટિકમણિ વેંચ્યો. એટલે પછી એમને ભાવ આવ્યો કે હરરાજીમાં જેટલા બધા ભાઈઓ હતા, તે આપણાં ભાઈઓ જ કહેવાય ને બધા.

બીજે દિ' આવ્યા. બધાને કહ્યું કે કાલે જેટલા હરરાજીમાં હતા એ બધા આવતી કાલે મારા ઘરે મારે ત્યાં ચા-પાણી પીવા પધારજો. શેઠને મોટો બંગલો. સમજી ગયા ! ચારે બાજુએ ટેબલો પાથરી દીધા. બદામની, કાજુની પુરી ખૂબ હિસાબ નહીં તેટલી વસ્તુ. સમજી ગયા ! બધા આવ્યા. અને એમાં પાંચ-પચીસ ખોટાય હારે ગયા. એ તો આવે જ ને. બધાને સારી રીતે ચા-પાણી પાયા. ખૂબ કેસરીયા દૂધ હોં. ચા નહીં કેસરીયા દૂધ, એલચી ને કેસર ભારોભાર. આહાહા ! પછી બધાએ ચા-પાણી પીધા પછી પૂછ્યું-કે શેઠ ! આ અમને તમે આટલું બધું ખર્ચ કરીને આ બધું ખવરાવ્યું ને પીવરાવ્યું. તો શું એનું કારણ છે ? અમે તો તમારા કાંઈ સગાવહાલા નથી. વેવાઈવેલા નથી. મુમુક્ષુ પણ નથી. આ છે શું ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કહે ભાઈ કહું ? ઓલા કહે હા. કહે કાલે તમે જે કાચની હરરાજી પાંચરૂપિયા સુધી કરી એ મેં સો રૂપિયામાં લઈ લીધો કાચ, પણ એ કાચ નહોતો પણ સ્ફટિકમણિ હતો. હેં ! અને એ મેં દસ લાખ રૂપિયામાં વેંચ્યો. હેં ! બધા ભેગા અવાજે બોલી ગયા. હાય-હાય ! આ તો આપણે છેતરાણા. સમજી ગયા. પછી તો કહે શેઠ તમને અમારી વિનંતી છે બધા ઉભા થઈ ગયા. અમને આ વિદ્યા તો શીખડાવો. તમે ઝવેરી છો. બીજી વખતે કાંઈ વેંચાવા આવે તો અમે લઈ લઈએ. ખુશીથી શીખડાવું.

એને વચ્ચે ટેબલ મૂક્યું મોટું અને ચારે બાજુ રાતા, પીળા, કાળા, ભૂરા ફૂલ પાથરી દીધા. વચમાં સ્ફટિકમણિ મૂક્યો પછી એક એકને બોલાવ્યા. બોલો તો આ કાચ કેવો લાગે છે ? કોઈ કહે લાલ, કોઈ કહે પીળો, કોઈ કહે કાળો, જે સાઈડમાંથી જુઓ તેવો દેખાય. કહે સીટ ડાઉન. બધા બેસી જાવ. બેસી ગયા બધા. પછી ઘાટીને કહે ફૂલ હટાવી લે બધા. ફૂલ હટાવી લીધા. સ્ફટિકમણિ હટાવીશ માં. ફૂલ હટાવી લે, ફૂલ હટાવી લીધા. સ્ફટિકમણિ એમનેમ. પછી એકએકને બોલાવ્યા. કેવો લાગે છે ? સ્વચ્છ, સ્વચ્છ અને સ્વચ્છ. અરે હમણા થોડીકવાર પહેલા લાલ ને પીળો કહેતા'તા. કે નહીં. સ્વચ્છ છે. બે રાઉન્ડ થયા. પછી ત્રીજા રાઉન્ડમાં ફૂલ મૂક્યા. એને શીખડાવવું'તું ને ? ત્રીજા રાઉન્ડમાં ફૂલ મૂક્યા. બોલો. અરે હવે છેતરાય ! હવે તો સફેદ, સફેદ ને સફેદ. અરે પણ ફૂલના સદ્‌ભાવમાં આ જણાય છે તમને લાલ દેખાય છે. નહીં લાલ દેખાય છે એ ફૂલનો ધર્મ છે, સ્ફટિકમણિનો ધર્મ નથી. આહાહા ! આ તત્ત્વજ્ઞાન છે આમાં. ભેદજ્ઞાન થઈ ગયું.

જ્ઞાનમાં પ્રતિબિંબ થતા જુઓ પ્રતિબિંબ થતા જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય, એની સ્વચ્છતામાં જણાય ખરો રાગ. દુઃખ જણાય ખરું. દેવ-ગુરુ-શાસ્ત્ર જણાય ખરા. દેહ જણાય, મોટર જણાય, મિલ જણાય. જણાય ખરું. જણાય ત્યાં મિલ મારી, દુકાન મારી. આહાહા ! ફલેટમાં રહે તો આ ફલેટ મારો. આહાહા ! કાંઈ તારું નથી. તારું તો જ્ઞાન છે. આહાહા ! એ જ્ઞાનમાં અભેદપણે જ્ઞાયક જણાય રહ્યો છે-તન્મય થઈને જણાય છે. આહાહા ! જે જેનાથી તન્મય થઈને જણાય છે એની ના પાડશ ને જે ભિન્ન છે એ મને જણાય છે ? આહાહા ! નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તારી. નિમિત્ત ઉપર દૃષ્ટિ ગઈ. ઉપાદાન ઉપર દૃષ્ટિ આવી નહીં. અરે ક્ષણિક ઉપાદાનમાં તો આવ તો ત્રિકાળી ઉપાદાનમાં આવી જઈશ. આ નથી જણાતું, નિમિત્ત ઉપરથી હટી જા. આ નથી જણાતું પણ તારું જ્ઞાન જણાય છે. ક્ષણિક ઉપાદાન ઉપર આવી જા ને ! જ્ઞાન જણાય છે. જ્ઞાન જણાય છે તો જ્ઞાન ને જ્ઞાયક અભિન્ન છે તો જ્ઞાયક તને જણાય જશે. આહાહા ! પણ રાગ જણાય છે ને આ જણાય છે ને પર જણાય છે, અનંતકાળથી અધ્યવસાન કર્યું. આહાહા ! કરવાના બહાને મિથ્યાત્વ અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાના બહાને પણ મિથ્યાત્વ. બહિર્મુખતા છે.

જ્ઞાનમાં પ્રતિબિંબ થતા, પ્રતિબિંબ થાય છે ત્યાં સુધી જ્ઞાન કાંઈ મેલું નથી. જ્ઞાન તો જ્ઞાન છે. સ્ફટિકમણિ કાંઈ લાલ થઈ જાય જણાય એટલે ? ન થાય. આહાહા ! પ્રતિબિંબ થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય (એવું અજ્ઞાનીને ભાસે છે) પણ બધા ઝવેરી થઈ ગયા હો. ત્રણ રાઉન્ડ કર્યા ને, ત્રણ રાઉન્ડે બધા ઝવેરી, થઈ જ જાય ઝવેરી.

(શ્રોતા :– સિદ્ધાંતમાં ય ત્રણ રાઉન્ડ આવે) એ સિદ્ધાંતમાં આ પર જણાય છે ? નોકર્મ, કર્મ જણાય છે ? રાગ જણાય છે ? આહાહા ! એક સમયની જ્ઞાનની પર્યાય પરસંબંધી જણાય છે ? એકલો જ્ઞાયક જ જણાય છે એમ લે ને. રાઉન્ડ છે ને. ઘુસી જા અંદરમાં. જાણનાર જણાય છે પર જણાતું નથી.

જ્ઞાનમાં પ્રતિબિંબ થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય, એવું અજ્ઞાનીને ભાસે છે. જ્ઞાન રાગરૂપે થાય નહીં, ચેતન જડરૂપે ન થાય. આહાહા !

તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું જ્ઞાનમય છું એ ન આવ્યું. હું જ્ઞાનમય છું, હું દર્શનમય છું એ ન આવ્યું ને હું રાગી ને હું દ્વેષી, હું ક્રોધી, હું માની છું. ઈત્યાદિ, આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે. વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહી અને વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા થાય છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહી વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા થાય છે. જો બીજા સમયે અકર્તા ઉપર દૃષ્ટિ જાય તો વિશેષ અપેક્ષાએ રાગનો અકર્તા થઈ જાય. શું સામાન્ય ? શું વિશેષ ? આ જ, માણેકભાઈ સમજવા જેવું છે. આહાહા !

મુંબઈ હું હતો ને મુંબઈ થોડો વખત રહ્યો'તો. મારા કામે ગયો'તો. તો વાંચનમાં કહું કે શ્રીમંતો પોતાના દિકરા માટે ટ્યુશન રાખે, ઓલો ટ્યુશનવાળો કહે કે ભાઈ અમને તો પાંચસોથી ઓછું પોસાય એવું નથી. એ કસે પણ નહીં ભલે પાંચસો લેજો. તો ટ્યુશન રાખે-પાંચસો રૂપિયા આપી, બે છોકરા હોય તો હજારને બદલે આઠસો આપે, એમ કરીને ટ્યુશન રાખે. ટ્યુશનના પૈસા મળે. આહાહા ! પણ કોઈ પંડિત રાખીને કલાક મને ભણાવો આ બાળપોથી ને એકડા, એના માટે એની પાસે પૈસા નથી, મરી જાય, એક રાતો પૈસો લઈ નહીં જાય. આહાહા !

પછી એમ અવારનવાર કહું, એમાં બે-ચાર જણા નીકળ્યા. એ કહે અમારે તો પંડિત રાખવા છે. એનો ઠરાવ ન હોય. એ કહેશે એ અમે આપશું. અમે મોટર મોકલશું લેવા માટે. વાહ ! જિજ્ઞાસા થઈ અને એ પ્રમાણે ચાલુ પણ થઈ ગયું. ત્યાર પછી મળ્યા મને. તમે આ વાત કરી. અમને તો ખ્યાલેય નહોતો. પૈસાનો તો ઢગલો છે. કોઈ કહે એક કરોડ છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ કહે બે કરોડ, કોઈને પચાસ લાખ પણ એમાં પાંચસો રૂપિયા પોતાના આત્મા માટે ખર્ચવા મહિનાના, રોજના નહીં. એમાં શું ? પણ એને સૂઝતું નથી. પૈસાવાળાને પૈસાનો સદુપયોગ કેમ કરવો ? (એ ખ્યાલ નથી આવતો). આહાહા ! દસ હજાર દાનમાં આપી દ્યે. પચાસ હજાર દાનમાં આપી દ્યે. પાંચ લાખ દાનમાં આપી દ્યે. તકતી માટે દાનમાં આપી દ્યે. પણ આત્મા માટે ? આહાહા !

એક સર હુકમચંદજી થઈ ગયા ઈન્દોરમાં, એ ત્યાંનો રાજા કહેવાય. શ્રીમંત માણસ. એ વખતે શ્રીમંતનો રાજા. સમજી ગયા-એને ઘેર હાથી હતા અને કાચનું મંદિર બનાવ્યું'તું. ઓહોહો ! એવું મંદિર ક્યાંય હિન્દુસ્તાનમાં નથી. એ પંડિતો રાખતા ત્રણ ત્રણ, ચાર ચાર, પાંચ-પાંચ, સમજી ગયા ને. એનું રસોડું જુદુ અને પૈસા જે જોઈએ ઈ. પણ એને કલાક, બે કલાક, અભ્યાસ, પ્રશ્નોત્તર-ગોષ્ઠી કરે જ્ઞાનની એ જ પૈસા ખર્ચ્યા કહેવાય. આજે તો કાંઈ એવું દેખાતું નથી. આહાહા !

અરે દ્રવ્ય, ગુણ, પર્યાય શું છે એ ખબર ન પડે. એના માટે કોઈ ટ્યુશન તો રાખો તમે. આહાહા ! પહેલેથી પાયાની કેળવણી શીખવી જોઈએ. આહાહા ! અદ્ધરથી મકાન ન ચણાય. પાયો મજબૂત હોય તો મકાન પાંચ માળ, દસ માળ, પચ્ચીસ પચ્ચીસ માળ ચણાય છે. પણ પાયો મજબૂત હોય તો. દ્રવ્ય, ગુણ, પર્યાય તો પાયો છે. ઉપાદાન-નિમિત્ત શું ? નિશ્ચય-વ્યવહાર શું ? ક્ષણિક ઉપાદાન શું ? ત્રિકાળી ઉપાદાન, નિમિત્ત-નૈમિત્તિક શું ? કર્તા-કર્મ શું ? જ્ઞાતા જ્ઞેય શું ? બહુ થોડુંક છે. બહુ થોડુંક. છ મહિનામાં તો બધું શીખી જવાય. છ મહિના તો બસ છે. એને એક તો ટાઈમ તો મળે છાપા વાંચવાનો, ટી.વી. જોવાનો બે બે કલાક પણ આ કરવાનો ટાઈમેય ન મળે અને આમાં પૈસા ખર્ચવાનું મનેય ન થાય. આહાહા ! હવે એ પંડિતને શું પાંચસો આપવાનો. કાંઈ ખબર નથી. પૈસાનો સદુપયોગ પણ કરતા આવડતો નથી.

ભાવાર્થ :- જ્ઞાન રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષમોહનો કર્તા છું એમ (માને) એને અજ્ઞાન ઉભું થાય છે.

જો ગાથા ૯૩. એક સાથે બોલો ૯૩ મી ગાથા.

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

ગાથાએ ગાથાએ અમૃત ભર્યું છે. એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. રાગનો હું કર્તા નથી. હું જ્ઞાનમય છું-હું જ્ઞાનમય છું ત્યાં રાગનું કર્તૃત્વનું ભૂતડું ભાગી જાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ભાગી જાય છે એટલે જ્ઞાતા સાક્ષાત્ જ્ઞાયકનો થાય ને પછી થોડો રાગ બાકી રહે એ જાણવા માટે છે. આહાહા ! એ ભેદ ઉપચાર પછી અભેદ ઉપચાર અને પછી અભેદ અનુપચાર વિચાર આવ્યો રાત્રે.

ગાથાનો અર્થ :- જે પરને, પરને એટલે રાગાદિને પોતારૂપ કરતો. પોતાના માનતો, રાગ મારો છે. દેહ મારો, શરીર મારું, ફલાણું મારું, પરને પોતાપણે માનતો એ પોતાપણે થાય નહીં. આહાહા ! દુકાન રજનીની ક્યારેય થાશે ? ભોગીભાઈ ! ક્યાં ગયો શૈલેષ ? બધા અહીં આવી જશો તો દુકાન કોણ ખોલે ? આહાહા ! બાપુજીએ કહ્યું કે એક કલાક તો બધાયે અહીંયા આવવું. આવે છે બધાય. ઓલો ચેતનેય આવ્યો છે બોલો. ચારેય આવ્યા છે. ચાર છે ને ! (શ્રોતા :- પોતાની વાત છે ને બાપુ) આહાહા ! આ પૈસો કાંઈ સુખ નહીં આપે હોં. આત્માનું જ્ઞાન સુખ આપશે. શાસ્ત્રનું જ્ઞાન પણ સુખ નહીં આપી શકે.

જે પરને પોતારૂપ કરતો નથી. રાગને પોતારૂપ માનતો નથી. પોતાને પર કરતો નથી. પોતે પણ પરરૂપે છું એમ માનતો નથી, તે જ્ઞાનમય જીવ, કર્મનો એટલે રાગનો અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી, જ્ઞાતા થઈ જાય છે. એ પણ જ્ઞાયકનો જ્ઞાતા થયા પછી. આહાહા ! (શ્રોતા :- એ શરત મોટી છે) શરત મોટી.

જ્ઞાન એનું નામ કે જે જ્ઞાન આત્માને જાણે અને જાણીને પછી બહાર નીકળે, ટકાય નહીં અંદરમાં ત્યારે થોડો અસ્થિરતાનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, પૂજા, યાત્રાનો ભાવ આવે-વ્રતાદિના વિકલ્પો ઉઠે, તો તેને જાણે છે કે રાગી તો પુદ્ગલ છે. હું રાગી નથી. આજ તો ઘણા હળવા દાખલા ને ઘણી હળવાશથી બધી મૂળ વાત કહી દીધી હોં. મૂળ વાત બધી.

ટીકા :- જ્ઞાનથી આ આત્મા, જ્ઞાનથી આ આત્મા, આત્મજ્ઞાનથી આ આત્મા, જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી આત્મા, આત્માને જાણનારા જ્ઞાનથી આત્મા, પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય, જુદાઈ જાણતો હોય, જ્ઞાનમાં જ્ઞાયક જણાણો તો જ્ઞાયક તે હું, અને પછી દેહાદિ ને રાગ જણાય તો એમાં મારાપણું ભાસે નહીં. એ પરાયાભાવો છે. મારા સ્વભાવો નથી. વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહીં કરતો, રાગાદિને દેહાદિને મારા છે એમ નહીં માનતો, એ તો પારકી વસ્તુ છે. અને પોતાને પર નહીં કરતો એટલે જ્ઞાનમય રાગરૂપે ન થાય અને રાગ જ્ઞાનરૂપે ન થાય, બેની જુદાઈ ભાસે છે એ ભેદજ્ઞાન છે.

પોતે જ્ઞાનમય થયો થકો, આહાહા ! જ્ઞાનમય તો હતો પણ જ્ઞાનમય થયો, શું કહ્યું ? એ સામાન્ય ઉપયોગ તો હતો અને રાગ પણ હતો પણ એ બે નો તફાવત નહોતો ભાસતો, કે આ જ્ઞાન તે હું ને રાગ તે હું નહીં, ત્યાં જ્ઞાન તે હું એમ નક્કી કરવા ગયો, તો જ્ઞાનમય તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો પણ હવે અતીન્દ્રિયજ્ઞાનમય થયો, આત્મજ્ઞાનમય થયો. કોઈ જ્ઞાનમાં પરોક્ષ જણાતો તો આત્મા, હવે પ્રત્યક્ષ જણાવા લાગ્યો. આત્મા જ્ઞાનમય તો પ્રથમથી જ છે. એનો કાંઈ ન્યાય છે ? કે હા. જ્ઞાનમય તો છે પણ જ્ઞાનમય થાય છે. જ્ઞાનમય છે એટલે એ પ્રત્યેક જીવને એના જ્ઞાનમાં પરોક્ષપણે તો જ્ઞાયક જણાય રહ્યો છે, પણ જ્યાં અંદરમાં એમાં થોડોક લીન થાય તો પ્રત્યક્ષ થઈ જાય છે આત્મા, તો જ્ઞાનમય થયો થકો એમ કહ્યું'તું.

જ્ઞાનમય હતો અને જ્ઞાનમય થયો, પણ જ્ઞાનમય હતો ને પછી જ્ઞાનમય થયો એ તો પ્રશ્ન રહ્યો નહીં. ના એમ નથી. એના જ્ઞાનમાં પરોક્ષપણે આત્મા તો બધાને જણાતો'તો બાળગોપાળ સૌને ભગવાન આત્મા પરોક્ષપણે તો જણાય છે, પણ પરોક્ષપણે જણાય એમાં સાધ્યની સિદ્ધિ થતી નથી. પણ પરોક્ષપણે જણાય છે એમાં તો આવ. પરોક્ષપણે રાગ જણાય છે એ તો કાઢી નાખ. એ પ્રત્યક્ષેય જણાતો નથી ને પરોક્ષપણે પણ જણાતો નથી. પરોક્ષપણે જો કાંઈ ન જણાતું હોય તો શું જણાય છે ? કે મારો જ્ઞાનાનંદ આત્મા જણાય છે. મને પ્રત્યક્ષ થયો નથી હોં. પ્રભુ ! ગુરુને કહે છે શિષ્ય, પ્રભુ મને પ્રત્યક્ષ થયો નથી હોં. આનંદનું વેદન નથી આવ્યું પણ મને રાગ જણાતો નથી પ્રત્યક્ષ કે પરોક્ષ. ત્યારે તને શું થાય છે ? મને તો જ્ઞાયક જણાય છે. જણાય છે ? તો જણાય તો આનંદ આવવો જોઈએ. કે આનંદ નથી આવતો, તો ય જણાય છે. આહાહા ! ગુરુ કહે શાબાશ ! એ કેવી રીતે ? એ કહે છે કે મને અત્યારે પરોક્ષ જણાય છે, તો પણ આપની કૃપાથી હમણાં પ્રત્યક્ષ જણાય જશે તો આનંદ આવશે.

શાસ્ત્રનો આધાર આપણે લઈએ એટલે બધાને સમજાય અને વધારે દઢતાનું કારણ થાય. કળશ ટીકામાં કળશ-૮ છે. આહાહા ! આ સમયસાર આદિ શાસ્ત્રો રહી ગયા. પરોક્ષ શું ને પ્રત્યક્ષ શું ? પરોક્ષ ન જણાતો હોય તો પ્રત્યક્ષ થાય જ નહીં અને પરપદાર્થ જો પ્રત્યક્ષ જણાતા હોય તો ત્યાંથી વ્યાવૃત જ્ઞાન થાય નહીં તો એને જ જાણ્યા કરે.

જુઓ આમાં છે, વળી કેવી છે આત્મજ્યોતિ 'ઉન્નીયમાનં' સંસ્કૃતનો શબ્દ છે એનું ગુજરાતી, ચેતના લક્ષણથી જણાય છે. આહાહા ! જણાયા જ કરે છે બધાને હોં. આત્મા જણાય છે, મોટર નથી જણાતી, આત્મા જણાય છે. ચેતના લક્ષણથી એટલે ઉપયોગ લક્ષણથી, એટલે જ્ઞાનલક્ષણથી, જ્ઞાન કહો, ઉપયોગ કહો, ચેતના કહો, બધું એકાર્થ છે. ચેતના લક્ષણથી જણાય છે, આત્મજ્યોતિ હોં. આ ઝળહળ જ્યોતિ જ્ઞાનમાં જણાય છે. જણાય છે છતાં આનંદ આવતો નથી, જણાય છે એ વાતેય સાચી અને આનંદ આવતો નથી એ વાત પણ સાચી. પણ જણાય તો તો આનંદ આવવો જોઈએ. સાંભળ ! શાંતિથી જરાક સાંભળ ! માર્મિક વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતના લક્ષણથી જણાય છે. કોણ ? આ આત્મજ્યોતિ, કેવી છે આત્મજ્યોતિ ? કે પોતાના જ્ઞાનમાં આત્મા જણાય રહ્યો છે એમ. તેથી અનુમાનગોચર પણ છે, અનુમાનગોચર પણ છે. અનુમાન એટલે પરોક્ષ. આહાહા ! પ્રત્યક્ષ જો થઈ જાય તો તો સમ્યગ્દર્શન થઈ જાય. નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય. અરે-ઘડી-બેઘડી વિચાર કરે. મારા જ્ઞાનમાં તો જાણનાર જણાય છે, જ્ઞાયક જણાય છે. આ તો અંદરમાં પરોક્ષ અનુભૂતી થાય. હજી પરોક્ષ અનુભૂતિનું ઠેકાણું નથી તો પ્રત્યક્ષ ક્યાંથી થાય ? સંતોએ પોકાર કર્યો છે શાસ્ત્રોએ, શું લખ્યું આમાં ? આત્મજ્યોતિ ચેતના લક્ષણથી જણાય છે આત્મા, જ્ઞાનથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે, પરોક્ષપણે જણાય છે.

હવે બીજો પક્ષ, 'ઉદ્યોતમાનં' ઓલું પરોક્ષ અને હવે પ્રત્યક્ષ આવે છે. પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ઓમાં અનુમાનગોચર કહ્યું'તું પરોક્ષમાં અને હવે અનુભવગોચર. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં, ભેદબુદ્ધિ એટલે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે, એનું નામ ભેદ. જ્ઞાનમાં રાગ જણાય છે એ તો અજ્ઞાન છે. ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. જીવવસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે એ તો ભેદનું કથન થયું એટલે પરોક્ષ છે. જણાય છે એ સાચું, પણ છે પરોક્ષ, પ્રત્યક્ષ નથી. પ્રત્યક્ષ હમણાં થશે.

વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જુઠો છે. આહાહા ! આત્મા આત્માને જાણે છે એટલે જ્ઞાનમાં આત્મા જણાય છે એટલો ભેદનો વિકલ્પ પણ જુઠો છે. એમાં આનંદનો સ્વાદ આવતો નથી. ત્યારે શું કરવું હવે ? જો કે શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. આ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એ ભેદ કાઢી નાખ. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. આહાહા ! જ્ઞાયક તો જ્ઞાયક જ છે, એ તો પ્રત્યક્ષ અનુભવગોચર છે. પરોક્ષ પર્યાયનો વ્યય, અનુમાન પર્યાયનો વ્યય, ઈન્દ્રિયજ્ઞાનનો વ્યય, અનુમાન ઈન્દ્રિયજ્ઞાન છે-માનસિક જ્ઞાન. એનો વ્યય અને અતીન્દ્રિય જ્ઞાનનો ઉત્પાદ થઈને આત્માને પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય છે. સાક્ષાત્કાર ! ગૃહસ્થ અવસ્થામાં. આ બહેનો-ભાઈઓ બધાને આત્મદર્શન થઈ શકે છે. આહાહા ! એવી અપૂર્વ વસ્તુ શાસ્ત્રમાં છે.

પરોક્ષપણે જણાય છે-પરોક્ષપણે જણાય છે માટે પ્રત્યક્ષ થાય છે. પરોક્ષમાં નિર્ણય થાય છે ને પ્રત્યક્ષમાં અનુભવ થાય છે. એ પરોક્ષમાંય આવતો નથી. મને તો આ જણાય છે. આ જણાય છે. હવે એ નથી જણાતું એને જાણનાર જણાય છે. આહાહા ! એમ તો લે ! તો જણાય જશે. જાણનાર જણાય છે, જણાય છે, જણાય છે તો જણાય જશે. આ જણાય છે આ જણાય છે, આ જણાય છે. એમાં આત્મા કે દિ' જણાશે. કોઈ દિ' નહીં જણાય. (શ્રોતા :- પરોક્ષનો વ્યય ને પ્રત્યક્ષનો ઉત્પાદ) એનું નામ અનુભવ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રી સમયસારજી ગાથા - ૯૩**
**વીડિયો પ્રવચન નં.૧૮૮, સળંગ પ્રવચન નં. ૬**
**તા. ૧૭-૧૧-૮૯**
**સ્થળ : હિંમતનગર**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર છે.

અનાદિકાળથી આત્મા પોતે સ્વભાવથી જ્ઞાયક હોવાથી જ્ઞાતા જ છે. કથંચિત્ જ્ઞાતા અને કથંચિત્ કર્તા એવો આત્માનો સ્વભાવ નથી. સર્વથા જ્ઞાયક છે એટલે સર્વથા જ્ઞાતા છે. આમ હોવા છતાં અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને આ રાગાદિને હું કરું છું ને રાગ મારું કર્મ અને હું કર્તા એવી અજ્ઞાનમય પ્રવૃત્તિ અનાદિકાળથી કરીને ચાર ગતિના દુઃખને ભોગવી રહ્યો છે. એ દુઃખની નિવૃત્તિનો ઉપાય, કે તું જ્ઞાતા છો અને રાગાદિનો કર્તા નથી. એ બતાવનારું આ શાસ્ત્ર છે.

એમાં ૯૨ ગાથામાં અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન કરતો એટલે પોતે જ્ઞાતા હોવા છતાં, પોતે પોતાની મેળે બીજાના ઉપદેશ વિના કર્તાબુદ્ધિ રાખતો હતો એટલે અહીં કર્તાબુદ્ધિ છૂટી જાય છે, ત્યારે એને નવું જ્ઞાન આત્મજ્ઞાન, અનુભવજ્ઞાન પ્રગટ થાય છે.

૯૩ ગાથાનું આ મથાળું છે. ગાથા-૯૩ ચાલે છે, કે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. શાસ્ત્રજ્ઞાન નહીં પણ આત્મજ્ઞાનથી. રાગાદિને હું કરુ છું એવી મિથ્યા માન્યતારૂપ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એવા ભાવકર્મનો ઉત્પાદ થતો નથી. જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે અજ્ઞાનત્વ થતું નથી અને જ્યારે જ્ઞાનનો ત્યાગ કરે છે સમયે સમયે અજ્ઞાની, ત્યારે અજ્ઞાનત્વ થાય છે. એવા અજ્ઞાનના ત્રણ પેટા ભેદ છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર.

હવે ટીકામાં પહેલો શબ્દ છે. જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી. શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞેય છે અને આત્મજ્ઞાન તે જ્ઞાન છે. તો જ્ઞાનથી એટલે કે અનુભવજ્ઞાનથી, આત્મજ્ઞાનથી, સ્વસંવેદનજ્ઞાનથી આ આત્મા પરનો એટલે રાગાદિનો, દેહાદિનો અને પોતાનો પરસ્પર, અરસપરસ વિશેષ નામ જુદાઈ-ભેદ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહીં કરતો, રાગાદિ પરભાવ છે એ પોતાપણે હવે ભાસતા નથી. પોતાપણે જ્ઞાન થાય છે. જ્યારે જ્ઞાનમાં જ્ઞાયક પોતાપણે ભાસે છે ત્યારે આ રાગાદિ ને દેહાદિ ને કર્મ એ પોતાપણે ભાસતા નથી પણ પરપણે જણાય જાય છે. પરની સન્મુખ થયા વિના આત્માથી વિમુખ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયા વિના, પરની સન્મુખ થયા વિના આત્મજ્ઞાન પ્રગટ થાય છે, કે આ આત્માને આત્માપણે જાણતું અને પરને પરપણે જાણતું એવું એક જ્ઞાન પ્રગટ થાય છે, ત્યારે પરને પોતારૂપ નહીં માનતો, નહીં કરતો એટલે પોતાપણે નહીં માનતો અને પોતાને પર નહીં કરતો. આ મને જ્ઞાન પ્રગટ થાય છે એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે કે શાસ્ત્રથી થાય છે એમ છે નહીં. પોતાને પર નહીં કરતો પોતે જ્ઞાનમય થયો થકો, આહાહા !

જે જીવ અજ્ઞાનમય થયો થકો, એ આવ્યું'તું ને આપણે પોતે અજ્ઞાનમય થયો થકો, ૯૨ ગાથા ટીકાની છેલ્લી બે લીટી. પોતે અજ્ઞાનમય થયો થકો, એ પર્યાયાર્થિકનયનું કથન છે. અને અહીંયા શું છે ? પોતે જ્ઞાનમય થયો થકો, એ પણ પર્યાયાર્થિકનયનું કથન છે. પણ સ્વભાવરૂપક્રિયા હોવાને કારણે ઓને અશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. આને શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. પર્યાયાર્થિકનયનું જ કથન છે. એમ કે પોતે, જ્ઞાનમય થયો થકો, નવું જ્ઞાન પ્રગટ થયું છે. આત્મજ્ઞાનમય થયો થકો એ જ્ઞેયપ્રધાન કથન છે.

આત્માનો અનુભવ થાય ત્યારે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. ધ્યેય તો ધ્રુવ ભગવાન પરમાત્મા છે. જે પરિણામ માત્રથી રહિત છે. કેમકે તેનું ધ્યાન કરતાં એક આત્મજ્ઞાન પ્રગટ થાય છે. એ આત્માનું જ્ઞાન અને આત્મા બેય અનન્યપણે થઈને જ્ઞાનમાં જણાય જાય છે. ધ્રુવ તો શ્રદ્ધાય છે અને ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તંસત્ જણાય છે. ઉત્પાદ્વ્યયધ્રુવ ભવાય છે, ભવાય છે એટલે જણાય છે, એવું પરિણમન થયું. શુદ્ધ પરિણમન નવું થયું. એ જ્ઞાનમય થયો થકો, પર્યાયપ્રધાનથી જ્ઞાનમય થાય છે. આહાહા ! દૃષ્ટિપ્રધાનથી તો એ પરમ પારિણામિક ભાવમય છે.

કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. કર્મોનો અકર્તા થાય છે એમ ન લખતાં, કર્મો તો છે. રાગાદિભાવ તો અસ્થિરતાના ભલે હો પણ હું એનો કર્તા છું, એ મિથ્યા પ્રતિભાસ થતો હતો એ નીકળી ગયો, રાગ રહી ગયો. પણ રાગનો હું કર્તા છું એમ હવે મને ભાસતું નથી. આત્મજ્ઞાન થતાં એ જ્ઞાયકનો જ્ઞાતા થતાં એ પર્યાયનો પણ જ્ઞાતા થાય, તો એને વ્યવહાર કહેવામાં આવે છે. અને જ્ઞાયકનો જ્ઞાતા થવા પહેલાં જો પર્યાયને જાણે તો એને અધ્યવસાન થાય છે, એમ રમેશભાઈના ભજનમાં સવારે આવ્યું'તું. આહાહા !

શું કહે છે ? પ્રભુ ! આહાહા ! પ્રતિભાસે છે. હું અકર્તા છું એવું જ્ઞાન થાય છે. હું અકર્તા છું એવું જ્ઞાન થાય છે. એની દૃષ્ટિ અકર્તા જ્ઞાયક ઉપર પડી છે અને આ પરિણામ જે થાય છે, થવાયોગ્ય થાય છે એનો હું કરનાર નથી. પહેલાય થવાયોગ્ય થાતા'તા પરિણામ પણ એની બુદ્ધિ મિથ્યાત્વથી, પર્યાય ઉપર દૃષ્ટિ હતી એટલે એને ખોટો મિથ્યાભાસ થતો હતો કે આ પરિણામને હું કરું છું. પરિણામ તો થવા યોગ્ય એના સ્વકાળે થાય છે પણ એને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ ભાસતું'તું કે આ પરિણામ મારાથી થયા. હવે જ્યાં સુદૃષ્ટિ થઈ, સ્વભાવદૃષ્ટિ થઈ, જ્ઞાન પ્રગટ થયું, જ્ઞાનરૂપે પરિણમે છે, જ્ઞાનમય થયો થકો કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. કર્મોનો અકર્તા થયો એમ નહીં. જો અકર્તા થયો તો પૂર્વે કર્તા હતો એમ આવી જશે. પૂર્વે કર્તા નહોતો પણ કર્તાનો ભાસ હતો. વર્તમાન અકર્તારૂપે થયો તો હું અકર્તા છું એવું જ્ઞાન થયું, ભાન થયું. આહાહા !

આ જૈનદર્શન કોઈ અલૌકિક અકર્તાવાદ છે. જૈનદર્શન છે ને એ જ્ઞાતા સ્વભાવી આત્માને પ્રસિદ્ધ કરે છે. છે તો અકર્તા. અકર્તાવાદ જૈનદર્શનમાં છે એ વાત કોઈ દર્શનમાં નથી. કોઈ ઈશ્વરને કર્તા માને, કોઈ પોતે પરનો કર્તા માને, કર્મના ઉદયથી કાર્ય થાય એમ માને, નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય એમ અનેક પ્રકારે આત્માને અકર્તા હોવા છતાં કર્તા માની બેઠો છે. એ કર્તાબુદ્ધિનું શલ્ય, મોહ, મિથ્યાત્વના નાશનો ઉપાય સમયસારમાં છે.

અકર્તા પ્રતિભાસે છે. આહાહા ! કેમ અકર્તા પ્રતિભાસે છે ? રાગ તો છે, દેહ છે, કર્મ છે, તો હવે અકર્તા છું એમ પ્રતિભાસે છે. કેમ કે પરિણામનો કર્તા પરિણામ છે, એમ જ્ઞાનમાં અધિકપણે જણાણું. જ્ઞાનમાં અકર્તા જ્ઞાયક તન્મય થઈને જ્યાં જણાય છે ત્યાં પર્યાય પણ હોય છે. પણ પર્યાયનો હું કર્તા છું એવો મિથ્યાભાસ થતો નથી. કેમ કે પર્યાયનો કર્તા પર્યાય પણ છે અને પર્યાયનો કર્તા ત્રિકાળી દ્રવ્ય પણ છે એમ નથી. એક સત્તના બે કર્તા હોઈ શકે નહીં. એક સત્તનો એક કર્તા હોય. એક પરિણામના બે કર્તા ન હોય. એમ એક દ્રવ્યના બે કાર્ય પણ ન હોય. એક દ્રવ્યનું એક જ કાર્ય હોય. જ્ઞાન જ કાર્ય છે. જ્ઞાન પણ કાર્ય ને રાગ પણ કાર્ય એમ છે નહીં.

કર્મોનો અકર્તા પ્રતિભાસે છે એટલે જ્ઞાતા પ્રતિભાસે છે. અકર્તા કહો, કે જે કંઈ પરિણામ થાય અનુભવની પર્યાય તેને હું જાણું છું પણ એને હું કરું છું એવો મિથ્યાભાસ નીકળી જાય છે. જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર કરેલો નહીં પણ જાણેલો પ્રયોજનવાન છે. એ પણ જ્ઞાયકને જાણ્યા પછી એવો વ્યવહાર ઊભો થાય છે. પછી એને ઓળંગીને પાછો અનુભવ થાય છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે.

જેમ શીત-ઉષ્ણપણાનો અનુભવ એટલે જ્ઞાન, અનુભવ એટલે વેદન નહીં. અનુભવનો અર્થ ટાઢી-ઉની અવસ્થાનું અજ્ઞાની વેદન કરે છે એમ નહીં, જાણે છે. જણાય છે જ્ઞાનમાં. ટાઢી હોય તો ટાઢી અવસ્થા, ઉની હોય તો ઉની અવસ્થાનો અનુભવ એટલે જ્ઞાન કરાવવામાં સમર્થ, એટલે નિમિત્તપણું. આહાહા ! સમર્થ એટલે કે એ જ્ઞેયો કાંઈ બળાત્કારે, ટાઢી-ઉની અવસ્થા એમ આત્માને કહેતી નથી કે મને તમે જાણો. ટાઢી-અવસ્થા આત્માને એમ કહેતી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી કે તું મને જાણ. ઉની અવસ્થા એમ કહેતી નથી કે તું મને જાણ, પણ સમર્થ એટલે કે એમાં નિમિત્તપણું એ પ્રકારે એ વખતે હોય છે. એટલે એ અનુભવ કરાવવામાં, જ્ઞાન કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, એ ટાઢી-ઉની અવસ્થા તો પુદ્‌ગલના પરિણામ છે માટે પરિણામીના પરિણામ છે. એટલે પરિણામીથી પરિણામ અનન્ય-અભેદ છે. ન્યાં અભેદ છે ઈ તો અને એ સંબંધીનું અહીં જે જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે.

પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા ! સદાય-ત્રણેયકાળ, અત્યંત-સર્વથા ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. તે પ્રકારનો અનુભવ તે આત્માથી અભિન્નપણાને લીધે, જ્ઞાન ઉપયોગમાં ટાઢી-ઉની અવસ્થા જણાય. ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન અને એ સંબંધીનું જે જ્ઞાન થાય છે એ આત્માથી અભિન્ન છે. એટલે આત્માના પરિણામ આત્માથી અભિન્ન અને પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન હોય. આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા !

પુદ્‌ગલથી પુદ્‌ગલના પરિણામ અભિન્ન, જ્ઞાનથી અભિન્ન આત્મા જણાય છે ત્યારે એ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે એમ જણાય છે. તેવી રીતે, ઈ દૃષ્ટાંત થયો. બેય ગાથામાં દૃષ્ટાંત તો સરખો જ છે. તેવી રીતે તે પ્રકારનો, તે પ્રકારનો, તથા પ્રકારનો, તે પ્રકારે નિમિત્ત હોય એ પ્રકારનું જ્ઞાન જ્ઞાનથી થાય, નિમિત્તથી જ્ઞાન ન થાય આત્માનું. જ્ઞેયથી આત્માનું જ્ઞાન ન થાય. અનંતકાળથી માની લીધું છે કે શાસ્ત્રથી જ્ઞાન થાય, એમ છે નહીં. આત્માથી આત્માનું જ્ઞાન થાય છે. ભાઈ ! આહાહા !

આત્માથી અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી સદાય-અત્યંત ભિન્ન છે. તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, નિમિત્તની પ્રધાનતાથી કથન કરે છે. એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, આહાહા ! રાગ-દ્વેષ, સુખદુઃખ જીવના પરિણામ નથી, પુદ્‌ગલના પરિણામ છે. કેમ ? એનું કારણ શું ? કે જેના લક્ષે જે પરિણામ થાય એ એના જ હોય. જેમ કે પાણી સ્વભાવે શીતળ છે અને અગ્નિનું નિમિત્ત અને પર્યાયની તત્ સમયની યોગ્યતા-ક્ષણિક ઉપાદાન, તો એ પાણી ઉનું થયું. તો જે ઉષ્ણતા છે એ પાણીની છે કે અગ્નિની છે ? એવો ઊંડો વિચાર કરો, ઊંડી મિમાંસા એટલે એનો તલસ્પર્શી વિચાર કરો, કે એ પાણીની અવસ્થા છે કે અગ્નિની અવસ્થા છે ? કે પાણીની તમે ઠંડી અવસ્થાની વાત કરો છો કે ઉષ્ણ અવસ્થાની ? કે અમે તો ઉષ્ણ અવસ્થાની જ વાત કરીએ છીએ. તો ઉષ્ણતા લક્ષણ પાણીનું છે કે ઉષ્ણતા લક્ષણ અગ્નિનું છે ? કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉષ્ણતા લક્ષણ અગ્નિનું છે. તો વ્યવહારનય કહે છે, કે એ અગ્નિની અવસ્થા નથી પણ પાણીની છે. નિશ્ચયનય કહે છે કે એ અવસ્થા અગ્નિની છે. તો બેમાંથી એક સત્યાર્થ અને એક અસત્યાર્થ હોય. બેય સત્યાર્થ ન હોય.

તો કહે છે કે અગ્નિના સંગથી જે પાણી ગરમ થયું પર્યાય. પાણી તો શીતળ રહીને ઉનું થાય છે. શીતળતા છોડતું નથી પાણી, પાણી એટલે ત્રિકાળી દ્રવ્ય, એનો જે શીતળ સ્વભાવ પારિણામિક સ્વભાવ પાણીનો, એ પાણી પોતાના શીતળ સ્વભાવને છોડ્યા વિના પર્યાય અગ્નિના સંગમાં જાય ત્યારે એ શીતળ પર્યાયનો વ્યય અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ્ અને ત્રિકાળસ્વભાવ તો એમ ને એમ શીતળ રહેલો છે. એ એના સંગે પરિણામ થયા માત્ર અગ્નિના. એ રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ પુદ્ગલના છે. આહાહા ! હાય ! હાય ! પુદ્ગલના કહેશો તો લોકો નિશ્ચયાભાસી થઈ જશે. એ નિશ્ચયાભાસી થશે કે જ્ઞાની થશે. આત્મજ્ઞાની થશે નિશ્ચયાભાસી નહીં થાય. જેની માથે ગુરુ બેઠા છે અને જે નયવિભાગની યુક્તિ દ્વારા સમજાવે છે એને ભૂલ થવાનો સંભવ નથી.

એવી રાગદ્વેષસુખદુઃખાદિની પુદ્ગલ પરિણામની અવસ્થા, પુદ્ગલથી પાછી અભિન્ન. દયા, દાન, કરુણા, કોમળતાનો ભાવ, ભક્તિનો ભાવ રાગ, પ્રશસ્ત, અપ્રશસ્ત એ પુદ્ગલના પરિણામ છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહાહા ! અને એનું દુઃખ આવે, પરિણામનું દુઃખ થાય તેનું ફળ, તો એ દુઃખ આત્માથી અભિન્ન છે કે પુદ્ગલથી અભિન્ન છે ? કે પુદ્ગલથી અભિન્ન છે. અને એ સંબંધીનું જ્ઞાન આત્માથી અભિન્ન છે. આ ભેદજ્ઞાનની કળા છે. અનાદિકાળથી જે અચેતન જડ પરિણામને જીવના પરિણામ માન્યા છે, દેહ જડ છે, એમ રાગ પણ જડ છે. રાગ, રાગનેય જાણે નહીં અને રાગ જાણનારને પણ જાણતો નથી. પ્રભુ ! આહાહા !

પુદ્ગલ પરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે, આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. સદાય, અત્યંત, સર્વથા. સદાય એટલે ત્રણેકાળ, અત્યંત એટલે સર્વથા, ભિન્ન એટલે જુદી. અને તેના નિમિત્તે થતો, જુઓ ઉપાદાન તો જ્ઞાનની પર્યાયનું. એક કાર્યમાં બે કારણ હોય. એક ઉપાદાન કારણ ને એક નિમિત્ત કારણ, જ્ઞાન તો જ્ઞાનથી થાય છે. એના ઉપાદાન કારણથી થાય છે. એ જ્ઞેય છે રાગ માટે રાગનું જ્ઞાન થાય છે એમ નથી. રાગથી પણ રાગનું જ્ઞાન નહીં ને રાગનું પણ જ્ઞાન નહીં. જ્ઞાન તો જ્ઞાનથી જ થાય છે. રાગ તો નિમિત્તમાત્ર છે. પુદ્ગલ તો નિમિત્ત નહીં પણ નિમિત્તમાત્ર. આહાહા ! નિમિત્ત કહેતા તો નિમિત્તકર્તાની બુદ્ધિ થાય. નિમિત્તમાત્ર છે બસ. આહાહા ! એની હાજરી છે.

તેના નિમિત્તે થતો, આહા ! તેના નિમિત્તથી થતો એમ નથી લખ્યું. તેના નિમિત્તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતો, અહીંયા ઉપાદાનમાં જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સામે એક રાગ નિમિત્ત છે. તો એ રાગ હોય તો, રાગનું અહીંયા રાગ સંબંધીનું જ્ઞાન થાય. દેહ હોય તો દેહ સંબંધીનું, દુઃખ હોય તો દુઃખ સંબંધે, જ્ઞેય જ્ઞેયના ક્ષેત્રમાં અને જ્ઞાન જ્ઞાનના ક્ષેત્રમાં. રાગદ્વેષસુખદુઃખ તે જ્ઞેયના ભાવો છે. એ જ્ઞાયકના ભાવો નથી અથવા તો ભાવકનો ભાવ છે એ. જ્ઞેય કહો તો જ્ઞેયનો ભાવ અને એને વિભાવભાવ કહો કષાય, તો ભાવકનો ભાવ. ભાવકનો ભાવ પણ છે ને જ્ઞેયનો ભાવ પણ છે. જ્ઞાનમાં જણાય માટે જ્ઞેયનો ભાવ અને કષાયથી લ્યો તો એ ભાવકનો ભાવ. આહાહા !

આ સમયસાર તો ઘણાને સમ્યગ્દર્શનમાં નિમિત્ત થયું. એકાવતારી પુરુષ થઈ ગયા શ્રીમદ્જી, એને પણ સમયસાર નિમિત્ત થયું. એને પણ પુદ્ગલના પરિણામ ભાસ્યા. જીવના પરિણામનો પ્રતિભાસ દૂર થઈ ગયો, ત્યારે આત્માનો અનુભવ થાય છે. આહાહા ! ઘણાં જીવોને, બનારસીદાસ છે, રાજમલજી છે. ઘણાં ઘણાં જીવો પૂર્વે થયા, એને સમયસાર નિમિત્ત થાય છે. આહાહા ! નિમિત્ત થાય છે એટલે એમાં એમ લખ્યું છે કે રાગ પુદ્ગલના પરિણામ છે જીવના નથી, ત્યારે નિમિત્ત થાય. એ રાગ મારા પરિણામ છે, તો એ નિમિત્ત ન થાય. આહાહા !

તેના નિમિત્તથી થતો, જ્ઞેયના નિમિત્તથી, અહીં જ્ઞાન ને ઓલું જ્ઞેય. આહાહા ! કાલ વાત થઈ હતી કે જ્ઞેય છે એટલે બિંબ છે અને એ આમાં જણાય છે એ પ્રતિબિંબ છે, એ જ્ઞાનની પર્યાય છે. અહીંયા જે એ છે, એ અહીં જણાયું એ એના ક્ષેત્રમાં ને આત્મા આત્માના ક્ષેત્રમાં. તેના નિમિત્તે થતો તે પ્રકારનો, એટલે જે પ્રકારે જ્ઞેય હોય તે તે પ્રકારે સ્વયં સિદ્ધ જ્ઞાન જ્ઞેયથી નિરપેક્ષ, જ્ઞેયથી નિરપેક્ષ જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન જ્ઞાનથી પ્રગટ થાય છે તે નિશ્ચય છે. તે એની ઉપાદાન શક્તિ છે અને એમાં આ રાગ જણાય છે તે નિમિત્ત છે. એક ઉપાદાન અને બીજું નિમિત્ત.

તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, જ્ઞાન આત્માથી અભિન્ન છે ને રાગ આત્માથી ભિન્ન છે. સ્વભાવથી ભિન્ન છે. નમઃ સમયસારનો શ્લોક છે. એમાં આચાર્ય ભગવાન માંગલિક કહે છે, માંગલિક કર્યું. આહાહા ! સમયસારની શરૂઆતમાં માંગલિક મૂક્યું છે. પંચ પરમેષ્ઠિને, સિદ્ધને, અરિહંતને નમસ્કાર કરવાનો શિષ્ટાચાર છે- વિનય છે. તો આ તો અધ્યાત્મશાસ્ત્ર ને એમાંય અમૃતચંદ્રાચાર્ય ભગવાન ! આહાહા ! એ પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાની વિધિ કહેતા, એમ કહે છે કે આ શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. કારણ કે આ શુદ્ધાત્મા જ પોતે પંચપરમેષ્ઠિ સ્વરૂપે છે. એમાં કહે છે કે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત છે આત્મા. કઈ નયથી રહિત છે ? કે સ્વભાવને નયની જરૂર નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી શીતળ છે. કઈ નયથી ? અગ્નિ ઉની છે કઈ નયથી ? અરે ! એમાં સ્વભાવને નયની જરૂર નથી. એ તો અબુધ હોય, સમજતો ન હોય એને નય દ્વારા સમજાવવામાં આવે છે. કાંઈ નયને પકડવાથી આત્મજ્ઞાન થતું નથી. આહાહા ! અને નયોનો સહારો લીધા વિના એ જેમ તેમ માની લેશે, માટે પ્રથમ નયોનો સહારો એને હોય છે. પછી અનુભવના કાળે છૂટી જાય છે.

અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. રાગથી આ આત્મા, જ્ઞેયથી આ આત્મા, જીવતત્ત્વ અજીવતત્ત્વથી સર્વથા ભિન્ન છે. આહાહા ! એ બધા અજીવના ચિતરામણ છે. રાગદ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ નવેય તત્ત્વ. શ્રીમદ્જીએ એક જીવ ને એક અજીવ. આમ ગોળ ચક્કર કર્યું છે. જીવ પછી અજીવ, અજીવ પછી વિસ્તાર. આ જીવનો વિસ્તાર નથી નવતત્ત્વ. કેમકે અજીવનો સદ્ભાવ ને અભાવના યોગથી થતાં ભાવો એ બધા પૌદ્ગલિક કર્મકૃત છે. આહાહા ! એક અપેક્ષાએ તો પરદ્રવ્ય છે. અધ્યાત્મની પરાકાષ્ટામાં તો નવતત્ત્વ પરદ્રવ્ય છે. આ બધું સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું. કુંદકુંદઆચાર્ય ભગવાને ઝીલ્યું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, આહાહા ! પરમાત્મ પ્રકાશમાં પણ આ વાત છે. ઘણી જગ્યાએ છે.

આત્માથી અભિન્નપણાને લીધે, પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. ત્યારે જ્ઞાનને લીધે, આત્મજ્ઞાનને લીધે, શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી, ભ્રમણા છે. દુકાન સંબંધીનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નથી. મણીભાઈ ! આહાહા ! કાપડનું જ્ઞાન, આ કાપડ જણાય તો કાપડનું જ્ઞાન થયું. કાપડનું જ્ઞાન થયું તો જ્ઞાન તો કાપડ થઈ ગયું. આહાહા ! 'જે જેનું હોય તે તે જ હોય' 'આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે' આત્માનું જ્ઞાન થવાથી નહીં.

આત્માનું જ્ઞાન, અનાદિ અનંત બધાયને આત્માનું જ્ઞાન થાય છે. બધા ભવી હોય કે અભવી હોય સમયે સમયે એ ઉત્પાદ થાય છે ઉપયોગનો, જ્ઞાનચેતનાનો એમાં ભગવાન અકર્તા એવો જ્ઞાયક જણાય છે, માટે આત્મા જ્ઞાતા છે. પરને જાણે છે માટે આત્મા જ્ઞાતા છે એમ છે નહીં, એ વ્યવહાર છે. આહાહા ! એમાં દોષ આવશે. જો એ તમે સિદ્ધ કરવા જશો કે પરને જાણે છે માટે જ્ઞાતા છે તો એમાં દોષ આવી જશે. નિર્વિકલ્પ ધ્યાનમાં મુનિરાજ જાય છે ત્યારે કોઈ પણ પર પદાર્થ જણાતો નથી. તો એ જ્ઞાતા રહે છે ? કે જ્ઞાતાપણું મટી જાય ? અરે જ્ઞાતાપણું સાક્ષાત ઉગ્ર થઈ જાય અંદરમાં, પરને જાણે છે માટે જ્ઞાતા, એમ જો તમે નક્કી કરવા જાવ તો દોષ આવશે. અવ્યાપ્તિ નામનો દોષ આવશે, માટે જ્ઞાતાનું લક્ષણ તો જ્ઞાયકને જાણે છે માટે જ્ઞાતા છે. એમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ દોષ કોઈ આવતો નથી. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિર્વિકલ્પ ધ્યાનમાં જાય, મોક્ષમાર્ગ પ્રકાશકમાં રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે તેમાં લખે છે ટોડરમલજી સાહેબ કે જ્યારે સાધક નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે ત્યારે બહાર શું થાય છે, એની કાંઈ એને ખબર હોતી નથી. ઢોલ વાગતા હોય, સિંહ ગર્જના કરતા હોય. આહાહા ! જંગલમાં મુનિરાજ 'ઐસે મુનિવર દેખે વનમેં જાકે રાગ-દ્વેષ નહીં તન મેં' આહાહા ! અરે મુનિરાજની અવસ્થા કોઈ જુદા પ્રકારની છે. અત્યારે આ બધુ ચાલે છે. ગરબડ બધી બહુ થઈ ગઈ.

જ્યારે જ્ઞાનને લીધે આત્મા, આત્મજ્ઞાનને લીધે આત્મા. જ્ઞાન એટલે આત્મજ્ઞાન. નવતત્ત્વનું જ્ઞાન નહીં. છ દ્રવ્યનું જ્ઞાન નહીં. કેમકે જ્ઞાન છ દ્રવ્યનું ન હોય. જ્ઞાન આત્માનું હોય. ભલે છ દ્રવ્ય જણાય. જણાય ત્યારે પણ છ દ્રવ્યનું જ્ઞાન નહીં. છ દ્રવ્ય જણાય ત્યારે પણ જ્ઞાન છ દ્રવ્યનું નથી, એ તો આત્માનું છે. આહાહા ! આત્માથી અનન્ય અભેદ છે, તન્મય છે. કાંઈ છ દ્રવ્યથી જ્ઞાન તન્મય છે ? આહાહા ! ત્યારે જ્ઞાનને લીધે, આત્મજ્ઞાનને લીધે, અનુભવ જ્ઞાનને લીધે, આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો, એટલે તે સંબંધીના જ્ઞાનનો, અનુભવ એટલે જ્ઞાન, વેદન નહીં. રાગદ્વેષસુખદુઃખનું વેદન કરે છે એમ નહીં અનુભવનો અર્થ, અનુભવ એટલે જ્ઞાન.

તેના જ્ઞાનનો નિમિત્તની પ્રધાનતાથી એમ કહેવાય કે તેનું જ્ઞાન થયું. ઉપાદાનની પ્રધાનતાથી જ્ઞાન જ્ઞાનનું થાય છે. પણ સમજાવવામાં તો વ્યવહાર આવ્યા વિના બીજો શું ઉપાય ? તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે-વિશેષ તફાવત, આ જ્ઞાન છે ને રાગ જ્ઞેય છે. આત્મા કર્તા છે ને રાગ આત્માનું કર્મ છે એમ નથી. એ અજ્ઞાની માનતો'તો. આત્મભાન થયું, આત્મજ્ઞાન થયું. જ્ઞાન કર્મ થયું ત્યારે રાગ જ્ઞેય થઈ જાય છે. આત્મજ્ઞાન ન હોય ત્યાં સુધી રાગ મારું કર્મ છે, એમ અજ્ઞાન ઊભું થાય છે. આત્મજ્ઞાન થયા પછી જ્ઞાન આત્માનું કર્મ થાય છે-કાર્ય, કર્મ એટલે કાર્ય. અને જે આત્માનું જ્ઞાન થાય છે, એમાં રાગ જ્ઞાનનું જ્ઞેય થાય છે પણ કર્તાનું કર્મ એ બનતું નથી. રાગ હોય ખરો, શરીર પણ હોય, કર્મ પણ ભલે હો પણ એ પરજ્ઞેયપણે જ્ઞાન, આત્મજ્ઞાન એને પરજ્ઞેયપણે જાણે છે. સ્વજ્ઞેયપણે આખો આત્મા જણાયો. દ્રવ્ય, ગુણ ને પર્યાય સહિત અનુભવ. પરિણામી આત્મા સ્વજ્ઞેય છે અને અપરિણામી આત્મા ધ્યેય છે. અપરિણામી ધ્યેય અને પરિણામી જ્ઞેય ને સમય એક, સમય એક. આ શું ? આહાહા ! આ શું ચમત્કાર !

સમંતભદ્રઆચાર્યે કહ્યું છે. હે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, તે એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવને ત્રણેયને જાણ્યા માટે હું તને સર્વજ્ઞ તીર્થંકર કહું છું. આ તારો વૈભવ દેવકૃત છે તેથી હું તને સર્વજ્ઞ માનતો નથી. આહાહા ! એક સમયમાં કેવળજ્ઞાને, તારા કેવળજ્ઞાને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયમાં ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ એવું એક જ્ઞેય જે જાણ્યું. એક જ્ઞેયના ત્રણ ભેદ, પણ ત્રણ સમય ન લાગ્યા. અરે તનેય ત્રણ સમય લાગતા નથી ને મનેય શ્રુતજ્ઞાનમાં ત્રણ સમય લાગતા નથી. મનેય એક સમયમાં જ્ઞાન થાય છે. સાધક કહે છે એની સામે કે જેમ તમે કેવળજ્ઞાન વડે એક જ્ઞેયના ત્રણ ભેદને ત્રણ સમયે નથી જાણતા એક સમયે જાણો છો. એમ અનુભવ કાળમાં સાધક એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવને એક સમયમાં જાણે છે. આહાહા ! છદ્મસ્થ છે ને ? અરે પ્રભુ ! આહાહા ! એ શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે. અપરિણામીને ધ્યેયપણે જાણે એને જ પરિણામી જ્ઞેયપણે જણાય. જે ધ્યેયપણાને છોડે છે તેને ધ્યાન પ્રગટ થતું નથી, માટે ધ્યાતા પણ થતો નથી. સાધક થતો નથી.

અપરિણામીને જાણતાં તે સમ્યક્ પ્રકારે પરિણમી જાય છે. આત્માનું ભાન થયું ને આત્માની પ્રતીતિ થઈ, તે વખતે સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર વીતરાગભાવે પરિણમે છે આત્મા. તો જે સમયે અપરિણામીને એણે જાણ્યો એ જ સમયે પરિણામીને જાણે છે. આહાહા ! જે સમયે ધ્રુવનું ધ્યાન કર્યું તે જ સમયે ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્નું જ્ઞાન થઈ જાય છે, સમય એક છે પ્રભુ. આહાહા ! એ કેવળજ્ઞાનનો અંશ છે શ્રુતજ્ઞાન, સમયસારમાં તો ત્યાં સુધી લખ્યું, કે એ જ્યારે નય પક્ષાતિક્રાંત આત્મા થાય છે ત્યારે અનુભવના કાળમાં એ કેવળી જેવો છે. આહાહા ! આ બધું શાસ્ત્રમાં છે. આહાહા ! આ દિગંબર શાસ્ત્રમાં છે, આ કંઈ ગુરુદેવે નવું નથી કાઢ્યું. આહાહા ! આ મૂળ દિગંબર શાંતિસાગર દિલ્હી રહે છે. આપણા વાંચનકાર છે ત્યાં પ્રવચન આપે છે.

પ્રભુ ! આ તો ધીરો થઈ શાંતિથી આત્મહિત કરવા માટેનું જો લક્ષ રાખીને અધ્યયન કરે તો કામ થઈ જાય. માન માટે નહીં, ધન માટે કરે તો નહીં, માનાર્થિ છે. મોક્ષાર્થિ નહીં. આહાહા ! મોટો ફેર. ધનાર્થિ અને મોક્ષાર્થિનો મોટો ફેર, શ્રીમદ્જીએ કહ્યું છે. માન ન હોત તો અહીંયા મોક્ષ હોત, એકાવતારી પુરુષ થયા છે. આહાહા ! એ સ્વર્ગમાં છે, મહાવિદેહક્ષેત્રમાં નથી ગયા. અહીંથી સમ્યગ્દષ્ટિ મહાવિદેહક્ષેત્રમાં ન જાય, મિથ્યાદષ્ટિ જાય. પણ સમ્યક્ની ભૂમિકામાં આયુષ્ય બંધાય તો ઊંચા દેવનું જ બંધાય. આહાહા ! ચાર પ્રકારના દેવો છે. ચાર પ્રકારના વૈમાનિક દેવ, ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી. સમ્યગ્દષ્ટિ વૈમાનિક દેવમાં જાય. વ્યંતર ન થાય. એ ભૂતડું ન થાય. જ્યોતિષિમાં ન જાય. ઊંચો દેવ થાય. આહાહા ! ત્યાંથી નીકળીને આત્માનું ધ્યાન ધરીને (મોક્ષને પામે). આહાહા !

ઘણાં વખતથી ભાવ હતો ત્યાં ઈડર જવાનો, આંહી આવ્યા છીએ ત્યારે. પાંત્રીસ વર્ષ પહેલા અમે બાપુજીની સાથે ઈડર ગયા'તા પાંત્રીસ વર્ષ પહેલા હોં. ત્યાંથી અમે અહીં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હિમ્મતનગર આવ્યા. અહીં અમે તો કોઈને ઓળખીએ નહીં. અહીં અમને કોઈ ઓળખે નહીં. સમજી ગયા. નામથી તો બધાય જાણતા હોય. મીઠાભાઈ અહીં વાંચતા'તા, ત્યારે અમે આવ્યા'તા દેવદર્શન કરવા, તો તે ઊભા થઈ ગયા. તમે વાંચો. રહસ્યપૂર્ણ ચીઠ્ઠી કાલે વાત થઈને પછી તારાચંદભાઈને ત્યાં જમવા ગયા'તા. પ્રમુખ છે ને અહીં. આહાહા !

આ તો કોઈ અલૌકિક વાત છે. સમયસાર તો ભાગવતી શાસ્ત્ર છે. આત્માના લક્ષે અધ્યયન કરવું જોઈએ. આ સમજું ને પછી બીજાને સમજાવું, લાઈન ફરી ગઈ. બીજાને સમજાવવા માટે તું સમયસારનું અધ્યયન કરે છે એમ ! અને તારાથી બીજા સમજશે ? ત્રણ કાળમાં બનવાનું નથી. આહાહા !

આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો એટલે જ્ઞાનનો. પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે રાગ ભિન્ન ને જ્ઞાન ભિન્ન. સોગાનીજીને એક શબ્દ કાન પર પડ્યો. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. ધ્યાનમાં મગ્ન થઈ ગયા ! આહાહા ! ભવનો અંત કરી લીધો. એક રાતમાં ભવનો અંત. આહાહા ! શ્રીમદ્જીએ બહુ આપ્યું છે જગતને. એક ટુકડો એમનો બહુ સરસ છે. 'અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું'તું.' અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું'તું તે જ્ઞાન. શું લખ્યું ? જે અનંતકાળથી હોં. અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું'તું. હું સોનગઢ ગયો'તો ત્યારે એક બહેને મને પ્રશ્ન પૂછ્યો, કે અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું'તું. એ જ્ઞાન ભવહેતુ થાય કેવી રીતે ? પ્રશ્ન પૂછ્યો ? કે જ્ઞાન એટલે ઈન્દ્રિયજ્ઞાન. ઈન્દ્રિયજ્ઞાન એટલે અજ્ઞાન. આહાહા ! કોઈ દિ' આત્મજ્ઞાન ભવ હેતુ થાય ? પણ એ માર્મિક શબ્દો હોય ને એટલે સમજાય નહીં. આહાહા !

અનંતકાળથી જે જ્ઞાન એટલે ઈન્દ્રિયજ્ઞાન-શાસ્ત્રજ્ઞાન, પંચ-પરમેષ્ઠિનું જ્ઞાન. આહાહા ! ભવ હેતુ-ભવનું કારણ-ભવ હેતુ ભવનું કારણ થતું હતું. એ જ્ઞાનને સમયમાત્રમાં જાત્યાન્તર કર્યું. જાતી બદલી ગઈ. ઈન્દ્રિયજ્ઞાનને બદલે અતિન્દ્રિયજ્ઞાન, જાત્યાન્તર કર્યું. આહાહા ! અને ભવ નિવૃત્તિરૂપ થયું. ઓલું ભવહેતુ હતું, આ ભવ નિવૃત્તિરૂપ થયું. એવા સમ્યગ્દર્શનને નમસ્કાર કરું છું. આહાહા ! નિરાંતથી ને શાંતિથી જ્ઞાનીના ગમા (સમજવા જોઈએ). આહાહા ! શું કહ્યું ?

જ્યારે જ્ઞાનને લીધે, આત્મજ્ઞાનને લીધે હોં, આત્મભાન. શાસ્ત્રજ્ઞાન ને આત્માનું ભાન. શાસ્ત્રનું જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે, આત્માનું ભાન એ આત્મજ્ઞાન છે. એ જ્ઞાનને લીધે આત્મા, તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ, પરસ્પર રાગ ભિન્ન ને જ્ઞાન ભિન્ન છે, એમ રાગથી જ્ઞાન ભિન્ન ને જ્ઞાનથી રાગ ભિન્ન, એને પરસ્પર જુદાઈ કહેવામાં આવે છે. પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, આવું ભેદજ્ઞાન જાણતો હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન જ છે. આહાહા !

જુઓ આ ભાન થઈ ગયું. જ્ઞાન અને રાગ એકપણે ભાસતું'તું અજ્ઞાનથી, જ્ઞાન બિડાઈ ગયું'તું. તે ભેદજ્ઞાનથી જ્ઞાન ઉઘડી ગયું. કે રાગ ભિન્ન છે ને જ્ઞાન ભિન્ન છે. ત્યારે તેઓ એક નથી પણ ભિન્ન છે. એક નથી પણ ભિન્ન છે. એક નથી કેમ સમજાવવું પડ્યું ? કે પહેલા જે એક માનતો'તો અને હવે ભિન્નતા ભાસી. એટલે પૂર્વની પર્યાયનું એને જ્ઞાન થઈ ગયું. પૂર્વે એક માનતો હતો. હવે ભિન્ન જાણવા માંડ્યો. આહાહા ! પૂર્વ પર્યાયના વ્યયપૂર્વક ઉત્તર પર્યાયનું જ્ઞાન ને ધ્રુવનું અવલંબન. આહાહા ! પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને ધ્રુવનું અવલંબન. ધ્રુવના અવલંબને એ પૂર્વ પર્યાયના વ્યયનું જ્ઞાન થાય. ધ્રુવના લક્ષે પૂર્વ પર્યાયના વ્યયનું જ્ઞાન થાય, પૂર્વ પર્યાયના વ્યયના લક્ષે, પૂર્વ પર્યાયના વ્યયનું જ્ઞાન પણ ન થાય. પર્યાયદષ્ટિ થઈ જાય. મીઠાભાઈ ! સમજાણું ?

પહેલા એમ માનતો હતો, કે રાગ અને આત્મા એક છે એમ માનતો'તો. સ્વીકાર કર્યો. આત્મભાન થયું. હવે ભિન્ન છે એમ જાણવામાં આવ્યું. તો બે તત્ત્વ એક નથી. તેઓ એક નથી એવું પણ જ્ઞાન થયું અને ભિન્ન છે તેવું પણ જ્ઞાન થયું. તો પૂર્વ પર્યાયમાં એકત્વ ભાસતું હતું. તે પૂર્વ પર્યાયનો વ્યય એનું જે જ્ઞાન એ ધ્રુવના લક્ષે થાય છે. પૂર્વ પર્યાયનો વ્યય થયો એના લક્ષે પૂર્વ પર્યાયનું જ્ઞાન ન થાય. અને વર્તમાન ઉત્પાદ્ પર્યાય છે તે ભિન્ન છે, એ ઉત્પાદ્‌ના લક્ષે પણ ઉત્પાદનું જ્ઞાન ન થાય. એ તો ધ્રુવના લક્ષે પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ ને ધ્રુવનું અવલંબન ત્રણનું જ્ઞાન એક સમયમાં થઈ જાય છે. એ આ રીતે ધ્રુવના આશ્રયે થાય છે. પ્રેમચંદજી ! આ પણ દિલ્હીના. બેય જણા દિલ્હીના છે.

જે કાયમી વસ્તુ હોય તે જ જાણી શકે ને તેના લક્ષે જ જ્ઞાન થાય, પૂર્વ ને ઉત્તરનું. ધ્રવનું જ્ઞાન રહે અને પૂર્વ ઉત્તરનું જ્ઞાન પૂર્વ-ઉત્તર પર્યાયના લક્ષ વિના સહજ થઈ જાય છે. આહાહા ! પરલક્ષઅભાવાત્, પર્યાયના લક્ષે પર્યાયનું જ્ઞાન ન થાય. દ્રવ્યના લક્ષે પર્યાયનું જ્ઞાન સહજ થઈ જાય છે. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થાય છે. 'અનેકાંતિક જ્ઞાન પણ સમ્યક્‌એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' આહાહા ! નજર પડવી જોઈએ, નજર પડે તો ન્યાલ થાય. આહાહા !

ભારતમાં જ્ઞાની થતા જાય છે-જતા જાય છે. જાય છે એ કહેતા જાય છે ને ચાલ્યા જાય છે. કહેતા જાય છે મોક્ષમાં ચાલ્યા જાય છે. ભારતનો પ્રવાહ છે ચોવીસ તીર્થંકર થયા. એવા ઘણાં જ્ઞાનીઓ, સંતો, સાધુઓ, સામાન્ય કેવળીઓ ભારતમાં થયા. એક હમણાં લેખ આવ્યો અમેરિકાથી. અમેરિકાથી કોઈ સંસ્થાનો મોટો વડો એ ગુજરી ગયો. પણ તે છેલ્લે છેલ્લે એમ બોલ્યો, કે આત્મા અમૂર્તિક-અરૂપી છે. અને આ બધું દેખાય છે એ પુદ્‌ગલ જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આવું આત્માનું જો જ્ઞાન કરવું હોય તો એને ભારતમાં જનમ લેવો પડશે. એ વિદ્યા ત્યાં છે. અમેરિકામાં નથી, રશિયામાં નથી, લંડનમાં નથી. ત્રણ શબ્દ લખ્યા એણે. સમજી ગયા. કોઈ સોસાયટીનો પ્રમુખ હતો એ સંસ્થાનો મોટો વડો રોબર્ટ. એનું નામ રોબર્ટ. લેખ આવ્યો'તો. ભારતમાં જનમ લેવો પડશે. આ વિદ્યા બીજે ક્યાંય નથી.

એનું કારણ છે કે તીર્થંકરો અહીં જન્મે છે, રશિયામાં કે ચીનમાં જનમ્યા છે કોઈ ? આહાહા ! મોટે ભાગે તો અયોધ્યામાં જન્મે અને બધા મોટે ભાગે તો સમ્મેદશિખરથી મોક્ષ પધારે. પણ આ હુંડા અવસર્પિણીકાળ છે એટલે થોડોક ફેર પડી ગયો. વીસ તીર્થંકર ત્યાંથી પધાર્યા અને ચાર તીર્થંકરો જુદી જુદી જગ્યાએથી મોક્ષે ગયા. થોડો ફેર પડ્યો અહીંયા. બાકી તો કાયમ માટે અયોધ્યામાં જન્મે અને સમ્મેદશિખરથી મોક્ષ પધારે. આહાહા ! ગુરુદેવ પધાર્યા જાત્રાએ સમ્મેદશિખર ત્યારે પહાડ ઉપરથી કહ્યું. આહાહા ! અહીંથી હજારો લાખો કેવળી થયા છે. સિદ્ધ થયા છે સમશ્રેણીએ. અહીંયા આપણે ઊભા છીએ ને આપણા ઉપર બિરાજમાન છે, એમ કહ્યું. એવી ભાવના વ્યક્ત કરી. એ જાત્રામાં પણ આત્મા યાદ આવે જ્ઞાનીને, આ જાત્રા કરીએ તો શુભભાવ થશે ને થયો અને પુણ્ય બંધાય, એવી ભાવના જ્ઞાનીને ન હોય. આહાહા !

અરે અનંતકાળથી શુભભાવ તો કર્તાબુદ્ધિએ કર્યો. સાધક થયા પછી કર્તાબુદ્ધિ વિના સહજ થાય છે. ગુણસ્થાન પ્રમાણે શુભભાવ આવે છે, જ્ઞાની આત્માને જાણતા જાણતા એમાં એને જણાઈ જાય છે, તો જાણે છે એમ કહેવામાં આવે છે. શુભભાવ કરવો એ વ્યવહાર નથી, એ અજ્ઞાન છે અને શુભભાવને આત્માથી ભિન્ન જાણવો તેનું નામ વ્યવહાર છે. એ જાણવું તે વ્યવહાર, કરવું તે વ્યવહાર નથી. આહાહા ! બધાય કર્તાબુદ્ધિએ ચડી ગયા. આટલું તો કરવું, આમ કરવું, આમ કરવું આમ, કાંઈ કરવું એ તારા સ્વભાવમાં નથી. જાણનાર છે આત્મા. આહાહા ! ''આત્મા જ્ઞાનમ્ સ્વયં જ્ઞાનમ્ જ્ઞાના અન્યત્ કરોતિ કિમ્ પરભાવસ્ય કર્તાત્મા મોહોયં વ્યવહારિણમ'' રાગને હું કરું છું. એ વ્યવહારીજીવની મૂઢ જીવની માન્યતા છે. આહાહા ! આત્મા તો જ્ઞાનમય છે. સૂર્ય શું કરે ? પ્રકાશને ફેલાવે. એ ઘડાને આઘો પાછો કરે ને તમારું કંઈ ચણવાનું કામ કરી દે એમ નથી. આહાહા ! જેમ ચક્ષુ છે. દૃશ્ય પદાર્થને દૂરથી દેખે, એમ આત્માનું જ્ઞાન કેવળ જ્ઞેય પદાર્થોને જાણે, પણ જ્ઞેય પદાર્થને કરે કે વેદે નહીં, એ આત્માના સ્વભાવમાં નથી.

તેઓ એક નથી પણ ભિન્ન છે. તેમાંથી નીકળ્યું તેઓ એક નથી પણ ભિન્ન છે, પણ હવે એક નથી એને કાં યાદ કરો ? કે એવું પૂર્વ પર્યાયના વ્યયનું જ્ઞાન, ઉત્તર પર્યાયના ઉત્પાદપૂર્વક, પૂર્વ ઉત્તરનું જ્ઞાન ધ્રુવને આશ્રયે થઈ જાય છે. લક્ષ તો ધ્રુવનું છે પણ પૂર્વ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તરનું જ્ઞાન પણ થઈ જાય છે. આહાહા ! નિર્વિકલ્પ ધ્યાનમાં તો એક જ સમય છે. સવિકલ્પ દશામાં આ પૂર્વ પર્યાય ને આ ઉત્તર પર્યાય એવા ભેદથી સમજાવે છે. એ જ્ઞેયના ખરેખર ત્રણ ભેદ નથી. જ્ઞેય પણ એક જ છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્, એક સત્ છે. અભેદનયે એક સત્ ભેદનયે ત્રણ સત્ છે. ત્રણપણું કાયમ રાખીને એકપણાનું જ્ઞાન થાય એનું નામ જ્ઞેય કહેવાય.

ફરીને, ''ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તંસત્'' એ જ્ઞેયની અપેક્ષાએ એક સત્તા છે, જ્ઞેયની અપેક્ષાએ એક સત્તા છે. અભેદનયે એક સત્તા છે અને ભેદનયથી જુઓ તો ત્રણ સત્તા. ઉત્પાદ સત્, વ્યય સત્ ને ધ્રુવ સત્. આહાહા ! ઉત્પાદ્ તે વ્યય નથી ને વ્યય તે ઉત્પાદ્ નથી ને ઉત્પાદ્ તે ધ્રુવ નથી ને ધ્રુવ તે ઉત્પાદ્ નથી. વ્યય તે ધ્રુવ નથી, ધ્રુવ તે વ્યય નથી. આહાહા ! આ જૈનદર્શન અલૌકિક છે. સમજાય, ન સમજાય એવું કાંઈ નથી. છ મહિનાની મુદ્દત આપી છે. બસ છ મહિનાના ટાઈમની મુદ્દત. છ જ મહિનાનો ટાઈમ હો. એય ઉત્કૃષ્ટ કોઈ પ્રમાદી હોય ને બુદ્ધુ હોય એને માટે છ મહિના, બાકી તો અંતર્મુહૂર્ત બસ થઈ જાય, એમ સમયસારમાં લખ્યું છે. આ લખ્યું છે. રુચિપૂર્વક છ મહિના અભ્યાસ કરે તો બસ છે. મારે આત્મા જોઈએ છે. બીજું કાંઈ (નથી જોઈતું). અનંતકાળ વીત્યો ને અનંતવાર નવમી ગ્રૈવેયકમાં પણ ગયો. આહાહા ! પણ કાંઈ હાથમાં આવ્યું નહીં. આહાહા !

તેઓ એક નથી પણ ભિન્ન છે એવા એકને લીધે, એવું જ્ઞાન પ્રગટ થયું, બોલો. આહાહા ! એવું જ્ઞાન પૂર્વ પર્યાયનું-ઉત્તર પર્યાયનું જ્ઞાન. ઉત્તર પર્યાયનું જ્ઞાન ધ્રુવના અવલંબને થયું ત્યાં પૂર્વ પર્યાયનું જ્ઞાન પણ થઈ ગયું. કેમકે પૂર્વ પર્યાયના વ્યયપૂર્વક ઉત્તર પર્યાય પ્રગટ થાય છે, તો પૂર્વ પર્યાયના જ્ઞાનપૂર્વક ઉત્તર પર્યાયનું જ્ઞાન ધ્રુવના આશ્રયે થઈ જાય છે. તે એક નથી પણ ભિન્ન છે-એવું વર્તમાનમાં જ્ઞાન પ્રગટ થઈ ગયું. એ જ્ઞાની થઈ ગયો.

તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, વિવેક એટલે જ્ઞાન. વિવેક એટલે જુદાઈ. આ સ્વ ને આ પર એવો આત્મજ્ઞાનમાં વિવેક થાય છે. સ્વને સ્વપણે અને પરને પરપણે, શીત-ઉષ્ણપણાની માફક. આહાહા ! કેવો દાખલો સજ્જડ આપ્યો, કે જેમ આત્મા ટાઢી-ઉની અવસ્થારૂપે પુદ્ગલરૂપે થાય જ નહીં. થવું અશક્ય, પણ તેવી રીતે રાગરૂપે થવું અશક્ય છે ? કે, ના સાહેબ. કથંચિત્ રાગરૂપે થાય અને કથંચિત્ રાગરૂપે ન થાય એવો સ્યાદ્વાદ લગાડો, કે સ્વભાવમાં સ્યાદ્વાદ નથી. આહાહા !

ત્રિકાળી જ્ઞાનાનંદ પરમાત્મા રાગરૂપે થાય એ શું વાત કરો છો ? આહાહા ! જો ઉષ્ણરૂપે થઈ જાય તો રાગરૂપે થાય. તો ઉષ્ણરૂપે તો આત્મા જડરૂપે તો થતો નથી માટે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગરૂપે આત્મા થતો નથી. આત્મા તો જ્ઞાનરૂપે હતો ને જ્ઞાનરૂપે રહ્યો ને અનંતકાળ જ્ઞાનરૂપે રહેવાનો છે. આહાહા ! એ જ્ઞાનનો નાશ નહીં થાય. રાગનો અભાવ થઈ જશે, કેમકે રાગ વિભાવ છે. રાગ સંયોગ છે, રાગ સ્વભાવ નથી. જ્ઞાન સ્વભાવ છે માટે જ્ઞાનનો વિચ્છેદ થાય નહીં ને વિભાવનો તો વિચ્છેદ થઈ જાય. આહાહા !

આ બધું લોજીકથી સિદ્ધ થાય એવું છે. આ કોઈ અમે કહીએ છીએ માટે માનવું એમ નથી. પણ તે પ્રકારનો વ્યવહારનો પક્ષ છોડી અને જ્ઞાતાના પક્ષમાં આવે, નિશ્ચયનો પક્ષ નહીં, જ્ઞાતાના પક્ષમાં આવે, કેમકે જ્ઞાતા તો નિશ્ચયથી પાર છે, જ્ઞાતાના પક્ષમાં આવે તો એનું કામ થાય. આહાહા !

શીત ઉષ્ણપણાની માફક જેમના રૂપે, જેમના રૂપે એટલે રાગરૂપે પરિણમવું અશક્ય છે. પરિણમવું અશક્ય છે એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનઆત્મા વડે જરાય નહીં પરિણમતો થકો, અજ્ઞાન ગયું. હવે હું રાગરૂપે પરિણમું છું એવી મિથ્યાબુદ્ધિ ટળી ગઈ, અને જ્ઞાનરૂપે પરિણમું છું. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન તેથી જ્ઞાનરૂપે પરિણમું છું. રાગરૂપે પરિણમતો નથી. રાગનું જ્ઞાન છે પણ રાગરૂપે થતો નથી. દેહનું જ્ઞાન છે પણ દેહમય થતો નથી. આઠ કર્મનું સંયોગનું જ્ઞાન છે પણ કર્મરૂપે થતો નથી. આહાહા ! શું સમયસાર છે ! સમયસારની ટીકા, 'ન ભૂતો ન ભવિષ્યતિ' અમૃતચંદ્રાચાર્ય !

અજ્ઞાનાત્મા વડે જરાય નહીં પરિણમતો, જરાય શબ્દ શું કામ મૂક્યો ? કે કથંચિત્ થોડો પરિણમે ને થોડો અપરિણમે. સાધક અવસ્થા હોય ને ! તો તો સાધક અવસ્થામાં થોડોક રાગરૂપે પરિણમે થોડોક જ્ઞાનરૂપે પરિણમે એમ-એમ રાખો ને. મિશ્ર અવસ્થા બિલકુલ નથી. રાગરૂપે પરિણમતો જ નથી. આહાહા ! જ્ઞાનરૂપે જ પરિણમે છે ને રાગરૂપે પરિણમતો નથી. જરાય નહીં શબ્દ વાપર્યો હો શબ્દ, જરાય, જરાય નહીં પરિણમતો. આહાહા ! એક એક શબ્દની કિંમત છે.

જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો. જ્ઞાન તો હતું-જ્ઞાન તો હતું પણ જ્ઞાન આમ ઉલ્ટી દિશામાં હતું. ઉપયોગનો દુરુપયોગ કરતો'તો, કે રાગ મારો, એ જ્ઞાનનું અજ્ઞાનત્વ કરતો હતો. હવે ભાન થયું, પોતાની યોગ્યતા અને દેશનાલબ્ધિ મળી. આહાહા ! તું તો જ્ઞાનમય છો ને, તું રાગમય થયો જ નથી. ત્યારે જરાય નહીં પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, જ્ઞાન તો હતું. જ્ઞાનનું જ્ઞાનત્વ. કાં જ્ઞાનનું અજ્ઞાન ને કાં જ્ઞાનનું જ્ઞાન પ્રગટ કરે. કરતો થકો પોતે જ્ઞાનમય થયો થકો, ઓમાં હતું કે પોતે અજ્ઞાનમય થયો થકો, એમ હતું. હતું ને આગળ.

હવે પોતે જ્ઞાનમય થયો થકો, આ હું જાણું જ છું. આ હું રાગને જાણું જ છું. રાગી તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પુદ્‌ગલ છે). આહાહા ! રાગી પુદ્‌ગલ છે, તો જ્ઞાનીને ભાસે એ સાચું કે અજ્ઞાનીને ભાસે એ સાચું ? જ્ઞાની કહે છે કે રાગી તો પુદગલ છે. અજ્ઞાની કહે છે કે રાગ તો જીવના પરિણામ છે. આહાહા ! મિથ્યાબુદ્ધિ છે. સંસારનું કારણ છે. આ હું રાગને જાણું છું. રાગને જાણું છું. એમકેમ લીધું કે રાગનો હું કર્તા નથી. કર્તાબુદ્ધિ છોડાવવા માટે રાગનો જ્ઞાતા એમ કહે છે. પણ જ્ઞાયકનો જ્ઞાતા થયા પછી રાગનો જ્ઞાતા તે વ્યવહાર છે. જ્ઞાયકનો જ્ઞાતા થવા પહેલા રાગનો જ્ઞાતા, અધ્યવસાન છે.

અમારે રમેશભાઈએ સવારે ગાયું'તું ઈ સારું હતું આ ટુકડો સારો હતો કે જ્ઞાયકને જાણ્યા પછી રાગને જાણે તો વ્યવહાર, જ્ઞાયકને જાણ્યા પહેલા રાગને જાણે તો અધ્યવસાન-અજ્ઞાન. આહાહા ! આ બધું શાસ્ત્રમાં છે. આ હું રાગને જાણું છું. રાગી તો-રાગી તો પુદ્‌ગલ છે. પુદ્‌ગલના સંગે થાય છે ને રાગ. એ અપેક્ષાએ તેને પુદ્‌ગલ કહે છે અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે. આહાહા ! કર્તા-કર્મ સંબંધ વ્યાપ્ય-વ્યાપક સંબંધ પુદ્‌ગલની સાથે છે. મારો જ્ઞાનની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ થયો તો રાગનો કોની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ દેખાણો ? પુદ્‌ગલની સાથે કર્તા-કર્મ. અહીંયા કર્તા-કર્મ જ્ઞાનની સાથે થયું, તો રાગનું કર્તા-કર્મ પુદ્‌ગલની સાથે જણાય છે જ્ઞાનીને, ઈત્યાદિ વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે. જ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિને તો ચોથા ગુણસ્થાને આ સ્થિતિ થાય. વખત થઈ ગયો.

卐

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૩

**શ્રી સમયસારજી ગાથા - ૯૨**
**વિડીયો પ્રવચન નં.૨૩૩ - B તથા ૨૩૪, સળંગ પ્રવચન નં. ૭**
**તા. ૨૬-૧-૯૦**
**સ્થળ : રાજકોટ**

હવે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે (તેમ તાત્પર્ય કહે છે.) કર્મનો સંવર થતો નથી પણ કર્મનો આસ્ત્રવ થાય છે. કર્મો નવા આવીને બંધાય છે. કારણ કે અહીંયા અજ્ઞાન છે. અહીંયા અજ્ઞાન છે ત્યાં કર્મો બંધાવાનો સ્વકાળ છે. કોઈ કોઈને કારણે નથી. અહીં બેયનો સ્વકાળ છે. અહીંયા સ્વભાવને ભૂલીને અજ્ઞાનરૂપે પરિણમે અને ત્યાં કાર્મણવર્ગણા સ્વયં પોતે કર્મરૂપે પરિણમી જાય છે. સ્વતંત્ર બેય દ્રવ્ય છે.

અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એટલે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. હવે આ ૯૨ મી ગાથા બહુ ઊંચા પ્રકારની છે. ખાસ સમજવા જેવી છે.

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને.**

કર્મ એટલે રાગનો કર્તા બને.

ગાથાર્થ :- જે પરને પોતારૂપે કરે છે. જે પર પદાર્થો જગતના જ્ઞેયો છે તેને પોતાના માને છે. અને પોતાને પણ પર કરે છે એટલે પોતે પરરૂપ ભાસે છે, તે અજ્ઞાનમય જીવ કર્મનો કર્તા થાય છે. બે દ્રવ્ય વચ્ચે ભિન્નતા હોવા છતાં, તેને એકતા ભાસે છે માટે કર્તા થાય છે.

ટીકા :- અજ્ઞાનથી આ આત્મા પરનો ને પોતાનો, પરનો એટલે કર્મ-નોકર્મનો અને પોતાનો એટલે જ્ઞાનાનંદ પરમાત્માનો, પોતાના સ્વભાવનો પરસ્પર-અરસપરસ વિશેષ એટલે કે તફાવત બે વચ્ચે, સ્વ અને પર વચ્ચે તફાવત નથી જાણતો. છે તફાવત-બેય જુદા છે. આત્મામાં થતું જ્ઞાન અને પુદ્‌ગલમાં થતો રાગ એ બે જુદી વસ્તુ છે. અજ્ઞાનથી આત્મા કર્તા થાય છે.

તો હવે અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે? અજ્ઞાનથી રાગનો કર્તા થાય છે એમ અત્યાર સુધી કહેતા આવ્યા. હવે અહીંયા કહે છે, કે અજ્ઞાન ઉત્પન્ન કેમ થાય છે? જો અજ્ઞાનની ઉત્પત્તિનું કારણ ખ્યાલમાં આવે તો તે કારણને છોડી દ્યે, તો અજ્ઞાન ઉત્પન્ન ન થાય, તો જ્ઞાની થઈ જાય. અજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ કારણ ક્યાંથી શરૂ થાય છે, એ ગાથા બહુ રહસ્યવાળી છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે અને દ્રવ્યકર્મમાં રાગ ઉત્પન્ન થાય છે. જીવમાં રાગ ઉત્પન્ન નથી થતો. જીવમાં તો એકલું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પુદ્‌ગલમાં એકલો રાગ ઉત્પન્ન થાય છે-દ્રવ્યકર્મમાં. એ દ્રવ્યકર્મમાં રાગ ઉત્પન્ન થાય છે એ ક્યાંથી આવ્યો ? કે પૂર્વે અજ્ઞાનભાવે પરિણમ્યો હતો અને તેના નિમિત્તે કર્મનું બંધન થયું હતું એટલે જે ભાવે બંધાણો હતો તેવો રસ પુદ્‌ગલની અંદર પડ્યો હતો, તેનો અબાધાકાળ પાકે ત્યારે કર્મ ઉદયમાં આવીને ખરે છે. અને અહીંયા (જીવમાં) જ્ઞાન પ્રગટ થાય છે. અજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ બિંદુ બતાવે છે, મૂળ પોઈન્ટ બતાવે છે.

અજ્ઞાન ઉત્પન્ન કેમ થાય છે ? અજ્ઞાન નથી પર કરાવતું અને અજ્ઞાન કરવાનો આત્માનો સ્વભાવ પણ નથી. છતાં અજ્ઞાન તો ઉત્પન્ન થાય છે. તો એ પરસ્પર બેની જુદાઈ જાણતો નથી. બેને એક માને છે. જીવ ને અજીવને, પુદ્‌ગલને ને જીવને એક માને છે ત્યાં સુધી તેને અજ્ઞાન થાય છે. હવે ઈ એક માનવાનું કારણ ક્યાંથી આવ્યું ? એ પણ અંદરમાં સ્પષ્ટીકરણ કરશે. ટીકા બહુ જોરદાર છે. ઓમાં તો એટલું છે કે સ્વ ને પરની તફાવત-જુદાઈ જાણતો નથી. એકમેક માને છે માટે અજ્ઞાનથી કર્તા થાય છે. આમાં બહુ ઘણી ચોખવટ સમજવા જેવી આવશે.

અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો, એ જે મૂળ ગાથામાં છે ને એ શબ્દે શબ્દ રાખીને પછી ટીકા કરશે. પહેલા અન્વયાર્થ પ્રમાણે કહેશે. અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ તફાવત ન જાણતો હોય ત્યારે, બસ ન જાણતો હોય ત્યાં સુધી-ત્યારે પરને પોતારૂપ કરતો, એટલે પરભાવ છે એને પોતાના ભાવરૂપે માનતો, પરભાવને પોતાના ભાવરૂપે માનતો અને પોતાને પર કરતો, પોતે જે ચેતન છે તેને જડરૂપ માનતો ને જડને ચેતન માનતો, પોતે અજ્ઞાનમય થયો થકો કર્મોનો કર્તા પ્રતિભાસે છે.

ઉપરમાં આવ્યું કે કર્મોનો કર્તા થાય છે. કુંદકુંદાચાર્ય ભગવાન એમ કહે છે કે ભાવકર્મનો કર્તા થાય છે. આંહી દ્રવ્યકર્મના કર્તાની વાત તો છે જ નહીં. ભાવકર્મનો કર્તા થાય છે. ક્યારે ? કે પરસ્પર તફાવત નથી જાણતો ત્યારે. હવે જે કર્તા થાય છે તેમ લખ્યું છે, તેમાં ટીકાકાર એમ કહે છે કે કર્મોનો કર્તા પ્રતિભાસે છે. હું રાગને કરું છું, રાગને કરે છે બીજો અને બીજો રાગને કરે છે ઈ બીજાના જ્ઞાનમાં જણાય છે (એટલે કે) પોતાના જ્ઞાનમાં જણાય છે.

હવે જ્યારે બીજો રાગની રચના કરે અને એ પુદ્‌ગલ રાગને રચે છે એ રચતો ભાવ જ્ઞાનની સ્વચ્છતામાં જણાય. એ વખતે જાણે આ રાગ મારો છે અને હું જ રાગને કરું છું, હું રાગને જાણું છું તેમ ન આવતા, હું રાગને કરું છું (તેમ અજ્ઞાની માને છે). કર્મોનો કર્તા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રતિભાસે છે. કર્તા થતો નથી. અકર્તાપણું છોડીને કર્તા થતો નથી. પણ કરે છે બીજો અને પોતામાં થાય છે જ્ઞાન ને બીજામાં થાય છે રાગ. પોતામાં રાગ થતો નથી અને બીજામાં જ્ઞાન થતું નથી. બીજામાં રાગ થાય છે દ્રવ્યકર્મમાં અને એમાં જ્ઞાન થતું નથી. અહીંયા જ્ઞાન થાય છે અને અહીંયા રાગ થતો નથી. આ અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે તેનો મૂળ પોઈન્ટ છે આ. આહાહા !

હવે કર્મોનો કર્તા એને પ્રતિભાસે છે એનું કારણ શું થયું ? કર્મ તો બીજો કરે છે. ભાવ કર્મને તો દ્રવ્યકર્મ કરે છે અને હું ભાવકર્મને કરું છું તેવી બુદ્ધિ તેને ક્યાંથી થઈ ગઈ. ભાવકર્મને કરે એ તો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનને કરે એ તો એનો સ્વભાવ છે અને ભાવકર્મને ન કરે એવો સ્વભાવ છે. જેમ જ્ઞાયક પર તણો નથી. જ્ઞાયક પરને જાણતો નથી. છતાં હું પરને જાણું છું ઈ ક્યાંથી આવ્યું આ ? એમ. એમ કહે છે કે આત્મામાં તો જ્ઞાન થાય છે અને દ્રવ્યકર્મમાં તો રાગ થાય છે. અહીંયા જ્ઞાન થાય છે એટલે રાગ થતો નથી. અને ત્યાં રાગ થાય છે એટલે જ્ઞાન થતું નથી. એકમાં અહીંયા જ્ઞાન છે અને ત્યાં જ્ઞેય છે. બેય જ્ઞેય છે. અહીંયા સ્વજ્ઞેય છે (એટલે કે) જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. અને જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે અને બીજો પ્રતિભાસ પણ તેમાં થાય છે. એટલે એને દ્રવ્યકર્મ તો જ્ઞેયરૂપે છે. દ્રવ્યકર્મ નિમિત્તરૂપે નથી. આ જગતમાં કોઈ નિમિત્ત જ નથી. નિમિત્ત તો પોતે બનાવે છે જ્ઞાનને ભૂલે ત્યારે. બાકી છે તો એ જ્ઞેય. આઠ કર્મ જે છે ઈ સ્વભાવથી જ્ઞેય છે અને સ્વભાવથી જ આત્મા જ્ઞાતા છે.

કર્મોનો કર્તા પ્રતિભાસે છે. હું રાગને કરું છું તેમ એને જણાય છે. હું રાગને જાણું છું તેમ એને જણાતું નથી. પણ રાગને હું જાણું છું તેમ જાણે તો જ્ઞાની અને હું રાગને કરું છું તો અજ્ઞાની થઈ જાય છે. આહાહા ! એટલે એક બીજી ચીજ જ્ઞાન સિવાય જાણવાની ચીજ છે ખરી. બીજી ચીજ જ નથી જગતમાં અને અહીંયા રાગ થઈ જાય અજ્ઞાન એમ નથી. તો તો અજ્ઞાન એનો સ્વભાવ થઈ જાય. બીજી ચીજના લક્ષ વગર અહીંયા રાગ ન થાય. માટે એક જીવતત્ત્વ અને એક અજીવતત્ત્વ બે છે. એક જીવ ને એક પુદ્ગલ, બે છે. એક જ્ઞાનતત્ત્વ અને એક જ્ઞેયતત્ત્વ છે. એક આસ્ત્રવતત્ત્વ, અહીંયા ભાવઆસ્ત્રવ અને ત્યાં દ્રવ્યકર્મ છે તેમ નથી. અહીંયા જીવતત્ત્વ છે અને ત્યાં અજીવતત્ત્વ છે. બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે.

જો આ ગાથામાં તમે એમ વિચારશો, કે અજ્ઞાનીને રાગ ઉત્પન્ન થાય છે તો નહીં સમજાય. જીવમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ લેવું. જીવમાં રાગ ઉત્પન્ન થતો જ નથી. હા. રાગ બીજે ઉત્પન્ન થાય છે. અહીંયા જ્ઞાન ઉત્પન્ન થાય છે, ઈ રાગ જ્ઞાનમાં જણાય છે. જેમ દેહ જણાય છે, પુત્ર જણાય છે. જેમ નોકર્મ જણાય તેમ દ્રવ્યકર્મ તો જણાય છે. તે જાણવાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળે ભૂલી જાય છે બસ. આહાહા ! એવી આ ૯૨-૯૩ ગાથા ઊંચી છે.

શ્રોતા :- જ્ઞાન ને રાગની ઉત્પત્તિ જ જુદા જુદા સ્થાનમાં થાય છે.

ઉત્તર :- હા. બે સત્તા છે. એક સત્તામાં જ્ઞાન થાય છે અને બીજી સત્તામાં રાગ થાય છે. બેય સત્તામાં રાગ થાય છે એમેય નથી અને બે સત્તામાં જ્ઞાન થાય છે એમેય નથી. ચેતન આત્મા અને પુદ્ગલ બેયની સત્તામાં રાગ થાય છે તેમ નથી. બેયની સત્તામાં જ્ઞાન થાય છે તેમ પણ નથી. એકની સત્તામાં જ્ઞાન થાય છે અને બીજાની સત્તામાં રાગ થાય છે. જેમ ખાટા-મીઠા પદાર્થો બીજાની સત્તામાં થાય છે, ત્યાં જ્ઞાન નથી થાતું અને અહીંયા જ્ઞાન થાય છે. ખાટો-મીઠો પદાર્થ તેમાં જણાય છે. પણ ખાટા-મીઠાપણું અહીંયા આત્મામાં ઉત્પન્ન થાય છે ? આત્મામાં ઉત્પન્ન ન થાય તો કાંઈ નહીં પણ આત્માની ખાટી-મીઠી પર્યાય ઉત્પન્ન થાય છે ? નહીં. પર્યાયમાં પણ ખાટા-મીઠાપણું નથી ? છે ? (શ્રોતા :- નહીં) બરાબર. હવે ખાટો-મીઠો પદાર્થ જણાય તો છે. જણાય તો પણ તેને એમ ભ્રાંતિ નથી થાતી કે હું ખાટો થઈ ગયો કે કડવો થઈ ગયો. આ એમ દ્રવ્યકર્મમાં રાગદ્વેષસુખદુઃખના પરિણામ થાય છે. જેમ ખાટા-મીઠા પરિણામ નોકર્મના છે, તેમ રાગદ્વેષસુખદુઃખના પરિણામ જડ કર્મમાં થાય છે. સ્વભાવથી જ થાય છે. આહાહા ! તે તેનો સ્વભાવ છે.

અહીંયા આત્માનો જ્ઞાન સ્વભાવ છે અને એ જ્ઞાનમાં નિરંતર આત્મા જણાય એવું જ્ઞાન થાય છે. બાળગોપાળ સૌને એવું જ્ઞાન થાય છે, કે જેમાં આત્મા જણાય. આહાહા ! હમણાં પ્રેમચંદભાઈએ કીધું'તું ને, કે પ્રકાશમાં સૂર્ય ન જણાય તેવો કોઈને વિકલ્પ ઉત્પન્ન થતો નથી. પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ ન કરે તેવો કોઈને ભાવ આવતો નથી. આહા ! કેમ કે તે તો સ્વભાવ છે પ્રકાશનો કે સૂર્યને પ્રસિદ્ધ કરે. આહાહા ! કઈ નયે ? હમણાં અમે ઈ દ્રવ્યસ્વભાવનું વાંચતા'તા. હું આમની પાસે વંચાવતો હતો. એટલે એ પણ તૈયાર થાય ને એટલે કહ્યું તું વાંચ અને અમે બધા સાંભળીએ.

એમ અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે. અજ્ઞાની હો કે જ્ઞાની હો, જીવમાં જ્ઞાનપ્રગટ થાય છે. કેમકે જ્ઞાન જીવનું લક્ષણ છે ઉપયોગો લક્ષણમ્. જો જ્ઞાન પ્રગટ ન થાય તો તો આત્મા જડ થઈ જાય. સૂર્ય ઉદય થયો પણ આજે પ્રકાશ ન થયો. એમ કોઈ દિ' બને નહીં. એમ આત્મા હોય અને આત્માનું જ્ઞાન પ્રગટ ન થાય તેમ ત્રણ કાળે બને જ નહીં. આહાહા ! તે જ્ઞાન આત્માનું પ્રગટ થાય છે. નોકર્મ ને કર્મનું જ્ઞાન નથી. જ્ઞેયનું જ્ઞાન નથી. જ્ઞાન તો જ્ઞાયકનું છે. અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે અને ત્યાં રાગ પ્રગટ થાય છે. બેયની સત્તા ન્યારી-ન્યારી છે, ભિન્ન-ભિન્ન છે. આહાહા !

ઉપયોગમાં ઉપયોગ છે અને ઉપયોગમાં ક્રોધાદિ નથી. આહાહા ! ક્રોધ ક્રોધમાં છે ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ ઉપયોગમાં છે. આહાહા ! એક વસ્તુ બીજી વસ્તુની નથી. આહાહા ! એમ અહીંયા પ્રત્યેક સમયે જ્ઞાન થાય છે અને દ્રવ્યકર્મમાં રાગ થાય છે. આહાહા ! દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે અને આત્મા જાણવારૂપે પરિણમે છે, એવી વસ્તુની સ્થિતિ છે. છતાં પણ એ ક્યાં કેમ ભૂલી જાય છે અને કેમ અજ્ઞાન ઉત્પન્ન થાય અને પછી અજ્ઞાન ટળીને જ્ઞાન કેમ પ્રગટ થાય એ બે ગાથા ૯૨-૯૩ જોડકું છે. પહેલા અજ્ઞાનનું જ્ઞાન કરાવે છે. અજ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય ઈ ખબર પડી જાય તો અજ્ઞાન ટળી જાય. અજ્ઞાનની ઉત્પત્તિનું કારણ મળી જાય તો અજ્ઞાન ટળી જાય. જેમકે કોઈ ખોરાક ખાવાથી પેટમાં ગરબડ થાય છે, તો તે ખોરાક છોડી દ્યે છે. આપણને એ પદાર્થ અનુકૂળ નથી તો તે ન લેવો, એમ.

એમ અહીંયા કહે છે કે આત્મા કર્તા પ્રતિભાસે છે. આહાહા ! જ્ઞાયક આત્મા જ્ઞાયકપણું છોડી, સામાન્ય જ્ઞાયકપણું છોડી અને વિશેષમાં એ આત્મા કર્તા થાય એમ બનતું નથી. વિશેષમાં પણ અકર્તા રહે એવો સ્વભાવ છે. કર્મોનો કર્તા પ્રતિભાસે છે, થાતો નથી. એ સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. એનું વિસ્તારથી સ્પષ્ટીકરણ કરી દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે.

શ્રોતા :- જ્યારે પ્રતિભાસે છે એમ કહ્યું એટલે એનો મતલબ એ થયો કે અજ્ઞાનીને એવો દેખાય છે.

ઉત્તર :- એવું દેખાય છે કે હું રાગને કરું છું એમ દેખાય છે પણ રાગનો કર્તા બનતો નથી. કર્તા કહ્યો એ તો વિશેષ અપેક્ષાએ એનો હું કર્તા છું એમ માને છે માટે કર્તા થયો. એ વિશેષ અપેક્ષાએ કર્તા થયો છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહ્યો છે. સામાન્ય અપેક્ષાએ જો કર્તા બને તો સ્વભાવ થઈ જાય, તો કોઈ દિ' છૂટે નહીં, અકર્તા ન થાય. અને વિશેષ અપેક્ષાએ અજ્ઞાનભાવે જો કર્તા ન બનતો હોય તો બંધ-મોક્ષ નવતત્ત્વ સિદ્ધ ન થાય. આહાહા ! અને વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા ભાસે ત્યારે રાગનું નિમિત્ત ન હોય એમ બને નહીં, તો રાગની ઉત્પત્તિ નહીં થાય.

શ્રોતા :- કોઈ પણ નિમિત્ત સામે હોય જ.

ઉત્તર :- રાગનું નિમિત્ત હોય, હોય ને હોય જ. જ્ઞાનમાં જ્ઞેય હોય અને રાગમાં નિમિત્ત હોય.

શ્રોતા :- રાગ નૈમિત્તિક હૈ ?

ઉત્તર :- રાગ નૈમિત્તિક હૈ તો નિમિત્તકા લક્ષ વિના રાગ હોતા નહીં હૈ. રાગ દૂસરી જગ્યામેં હોતા હૈ. જ્ઞાનમેં પ્રતિભાસ હોતા હૈ, પ્રતિભાસ કે સમય ભૂલ ગયા કે મેરેમેં રાગ આ ગયા, હો ગયા. મેરેમેં જ્ઞાન હુઆ વો ભૂલ ગયા. આહાહા ! રાગ તો બીજી ચીજ છે એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવશે બહુ સારી વાત. સારી રીતે આવશે. આ છે ને વાત એ જુદા પ્રકારની છે. આ જગતમાં કોઈ નિમિત્ત નથી. આહાહા ! જ્યારે અજ્ઞાન સિદ્ધ કરવું હોય ત્યારે જગતમાં બીજા જ્ઞેયો છે બસ. (શ્રોતા :- અજ્ઞાનીએ નામ બગાડ્યું છે.) અજ્ઞાન સિદ્ધ કરવું હોય ત્યારે જગતમાં બીજા જ્ઞેયો છે. એકલો આત્મા જ જ્ઞેય છે એમ માનશો તો અજ્ઞાન સિદ્ધ નહીં થાય. જ્યારે અજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે અજ્ઞાનમાં પર નિમિત્ત હોય જ. પરના લક્ષ વગર અજ્ઞાન ન થાય. પરથી અજ્ઞાન ન થાય, પર અજ્ઞાન કરાવતું નથી. અજ્ઞાન નૈમિત્તિકભાવ એ નિમિત્તને પ્રસિદ્ધ કરે છે અને આત્મજ્ઞાન જ્ઞેયને પ્રસિદ્ધ કરે છે. નૈમિત્તિક રાગ નિમિત્તને પ્રસિદ્ધ કરે છે અને આત્મજ્ઞાન જ્ઞેયને પ્રસિદ્ધ કરે છે.

પહેલા અહીંયા અને પછી વ્યવહારે ત્યાં બીજુ એમ. એક વેદાંતી સાથે ચર્ચા થઈ-કે આ બધું તમે કહો છો આત્મા અજ્ઞાની થાય, રાગરૂપે પરિણમે એ બધું કલ્પના છે. આત્મા એક જ છે, જગતમાં બીજી કોઈ વસ્તુ નથી. પુદ્‌ગલ છે અને પુદ્‌ગલના લક્ષે રાગ થાય એ વાત ખોટી છે. ભ્રમણા છે. તો મેં કહ્યું કે ભ્રમણા છે કે નહીં ? ભ્રમણા જીવમાં થાય છે ? તો કહે હા, ભ્રમણા તો જીવમાં થાય છે. ભ્રમણા સ્વ આશ્રિત હોય કે પર આશ્રિત ? જો સ્વઆશ્રિત કહે તો સ્વભાવ થઈ જાય અને જો પર આશ્રિત કહે તો એને બીજી પુદ્‌ગલની સત્તા માનવી પડે, નિમિત્ત માનવું પડે. બંધ થઈ ગયા બસ ખલાસ-અવાચક. વિદ્વાન પોતે, પણ ચૂપ ! અકલંક દેવની પાસે કોણ ટકે ? એ તો અજ્ઞાન સિદ્ધ કરવા માટે નિમિત્તની વ્યાખ્યા છે. બાકી જગતમાં નિમિત્ત કોઈ નથી, જ્ઞેય છે તે પણ વ્યવહારે. નિશ્ચય જ્ઞેય તો આત્મા છે.

(શ્રોતા :- તમે દાખલો આપો છો કે પાંચ પરમાણુ સીમંધર ભગવાન પાસે ગયા'તા કે અમારું નામ બગાડ્યું છે) હા. અમારું નામ બગાડ્યું છે, કે લોકો અમને નિમિત્ત નિમિત્ત કરે છે. કે ના તમારું નામ નિમિત્ત નથી તમારું નામ જ્ઞેય છે. અહીં સુધી ધક્કો શું કામ ખાધો ? સોનગઢ અમારી ઓફિસ છે ને. સોનગઢનો સંત તો કહે છે પણ એનું કોઈ માનતું નથી. પછી કહે તમે સર્વજ્ઞની શાખ આપો તો માનીએ એટલે આપની પાસે આવ્યા છીએ. આહાહા ! કે જાવ તમારું નામ જ્ઞેય છે. તમારું નામ નિમિત્ત અજ્ઞાનીઓએ બગાડ્યું છે. અજ્ઞાનીએ તમારું નામ બગાડ્યું છે. તમારો સ્વભાવ તો જ્ઞેય છે. જ્ઞાનમાં વ્યવહાર જ્ઞેય છે. તમારું નામ નિમિત્ત નથી. જો એ નામ નિમિત્ત હોય તો કેવળી ભગવાનને છ દ્રવ્ય જણાય છે, તો એ જ્ઞેયપણે જણાય છે નિમિત્તપણે ન જણાય, નિમિત્તપણે જણાય તો કેવળજ્ઞાન ન થાય. નૈમિત્તિકમાં નિમિત્ત હોય. જ્ઞાનમાં જ્ઞેય હોય, એમ.

હા, જ્ઞેય જ્ઞાનમાં જણાતા એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે તો ત્યાં જ્ઞેયનું નામ નિમિત્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બની જાય. શું કહ્યું ? આ ગાથા ઊંચી છે. આપણે ઉતાવળ કયાં છે. છે તો અહીંયા જ્ઞાન અને ત્યાં જ્ઞેય. પણ એ જ્ઞેય જ્ઞાનમાં જણાય, પુત્ર જ્ઞાનમાં જણાય, શરીર જ્ઞાનમાં જણાય, રાગ જ્ઞાનમાં જણાય વગેરે બધું જ્ઞાનમાં જણાય. એ જણાય ત્યારે એ પર જણાતા પર મારું તો એ જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. અહીંયા અજ્ઞાન થયું તો ત્યાં જ્ઞેય ન રહ્યું, ત્યાં નિમિત્ત થઈ ગયું. અહીંયા રાગ થાય ત્યારે પરપદાર્થ જ્ઞેય નથી. પરપદાર્થ નિમિત્ત થઈ ગયો. કેમકે રાગ નૈમિત્તિક છે. નૈમિત્તિકભાવ નિમિત્તના લક્ષ વગર ન થાય. સ્વયંમેવ થાય પોતાથી, નૈસર્ગિક, નિરપેક્ષ. નિરપેક્ષ હોવા છતાં પણ એ સાપેક્ષ છે. સાપેક્ષ એટલે કર્મના ઉદયની એમાં અપેક્ષા આવે છે. પરના લક્ષ વગર રાગ કોઈ દિ' થાય જ નહીં. આહાહા !

છે તો જ્ઞેય પણ અજ્ઞાની એને નિમિત્ત બનાવી દ્યે છે. થાય છે જ્ઞાન. આહાહા ! જો જ્ઞાન થાય છે એમ જાણે તો ઓલું જ્ઞેય જણાય અને જ્ઞેયને પોતાનું માને, જ્ઞેયને પોતાનું જાણે તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય. અજ્ઞાન થાય તો જે ચીજ પોતાની માને એ જ્ઞેય ન રહ્યું, નિમિત્ત થઈ ગયું. નિમિત્તના આશ્રયે નૈમિત્તિક થાય. થાય તો ઉપાદાનથી, પર્યાયથી પોતાથી પણ અશુદ્ધઉપાદાન, પણ જ્યારે એને સાપેક્ષ દેખો તો નૈમિત્તિક કહેવાય. નૈમિત્તિક કહો તો બીજું નિમિત્ત હોય, એમ. ઓહોહો ! ઘણું ઉંડાણ છે. આ ગાથામાં ઘણું ઉંડાણ છે. આ ગાથાનો સ્પષ્ટ અર્થ મુંબઈમાં કર્યો'તો, એવો જ અર્થ આજે કરવો છે. જે આમાં છે એવો જ અર્થ કરવો છે. કુંદકુંદાચાર્ય ભગવાન અને અમૃતચંદ્રાચાર્ય ભગવાનના જ્ઞાનમાં જે આવ્યું છે એવો જ અર્થ નીકળશે.

તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. જેમ શીત-ઉષ્ણનો, પહેલા સ્થૂળ દૃષ્ટાંત આપે છે. સ્થૂળ દૃષ્ટાંત આપીને વાત તો સૂક્ષ્મ સમજાવવી છે. પણ દૃષ્ટાંત દ્વારા એને ખ્યાલમાં આવે કે આપ આમ કહેવા માંગો છો. કહેનારનો આશય એના ખ્યાલમાં આવે એટલે ઘણી વાર દૃષ્ટાંત સ્થૂળ આપે. કેમકે એને ખબર છે કે આ તત્ત્વ તદ્દન અજાણ્યું છે. આ તત્ત્વ છે જ્ઞેય, આઠ પ્રકારના કર્મ જ્ઞેય છે પણ એને પોતે નિમિત્ત બનાવી દ્યે છે. એ સ્વભાવથી તો જ્ઞેય છે. આહાહા ! અનુભવ જેને થાય સમ્યગ્દૃષ્ટિને એને આઠ જે કર્મ છે તે જ્ઞાનનું જ્ઞેય થાય છે. કર્તાનું કર્મ પણ નહીં અને નૈમિત્તિકનું નિમિત્ત પણ નહીં. કેમ કે અહીંયા નૈમિત્તિક ભાવ ગયો, જ્ઞાન થઈ ગયું સમ્યગ્જ્ઞાન, તો સમ્યગ્જ્ઞાનમાં રાગી તો પુદ્ગલ છે, રાગી તો પુદ્ગલ છે. આહાહા !

(શ્રોતા :- રાગમાં મારાપણું ગયું.) રાગમાં મારાપણું ગયું. છતાં રાગ જણાય છે. પુદ્ગલનો રાગ જણાય છે જ્ઞાનમાં, પણ હું રાગી છું એમ ભાસતું નથી. એટલે અહીંયા રાગ ઉત્પન્ન થતો નથી. અનંતાનુબંધીનો રાગ ચાલ્યો જાય છે. આહાહા ! આ ગાથા વિસ્તારથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવી છે જરા, વિસ્તારથી લેવી છે. પહેલા એક વાર કહ્યું'તું, કોઈ કોઈ દિવસ બે ગાથા થઈ જાય, એક કળશ પણ થઈ જાય. પણ કોઈ ગાથા એવી આવે કે ભલે ત્રણ દિ' ચાલે, ચાર દિ' ચાલે, આઠ દિ' ચાલે. કોઈ વિષય એવો ગંભીર હોય ત્યારે એને બિલકુલ Neglect ન કરાય. એમાંથી માલ કાઢવો જોઈએ, અત્યાર સુધીની જે ગાથાઓ હતી એ સ્થૂળ હતી.

આ અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે ? આ ગાથા ત્યાં લીધી'તી લંડનમાં. આ ગાથા મારી પ્રિય છે. ૯૨-૯૩ ગાથા.

(શ્રોતા :- બહુ ખોલ્યું છે ત્યાં પણ એટલું બધું ખોલ્યું છે ટેપ ચાલતી હોય ને સંધિ થાય. એટલા ખુલાસા કર્યા છે.) આપણે જરાય ઉતાવળ નથી. એકદમ શાંતિ. આ એક ગાથામાં એક મહિનો થાય એવી ગાથા છે. એક મહિનો હોં, એવી ગાથા છે. ગંભીર ! ધીમે ધીમે, આપણે ઉતાવળ ક્યાં છે. એક મહિનો તો થાવાનો નથી પણ આ તો કહું છું, કે એવા અંદર ભાવો ભરેલા છે. (શ્રોતા : આમાં એક ગાથામાં કામ થઈ જાય એવા ખુલાસા છે) એક ગાથામાં, એક ગાથા બસ છે. અજ્ઞાનની ખબર પડે કે આમ અજ્ઞાન ઉત્પન્ન થયું તો અજ્ઞાન ટળી જાય. એમ કહ્યું બેન ! કે પ્રથમથી જ રાગી તો અનાદિથી પુદ્ગલ છે. પણ રાગના જાણવાના કાળે હું રાગી એવી ભ્રાંતિ થઈ જાય છે, પછી ભ્રાંતિ ટળી જાય છે. ભ્રાંતિ ટળી જાય છે ત્યારે રાગી તો પુદ્ગલ છે એમ જણાય જાય છે એટલે અનાદિથી રાગી તો પુદ્ગલ હતો. વચમાં અજ્ઞાન ઊભું થયું થોડોક ટાઈમ. અજ્ઞાન ગયું. અરે ! રાગી તો પુદ્ગલ છે. આહાહા ! બહુ સારી ગાથા છે. આહાહા ! ઊંચી ગાથા છે.

જેમ પહેલા સ્થૂળ દૃષ્ટાંત આપે છે. જેમ એટલે જેવી રીતે, શીત-ઉષ્ણ એટલે ઠંડી અને ઉની, ટાઢી અને ઉષ્ણ અવસ્થાનો અનુભવ કરાવવામાં સમર્થ એટલે જ્ઞાન થવામાં જ્ઞેયભૂત નિમિત્ત. અહીંયા જ્ઞાન છે અને સામે ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં એ જ્ઞેયભૂત નિમિત્ત છે એ જણાય છે. ટાઢી-ઉની અવસ્થા છે, જેવી અવસ્થા હોય એવું જ્ઞાનમાં જણાય, તો એને કહે છે, કે અનુભવ કરાવવામાં સમર્થ એટલે એનું જ્ઞાન થવામાં નિમિત્તપણે સમર્થ છે. નિમિત્તપણે એનું સામર્થ્ય છે જેવું હોય એવું જણાય. ટાઢી અવસ્થા હોય તો ટાઢું જણાય. ઉની હોય તો જ્ઞાનમાં ઉનું જણાય. ટાઢી-ઉની અવસ્થાની સત્તા જ્ઞાનમાં ન આવે અને જ્ઞાન ત્યાં ન જાય અને જ્ઞેય જ્ઞાનમાં ન આવે, છતાં પણ એને ટાઢી-ઉની અવસ્થા જેવી હોય એવું અહીં જ્ઞાન થાય છે.

જ્ઞાન તો આત્માથી થાય છે. ટાઢી-ઉની અવસ્થાથી જ્ઞાન ન થાય અને ટાઢી-ઉની અવસ્થાનું પણ જ્ઞાન ન થાય, જો એ અવસ્થાનું જ્ઞાન થાય તો જ્ઞાન જડ થઈ જાય અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એનાથી અહીં જ્ઞાન થાય તો જ્ઞાન પરાધીન થાય. અજ્ઞાનીની વાત કરું છું આ.

આ વસ્તુની સ્થિતિનું વર્ણન છે. જ્ઞાની-અજ્ઞાનીની વાત નથી. વસ્તુની સ્થિતિનું વર્ણન કરે છે કે ટાઢી-ઉની અવસ્થા એનો અનુભવ કરાવવામાં એટલે જેવી ટાઢી-ઉની અવસ્થા છે એનું જ્ઞાન થવામાં સમર્થ, એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. ટાઢી-ઉની અવસ્થાનો અનુભવ કરાવવામાં સમર્થ, એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. એ જીવની અવસ્થા નથી. આત્માની અવસ્થા નથી ટાઢી-ઉની. ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલની છે.

એ પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે. અહીંયા ટાઢી-ઉની અવસ્થાનું જે જ્ઞાન થાય છે તે આત્માથી અભિન્ન છે. અને ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે. પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય ત્રણે કાળ અત્યંત સર્વથા ભિન્ન છે. આહાહા ! ટાઢી-ઉની અવસ્થા ભલે જ્ઞાનમાં હેતુ થાય નિમિત્તપણે, તો પણ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે, તે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. ટાઢી-ઉની અવસ્થા આત્માથી ભિન્ન કેમ કહ્યું ? કે ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે માટે આત્માથી ભિન્ન છે એમ કારણ આપ્યું. ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે તેથી આત્માથી સદાય અત્યંત સર્વથા ભિન્ન છે, ત્યાં અભિન્ન છે એટલે પોતાથી ભિન્ન છે તે ન્યાય આપ્યો. ત્યાં અભિન્નપણું છે તેથી આત્માથી એ સદાય ભિન્ન છે.

હવે આગળ, તેનો અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, ટાઢી હોય તો ટાઢી સંબંધીનું જ્ઞાન થાય. ઉનો પદાર્થ હોય તો ઉના પદાર્થનું જ્ઞાન થાય, એમ. તો તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, એ જ્ઞેયને નિમિત્ત કહ્યું. જે-જે પ્રકારનો પદાર્થ હોય તે-તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. અહીંયા અનુભવ એટલે વેદન ન લેવું. ભોક્તાપણું નથી. અનુભવ એટલે જ્ઞાનની પર્યાય, જાણવું.

તે પ્રકારનો અનુભવ એટલે જાણવું, આત્માથી અભિન્નપણાને લીધે. આહાહા ! અનાદિ અનંત જ્ઞાન આત્માથી અભિન્ન છે અને અનાદિઅનંત શીત-ઉષ્ણ પર્યાય પુદ્‌ગલથી અભિન્ન છે, અનાદિ-અનંત. આહાહા ! કઈ નયથી ? કે એના સ્વભાવથી. આહાહા ! ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે. કઈ નયથી ? કે એના સ્વભાવથી. અહીંયા જે જ્ઞાન થાય છે એ આત્માથી અભિન્ન છે એ કઈ નયથી ? કે એના સ્વભાવથી. આહાહા ! અદ્‌ભૂત શાસ્ત્ર છે અદ્‌ભૂત. ભેદજ્ઞાન થઈ જાય.

જો રાગ પુદ્‌ગલમાં દેખાણો તો ન્યાલ થઈ ગયો. રાગ પુદ્‌ગલમાં દેખાય એટલી જ વાર છે અને પુદ્‌ગલમાં છે. અહીંયા આત્મામાં તો જ્ઞાન છે રાગ નથી. આહાહા ! આવો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્સાહ મુંબઈમાં આવ્યો'તો એ પાછો આજે આવ્યો, એના કરતા વધારે આજે આવ્યો. (શ્રોતા :- આજનો દિવસ સારો છે.) બહુ સારો. (શ્રોતા :- ખૂબ સરસ.) હમણાં પાછો સ્વભાવ ઘૂંટાણો ને, વાંચ્યું ને, બે પાના વાંચી લીધા. પ્રશંસા નથી કરતો પણ ઘણા જીવો ગુરુદેવના પ્રતાપે આ તત્ત્વને પકડનારા નીકળ્યા છે અને નીકળશે, એવું લાગે છે. આહાહા !

શું કહ્યું ? તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ. ઉપાદાન તો જ્ઞાનની પર્યાય છે પોતાથી પણ એમાં ટાઢી-ઉની અવસ્થાનું નિમિત્ત છે. સમજી ગયા. એવું જે જાણપણું-જ્ઞાન એ આત્માનું જ્ઞાન છે, ટાઢી-ઉની અવસ્થાનું જ્ઞાન નથી. એ પુદ્‌ગલનું જ્ઞાન નથી થયું. પુદ્‌ગલનું જ્ઞાન થાય તો જ્ઞાન તો પુદ્‌ગલ થઈ જાય. જ્ઞાન તો આત્માથી થાય છે અને તે વખતે તે પદાર્થ તેમાં નિમિત્ત છે. ટાઢો પદાર્થ હોય તો ટાઢો-ઉનો હોય તો ઉનો લાગે એમ જ્ઞાનમાં જણાય છે. તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન એટલે જાણપણું આત્માથી અભિન્નપણાને લીધે અનાદિ અનંત જ્ઞાનથી આત્મા તાદાત્મ્ય છે.

કાલનો વિષય આવ્યો'તો ને એના અનુસંધાનમાં વાત કરું છું. આહાહા ! સામાન્ય જ્ઞાન-ઉપયોગ લક્ષણ તાદાત્મ્ય છે-તન્મય છે. આહાહા ! અનન્ય છે, અભિન્ન છે. અભિન્ન થાય છે (તેમ) નહીં. સ્વભાવથી જ જ્ઞાન અભિન્ન છે. ઉપયોગ આત્માથી સ્વભાવથી અભિન્ન છે એમ ટાઢી-ઉની અવસ્થા એના સ્વભાવથી પુદ્‌ગલથી અભિન્ન છે. કે આકાશથી અભિન્ન થાય ? ધર્માસ્તિકાયથી ? આત્માથી ? તો કોનાથી અભિન્ન છે ? એ પુદ્‌ગલથી અભિન્ન છે. કઈ નયે ? એ સ્વભાવથી અભિન્ન છે. નયની જરૂર નથી. એમ જ્ઞાન આત્માથી અભિન્ન છે. કઈ નયે ? સ્વભાવથી અભિન્ન છે. આહાહા ! એ કયુ જ્ઞાન ? કે જેમાં ટાઢી-ઉની અવસ્થા નિમિત્તપણે જણાય છે, એવું જે જ્ઞાન, કેમકે જ્ઞપ્તિ સ્વપરપ્રકાશકની જ્ઞપ્તિ છે. આહાહા !

તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને કારણે, સ્વભાવ લીધો. અભિન્ન થતું નથી જ્ઞાન, જ્ઞાન અભિન્ન થાય આત્માથી ? કે અભિન્ન હોય ? અનાદિથી પ્રથમથી. આહાહા ! ઉપયોગ અને આત્મા એક સત્તા છે, બે સત્તા નથી. અનન્ય છે. આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જેમ પુદ્‌ગલથી ટાઢી-ઉની અવસ્થા અભિન્ન છે અને અહીંયા જ્ઞાન આત્માથી અભિન્ન છે. તેથી તે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા ! જ્ઞાનથી આ પુદ્‌ગલ અત્યંત સર્વથા ભિન્ન છે. જણાય અને ભિન્ન રહે. જણાય ખરું પુદ્‌ગલ પણ ભિન્નપણે જણાય. જણાય છે તેથી એ જ્ઞાનથી અભિન્ન થઈ જાય છે તેમ નથી. કેમકે જ્ઞાન તો આત્માથી અભિન્ન હોય અને પુદ્‌ગલથી ભિન્ન હોય. પુદ્‌ગલ જણાય તો પણ પુદ્‌ગલથી ભિન્નપણે જાણે એને, જ્ઞાનથી પુદ્‌ગલ ભિન્ન છે એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય જ્ઞાનમાં, અભિન્ન જો થઈ જાય તો જ્ઞાનનો નાશ થઈ જાય. ચેતન ન રહે, તો જાણવાની ક્રિયા જ ન હોય.

જાણવાની ક્રિયા આત્માથી અભિન્ન છે માટે જાણવાની ક્રિયા ચાલુ છે અને જાણવાની ક્રિયા પુદ્‌ગલથી ભિન્ન છે માટે જાણવાની ક્રિયા ચાલુ છે. જો પુદ્‌ગલથી અભિન્ન હોય તો જાણવાની ક્રિયા રહેતી નથી અને તેથી જાણનક્રિયાનો નાશ થતાં આત્માનો નાશ થઈ જાય. (શ્રોતા :- છૂટું પાડીને દેખાડે છે) એ તો દૃષ્ટાંત પૂરો થયો, સ્થૂળ દૃષ્ટાંત. (શ્રોતા :- દૃષ્ટાંત ખ્યાલમાં આવે ને તો વાંધો ન આવે) હા, તો સમજાય. એમ દૃષ્ટાંતમાં બધા હા-હા પાડે પણ જ્યાં સિદ્ધાંત આવશે ત્યાં જો આમ હા પાડે તો કામ થઈ જાય. પણ નકાર તો કરતો નહીં અને સમજ્યા વિના હા પણ ન પાડતો. પણ ના તો પાડવા જેવું નથી. આહાહા !

ટાઢી-ઉની અવસ્થા તો આત્માથી ભિન્ન ભાસે પણ સુખદુઃખના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. જેમ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે એમ સુખદુઃખના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. કે આત્મામાં સુખદુઃખ થાય અને પુદ્‌ગલથી અભિન્ન છે ? એમ ક્યાં અમે કહીએ છીએ. આત્મામાં તો જ્ઞાન થાય છે. તું કાંઈ સમજ્યો જ નથી. એ આવશે ધીમે ધીમે. જરા કઠીન વાત છે અને રાગદ્વેષ ન લેતા સુખદુઃખ લીધું.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, જેમ ઉપર દૃષ્ટાંત આપ્યું, તેમ તે પ્રકારનો એટલે જેવા પદાર્થના ભાવ હોય એ ભાવનું તે પ્રકારનું અહીં જ્ઞાન થાય એમ, એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. આહાહા ! એ દ્રવ્યકર્મની અવસ્થા છે. ઓલી નોકર્મની અવસ્થા હતી, આ છે દ્રવ્યકર્મની અવસ્થા. દ્રવ્યકર્મમાં રાગદ્વેષ સુખ-દુઃખનો અનુભાગ હોય. આની અંદર નોકર્મમાં ન હોય. એ ભીંતના પરિણામ નથી પણ દ્રવ્યકર્મના પરિણામ છે. પછી દ્રવ્યકર્મ પણ પુદ્‌ગલ અને ભીંત પણ પુદ્‌ગલ તેથી પુદ્‌ગલના જ પરિણામ કહેવાય, બધાય કર્મ-નોકર્મના પરિણામ.

એવી રીતે રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. ટાઢી-ઉની પુદ્‌ગલની અવસ્થા એમ રાગદ્વેષસુખદુઃખ પુદ્‌ગલથી અવસ્થા. આહાહા ! આ જે સાંભળતી વખતે પ્રશસ્ત રાગ દેખાય છે, તે રાગ કોની સત્તામાં થાય છે અને ક્યાં થાય છે ? આત્માની સત્તામાં થાય છે ત્રિકાળી જ્ઞાયકમાં ? કે આત્માના પરિણામમાં થાય છે રાગદ્વેષસુખદુઃખ ? કે પુદ્‌ગલમાં થાય છે ? પુદ્‌ગલમાં જ થાય છે એકાંતે. કથંચિત્ અહીંયા થાય છે ને કથંચિત્ ત્યાં થાય છે એમ નથી. આહાહા ! ત્યાં પુદ્‌ગલમાં થાય છે અને અહીંયા આત્મામાં થતું નથી. અહીંયા જ્ઞાન થાય છે અને સામે રાગદ્વેષસુખદુઃખરૂપે પુદ્‌ગલ પરિણમે છે, કર્મ જડ પરિણમે છે. આહાહા ! ટાઢી-ઉની અવસ્થા જેમ પુદ્‌ગલથી અભિન્ન છે, એમ રાગદ્વેષ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખદુઃખ પુદ્‌ગલના પરિણામ હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે.

પ્રથમથી જ સુખદુઃખ પુદ્‌ગલથી અભિન્ન છે, સ્વભાવથી જ અભિન્ન છે, અનાદિથી જ અભિન્ન છે. આહાહા ! (શ્રોતા :- અજ્ઞાન પણ રાગાદિને પુદ્‌ગલથી જુદું નથી પાડી શકતું) તાકાત નથી એની ક્યાંથી જુદું પાડે. ટાઢી-ઉની અવસ્થાને જુદી પાડી દે પુદ્‌ગલથી. પાડી શકે ? (શ્રોતા :- નહીં.) નહીં. કેમકે તાદાત્મ્ય છે. અવસ્થા ને અવસ્થાવાન એક સત્તા છે. એને જુદી પાડી શકે નહીં. અને રાગને ત્યાંથી છૂટો પાડીને અહીં લાવી દ્યે, અને દુઃખને ત્યાં છે ત્યાંથી અહીંયા લાવી દ્યે, એમ બને નહીં. જો જુદું પડે તો દ્રવ્યકર્મ રહેતું નથી. એનો ભાવ એનાથી તન્મય છે અને અહીં જ્ઞાનથી આત્મા તન્મય છે. આહાહા ! અદ્‌ભૂત ગાથા છે.

આ ગાથા જ્યારે બહુ લીધી (મુંબઈમાં) બે ભાગલા પાડી દીધા. સમજી ગયા ? જડ-ચેતનના બે ભાગલા. જોરશોરથી મુંબઈમાં આ ગાથા લીધી સવારે વ્યાખ્યાન થયું હતું. પછી સાંજે ત્રણચાર જણા ઘરે આવ્યા. બાપુજી બિમાર હતા. ફરીથી જોરશોરથી લીધું. બાપુજી સાંભળવા માંડ્યા. બધા જતા રહ્યા. પછી હું ગયો અંદર તબિયત જોવા. બાપુજી બોલ્યા ! શું ચર્ચા ચાલતી'તી આજે. મને પૂછ્યું બાપુજીએ. મેં કહ્યું રાગદ્વેષસુખદુઃખ પુદ્‌ગલની સત્તામાં થાય છે. જીવમાં જ્ઞાન થાય છે, એમાં જણાય છે, જાણવાના કાળે ભૂલી જાય છે, હું રાગી. રાગી તો પુદ્‌ગલ છે એને બદલે હું રાગી, તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. થાય છે ત્યાં, અહીંયા થાય છે જ્ઞાન.

અહીંયા પ્રથમથી જ એ રાગદ્વેષસુખદુઃખ થતાં જ નથી. પુદ્‌ગલના જ પરિણામ છે. પુદ્‌ગલમાં થાય છે. આહાહા ! વાત તારી સાચી છે. વાત તો તારી સાચી છે. સાચી જ કહે ને જ્ઞાની હતા એ, એને અનુભવ થઈ ગયો'તો બાપુજીને. આહાહા ! ચાર ભવ છે એના. એના ગુરુને ચાર ભવ અને એના શિષ્યને ચાર ભવ. બાપુજી એના શિષ્ય હતા. વાત તો તારી સાચી છે, પણ લાલચંદ ! આ વાત સમાજમાં ચાલશે નહીં. ધ્યાન રાખજે હોં ? વાત તો તારી સાચી છે પણ સંભાળીને જરા, આહાહા ! ગુરુદેવ આગળ જ્ઞાન પાછળ જ્ઞાન વચમાં દૃષ્ટિનો વિષય એમ નો'તા કહેતા ગુરુદેવ, ગુરુદેવે પોતે કહ્યું. આ કાચો પારો છે. આહાહા ! સમજે તો ન્યાલ થઈ જાય. આ ભેદજ્ઞાનની ગાથા છે.

અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય ? કે રાગ થાય છે પુદ્‌ગલમાં અને માને છે કે મારામાં થાય છે એનું નામ અજ્ઞાન છે. અજ્ઞાન કોનું નામ ? ટાઢી-ઉની અવસ્થા થાય છે ત્યાં. ખાટી-મીઠી અવસ્થા પુદ્‌ગલની અને મને ખાટું લાગ્યું. આહાહા ! હું ખાટો થઈ ગયો. હું કડવો થઈ ગયો, ભૂલ છે એ. આહાહા ! મેં કહ્યું ભલે બાપુજી ! પછી લાઈન થોડી હળવી કરી. સમજી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ગયા. પણ મૂળ વાત તો આવે જ. (શ્રોતા :- ન બેસે એટલે હળવી કરવી પડે.) ન બેસે એટલે લોકોને કઠિન લાગે. આહાહા ! પણ ભાઈ સત્તને તો જેમ છે તેમ જાહેર કરવું પડે અને એક-બે જાણે તોય બસ છે. કામ થઈ જાય એનું. કારણ કે આમેય સમજનારા ઓછા જ હોય. ઓમેય મિથ્યાત્વનું સ્વચ્છંદ તો છે. એને સ્વચ્છંદી થાય તો પહેલું ગુણસ્થાન તો છે જ, એનું શૂન્ય તો થવાનું નથી. એનું શું જવાનું છે મિથ્યાદષ્ટિનું ? નીચે ઉતરે તો ક્યાં સુધી જાય-મિથ્યાત્વમાં રહે. પહેલા ગુણસ્થાનથી શૂન્ય ગુણસ્થાન તો છે નહીં. એક થી ચૌદ ગુણસ્થાન તો ભગવાને જોયા. ગુણસ્થાન વિનાનો તો જીવ કોઈ દિ' હોય નહીં. બહુ થાય તો મિથ્યાત્વમાં રહેશે, તો ભલે રહે ! એ તો છે.

આ તો અજ્ઞાન કેમ ટળે અને અજ્ઞાન કેમ થાય છે એનું જ્ઞાન થાય તો અજ્ઞાન રહે નહીં. આહાહા ! આજે એ કહેવાનો ભાવ આવ્યો છે ખુલ્લા હૃદયથી જે છે તે કહી દેવું છે. (શ્રોતા :- વાણી નીકળે છે ત્યારે એનો ઝીલનાર ન હોય એમ બને નહીં.) ઝીલનારા હોય જ.

આહાહા ! શું કલમ ચલાવી છે જંગલમાં તાલપત્ર ઉપર, રાગદ્વેષસુખદુઃખના જે પરિણામ છે તે પુદ્‌ગલથી અભિન્ન છે. પુદ્‌ગલની સત્તામાં થાય છે. જીવની સત્તામાં જ્ઞાન થાય છે. પુદ્‌ગલની સત્તામાં રાગ થાય છે. જીવની પર્યાયમાં રાગ થાય છે એમ નહીં. જીવની પર્યાયમાં જ્ઞાન થાય છે અને કર્મના પરિણામમાં રાગ થાય છે, એની પર્યાયમાં. એની પર્યાયમાં રાગ થાય છે અને આત્માની પર્યાયમાં જ્ઞાન થાય છે. આવી સ્થિતિ છે, એવી સ્થિતિનું વર્ણન કરે છે. અને એ ક્યાં ભૂલે છે એની ભૂલ પણ બતાવશે.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, એમ ! જીવની અવસ્થા નથી. પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે. અરે ! રાગદ્વેષસુખદુઃખ ? સુખદુઃખ પુદ્‌ગલથી અભિન્ન હોય ? સુખદુઃખ ? સુખદુઃખનો અનુભાગ છે તે જડ છે, એ એની સાથે અભિન્ન છે. સમજી ગયા. આહાહા ! એ નિમિત્તમાં થાય છે. પુદ્‌ગલમાં એક અનુભાગ છે રસ. જેમ રસ ખાટો-મીઠો હોય એમ સુખદુઃખના પરિણામ એ એમાં છે. અજીવ સંબંધેનો એ ભાવ છે. આહાહા ! અજીવની સત્તામાં થાય-પુદ્‌ગલની સત્તામાં.

પણ જો એક ન્યાય એવો છે, કે જો રાગ પુદ્‌ગલમાંય ન થતો હોય તો રાગ અહીંયા પણ ન થાય. શું કહ્યું ? સમજાય છે કાંઈ ? કે જો સુખદુઃખના પરિણામ પુદ્‌ગલમાંય ન થતાં હોય તો સુખદુઃખના પરિણામ અહીંયા ન થાય. ત્યાં થાય છે અને એનું લક્ષ એમાં જાય છે, ત્યારે સુખદુઃખના પરિણામ અહીંયા ભાવકર્મરૂપે ઉત્પન્ન થાય છે. (શ્રોતા :- ફરીથી કરો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જરા) ફરીથી કરવા જેવી વાત છે. આપણે શું ઉતાવળ છે. કોઈ એમ કહે, કોઈ એમ કહે કે રાગદ્વેષસુખદુઃખના પરિણામ તો જીવમાં થાય, પુદ્‌ગલમાં તો થાય નહીં. એમ જો કોઈ કહે તો એની સામે હું એમ કહું છું, કે જો રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્‌ગલની સત્તામાં જો ન થતાં હોય, નિમિત્તમાં જો ન થતાં હોય તો નૈમિત્તિકમાં થાય જ નહીં.

ત્યાં થાય છે અને અહીંયા જણાય છે. જાણવાના કાળે એમ ભાસે છે, થાય છે પુદ્‌ગલમાં અને માને છે મારામાં થાય છે. એ નિમિત્તના લક્ષે નૈમિત્તિકભાવ એણે ઉત્પન્ન કર્યો પણ જો રાગ પુદ્‌ગલમાં ન હોય તો રાગ અહીં કોઈ દિ' થાય નહીં જીવને, માટે રાગ પુદ્‌ગલમાં જ થાય છે. રાગ અહીં થતો જ નથી.

ફરીને, કે જો રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્‌ગલની સત્તામાં ન થતા હોય અને જીવની સત્તામાં રાગદ્વેષ થાય તો તો રાગદ્વેષસુખદુઃખ એ પર્યાયનો સ્વભાવ થઈ જાય. ભલે જીવનો સ્વભાવ ન થાય પણ પર્યાયનો સ્વભાવ થાય. ત્યાં ન હોય અને અહીં રાગ થઈ જાય તો પર્યાયનો સ્વભાવ થઈ જાય, તો કોઈ દિ' એ સ્વભાવ ટળે નહીં, રાગ ટળે નહીં. નિલમ ! થોડુંક સમજાય છે કે નહીં ? આ સમજવા જેવું છે, ભાવ આવ્યો છે. આહાહા !

કે કોઈ એમ કહે કે રાગદ્વેષસુખદુઃખ તો જીવમાં થાય, પુદ્‌ગલમાં અમે કોઈ દિ' સાંભળ્યું નથી. ઠીક ચાલો ભલે. હવે પુદ્‌ગલમાં ન થાય ને ? તો જીવમાં થાય કે નહીં ? જો જીવમાં થાય તો સ્વ આશ્રિત થાય કે પર આશ્રિત ? એ શું વળી ? કે થાય તો પર આશ્રિત. કેમકે એ સ્વઆશ્રિત તો કહે નહીં. જીભ હાલે નહીં એની. (શ્રોતા :- જીવમાં કોઈ એવો ગુણ નથી કે રાગ કરે) કે ગુણ નથી કે આત્માના આશ્રયે કોઈ દિ' રાગ થાય. હેં ! એ તો કોઈ દિ' થાય નહીં. તો કહે પર આશ્રયે થાય છે એ. તો પર આશ્રયે થાય રાગ તો રાગને જાણીને રાગ થાય ? કે ઘેંટાને જાણીને રાગ થાય ? રાગને જાણીને એ રાગ થાય. તો રાગ બીજે થાય છે અને રાગ અહીં જણાય છે, માટે પુદ્‌ગલમાં રાગ ન હોય તો અહીંયા પણ ન હોય, માટે પુદ્‌ગલમાં જ થાય છે અને અહીંયા થાય છે જ્ઞાન.

આ પુદ્‌ગલમાં સુખદુઃખની સિદ્ધિ કરી. શું કામ સિદ્ધિ કરી ? કે જો ત્યાં ન થતો હોય તો અહીંયા પણ ભાવકર્મ ભાવઆસ્ત્રવ ઉત્પન્ન ન થાય. અને એના વિના જો અહીંયા રાગ થઈ જાય તો એ પર્યાયનો સ્વભાવ થઈ જાય તો એ રાગ ટળે નહીં. માટે નૈમિત્તિક નિમિત્તના લક્ષે થાય અને જેવું નિમિત્ત હોય એવું જ અહીંયા નૈમિત્તિક થાય. ક્રોધના ઉદયે ક્રોધ, માનના ઉદયે માન. આહાહા ! આ તો કોઈ એમ દલીલ કરે કે રાગદ્વેષસુખદુઃખ પુદ્‌ગલમાં હોય જ નહીં. હોય જ નહીં તો જીવમાં હોય ? કે જો ત્યાં ન હોય તો જીવમાંય ન હોય. એ શું ? (શ્રોતા :- હા. એમાં મર્મ છે. પુદ્‌ગલમાં નહીં હોતા હૈ ઐસા કહનેવાલેકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બહોત જિમ્મેદારી હૈ. તો ફીર યહાં નહીં હોના ચાહિયે ના ?) નહીં હોના ચાહિયે. આહાહા !

આ જૈન દર્શન, અપૂર્વ દર્શન છે. અજ્ઞાનની સિદ્ધિમાં પણ સમજવા જેવું છે. આ તો અજ્ઞાનની સિદ્ધિ કરીએ છીએ હજી આપણે. કે રાગદ્વેષસુખદુઃખ પુદ્ગલની સત્તામાં થાય છે અને એનાથી અભિન્ન છે. એના પરિણામ એનાથી અભિન્ન છે. આહાહા ! અને અહીંયા થાય છે જ્ઞાન એ આત્માથી અભિન્ન છે. સ્થિતિ તો બેય ભિન્ન ભિન્ન છે. એક ચેતન ને એક જડ. જડમાં જડના પરિણામ અને ચેતનમાં ચેતનના પરિણામ. બેય વચ્ચે અત્યંત અભાવ. આત્મા અને પુદ્ગલ વચ્ચે અન્યોન્ય નહીં પણ અત્યંત અભાવ. આહાહા ! સર્વથા ભિન્ન છે બેયની સત્તા ન્યારી ન્યારી છે. માટે રાગદ્વેષસુખદુઃખ જો પુદ્ગલમાં ન થતાં હોય, તારો પક્ષ છે એ અમને ખબર છે. તારો પક્ષ છે, તે પક્ષ બંધાઈ ગયો છે કે જીવમાં જ રાગદ્વેષ થાય અને પુદ્ગલમાં ન થાય એવો પક્ષ છે. એવા પક્ષવાળાને હું પૂછું છું કે બોલ રાગદ્વેષસુખદુઃખ પુદ્ગલમાં ન થાય ને પર્યાયમાં થાય, તો તો પર્યાયનો સ્વભાવ થઈ જાય તો નૈમિત્તિકભાવ ન કહેવાય, સ્વભાવિકભાવ કહેવાય. બોલ કે નૈમિત્તિકભાવ છે કે સ્વભાવિક ? કે નૈમિત્તિક. તો નૈમિત્તિક નિમિત્ત વિના ન હોય. તો નિમિત્તમાં પણ રાગ હોય ને એ રાગ અહીંયા જણાય. છે પુદ્ગલનો રાગ માને પોતાનો રાગ, એને નૈમિત્તિક પર્યાય અજ્ઞાન ઉભું થઈ ગયું. આહાહા ! માટે સ્વભાવથી જ રાગદ્વેષસુખદુઃખના ભાવો પુદ્ગલમાં થાય છે. આહાહા !

જીવમાં જ્ઞાન જ થાય છે. જીવમાં જ્ઞાન જ થાય છે અને પુદ્ગલમાં રાગ જ થાય છે. કથંચિત્ જ્ઞાન અને કથંચિત્ રાગ અહીંયા થાય છે એમ છે નહીં. અને ત્યાં કથંચિત્ રાગ અને કથંચિત્ જ્ઞાન થાય છે એમ છે નહીં.

શ્રોતા :- ખરેખર થાય છે તો પુદ્ગલમાં જ, અહીંયા તો ખાલી જણાય છે. જાણવા વખતે ભૂલી જાય છે કે મારો આત્મા છે કે રાગ મારો છે એ ભૂલી જાય છે.

જણાય છે એ વખતે મારામાં રાગ થયો એમ એને ભ્રાંતિ થઈ ગઈ. રાગ થાય છે ત્યાં. રાગ અહીં જણાય છે-પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ વખતે હું તો જ્ઞાનમય છું ને રાગમય નથી એ ભૂલી જાય છે ને હું રાગમય છું (એમ માને છે). પછી જ્યારે ભાન થાય ત્યારે, રાગી તો પુદ્ગલ છે. તો રાગી પુદ્ગલ છે તે તો સમ્યગ્જ્ઞાનમાં ભાસ્યુ. સમ્યગ્જ્ઞાનમાં ભાસ્યુ એ તો સાચું ને ? તો પ્રથમથી જ રાગી તો પુદ્ગલ હતું. રાગી હું છું એ તો ભ્રાંતિ એની હતી. ભ્રાંતિ ટળી જાય તો રાગી તો પુદ્ગલ છે. આહાહા ! એમ થોડો ટાઈમ રાગને છોડતુંય નથી પુદ્ગલ. થોડો ટાઈમ રાગરૂપે પુદ્ગલ પરિણમે છે. આહાહા ! તેથી રાગી તો પુદ્ગલ છે. આહાહા ! અદ્ભૂત ગાથા છે, બસ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેટલાય વરસે, આજે ઘણા વરસે આ રીતે સ્પષ્ટ કહેવાનો ભાવ આવ્યો છે. સ્પષ્ટ જ કરવું છે બિલકુલ, જેમ છે તેમ. (શ્રોતા :- અમારા ભાગ્ય સારા કે સાંભળવા મળ્યું.) (શ્રોતા :- પક્ષ કીધું તે બરાબર છે એવો જ પક્ષ હતો તમે કીધું એવો, કે અહીંયા જ રાગ થાય છે.) એવો પક્ષ હતો. (શ્રોતા :- પણ બેને કીધું ને કે અહીંયા ભાસે છે અહીંયા ખાલી જણાય છે)

જાણવાના કાળે ભૂલી જાય છે. મારામાં જ્ઞાન થાય છે એ ભૂલીને રાગ જણાતા રાગ મારામાં થાય છે એમ પુત્ર જાણતા પુત્ર મારો. પિતા જણાતા પિતા મારા. આહાહા !

મારાપણાની કલ્પના કરી તો પિતા કાંઈ પુત્રના થાય ? ત્યારે પુત્ર પિતાના થાય ? એમ રાગ મારો, એમ માને તો રાગ આત્માનો થાય ? કહે રાગ આત્માનો ન થાય ને પુદ્‌ગલનો જ રહે, પુદ્‌ગલનો જ રહે, થોડો ટાઈમ રહે. આહાહા ! પછી તો રાગ પણ નીકળીને સામાન્ય કાર્મણ વર્ગણા થશે, કર્મ ખરી જશે આઠે આઠ કર્મ, ખલાસ. આહાહા ! અદ્‌ભૂત ગાથા છે.

શ્રોતા :- ગમે તેમ માને વસ્તુ સ્થિતિ જેમ છે એમ જ રહેશે. એ જેમ છે એમ જ મનાય ને.

નિમિત્તના લક્ષે નૈમિત્તિક થાય. નિમિત્તનું લક્ષ કરે તો રાગ અહીં ઉત્પન્ન થાય, પણ નિમિત્તને જ્ઞેય બનાવી દ્યે તો અહીં જ્ઞાન ઉત્પન્ન થાય. અરે ! રાગી તો પુદ્‌ગલ છે. એની સત્તામાં રાગ થાય છે. સુખદુઃખ મારામાં નથી થતું. આહાહા ! (શ્રોતા :- ખરેખર તો જ્ઞેય જ છે, કેમકે અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે) જ્ઞાન પ્રગટ થાય છે. (શ્રોતા :- નિમિત્તનું અજ્ઞાન થાય છે. પછી જ નિમિત્તે બનાવે છે. ) અહીંયા આ જે સમયસાર છે એ દષ્ટિપ્રધાન કથન છે. સમ્યગ્દર્શન, ભેદજ્ઞાનથી સમ્યગ્દર્શન થાય. એ રાગ પુદ્‌ગલની સત્તામાં ભાસે તમને, તો જ અહીંયા જ્ઞાન થતું ભાસે. જો અહીંયા રાગ થતો ભાસે તો તો મિથ્યાત્વ થઈ ગયું. થાય છે બીજે અને ભાસે છે અહીંયા કે મારામાં થાય છે, ખોટું છે ઈ.

(શ્રોતા :- જેને સમજવું છે એને બેસે છે. સમજવું છે એને વાત બેસે છે. તમે ઘણું સમજાવ્યું છે) જો સમજાય એવું છે જરાક, શાંતિથી વિચાર કરે તો સમજાય. આ છેલ્લો પોઈન્ટ એટલા માટે ઉપાડ્યો કે આખું જગત એમ કહે છે કે રાગદ્વેષ આત્મામાં થાય. પુદ્‌ગલમાં રાગદ્વેષ થાય જ નહીં, એમ.

(શ્રોતા :- દ્રવ્યકર્મમાં રાગ ક્યાંથી કાઢ્યો ?) ક્યાંથી કાઢ્યો. હં ! એ મુંબઈમાં મેં વાંચન વખતે લીધો આ વિષય. ત્યારે એક જણાએ મને પ્રશ્ન કર્યો. પ્રશ્ન કર્યો સમજવા માટે બીજું કંઈ નહીં. કે રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્‌ગલમાં આવ્યા ક્યાંથી ? તમે કહો કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્પર્શ, રસ, ગંધ, વર્ણ પુદ્ગલનો ભાવ છે એ તો બરાબર છે. તો તો મારો પ્રશ્ન કાંઈ નથી. પણ રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્ગલમાં આવ્યા ક્યાંથી અને કેમ આવ્યા ? એવો પ્રશ્ન થયો એટલે મેં ફટ કળશટીકા બતાવી. કળશટીકા ત્રીજા કળશમાં છે. કે પૂર્વે રાગદ્વેષ અજ્ઞાનનું નિમિત્ત પામી અને કર્મ બંધાણા'તા. તો એ અનુભાગરૂપે બંધાણા'તા, તો એ સ્વકાળે ઉદયમાં આવે છે-દેખાવ દે છે. જ્ઞાનમાં જ્ઞેયપણે પ્રતિભાસે છે. આહાહા ! આધાર આપ્યો કે આવ્યા ક્યાંથી આ ? પુદ્ગલમાં જ થાય છે એ, જીવમાં થતાં જ નથી. (શ્રોતા :- પુદ્ગલમાં થાય છે, એ બેસે તો બેસનારને સમજવું સહેલું પડશે. પોતામાં થાય છે તો એ ભેદજ્ઞાન કદી નહીં થાય.) એક્તા થઈ જાય છે એ જ અજ્ઞાન. બીજું શું ? રાગ આત્મામાં થાય છે એનું નામ જ અજ્ઞાન છે. થાય છે જ્ઞાન. રાગ થાય છે પુદ્ગલમાં, ભાસે છે પોતામાં, એ મારામાં થાય છે એ અજ્ઞાન, જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું, એ કહેશે. એ શાસ્ત્રકાર પોતે જ કહેશે કે જ્ઞાનનું અજ્ઞાન કરે છે. આહાહા ! (શ્રોતા :- બહુ સરસ ગાથા છે.)

(શ્રોતા :- પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં પણ એક એવી ગાથા છે ને સંસારનું બીજ) કર્મકૃત, રાગથી. આહાહા ! કર્મકૃત, રાગને કર્મકૃત કહ્યો છે. ઘણી જગ્યાએ પુદ્ગલના પરિણામ કહ્યા છે. આહાહા ! રાગી પુદ્ગલ છે તો તો કામ થઈ ગયું, બસ. રાગી જીવ છે તો મરી ગયો. આહાહા ! (શ્રોતા :- દેવલાલીમાં પણ આપે કહ્યું હતું કે રાગ થાય છે પુદ્ગલમાં પણ ભાસે છે પોતાનો એટલે આ ભડનો દિકરો સમજે એમ નથી) આ ભડનો દિકરો સમજે એમ નથી. થાય છે પુદ્ગલમાં અને માને છે પોતામાં. હવે કે દિ' અજ્ઞાન ટળે, અજ્ઞાન કે દિ' ટળે ? પુદ્ગલના પરિણામને જીવના પરિણામ માન્યા. આહાહા !

ટાઢી-ઉની અવસ્થા જેમ પુદ્ગલની છે-એના પરિણામ છે, એમ રાગદ્વેષસુખદુઃખ પુદ્ગલના પરિણામ છે. અને સામે શાસ્ત્ર છે અને આમાં પ્રયોજનની સિદ્ધિ આપણી થાય એમ સમજવું જોઈએ. આહાહા ! છેલ્લી દલીલ ન કરી ? પુદ્ગલમાં જ રાગ થાય છે, ઓલો કહે કે રાગ આત્મામાં થાય છે. ઉભો રહે. પુદ્ગલમાં થતો નથી ને રાગ ? કહે ના ન થાય. તો આ નૈમિત્તિક છે પરિણામ કે સ્વભાવિક બોલ ? એને સ્વભાવિક તો કહેવાય નહીં. તો તો કોઈ દિ' ટળે નહીં રાગ. હૈં ? દુઃખ ટળે નહીં, છે તો નૈમિત્તિક. તો નૈમિત્તિક છે તો નિમિત્તના લક્ષ વિના થાય ? તો નિમિત્તમાં દુઃખ થાય અને દુઃખ અહીં જણાય અને હું દુઃખી એ નૈમિત્તિક થઈ ગયું.

જૈનદર્શન પરિપૂર્ણ છે. અજ્ઞાન સિદ્ધ કરવામાંય પરિપૂર્ણ. અજ્ઞાન ટાળવામાં પણ પરિપૂર્ણ. આહાહા ! (શ્રોતા :- ગુરુદેવ કહે છે કે એકવાર જો સિદ્ધાંત ન્યાયથી બેસી જાય ને તો એને આ શાસ્ત્રના બધા ભાવો બેસી જાય. પછી એને કળ આવડી જાય. ભાવ બેસાડવાની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કળ આવડી જાય) બરાબર છે. કળ આવળી જાય. હા. ભેદજ્ઞાનની ગાથા છે. એક સમયમાં અહીંયા જ્ઞાન થાય છે ને ત્યાં રાગ થાય છે. એ સમયે જ્ઞાનમાં સ્વપરની જ્ઞપ્તિ છે. સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમાં જ્ઞાયક પણ જણાય છે અને પુદ્‌ગલનું દુઃખ પણ જણાય છે. હવે એ વખતે ભેદજ્ઞાન નથી કરતો એટલે હું દુઃખી એવું થઈ ગયું તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાંખ્યું. બસ આટલી વાર. સમય એક છે. આહાહા !

(શ્રોતા :- રાગની સન્મુખતા છે. એકતા થવાનું કારણ એની સન્મુખતા છે. અહીંની સન્મુખતા છૂટે છે. એની સન્મુખ થાય છે એટલે એકત્વ) બસ. એકત્વ થઈ ગયું.

રાગને જોવા ગયો એ જ્ઞાનમાં જ્ઞાયકને ન જોયો. એ જાણવાનો લોભ થયો એમાં મર્યો. એમાં રાગી હું, એમ થઈ ગયું. આહાહા ! જ્ઞાયક નથી પર તણો, હું રાગને જાણતો નથી, ત્યાં તો કામ થઈ જાય. એટલે આના અનુસંધાનમાં છઠ્ઠી ગાથામાં લીધું છે, કે પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો એ આ. પરદ્રવ્યના ભાવો જે છે રાગદ્વેષસુખદુઃખ એનાથી મારો આત્મા જુદો છે, એમ ઉપાસના કરે તો અનુભવ થાય. એમાં ગુરુદેવે એમ કહ્યું. પરદ્રવ્ય ને એના લક્ષે થતો નૈમિત્તિકભાવ રાગ એનાથી જુદો એમ ન લેવું. એને તો બધી ખબર હતી. પણ એવી રીતે એ વાત કરે. હોંશિયાર હોય એ સમજે. બુધ્ધુ નહીં સમજે. એ સમજી ને એવી રીતે જ વાત મૂકે અને એવી રીતે જ સમજે કે આ હોંશિયાર હશે ને એ જ સમજશે. એનો ખુલાસો બહુ ન કરે. (શ્રોતા :- અને જેને સમજવું છે એને થોડોક પોતે વિચારથી પ્રયત્ન તો કરવો જોઈએ ને) પ્રયત્ન તો કરવો જોઈએ અને થોડુંક તો આપણા ઉપર છોડે. ગુરુદેવ બધું ન કહી દ્યે. ગુરુદેવ ઈશારો કરે. (થોડુંક) આપણા ઉપર છોડે. આહાહા !

ગુપ્ત વાત કહે પણ ગુપ્ત રાખીને. એ ગુપ્તપણું શોધી કાઢે એ હોંશિયાર છે, બસ. કહે સાહેબ આપે આમ કહ્યું'તું ને હું આજે આમ સમજ્યો. એમ તું આમ સમજ્યો ? બહુ સારી વાત. ખુશી થાય. આહાહા ! પરદ્રવ્યના ભાવોથી ભિન્ન એટલે આપે પુદ્‌ગલનું જે દુઃખ થાય છે એનાથી મારો આત્મા જુદો છે એમ આપ કહેવા માગો છો, એમ હું સમજ્યો છું. વાહ ! શાબાશ ! (શ્રોતા :- શાબાશ ! એ જ અમારે કહેવું'તું) એ જ અમારે કહેવું હતું. એ કહેતા'તા આગળ જ્ઞાન, પાછળ જ્ઞાન, (વચ્ચે) દૃષ્ટિનો વિષય સ્વભાવની વાત કરી દઉં કોક પકડે તો પકડે. (શ્રોતા :- દૃષ્ટિનો જે વિષય છે ને એમાં થાપ ખાઈ જાય છે-જીવને ખ્યાલ નથી આવતો) કહો રાગ આત્મામાં થાય છે એમાં ક્યાં એનું ઠેકાણું પડે કોઈ દિ'. રાગ આત્મામાં થાય છે ને આત્મા એને રાગને કરે છે. આહાહા ! અરે પ્રથમથી જ જ્ઞાન થાય છે, એમ ઉપાડ કર ને. આહાહા ! ભૂતકાળને ભૂલી જા ને.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(શ્રોતા :- અમે પાલીતાણા ગયા'તા ત્યાં એક ભાઈ મળ્યા. એ કહે નવાણું જાત્રા કરી ૬૦-૬૫ વર્ષની ઉંમર. ડોળી કરીને પણ જઈશ પણ મારે તો ૯૯ કરવી જ છે. પછી મારાથી રહેવાણું નહીં. થોડી વાર વાત કરીને મેં કહ્યું-આટલી તમે મહેનત કરો છો તો આમાં તો જ્ઞાનીઓ એમ કહે છે સૌ પ્રથમ તો આત્માને જાણ. ત્યારે કહે તમે તો કાનજી સ્વામિની વાત કરતા લાગે છો. સીધો એમ પકડ્યો મને) એ તો સમજી જાય તરત જ. ભાષા ઉપરથી (શ્રોતા :- ત્યારે કહે આ તો અમારે હજુ એકડીયા શરૂ કરવાના છે. આ તો તમે બહુ ઊંચી વાત કરી. મેં કીધું નહીં. આ એકડાની જ વાત છે. શરૂઆતની વાત છે આ. તો રાજી થયો આમ પણ ઈ કહે આ વસ્તુ અમને બેસતી નથી. શું થાય ?) શું થાય ? ક્રિયાકાંડમાં જ્ઞાન બિડાઈ જાય છે. ક્રિયાકાંડ કરનારાને જ્ઞાન બિડાઈ જાય છે.

એકવાર ગુરુદેવે તો ત્યાં સુધી કહ્યું, કે આ ભગવાનની ભક્તિમાં જ્ઞાન બિડાઈ જાય છે. પોતે ભગવાનની ભક્તિ કરીને ઊઠ્યા, રોજ જાય પોણો કલાક ભક્તિમાં અને ઊઠીને કહે આ ભગવાનની ભક્તિના રાગમાં જ્ઞાન બિડાઈ જશે. અરે ! (શ્રોતા :- એની પાછળ માર્મિક વાત છે.) માર્મિક છે. (શ્રોતા :- માર્મિક એટલા માટે છે કે તમારો ધ્યેય ખ્યાલમાં રાખીને પછી ભક્તિ કરવાની. નહીં તો બિડાઈ જશે એકાંતમાં) અરે ભક્તિનો રાગ પુદ્‌ગલ છે એમ જાણો તમે. ભક્તિનો રાગ પુદ્‌ગલ છે. આ ભક્તિ કોણ કરે છે ? (શ્રોતા :- પુદ્‌ગલ કરે છે) કરે તો કરો. આહાહા ! (શ્રોતા :- પુદ્‌ગલ કરતો જણાય) આહાહા ! આવી વાત છે. આ ભગવાનની ભક્તિ પુદ્‌ગલ કરે છે. પુદ્‌ગલની સત્તામાં ભક્તિ થાય છે રાગની. આહાહા !

(શ્રોતા :- આ શ્રીમદ્‌જીએ એમ કહ્યું છે ને કે ભાવકર્મ નિજ કલ્પના) પણ એ કલ્પના (શ્રોતા :- એટલે પણ એ પુદ્‌ગલમાં કલ્પના થાય છે ને એમ માને છે કે હું કરું છું) થાય છે ત્યાં ને ભાસે છે મારામાં થાય છે એ પ્રતિભાસ એનો ખોટો છે. એ કલ્પના છે કલ્પના. એ કલ્પના ખોટી કલ્પના. સાચું નહીં. સાચું ત્યાં થાય છે એ સાચું. હા. અહીંયા થાય છે નિજ કલ્પના. (શ્રોતા :- નિજ કલ્પના કહે એટલે એ ભ્રાંતિ એટલે ખોટી છે.) ભ્રાંતિ એટલે ખોટી છે એ. (શ્રોતા :- ભાઈ બહોત ગુપ્ત બાત છે એ. આ વાત ખૂબ ગુપ્ત છે એકદમ) આ જે છેલ્લી મેં વાત કરી એ એટલા માટે કરી કે એ કોઈ દિ' અહીંયા સુખદુ:ખ પુદ્‌ગલમાં થાય જ નહીં, સુખદુ:ખ જીવમાં જ થાય છે. ભલે પુદ્‌ગલમાં નથી થાતાને સુખદુ:ખ, રાગદ્વેષ મારામાં, બોલ નક્કી. તો કહે હા નક્કી. થાય છે તારામાં રાગ ? તો કહે હા મારામાં થાય છે. બોલ, નૈમિત્તિક છે કે સ્વભાવિક પર્યાય ? આ છે નૈમિત્તિક. તો નિમિત્તના લક્ષ વગર ન થાય, તો નિમિત્તમાં થાય છે, અહીંયા જણાય છે, એ ભાવને મારા માની બેઠો છો એ તારું અજ્ઞાન છે, લે. રાગી તો પુદ્‌ગલ છે જાણી લે ને. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા તો જ્ઞાની છે. આત્મા જ્ઞાની છે ને રાગી તો પુદ્‌ગલ છે. જ્ઞાની એટલે જ્ઞાનમય આત્મા. આત્મા જ્ઞાની એટલે જ્ઞાનમય છે અને રાગી પુદ્‌ગલમય છે. આહાહા ! બે નો ફેંસલો કરી નાખ ને તું. આહાહા ! થોડો ટાઈમ રહેશે પુદ્‌ગલનો રાગ પછી ચાલ્યો જાશે. ચાલો, થઈ ગયો ટાઈમ.

**શ્રી સમયસારજી ગાથા - ૯૨**
**વિડીયો પ્રવચન નં.૨૩૫, સળંગ પ્રવચન નં. ૮**
**તા. ૨૭-૧-૯૦**
**સ્થળ : રાજકોટ**

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે. એનો કર્તા-કર્મ અધિકાર ગાથા ૯૨ છે.

આત્મા સ્વભાવથી રાગાદિ પરિણામનો અકર્તા હોવા છતાં, અનાદિકાળથી પોતાના જ્ઞાતા સ્વભાવને ભૂલી અને રાગને જાણતા રાગને પોતાનો માને છે એટલે એની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ અનાદિકાળથી છે. તે રાગને જાણવાનું બંધ કરે અને જ્યારે જ્ઞાનમય પોતાના આત્માને પોતે અંદર જઈને જાણે, ત્યારે તેને જ્ઞાન પ્રગટ થાય છે, ત્યારે રાગની સાથે અનાદિની કર્તાકર્મની પ્રવૃત્તિ બંધ થાય છે અને રાગી તો પુદ્‌ગલ છે. હું તો જ્ઞાનમય છું, એવું એને ભેદજ્ઞાન થઈ જાય છે.

ભેદજ્ઞાનના બે પ્રકાર શાસ્ત્રમાં આવ્યા છે. એક તો આસ્રવ એટલે પુણ્ય ને પાપના પરિણામ ઉત્પન્ન થઈ ગયા પછી એ આસ્ત્રવ એટલે મિથ્યાત્વ આદિ રાગદ્વેષમોહના પરિણામો ઉત્પન્ન થઈ ગયા પછી એનાથી આત્મા જુદો છે એવો એક ભેદજ્ઞાનનો પ્રકાર છે, કે જે કર્તા કર્મ અધિકારની ૭૨ ગાથામાં ફરમાવ્યું છે. કે આત્મા ને આસ્રવ બેય જુદી ચીજ છે. જ્ઞાનમય આત્મા અને જડ એવો રાગ, પુણ્ય-પાપના ભાવ એ જડ છે એ આત્માથી જુદા ભાવો છે. પુણ્ય-પાપના પરિણામમાં ચેતના નથી, જ્ઞાન નથી, જ્ઞાનથી શૂન્ય છે. પુણ્ય-પાપના પરિણામમાં જાણવાની શક્તિ નથી. તેથી તેને જડ અને અચેતન કહ્યું, એનાથી જુદો આત્મા છે, એમ લક્ષમાં લઈને તું આત્માનો અનુભવ કર, તો રાગની સાથે એકત્વબુદ્ધિ તૂટી જશે. તને અનુભવ થશે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, મોક્ષનો માર્ગ પ્રગટ થશે. મોક્ષનો માર્ગ કહો કે સુખનો માર્ગ કહો એક જ વાત છે. એ જનરલી ભેદજ્ઞાન તો આત્મા ને આસ્રવ વચ્ચેનું શાસ્ત્રમાં આવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અહીંયા જે ૯૨ ગાથા ચાલે છે એમાં એમ ફરમાવે છે, કે એ આસ્રવ ઉત્પન્ન કેમ થાય છે ? ઉત્પન્ન થયા પછી ભેદજ્ઞાન કરવું તેના કરતા એની ઉત્પત્તિનું કારણ તું શોધી લે, જો તને કારણની ખબર પડી જશે કે આ જ્ઞાનનું અજ્ઞાન કેમ થઈ ગયું ? તો અજ્ઞાન ઉત્પન્ન જ નહીં થાય. અજ્ઞાન ઉત્પન્ન થયા પછી ભેદજ્ઞાન કરવુ એના કરતાં અજ્ઞાનની ઉત્પત્તિ જ ન થાય અને સીધી જ્ઞાનની ઉત્પત્તિ થાય. આસ્રવોની ઉત્પત્તિ થયા પછી સંવર પ્રગટ કરવો. એના કરતા આસ્રવ પ્રગટ જ ન થાય અને સંવર શુદ્ધ આત્માનો અનુભવ થઈ જાય એ પ્રકારની લાઈન આમાં બતાવે છે.

એટલે અજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ કારણ શું છે ? રાગની ઉત્પત્તિનું મૂળ કારણ શું છે ? કે રાગને ઉત્પન્ન કરનાર ભગવાન આત્મા તો નથી. આત્માના આશ્રયે તો રાગ થાય નહીં તો રાગાદિભાવ વિભાવ છે, એ પરના લક્ષે, પરના સંબંધમાં થાય. દેહ મારો, રાગ મારો, કુટુંબ મારું, મોટર મારી, બંગલા મારા એમ પરદ્રવ્ય અને પરભાવમાં મમતા કરવી એનું નામ અજ્ઞાન છે, છે પરદ્રવ્ય અને માને છે મારું તો એ તો અજ્ઞાન થઈ ગયું.

હવે જ્યારે પરદ્રવ્ય પરરૂપે જણાય છે ત્યારે મમતાનો ભાવ જ ઉત્પન્ન થતો નથી. પરદ્રવ્ય પરદ્રવ્યરૂપે છે, મારાપણે નથી, તો મમત્વભાવ ઉત્પન્ન ન થાય અને નિર્મમત્વ ધર્મના પરિણામ વીતરાગભાવ પ્રગટ થાય. તો અહીંયા એક અંદરની એવી વાત કરે છે, કે અજ્ઞાનની ઉત્પત્તિ થાય તો એને અજ્ઞાનદશામાં કર્તા ભાસે કે હું રાગને કરું છું.

હવે એનો એક પ્રકાર કહે છે, દૃષ્ટાંત એક આપે છે. કે જેવી રીતે ઠંડી ને ઉની અવસ્થા છે એ બધા પુદ્ગલના પરિણામ છે અને એને જાણનારું જે જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે. ટાઢી-ઉની અવસ્થાને જાણે જ્ઞાન, પણ હું ટાઢો થઈ ગયો ને હું ઉનો થઈ ગયો એમ ભાસે નહીં. એમ જો કોઈને ભાસે તો એ અજ્ઞાન કહેવાય. પરભાવને પોતાના માને, ઠંડી-ઉષ્ણ અવસ્થા પુદ્ગલની છે. નિયમથી પુદ્ગલની છે. નિશ્ચયથી ખરેખર પુદ્ગલના પરિણામ છે અને છતાં માને કે એ પરિણામ મારા છે તો અજ્ઞાન કહેવાય. એમ અંદરમાં એક દ્રવ્યકર્મનો ઉદય આવે છે અને એમાં રાગદ્વેષસુખદુ:ખના પરિણામ હોય છે. જેમ ટાઢી-ઉની અવસ્થા નોકર્મની, એમ કર્મની અવસ્થા એનો અનુભાગ રસ છે, આમાં એ વાત કરતા એમ કહે છે કે, ફરીથી લઈએ.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, એવી રાગદ્વેષસુખદુ:ખાદિરૂપ પુદ્ગલ પરિણામની અવસ્થા, પુદ્ગલથી અભિન્નપણાને લીધે, આત્માથી સદાય-હંમેશા, ત્રણેયકાળે અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એમ, એના નિમિત્તે થતો તે પ્રકારનો નૈમિત્તિક ભાવ એમ ન લખતાં, એમ ન લખતાં જેવો સામો પદાર્થ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેવું અહીં જ્ઞાન થાય છે. જેવો પદાર્થ છે સામે તેવો અહીં ભાવ થતો નથી. જેવો સામે પદાર્થ છે રાગદ્વેષસુખદુઃખરૂપે પરિણમે છે. એવો અહીં ભાવ થતો નથી પણ જેવો ભાવ ત્યાં છે એવું અહીં જ્ઞાન થાય છે. રાગ હોય તો રાગ જણાય. દ્વેષ હોય તો દ્વેષ જણાય. દુઃખ હોય તો દુઃખ જણાય. એ દુઃખ અહીંયા આવતું નથી. દુઃખ ત્યાં છે અને જ્ઞાન અહીંયા છે. હવે એ જે દુઃખને જાણે છે જ્યારે જ્ઞાન, ત્યારે હું દુઃખી એવી કલ્પના કરી લે છે એટલે ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. દ્રવ્યકર્મના લક્ષે ભાવકર્મની ઉત્પત્તિ થઈ જાય છે. પણ જો કોઈ ચેતી જાય, કે આ તો પુદ્‌ગલના ભાવો છે, મારો સ્વભાવ નથી. તો એને મિથ્યાત્વનો દોષ લાગતો નથી, જ્ઞાની થઈ જાય છે. એ વાત કરે છે ઊંડાણથી.

અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી, અનુભવ એટલે જ્ઞાન, જાણપણું, આત્માથી અભિન્નપણાને લીધે, કેમકે આ ઘડિયાળ છે તે ઘડિયાળનું અહીંયા જ્ઞાન થાય. પણ એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. ઘડિયાળ-ઘડિયાળમાં છે ને જ્ઞાન જ્ઞાનમાં છે. તો બેય ચીજ જુદી છે. એમ રાગદ્વેષસુખદુઃખરૂપે પરિણામી પરિણમે છે પુદ્‌ગલ, દ્રવ્યકર્મ. એનાથી એનામાં છે રાગદ્વેષસુખદુઃખ. અહીંયા થાય છે જ્ઞાન-અનુભવ, તેના નિમિત્તે થતો અનુભવ, એ આત્માથી અભિન્નપણાને લીધે-પુદ્‌ગલથી એટલે રાગદ્વેષસુખદુઃખના પુદ્‌ગલના પરિણામથી અત્યંત સર્વથા ભિન્ન છે. અહીંયા સુધી તો વસ્તુની સ્થિતિ કહી. અહીંયા સુધી જ્ઞાન કે અજ્ઞાન કાંઈ નહીં. અહીંયા જીવમાં જ્ઞાન થાય છે અને જડકર્મમાં રાગદ્વેષ થાય છે. આ તો વસ્તુની સ્થિતિ છે. આમાં કાંઈ અજ્ઞાન થઈ જાય કે સમ્યક્‌જ્ઞાન થાય એવું કાંઈ નહીં. બે પદાર્થ જુદા જુદા છે. બેયનું પરિણમન જુદું જુદું છે. આ આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે, પુદ્‌ગલ અનાદિનું રાગરૂપે પરિણમે છે. એવી સ્થિતિ છે.

હવે આવી સ્થિતિ હોવા છતાં, રાગ મારામાં થાય છે એમ ક્યાંથી આવ્યું એનો ખુલાસો કરે છે. અજ્ઞાનને લીધે, અજ્ઞાન એટલે કે મારામાં જ્ઞાન થાય છે અને રાગ બીજે થાય છે એવું ન જાણતા, અનાદિકાળથી ભેદજ્ઞાનનો અભાવ હોવાને કારણે, બે તત્ત્વ ભિન્ન-ભિન્ન હોવા છતાં, બેયને એક માને છે એનું નામ અજ્ઞાન. એવા જ્યારે અજ્ઞાનને લીધે આત્મા, તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો, અજ્ઞાનને લીધે શું થયું ? કે રાગદ્વેષસુખદુઃખ પુદ્‌ગલનો રસ છે અને અહીંયા એનો અનુભવ, જ્ઞાન છે એ આત્માનું છે, એટલે જ્ઞાન અને જ્ઞેય બે જુદા જુદા છે, છતાં અજ્ઞાનને લીધે પરસ્પર એટલે અરસપરસ, વિશેષ જુદાઈ ન જાણતો હોય ત્યારે, જો જુદાઈ જાણે તો જ્ઞાન થઈ જાય અને જુદાઈ ન જાણે તો અજ્ઞાન થઈ જાય.

છે જુદા, સ્વભાવથી જુદા છે. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. સ્વભાવથી બે પદાર્થ જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન છે. એક પદાર્થમાં રાગ થાય છે ને બીજા પદાર્થમાં જ્ઞાન થાય છે. જીવ નામના પદાર્થમાં જ્ઞાન થાય છે અને પુદ્ગલ નામના પદાર્થમાં રાગ થાય છે. બેય સ્થિતિ જુદી જુદી છે. પણ અજ્ઞાનને લીધે એ રાગદ્વેષસુખદુઃખાદિનો, પુદ્ગલના પરિણામનો અને તેના અનુભવનો એટલે જીવના પરિણામનો, પુદ્ગલના પરિણામનો અને જીવના પરિણામનો પરસ્પર વિશેષ નામ જુદાઈ ન જાણતો હોય ત્યારે, એકપણાના અધ્યાસને લીધે અનાદિકાળથી જાણે રાગ આત્મામાં થાય છે. દુઃખ આત્મામાં થાય છે. દુઃખને આત્મા ભોગવે. રાગને કરે અને દુઃખને ભોગવે, એનું અનાદિકાળનું એકત્વ અભ્યાસ, અધ્યાસ થઈ ગયો છે. આત્મા અને રાગ બેય ભિન્ન ભિન્ન છે, છતાં એકમેક લાગે છે.

પાણી મેલું થયું તો જાણે પાણી જ મેલું છે. છે માટી મેલી. માટીના સંગે પાણીની પર્યાય મલિન થઈ, તો ખરેખર તો એ મલિનતા માટીની છે. પાણીની તો સ્વચ્છતા છે. પણ સ્વચ્છતાને એ ભૂલી ગયો અને પાણી મેલું દેખાણું, મેલી છે માટી, દેખાણું પાણી મેલું. થાય છે આત્મામાં જ્ઞાન અને ભાસે છે કે મારામાં રાગ થાય છે, આ ભૂલ થઈ ગઈ. રાગથી આત્મા ત્રણે કાળ ભિન્ન છે. ત્યાં હોય તોય ભિન્ન છે અને કદાચિત્ અહીંયા થઈ જાય તો પણ આત્મા તો તેનાથી ભિન્ન જ છે. ત્યાં થાય તોય ભિન્ન છે અને કદાચિત્ એના લક્ષે-અહીંયા રાગ થઈ જાય તોપણ રાગથી આત્મા ભિન્ન છે. આહાહા !

નિમિત્તથી ભિન્ન ને નૈમિત્તિકથી પણ ભિન્ન જ છે. આહાહા ! નિમિત્તથી ભિન્ન છે, તો તો કામ થઈ ગયું. પણ નૈમિત્તિક થઈ જાય તોપણ રાગથી આત્મા ભિન્ન છે, દુઃખથી ભિન્ન છે. દુઃખ અને આત્મા એકમેક થતા નથી. આહાહા ! એકમેક માને તો એકમેક થાય ? પાણી અને માટી એ એક થઈ જતા હશે ? પાણી ને માટી એક ન થાય. પણ પાણીની જે મેલી પર્યાય છે એ તો પાણીની સાથે એકમેક થાય ને ? (શ્રોતા :- ન થાય) પહેલા તે હા પાડી દીધી. આહાહા ! એ ઈરાદાપૂર્વક જ મેં કહ્યું, ભૂલાવામાં નાખવા માટે. માટી તો ભિન્ન છે. એ તો ગમે તેને પૂછો, માટી ભિન્ન ને પાણી ભિન્ન છે.

પહેલા બે વાત કરી કે, એ નિમિત્તથી તો ભિન્ન છે પણ નૈમિત્તિક રાગથી પણ આત્મા ભિન્ન છે, સ્વભાવ જ એવો ભિન્ન રહેવાનો છે. ભિન્ન રહે જ છે અનાદિ અનંત, એકમેક થતો જ નથી. એ તો ભ્રાંતિ થાય છે એને, એમ જેમ એ છે ભિન્ન એ માટી તો ભિન્ન છે પણ માટીના સંબંધથી પાણીની પર્યાય જે મલિન થઈ, એ તો પાણીથી અભિન્ન છે કે નહીં અનન્ય. કે નહીં ? સર્વથા ભિન્ન છે. કેમકે બેયના લક્ષણ જુદા છે. ઓલું મેલાપણું માટીની સાથે મળતું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે અને સ્વચ્છતા પાણીની સાથે મળતી છે, એટલે જેટલા ભાગમાં સ્વચ્છતા છે એ પાણીનો ભાગ છે અને જેટલા ભાગમાં મલિનતા છે એ માટીનો ભાગ છે. એ પાણી જ નથી. આહાહા !

કેમકે ફટકતી નાખતાં જુદું પડી જાય છે. એટલે માટી તો જુદી છે જ, પણ આ મેલી પર્યાય છે ને એ માટીની હતી એટલે જુદી પડી જાય છે. અને જુદી પડ્યા પછી પાણી સ્વચ્છ થાય. સ્વચ્છ થયા પછી તું ફટકડી ગમે તેવી નાખ તો એ સ્વચ્છતા જુદી પડશે પાણીની ? નહીં પડે, કેમકે સ્વભાવ છે. એમ જ્ઞાન આત્માથી જુદું નહીં પડે. ભેદજ્ઞાન કરતા રાગ જુદો પડી જાય. કેમકે રાગ એની વસ્તુ નથી. જુદી વસ્તુ છે, આગંતુક છે, વિભાવ છે, પુદ્ગલનો સ્વભાવ છે અથવા પ્રકૃતિનો સ્વભાવ છે. આજે આવ્યું'તું બહુ કે, અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં લીન છે. ૧૯૭ કળશમાં આવ્યું'તું, પ્રકૃતિનો સ્વભાવ. પ્રકૃતિમાં લીન નહીં, પ્રકૃતિના સ્વભાવમાં લીન છે. જેમ શરૂઆતમાં આવે છે ને પુદ્ગલના પરમાણુમાં લીન છે. પુદ્ગલના પ્રદેશમાં સ્થિત છે અજ્ઞાની, પુદ્ગલના પ્રદેશમાં એ પ્રકૃતિનો સ્વભાવ એટલે પુદ્ગલનો પ્રદેશ, ત્યાં પણ એ પ્રદેશ કહ્યો છે. પ્રકૃતિના સ્વભાવને પ્રદેશ ત્યાં કહ્યો છે એટલે રાગ પ્રદેશથીય ભિન્ન છે એ નક્કી થાય છે.

પુદ્ગલના પ્રદેશમાં સ્થિત છે અજ્ઞાની. પુદ્ગલના પ્રદેશમાં, અહીંયા લખ્યું પુદ્ગલની પ્રકૃતિમાં સ્થિત થઈ ગયો છે લીન. પુદ્ગલની પ્રકૃતિમાં, પુદ્ગલના સ્વભાવમાં, પુદ્ગલની પ્રકૃતિનો સ્વભાવ, એ પુદ્ગલ એની પ્રકૃતિ, પ્રકૃતિનો જે સ્વભાવ, પ્રકૃતિ તો જડ છે અને આ જડાભાસ છે. જડ નથી, ચેતન તો નથી. પણ ચેતન જેવું લાગે છે. પ્રકૃતિનો જે સ્વભાવ છે એ પ્રકૃતિ જેવો જ હોય. પ્રકૃતિનો વિભાવ નથી લખ્યો. પ્રકૃતિનો સ્વભાવ એટલે જેવી પ્રકૃતિ જડ તો રાગ પણ જડ, એ સ્વભાવમાં લીન છે અજ્ઞાની. ત્યાં લખ્યું પુદ્ગલના પ્રદેશમાં સ્થિત છે. એ તો લખી લેશે પછી. કાંઈ વાંધો નહીં. લખી લે પછી યાદ ના આવે.

બીજી ગાથામાં છે. પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે એકપણું માનીને વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીત કરવામાં આવે છે. પુદ્ગલના પ્રદેશમાં સ્થિત છે. એટલે જે પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત છે, એ જીવના સ્વભાવમાં અજ્ઞાની રહેતો નથી. રાગને પોતાનો માનીને એમાં એકાકાર લીન થઈ જાય છે. એમ કહું છું કે રાગના પ્રદેશ અને જીવના પ્રદેશ ભિન્ન છે એ આમાંથી નીકળે છે, એમ. પ્રકૃતિનો સ્વભાવ કહો કે, પુદ્ગલનો પ્રદેશ કહો. એક જ છે એમ.

પ્રશ્ન :-દ્રવ્યના પ્રદેશો અને પર્યાયના પ્રદેશો એમાં ભિન્નતા ખરી કે નહીં ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :- હા ખરી જ, એના પ્રદેશ ભિન્ન છે. રાગના પ્રદેશ તો ભિન્ન છે. આ તો શુદ્ધ પર્યાય, નિર્મળ એના પ્રદેશ અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. કેમકે જો એક જ પ્રદેશ હોય, એક ક્ષેત્ર હોય, એક જ ક્ષેત્ર માનો કે એક જ સત્તા, એક જ ક્ષેત્ર, પ્રદેશ એક હોય. એક પ્રદેશે બે સત્ હોય તો એકનો નાશ થતા બીજાનો નાશ થવો જોઈએ, તો નિર્મળ પર્યાયનો વ્યય થાય છે (જો) પ્રદેશ એક હોય, એક ક્ષેત્રમાં બે ભાવ હોય તો આ પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય એટલે પ્રદેશ ભિન્ન છે. એક વાત.

બીજી વાત એ કે જ્યારે તમે તમારા આત્માની સન્મુખ થઈને આત્માનો અનુભવ કરશો, કે જ્ઞાયકભાવ તે હું, તો જ્ઞાયકભાવમાં જ અહમ્ આવશે, પર્યાયમાં અહમ્ નહીં આવે, કેમ કે પ્રદેશ ભિન્ન છે. એક જ સત્તા હોય, એક જ પ્રદેશ હોય તો દ્રવ્યનું અવલંબન લેતાં નિર્મળ પર્યાયનું પણ અવલંબન આવી જાત, પણ આવતું નથી માટે અનુભવથી પણ ભિન્ન છે. બે ન્યાય આપ્યા.

કેમ કે ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ છે. તો ધ્રુવનું અવલંબન લેતાં ઉત્પાદ્-વ્યયનું પણ પર્યાયનું અવલંબન જો આવી જાય તો તો એક પ્રદેશ છે. એ બરાબર છે. તો તો દૃષ્ટિનો વિષય થઈ જાય ઈ. દૃષ્ટિનો વિષય નથી થતો, કેમકે પ્રદેશ ભિન્ન છે. પર્યાયના પ્રદેશ ને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. આહાહા ! (શ્રોતા :- જો પર્યાય અને દ્રવ્ય એક હોય તેનો એક પ્રદેશ હોય તો પર્યાયને જાણતા દ્રવ્યદૃષ્ટિ થઈ જાય) હા, હા, હા, તો, પણ એ તો છે નહીં. એવું તો છે નહીં. એવું તો છે જ નહીં. દ્રવ્યને જાણતા પર્યાય જણાતી નથી અને પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કર અને દ્રવ્યાર્થિકનય ઉઘાડ એનો અર્થ એ કે એના પ્રદેશ ભિન્ન છે.

પ્રશ્ન :- તો આપણે જેમ દ્રવ્યની વ્યાખ્યામાં આવે છે કે ગુણ, પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે એ કઈ રીતે ?

ઉત્તર :- એ બીજી રીતે છે. એ ગુણ પર્યાયનો પિંડ જે દ્રવ્ય છે એ પદાર્થની સિદ્ધિ છે. પદાર્થ હંમેશા એક જ પ્રદેશ, એક જ સત્તા હોય, એમાં પ્રદેશ ભિન્નતા નથી. બીજી વિવિક્ષાથી કહીએ તો એ નિર્મળ પર્યાયના પ્રદેશ અને આત્માના પ્રદેશ એક જ છે. પદાર્થની સિદ્ધિ માટે, ગુણપર્યાયવત્દ્રવ્યમ્, ઉપાદ્વ્યયધ્રુવયુક્તંસત્ત આખો પદાર્થ એ પ્રમાણજ્ઞાનનો વિષય કહેવાય. તો પ્રમાણજ્ઞાનનો વિષય પૂજ્ય નથી, એ દૃષ્ટિનો વિષય નથી. એનો આશ્રય કરવા યોગ્ય નથી. કેમકે એ પ્રમાણજ્ઞાનનો વિષય જે પદાર્થ દ્રવ્ય-પર્યાય જે એક પ્રદેશે છે, તો તમે એક જ પ્રદેશે દ્રવ્યપર્યાય છે, સર્વથા એમ માનો તો તમે ભેદજ્ઞાન કોની સાથે કરશો. એ તો આત્મા છે, તો દ્રવ્ય તે હું ને પર્યાય તે હું નહીં.

ઠીક અને પર્યાયને પરદ્રવ્ય કેમ કહ્યું ? પ્રદેશ ભિન્ન છે માટે. નિયમસારમાં સાત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વના સમૂહને પરદ્રવ્ય કીધું, નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું. એ પરદ્રવ્ય કહ્યું છે માટે પ્રદેશ ભિન્ન છે. એનો અભાવ થતાં આત્માનો અભાવ થતો નથી. એનો આશ્રય કરતા પર્યાયનો આશ્રય આવતો નથી. સમજી ગયા. અને પર્યાય હેય છે અને દ્રવ્ય ઉપાદેય છે. જો એક જ પ્રદેશ હોય તો એક જ પ્રદેશે હેય ઉપાદેય ન હોય, બેયના પ્રદેશ ભિન્ન છે. પર્યાયના પ્રદેશ ને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. (શ્રોતા :- બહુ-બહુ જ સૂક્ષ્મ વિષય છે. આ બાબતમાં વેલજીભાઈ ત્યાં આવ્યા'તા લંડન ત્યારે ભાઈએ પૂછ્યું'તું. ઘણી ચર્ચા થઈ'તી આમાં) હા. ચર્ચાનો વિષય છે અમને તો ઘણાં પૂછે છે. ઘણાં મોટા વિદ્વાનો પૂછે છે. સમજી ગયા. અને આમાં ગૂંચવણ પણ થાય છે.

આમાં પ્રવચનસારમાં એમ લખ્યું છે કે દ્રવ્ય અને પર્યાયના પ્રદેશ ભિન્ન નથી, એ પરથી જુદું પાડે છે અને પ્રમાણમાં લાવે છે. હવે જો પ્રમાણમાં તમે અટકી જશો તો તમે સામાન્ય સ્વભાવ ઉપર ક્યારે આવશો ? તો એ તો પરિણામી આત્મા ઉપાદેય થઈ ગયો, એ પરિણામી દ્રવ્ય છે.

પ્રશ્ન :- પ્રદેશ ભિન્નમાં મારી જે સમજ થાય છે ને એમાં કદાચ મારી ભૂલ રહી જતી હોય તો મને જરા જણાવજો, કે જે રીતે નિગોદના જીવો છે તો એ એક શરીરની અંદર અનંતા જીવ-અસંખ્ય જીવો એક ક્ષેત્રાવગાહ રહેલા છે. તો દરેકના એક એક જીવના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. તો તે રૂપે દ્રવ્યના અને પર્યાયના પ્રદેશો એકક્ષેત્રાવગાહ હોવા છતાં પણ પ્રદેશો ભિન્ન છે. એ બરાબર છે ?

ઉત્તર :- બરાબર છે. એક ક્ષેત્રે રહેવા છતાં પ્રત્યેક જીવ ભિન્ન છે અને જીવના દ્રવ્યનો પ્રદેશ અને પર્યાયનો પ્રદેશ અંદરમાં ભિન્ન છે. એક ક્ષેત્રે હોવા છતાં, એક જીવ હોવા છતાં, એક જીવ દ્રવ્યપણે પણ છે અને એ જીવને સમયે સમયે નિગોદમાં પરિણામ પણ થાય છે. સમજી ગયા ? એ પરિણામ થાય છે એ પરિણામના પ્રદેશ અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. કેમકે એ પરિણામનો નાશ થવા છતાં દ્રવ્યનો નાશ તો થતો નથી, ધ્રુવનો તો નાશ થતો નથી. તો નક્કી થાય છે કે પ્રદેશ ભિન્ન છે. દ્રવ્યનું અવલંબન લેતા પર્યાયનું અવલંબન આવતું નથી માટે ભિન્ન છે. એક સત્તા હોય તો હેય ઉપાદેય બની શકે નહીં. એમ છે.

શ્રોતા :- એક ક્ષેત્ર હોય તો બે સત્ત સિદ્ધ ન થાય.

ઉત્તર :- બે સત્ત છે. એક સત્તા હોવા છતાં કથંચિત્ એક સત્તા અને કથંચિત્ બે સત્તા, આ સ્યાદ્વાદ છે. કથંચિત્ દ્રવ્ય પર્યાયની એક સત્તા છે એ પ્રવચનસાર કહે છે એ શિરોમાન્ય છે એક સત્તા. એ પ્રમાણજ્ઞાનનો વિષય છે બસ.

હવે જ્યારે શુદ્ધનયનો વિષય તમારે શોધવો હોય, એમાંથી એટલે કે પ્રમાણમાંથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણમાં શુદ્ધનયનો વિષય છુપાયેલો છે. ત્યારે પર્યાય તે હું નહીં ને દ્રવ્ય તે હું એમ તમારે અંદરમાં ભેદજ્ઞાન કરવું પડશે. ત્યાં ભાઈને ત્યાં શુક્ર, શનિવારે લંડનમાં વાંચન ચાલે છે. અને ત્યાં ગુરુદેવના પ્રવચન રત્નાકરના પાંચ ભાગ તો વાંચી લીધા છે. અગિયાર ભાગમાંથી છટ્ઠો ભાગ ચાલે છે. ગુરુદેવના વ્યાખ્યાનો જ વાંચવા જેવા છે. એ બહુ સારું. આ અભ્યાસ કરવા જેવો છે. જયંતિભાઈ ! બાકી ધૂળ ધાણી ને વા પાણી, ક્યાંય કોઈ શરણ નથી. કોઈ શરણ નથી. આહાહા ! બધું આંહી ને આંહી રહી જશે. પૈસો, ટકો, કુટુંબ કબીલા, મોટર, બંગલા, વાડી, આહાહા ! બધુ આંહી રહી જવાનું. એક રજકણ હારે જતું નથી. આ લક્ષ્મીબેન ચાલ્યા ગયા, કાંઈ લઈ ગયા ? આહાહા ! જ્ઞાન લઈ ગયા હારે. ચાલ્યા જાય છે બધાય. સ્વયં એકલો આવ્યો એકલો જાવાનો. કાં લઈ જાય જ્ઞાન ને કાં લઈ જાય અજ્ઞાન, બસ. બેમાંથી એક લઈ જવાની છૂટ છે. બાકી સખત મનાઈ છે. લઈ જાવાનું મન થાય તોય સાથે ના આવે.

રાજકોટમાં એક કરોડપતિ માણસ છે. સમજી ગયા. એ મુંબઈમાં હું હતો ત્યારે મને પ્રશ્ન કર્યો. મને કહે લાલુભાઈ અમે ક્યાં અટકીએ છીએ, આગળ વધાતું નથી. હજી ગુરુદેવને આટલા વખત સાંભળ્યા પછી પણ અમે આગળ વધી શકતા નથી. તો એણે ભાવથી પૂછ્યું'તું. તો મને ભાવથી પૂછ્યું હોય તો મારે સત્ય વાત એને કહેવી જોઈએ. મેં કહ્યું સાચી વાત કહું ? તો કહે કે એટલા માટે તો પૂછ્યું છે. સાચી વાત કહો, કાંઈ ભૂલ હોય તો નીકળી જાય. મેં કહ્યું તમને તીવ્ર લોભ છે પૈસાનો, બે કાન પકડ્યા. વાત સાચી છે. સાચી વાત તો છે પણ એણે આગળ શું કહ્યું ખબર છે ? લોભ તો એવો છે કે અહીંયા પાંચ, પચ્ચીસ કરોડ રૂપિયા ઉધાર લઈ લઉં અને જો એનો ડ્રાફટ કઢાવીને મારે ભેગો લઈ જવાતો હોય તો ભલે કરજ છોકરા ભરે. હું તો પૈસા લઈ લઉં ને ડ્રાફટ કઢાવીને પરભવમાં લઈ જાઉં, પણ ડ્રાફટ તો કોઈ કાઢી દેતું નથી. કેટલો લોભ એમ. લોભની માત્રા કેટલી, એને પોતાની મોઢે વાત કરી. મને ખબર હતી. કોઈને સત્તાનો લોભ, કોઈને પૈસાનો લોભ, બધાને પૈસાનો લોભ ન હોય, પૈસા ઘણાં હોય પછી સત્તાનો લોભ. કોઈ કહે મારે પ્રધાન થાવું છે, કોઈ કહે વડાપ્રધાન, કોઈ કહે સંસ્થાનો પ્રમુખ થાવું છે. કોઈ કહે સેક્રેટરી થાવું વગેરે વગેરે સત્તાનો લોભ અને પૈસાનો લોભ, લોભ છે એમાં. આહાહા ! એક આત્મા સાથે આવશે.

પ્રશ્ન :- આ વાત ફરીથી સમજવી છે. આપે પહેલા કહ્યું એ, કથંચિત્ એક ને કથંચિત્ અનેક.

ઉત્તર :- કથંચિત્ એક ને કથંચિત્ અનેક, જો બેન એનો દૃષ્ટાંત આપું એટલે તમને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખ્યાલ આવશે. દૃષ્ટાંતથી આ વાત ખ્યાલમાં આવશે. આ જે વિષય છે ને આ વિષય, એ ઘેરો છે જરાક અને સારો છે સમજવા જેવો છે. આ વિષય સમજવા જેવો છે. આમાં બધાય મૂંઝાય છે. આખો આપણો સમાજ છે ને, આખો આપણો અત્યારનો ગુરુદેવનો સમાજ, ચાર લાખ મુમુક્ષુઓ છે અત્યારે એ આમાં મૂંઝાય છે.

પ્રવચનસારમાં કહે એક સત્તા, સમયસાર-નિયમસાર કહે કે બે સત્તા છે એટલે મૂંઝાય છે. હવે એનો સ્યાદ્વાદ વિના ઉકેલ આવે નહીં. સ્યાદ્વાદથી જ ઉકેલ આવે. હવે એના માટે હું દૃષ્ટાંત આપું છું એટલે તમને એ તરત જ હમણાં બેસી જશે. કોઈ શાસ્ત્ર વાંચવાની જરૂર નથી. હમણાં બેસી જશે.

એક સોનું છે અને સોનાનો ઘાટ થાય છે. એક ઘાટ આવ્યો વળી પાછો ઘાટ ભાંગી નાખે, બીજો ઘાટ, ત્રીજો ઘાટ એમ ઘાટ થયા કરે હજારો, લાખો ઘાટ. થાય કે નહીં ? તો એક સત્તા છે બે સત્તા નથી. સોનું અને સોનાના પરિણામ એક સત્તા છે. સોનું અને સોનાના પરિણામ એ સોનું જ છે. એ કાંઈ લોઢું નથી, ચાંદી નથી. એ સોનું જ છે. એક સત્તા છે. જો જો હોં હવે, એક સત્તા સિદ્ધ કર્યા પછી બે સત્તા હું તમને સિદ્ધ કરી દઉં હમણાં જ. એક સત્તા હોવા છતાં બે સત્તા છે. જયંતિભાઈ ! દૃષ્ટાંતથી તો સમજાય એવું છે. સત્તા એક છે.

હવે એની બે સત્તા કેમ છે ? કેમ કે પર્યાયનો નાશ થવા છતાં સોનાનો નાશ થતો નથી, માટે બે સત્તા છે. કથંચિત્ એક સત્તા અને કથંચિત્ બે સત્તા. હવે બે સત્તામાં શું ફાયદો અને એક સત્તામાં શું ફાયદો ? પાછું આપણે એમાં વીતરાગતા કાઢવી જોઈએ ને. લાભ કાઢવો જોઈએ. દૃષ્ટાંતમાંથી તો આપણે હિત કરવું છે ને આપણું. આહાહા ! સમજાણું બેન ? એક સત્તા અને બે સત્તા. પ્રમાણથી એક સત્તા અને નયથી બે સત્તા. (શ્રોતા :- સોનું ને સોનાનો ઘાટ એ પ્રમાણથી એક સત્તા) એક સત્તા. સોનું ભિન્ન અને એની પર્યાય ભિન્ન, કેમકે પર્યાયનો નાશ થાય છે. એક ઘાટનો નાશ થાય છે બીજો ઘાટ થાય છે પણ સોનું તો એનું એ જ કાયમ રહે છે. સોનું કાયમ રહે, સોનું ધ્રુવ છે. અને આ જે ઘાટ થાય તે ઉત્પાદ્-વ્યય પર્યાય આવે ને જાય, પર્યાય આવે ને જાય. તો પણ એક સત્તા છે. પ્રમાણથી એક સત્તા છે પદાર્થની સિદ્ધિ કરો તો એક સત્તા છે.

હવે આપણે એમાં જે ઘાટ ઉપર મોહ થઈ ગયો છે ને ઘાટ ઉપર, આ ઘાટ સારો ને આ ઘાટ ખરાબ એ ઘાટ ઉપરનો મોહ કેમ જાય ? કે ઘાટ તે સોનું જ નથી. નાશ થાય તે સોનું ન હોય, ટકે તે સોનું હોય. મારે તો સોનાની કિંમત આપવી છે, ઘાટની કિંમત નથી આપવી જા. તો જુઓ એમાં ને એમાં ભેદજ્ઞાન થયું. ઘાટ તે હું નહીં. કેમકે ઘાટ નાશવાન છે અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સોનું તે મારું. સોનું કાયમ રહે છે. ઘાટનો તો નાશ થાય છે, તો ઘાટની કિંમત બહેનોને છે. ઘાટની કિંમત સોનીને નથી.

એમાં એક બનાવ બન્યો. કસ્તુરબેન ! એવો એક બનાવ બની ગયો. એક સોનાની દુકાને બે-ત્રણ બહેનો ગયા હાર લેવા, તો હાર તો ઘણાં હોય ન્યાં તો એક ઘાટ બતાવ્યો, બીજો બતાવ્યો, ત્રીજો બતાવ્યો, ચોથો બતાવ્યો. હવે જે ચોખ્ખું સોનું હતું એનો ઘાટ નબળો હતો. અને જે ભેળસેળવાળું સોનું હતું એનો ઘાટ જોતા ચકિત થઈ ગયા. તો સોની પ્રમાણિક બિચારો, તો બહેનો કહે કે મને તો આ હાર જોઈએ છીએ, કે બહેન એ હાર તમે લઈ જાવ તો મેં તો વેંચવા માટે રાખ્યો છે તમે લઈ જાવ. પણ તમે મારા જાણીતા છો એટલે હું તમને ચેતાવું છું કે આ જે હાર છે સારો લાગે છે તમને પણ એમાં ભેળસેળ ચાંદીની વધારે છે. સમજી ગયા ? એ દસ કેરેટ છે, બાર કેરેટ છે. આ હાર છે તે બાવીસ કેરેટ સોનું છે, આ હાર તમે લઈ જાવ. તો કહે કે ના મારે તો આ હાર જોઈએ છે. ભલે કહે લઈ જાવ મને તો વાંધો નથી. પછી એણે બીલ બનાવ્યું. વીસ હજાર રૂપિયાનું બીલ બનાવી દીધું અને હાર આપ્યો. કે જો બહેન આ તમે મને જ્યારે પાછો આપવા આવો ત્યારે તમને હું પાછા સોનાના પૈસા આપી દઈશ ને તમારો હાર લઈ લઈશ. ભાવ તેનો તે હશે તો, ભાવની વધઘટ હશે તો સમજી લેશું આપણે. ભલે કહે, એ છ મહિના થયા. ઘાટ તો બદલ્યા કરે, એ ઘાટ ગમ્યો નહીં. અણગમો થઈ ગયો ઘાટ ઉપર. જેના ઉપર રાગ હતો એના પર દ્વેષ આવ્યો. શું કહ્યું ? જે દિકરા ઉપર રાગ હતો એ દિકરો જ્યારે કાઢી મૂકે છે ત્યારે એના ઉપર દ્વેષ આવે છે. લંડનમાં બધું બને છે અહીં નથી બનતું. અહીં ઓછું બને છે. એ તો ત્યાં બનતું હોય એની થોડી હવા અહીં આવે ને હવા થોડી આવી. આહાહા !

છ મહિના પછી સોની પાસે ગયા, કે આ તમારું વીસ હજારનું બીલ અને મને તમે વીસ હજાર રૂપિયા આપો અને આ સોનાનો હાર લઈ લ્યો. વજન જોઈ લ્યો. વજન તો એટલું ને એટલું છે કાંઈ ઘસાણું નથી. પણ જુઓ આમાં જે ઘડાઈ બેઠી છે ને એ બે હજાર રૂપિયાની ઘડાઈ બેઠી છે. જુઓ આમાં લખ્યું છે અઢાર હજાર અને બે હજાર એ ઘડાઈના પૈસા હું કાપી લઈશ અને અઢાર હજાર આપીશ. કે ના. ઘડાઈના પૈસા ? ઘડાઈના પૈસા અમને કાંઈ કામના નહીં. જુઓ તમે ઊભા છો ને હથોડો મારું છું જુઓ. અમને ઘાટની કાંઈ કિંમત નથી. તને ઘાટની કિંમત છે અમને કિંમત છે સોનાની.

એમ જગતના અજ્ઞાની જીવોને પર્યાયનો પ્રેમ છે. જ્ઞાનીને દ્રવ્યસ્વભાવનો પ્રેમ થઈ ગયો છે. એને પર્યાયની કાંઈ કિંમત નથી. દેવની પર્યાય આવે, મનુષ્યની પર્યાય આવે, ચક્રવર્તીની પર્યાય આવે, તીર્થંકરની પર્યાય આવે તો પર્યાયદૃષ્ટિ નથી એની, એને તો દ્રવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ થઈ ગઈ છે. આહાહા ! એટલે સોનાની એક સત્તા હોવા છતાં કથંચિત્ બે સત્તા. એનું નામ કથંચિત્ કહેવાય. સ્યાદ્‌વાદથી સિદ્ધ થાય. કથંચિત્ એક સત્તા, કથંચિત્ બે સત્તા. પ્રમાણથી એક સત્તા, લખો પ્રમાણથી એક સત્તા નયથી બે સત્તા, બસ.

પ્રશ્ન :- સપ્તભંગી એ પણ એમાં જ લાગુ પડે છે ને સપ્તભંગી ?

ઉત્તર :- હા. સપ્તભંગી સ્યાદ્‌અસ્તિ, સ્યાદ્‌નાસ્તિ એમાં લાગુ પડે છે. હવે એ જે અનેકાંત છે સપ્તભંગીનું, અસ્તિ-નાસ્તિ અનેકાંત એ અસ્તિ-નાસ્તિ અનેકાંત સમજવા જેવું છે. છેક લંડનથી તમે આવ્યા. જામનગરથી મને ફોન કર્યો, તો કાંઈક તમે લઈને જાવ એવી ભાવના મારી છે. પ્રશ્ન તમે પૂછ્યો સારો છે. સપ્તભંગીમાં મૂળ તો બે ભેદ છે. સ્યાદ્‌અસ્તિ, સ્યાદ્‌નાસ્તિ, સ્વપણે છે ને પરપણે નથી.

હવે એ અનેકાંતના પણ ત્રણ પ્રકાર છે. એ અનેકાંતના ત્રણ પ્રકારમાં બે અનેકાંત છે એ ભેદજ્ઞાન પરખ છે અને એક અનેકાંત એ પ્રમાણજ્ઞાનનો વિષય અનુભવ પછી થાય છે. એટલે ત્રણ પ્રકાર પાડીને હું તમને સમજાવું છું. એક તો દ્રવ્ય, ગુણ ને પર્યાય, ઉત્પાદ્‌વ્યય-ધ્રુવયુક્તંસત્ આખો પ્રમાણનો વિષય લેવો એમાં પરપદાર્થની નાસ્તિ છે. એટલે તમારો આત્મા પરદ્રવ્યથી જુદો પડી ગયો અને તમારા દ્રવ્ય, ગુણ, પર્યાયની સત્તામાં તમે આવી ગયા તો સ્વપણે છે. સ્વચતુષ્ટય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એ તમારો આત્મા છે એમાં પર્યાય આવી ગઈ ભેગી અને પર ચતુષ્ટયની નાસ્તિ. અસ્તિ નાસ્તિ અનેકાંત. આત્મા સ્વપણે છે ને પરપણે નથી. એ તો એટલું ભેદજ્ઞાન થયું. તમને પરમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ, કે પરપદાર્થો કોઈ મારા નથી. પરપદાર્થ જુદા છે ને હું જુદો છું. મારો તો એક આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય તે પરિણામ થાય મારામાં, એને કરું ને ભોગવું પણ પર પદાર્થને કરું ને ભોગવું એ તો ગયું એટલું ભેદજ્ઞાન બે દ્રવ્યો વચ્ચેની ભિન્નતા બતાવે છે. એ ભેદજ્ઞાન છે.

હવે બીજા પ્રકારનું અસ્તિ-નાસ્તિ અનેકાંત છે અંદરમાં, એ મૂળ પાયાની ચીજ છે, કે હું જ્ઞાયક છું અને પ્રમત્ત-અપ્રમત્ત મારામાં નથી, એ અસ્તિ-નાસ્તિ અનેકાંત. હું સામાન્ય સ્વભાવે છું અને વિશેષ સ્વભાવે નથી. નિત્ય છું ને અનિત્ય નથી. શુદ્ધ છું અને અશુદ્ધ નથી. એક છું ને અનેક નથી. અંદરનું ને અંદરનું દ્રવ્ય પર્યાય વચ્ચે, જો એક પ્રદેશ હોય તો ભેદજ્ઞાન ન હોય. પ્રદેશ ભિન્ન છે માટે ભેદજ્ઞાન છે. હું તો જ્ઞાયક છું અને બંધ મોક્ષ મારામાં નથી. પર્યાયમાત્રથી મારો આત્મા રહિત છે, એ અંદરનું અસ્તિ-નાસ્તિ અનેકાંત, બીજા નંબરનું.

હવે જ્યાં બીજા નંબરના અસ્તિ-નાસ્તિ અનેકાંતમાં તમે આવ્યા અને આત્માનો અનુભવ થયો. પર્યાયદૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ તો તમને અનુભવ થાય છે. આનંદનો અનુભવ આવે છે, જ્ઞાન પ્રગટ થાય છે સમ્યગ્જ્ઞાન. એ સમ્યગ્જ્ઞાન આત્માના અનંત ધર્મને એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયમાં જાણી લ્યે. એ સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંતનું જ્ઞાન તમને થાય, પ્રમાણજ્ઞાન. ત્યારે સમયસારેય સાચું ને પ્રવચનસાર તમે ભણી ગયા. બે સત્તાય તમે ભણ્યા ને એક સત્તાય તમે ભણ્યા. ઈ સાચું પડ્યું. અસ્તિ-નાસ્તિ અનેકાંત અમૃત છે.

શ્રોતા : આ ફરીથી લ્યો. છેલ્લું.

ઉત્તર :- છેલ્લું જ્યારે તમે દ્રવ્ય તે હું ને પર્યાય તે હું નહીં, એમ પર્યાય ઉપરથી લક્ષ છોડી અને સામાન્ય દ્રવ્ય જ્ઞાયક ઉપર લક્ષ ગયું તમારું તો અનુભવ થાય કે ન થાય ? એ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થયું. ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું. તો એ ભાવશ્રુત જ્ઞાનમાં, જેમાં તમે અહમ્ કર્યું દ્રવ્યમાં, એ તો જાણવામાં આવે જ. આવે જ ને એ તો, આવે જ. જેમાં અહમ્ થયું એ તો જાણવામાં આવ્યું દ્રવ્ય. હવે એ વખતે આનંદ પણ આવ્યો અને અનંતગુણની અનંત પર્યાય પણ પ્રગટ થઈ એનેપણ જ્ઞાન જાણી લ્યે છે. દ્રવ્ય-પર્યાય સ્વરૂપ આખી વસ્તુને જાણે. અનંત ધર્માત્મક આખો આત્મા જ્ઞાનમાં જ્ઞેય થાય, એને અનેકાંતનું જ્ઞાન થઈ ગયું. અનેકાંત એટલે અનેક ધર્મ-અંત એટલે ધર્મ, અનેક એટલે ઘણાં.

અનંત આત્મધર્મમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, નિત્ય-અનિત્ય, એક-અનેક, અનંત અનંત ધર્મો છે. એક સમયમાં જેટલું કેવળજ્ઞાનમાં થાય એટલું તમારા જ્ઞાનમાં આવી જાય, એને આખું જ્ઞેય કહેવાય. ધ્યેયપૂર્વકજ્ઞેય અનુભવના કાળમાં થાય. અસ્તિ-નાસ્તિ અનેકાંતપૂર્વક, અનેકાંતનું જ્ઞાન થઈ જાય.

જામનગરમાં અમે હમણાં ગયા'તા ત્યારે આ વિષય લીધો તો. થોડા દિ' રહ્યા'તા ને અઠવાડીયું પહેલા, અઠવાડીયું રહ્યા'તા. ત્યારે અનેકાંતની વાત કરી'તી.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન જ્યારે થાય છે તે કાળમાં જે અનુભવ થાય છે એટલે કે અનંત ગુણો જે આપણે હમણાં જે આજે આ વ્યાખ્યા કરી તે જણાય છે અનંત ગુણોની પર્યાય જણાય છે પણ એ ભેદરૂપે નથી જણાતી ને અભેદ જણાય છે.

ઉત્તર :- અભેદ જણાય છે. દ્રવ્ય ને પર્યાયનું અનન્યપણું થઈને જણાય છે. જો ભેદરૂપે જણાય તો નિર્વિકલ્પપણે અનુભવ ન હોય. અભેદ થઈને જણાય છે. પર્યાયથી દ્રવ્ય કથંચિત્ અભેદ એ ધ્યાન રાખવું. સર્વથા અભેદ નહીં પણ કથંચિત્ અભેદ. બરાબર, અભેદ થઈને જણાય છે. આ દ્રવ્ય ને આ પર્યાય એમ જાણવા જાય તો તો તે અટકી ગયો, એમ નથી. એ બધું સવિકલ્પદશામાં આવીને બીજાને સમજાવવું હોય ત્યારે એ લક્ષણભેદથી આ દ્રવ્યનું લક્ષણ ને આ પર્યાયનું લક્ષણ એમ બીજાને સમજાવાય. અનુભવમાં તો એકાકાર, એકાકાર. અનુભવમાં દ્રવ્ય ને પર્યાયનો ભેદ ન દેખાય. અભેદમાં ભેદ દેખાતો નથી. ભેદજ્ઞાનનું ફળ, અભેદનો અનુભવ અને અભેદનો અનુભવ થતાં અનંતધર્મો એક સમયમાં જણાય જાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! અભેદપણે જણાય છે. આ શ્રદ્ધાની પર્યાય, આ ચારિત્રની પર્યાય, આ જ્ઞાનની પર્યાય એમ ન જણાય. આહાહા !

હવે એનો દાખલો આપું તમને કે ઉનાળાનો ટાઈમ હોય અને અહીં આપણા દેશમાં દૂધિયું બનાવે છે. એમાં સાકર હોય, બદામ હોય, એલચી હોય, કેસર હોય બધું ઘણું હોય. સમજી ગયા. એક સો ચીજ નાખેલી હોય મસાલો. હવે એ મસાલો જ્યારે માણસ પીએ છે, ઘુંટડો ભરે છે ત્યારે તો અભેદપણે અનુભવ થાય છે. દૂધિયાનો સ્વાદ લ્યે છે. એ સાકરનો સ્વાદ નથી લેતો. એલા આ દૂધિયું કેવું લાગ્યું ? કે મીઠું. દૂધિયું કેવું લાગ્યું ? કે કેસરની સુગંધવાળું, તો એણે દૂધિયું પીધું જ નથી. (શ્રોતા :- એમાં શું નાખ્યું છે એ પૂછે તો કહે હમણાં પૂછમાં) હમણાં પૂછમાં, આમ કહે (કાંઈ બોલમાં) હમણાં મને પીવા દે. એટલે આ દૂધિયું છે. આ સુખનો અનુભવ છે એ દૂધિયું છે, એ રસ આવે છે અંદરમાં ચેતનનો, તે અનંતગુણોનો રસ એમાં ભેગો આવે છે. આહાહા ! (શ્રોતા :- આ દૂધિયાની વસ્તુમાં શાંતિભાઈએ બહુ માર્મિક રીતે આમ બહુ સરસ રીતે સમજાવ્યું'તું) બરાબર ! દૂધિયાનો દાખલો સારો છે. શાંતિભાઈ ત્યાં ગુરુદેવની પાસે ઘણો વખત રહ્યા અને એક વરસ સુધી ત્યાં આવ્યા, ખુલાસો બહુ. (શ્રોતા :- ખરેખર અમારા માટે તો લાભનું કારણ થયું.) એની શૈલી શિક્ષકની સમજાવવાની છે એ કલકત્તા હતા ને ત્યારે પણ બીજાને સમજાવતા.

અજ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો એટલે જ્ઞાનની પર્યાયનો, પરસ્પર અરસપરસ વિશષ જુદાઈ ન જાણતો હોય ત્યારે, એકપણાના અધ્યાસથી અભ્યાસ થઈ ગયો છે એકમેક છે બસ. પાણી મેલું જ છે, પાણી ઉનું જ છે. ઉષ્ણતા અને શીતળતાને ભેળસેળ કરીને પાણીનો અનુભવ કરે છે. ઉષ્ણતા જુદી-શીતળતા જુદી એમ ખબર નથી. ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. અશક્ય કહ્યું, ટાઢી-ઉની અવસ્થારૂપે જો આત્મા પરિણમે તો તો આત્મા જડ થઈ જાય. ટાઢી-ઉની અવસ્થા તો પુદ્‌ગલની છે. એ રૂપે પરિણમવું અશક્ય છે.

એમ, એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનઆત્મા વડે પરિણમતો થકો અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, એ પરિણમતો તો નથી. એ રૂપે થતો તો નથી પણ જાણે હું એ રૂપે થઈ ગયો એમ એ માને છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. જાણે હું રાગરૂપે પરિણમ્યો. રાગરૂપે પરિણમન બીજાનું છે અને માને છે પોતાનું પરિણમન. ટાઢી-ઉની અવસ્થારૂપે પુદ્‌ગલ પરિણમે છે અને માને છે કે ટાઢી-ઉની અવસ્થારૂપે હું થઈ ગયો. મને ટાઢું લાગ્યું, કે ટાઢું લાગ્યું કે ટાઢું જાણ્યું ? આહાહા ! જાણે છે, ટાઢો ક્યાં થાય છે આત્મા ? રૂપી પદાર્થ પુદ્‌ગલ હોય, ટાઢો-ઉનો થાય. અરૂપી પદાર્થ ટાઢો-ઉનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

થાય કોઈ દિ' ? એ તો જ્ઞાનમય છે. આહાહા !

જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, જાણે હું રાગરૂપે પરિણમી ગયો, છે અશક્ય. પુદ્‌ગલના પરિણામરૂપે પરિણમવું અશક્ય હોવા છતાં, હું એ રૂપે થઈ ગયો એમ એ માને છે. હું મનુષ્ય થઈ ગયો. તું ક્યાં મનુષ્ય થયો ? તું તો આત્મા છો. હું સ્ત્રી થઈ ગયો ને હું પુરુષ થઈ ગયો. આત્મા સ્ત્રીયે થતો નથી ને પુરુષેય થતો નથી. માને છે કલ્પના કરી માન્યતા, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, પોતે અજ્ઞાનમય થયો થકો, રાગને એ પોતાનો માને છે. રાગ ભિન્ન છે આત્માથી, છતાં હું રાગી થઈ ગયો. હું દ્વેષી થઈ ગયો એમ માને છે, તો મિથ્યાત્વ થઈ ગયું અજ્ઞાન, પોતે અજ્ઞાનમય થયો થકો, આ હું રાગી છું. અર્થાત્ આ હું રાગ કરું છું. રાગ કરે છે બીજો ને માને છે બીજો. રાગનો કરનાર બીજો છે, એને જાણનાર બીજો છે, એને કરનાર બીજો છે ને અકર્તા બીજો છે. કર્તા બીજો ને અકર્તા બીજો. કરે છે કોક ને માથે ઓઢી લ્યે છે કે હું કરું છું. કોકના કજિયામાં વચ્ચે પડીને માથે ઓઢી લ્યે છે. એનું ખૂન થઈ જાય છે અહીંયા. વચમાં પડે છે ને અહીંયા એને મારી નાખે છે. આહાહા ! (શ્રોતા :- જીવ જાણનાર છે ને પુદ્‌ગલ કરનાર છે.) બસ. હું જાણનાર છું ને પુદ્‌ગલ કરનાર છે. બેય સ્થિતિ જુદી છે. કરનાર જુદો ને જાણનાર જુદો. રાગનો કરનાર જુદો અને જાણનાર કરનારથી જુદો. જાણનાર તે કરનાર નથી અને કરનાર છે તે જાણનાર નથી. આહાહા !

આ હું રાગી છું અર્થાત્ હું રાગ કરું છું. ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જાણે હું રાગને કરું છું, એમ એને ભાસે છે એ એનો પ્રતિભાસ ખોટો છે. આહાહા ! ઉપાદાનપણે પણ કરતો નથી ને નિમિત્તપણે પણ કરતો નથી. ઉપાદાનપણે પર્યાય, પર્યાયને કરે છે અને નિમિત્તપણે કર્મ કરે છે અને અભેદથી જોવામાં આવે તો એ પુદ્‌ગલના જ પરિણામ છે એટલે કર્તા-કર્મ એમાં છે બસ, એમ ત્રણ વાત કરી. ક્ષણિક ઉપાદાનથી, નિમિત્તથી અને અભેદથી, બધી વાત કરવી સમાજમાં. જેમ છે તેમ. આહાહા !

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે, એની સત્તામાં છે એ. તેથી તે શીત-ઉષ્ણપણાની માફક પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત સર્વથા ભિન્ન છે. અજ્ઞાનને લીધે બેયની જુદાઈ નથી જાણતો, એને અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, ભેદજ્ઞાન એટલે જુદાઈ નહીં ભાસવાથી, તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે. સ્વાદ છે પુદ્‌ગલનો, ખાટો-મીઠો સ્વાદ છે પુદ્‌ગલનો અને માને કે આ સ્વાદ મારો છે, એ ભૂલ છે. એમ આ સ્વાદ મારો જ છે એમ એને ભાસે છે.

કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે, જ્ઞાન સ્વચ્છ છે એટલે રાગદ્વેષસુખદુઃખાદિનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જો આ શૈલી ભાવાર્થ કર્તાએ લીધી. જે આપણે લીધી ને એ શૈલી ભાવાર્થ કર્તાએ લીધી છે. ચોખ્ખી ભાવાર્થ કર્તાએ ચોખ્ખી લીધી છે સ્પષ્ટ, સાવ સ્પષ્ટ, અહીંયા સ્વચ્છતા છે અહીંયા જ્ઞાન છે ઓલું જ્ઞેય છે, એ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસે છે. પ્રતિભાસે છે તે વખતે ભૂલી જાય છે. આહાહા ! હું જ્ઞાન ને આ પ્રતિભાસે છે તે જ્ઞેય. એમ જ્ઞેય એને જ્ઞાનપણે ન ભાસતા જ્ઞેયને નિમિત્ત બનાવીને નૈમિત્તિકભાવે પ્રગટી જાય છે. એમ અજ્ઞાનરૂપે પરિણમે છે કે એ ભાવ મારો છે. આહાહા !

અરીસામાં મોર દેખાય તો જાણે અરીસામાં મોર આવી ગયો. સ્ફટિકમણિ જે છે સ્વચ્છ એમાં ફૂલની રતાશ પ્રતિભાસે છે તો સ્ફટિકમણિ રાતો થતો નથી. એ તો સ્વચ્છ છે. છતાં અપરિક્ષક હોય એને એ કાચ લાગે છે. પરિક્ષકને એ સ્ફટિકમણિ લાગે છે, કિંમતી લાગે છે. એમ જ્ઞાનની પર્યાયમાં સ્વચ્છતામાં એ ભાસે છે, જ્ઞેયો ભાસે છે નિમિત્ત નહીં. જ્ઞેયો ભાસે છે, એ જ્ઞેય અને જ્ઞાન બેય ભિન્ન ભિન્ન છે.

ભાવાર્થમાં બહુ ચોખ્ખું છે, એકદમ સ્પષ્ટ. કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષસુખદુઃખાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જ્ઞાનમાં જણાય છે, જ્ઞાનમાં આવતો નથી રાગ, દુઃખ જ્ઞાનમાં આવતું નથી, તો તો જ્ઞાન જડ થઈ જાય, તો તો દુઃખને એ ન જાણી શકે. (શ્રોતા :- દુઃખને જાણનારો દુઃખથી જુદો છે.) જુદો હોય તો જ એ જ્ઞેય કહેવાય ને આ જ્ઞાન કહેવાય. પ્રતિબિંબ થતાં જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું હોય. પ્રતિબિંબ દેખાય છે જ્યાં બિંબ અને પ્રતિબિંબ. બિંબ જુદું છે અને પ્રતિબિંબ એનો આકાર અહીંયા છે. એમ દેખાતા રાગ-દ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. મિથ્યાભાસ છે ભ્રમણા છે એની. હું રાગી છું એ ભ્રમણા છે. હું જ્ઞાયક છું એ વાત સાચી છે, તેથી તે અજ્ઞાની એમ માને છે કે હું રાગી છું. હું દ્વેષી છું. હું ક્રોધી છું. હું માની છું. ઈત્યાદિ આ રીતે અજ્ઞાની જીવ રાગ-દ્વેષ આદિનો કર્તા થાય છે. આહાહા !

અજ્ઞાન ઊભું કરે છે કારણ વગર, મફતનો દુઃખી થાય છે. છે તો જ્ઞાનમય આત્મા. આહાહા ! બધાના જ્ઞાનમાં આત્મા જણાય છે. જ્ઞાન તો એવું પ્રગટ થાય છે, કે આત્મા એમાં જણાય છે અને એનામાં સ્વપરપ્રકાશક શક્તિ હોવાથી પર પણ એમાં જણાય છે. સ્વ પણ જણાય ને પર પણ જણાય. સ્વને ભૂલી જાય ને પરને પોતાનું માને. જ્યાં પર જણાય-દેહ જણાય તો દેહ મારો, પુત્ર જણાય તો પુત્ર મારો, મોટર જણાય તો મોટર મારી એની થાતી તો નથી. પરદ્રવ્ય, પરભાવ પોતાના થાય તો નહીં, માને-કલ્પના કરે, દુઃખી થાય છે અજ્ઞાનમાં બસ. જ્યારે સુખી થવું હોય ત્યારે ભેદજ્ઞાન કરવું જોઈએ. આહાહા ! (શ્રોતા :- આવી રીતે કલ્પના કરે ત્યારે જીવ દુઃખી થાય છે ?) કલ્પના, સુખની કલ્પના, પરમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાં સુખ છે. સાચુ સુખ તો અહીંયા છે. સુખ જ્યાં હોય ત્યાંથી લેવું જોઈએ.

એક પ્રદેશ ભેદની વાત બેસતી નથી ઘણાંને અને એક પર્યાયનો કર્તા પર્યાય, ષટ્કારકથી થાય છે એ બેસતું નથી.

પ્રશ્ન :- ષટ્કારક જે છે તે એક જ સમયમાં છે એટલે નથી બેસતા જીવોને. પર્યાયનું પરિણમન એક સમયમાં છે. શક્તિરૂપ ષટ્કારક છે તે નિષ્ક્રિય છે. ગુણ પણ નિષ્ક્રિય છે ને પર્યાયના ષટ્કારક સક્રિય છે. પર્યાયનો કર્તા પર્યાય છે. દ્રવ્યગુણ નહીં. પર્યાય સત્ત અહેતુક છે. પર્યાયનું કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ તે પરિણમન એક જ સમયમાં છે એટલે જીવને નહીં બેસતું હોય ?

ઉત્તર :- તમને અઘરું પડે છે કે સહેલું આપણે બીજાનું શું કામ છે ? આપણે આપણું કામ કરો.

ભાઈ એક સમયમાં, છ કારક એક સમયમાં છે. બે સમય ન હોય, પહેલે સમયે કર્તા ને બીજે સમયે કર્મ એમ ન હોય. કારણ કે એ પર્યાયના ષટ્કારક પણ અભેદ છે. જેમ અનંતગુણથી આત્મા અભેદ છે, એમ એના ષટ્કારકથી એક સમયમાં એક પર્યાયમાં અભેદ છે. એ છએય ધર્મો અભેદ છે. એ છ ધર્મો છે એને ધારી રાખે એ ધર્મી છે. પર્યાય ધર્મી છે. એ છ ધર્મને ધારી રાખે છે માટે પર્યાયને ધર્મી કહીએ. અને છ ને ધર્મ કહીએ તો પણ સમય એક છે.

કર્તા ધર્મ પર્યાયનો, કર્મ ધર્મ પર્યાયનો, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-છ પ્રકારના કાર્યની ઉત્પત્તિમાં નિયમરૂપ કારણ જે હોય એને કારક કહેવાય અને નિયમરૂપ કાર્ય-કારણ તો પર્યાયમાં જ હોય. કેમકે દ્રવ્યની સત્તા હોવા છતાં સમ્યગ્દર્શન કેમ થાતું નથી ? જો આત્મા કર્તા હોય તો ? આત્મા કર્તા નથી. હા. સમ્યગ્દર્શન થાય ત્યારે ઉપચારથી આત્માને કર્તા કહેવાય, ખરેખર કર્તા નથી. એ તો અકર્તા છે. માટે ષટ્કારક પણ એક સમયમાં હોવા છતાં પણ એ ધર્મો એક સમયમાં હોય, અનંતગુણ પણ એક સમયમાં છે. પરિણમન પણ એક સમયમાં, છકારક પણ એક સમયમાં, છ ધર્મો પણ એક સમયમાં, આગળ પાછળ ધર્મ ન હોય.

પ્રદેશભેદ નથી બેસતું, આ પર્યાયનો કર્તા પર્યાય એ નથી બેસતું અને જ્ઞાન પરને નથી જાણતું એ નથી બેસતું. જ્ઞાન આત્માને જ જાણે છે પરને નથી જાણતું એ નથી બેસતું. એમ સમજાવું, એમ ઘણાં પ્રકારો છે. એ તો પોતે નિર્ણય કરે તો થાય. પોતાથી બેસે, બેસાડવું જોઈએ અને ગુરુદેવ બધું પ્રવચન રત્નાકરના અગિયાર ભાગમાં કહી ગયા છે. જેટલી વાત આપણે કરી એટલી બધી વાતનો ગુરુદેવ ખુલાસો કરી ગયા છે. જ્ઞાનની પર્યાય જણાય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમને પર જણાતું જ નથી. એમ તો ઠેક ઠેકાણે એમના વ્યાખ્યાનમાં આવશે તમે વાંચશો ને એમાં આવશે. (શ્રોતા :- છઠ્ઠી ગાથામાં એ જ આવે છે ને ) એ જ આવે છે. પર્યાયનો કર્તા પર્યાય છે એ તો ઘણી જગ્યાએ આવે છે. દ્રવ્ય પર્યાયને કરે, તો પર્યાય સત્ ન રહે અને દ્રવ્ય અકર્તા છે એ કર્તા બની જાય. બે સત્નું ખૂન થાય. ઘણાં ન્યાયો છે. જૈનદર્શન ન્યાયપૂર્ણ છે. બુદ્ધિગમ્ય છે, બુદ્ધિગમ્ય થઈને પછી આત્મગમ્ય થાય છે. આત્માની પાછળ પડે તો અનુભવ થાય.

પોતાની સાથે આવવાનું છે, એના માટે ટાઈમ નહીં અને પોતાની સાથે નથી આવતું એમાં ટાઈમ અને નોકરી કરતાં કે વેપારમાં છુટ્ટી હોય તો ચાર કલાક, પાંચ કલાક ટી.વી. જોવામાં જાય પણ શાસ્ત્ર ન વાંચે. બોલો હવે એને આત્મા જોઈએ છે, ક્યાંથી મળે ? કોઈ કહે ટાઈમ મળતો નથી. એ તો બરાબર છે પણ જ્યારે રજા હોય ત્યારે તને શું ? ત્યારે ટી.વી. ત્યારે શાસ્ત્રસ્વાધ્યાય, વાંચન કે ચિંતન, મનન કહે કાંઈ નહીં. રુચિ જ નથી. ઉપર ઉપરની રુચિ છે, અંદરની લગની લાગવી જોઈએ.

અહીંયા અમારા છોકરાવ ટી.વી. જોયા કરે. આહાહા ! બોલો હશે હવે શું કરવું ? આ. ટી.વી. બધા છોકરાવ નાની ઉંમરના, મોટી ઉંમરના, બધા જુએ આ ટાઈમ વેસ્ટ કરે, પછી કહે ટાઈમ મળતો નથી. પણ ત્યાં તને ટાઈમ મળે છે ? કે હા, ત્યાં તો ટાઈમ મળે છે બોલો, ત્યાં રસ છે, રુચિ છે, રુચિ અનુયાયી વીર્ય. જ્યાં રુચિ છે ત્યાં એની ગતિ જાય છે મતિ, દુઃખી થાય છે. એક વ્યાખ્યાનમાં કામ થઈ ગયું સોગાનીજીનું જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. આ જ વાત છે.

પુદ્ગલના પરિણામ એની સ્વચ્છતામાં જણાય છે. ભાવાર્થકર્તાએ કેવું ચોખ્ખું લખ્યું છે. જ્ઞેય જણાય છે. એ જ્ઞેયને જ્ઞેય ન બનાવતા નિમિત્ત બનાવે છે. નામ તો એનું જ્ઞેય હતું, પણ બે પ્રકાર છે. આત્મા ને આસ્રવનું ભેદજ્ઞાન. મને આસ્રવની ઉત્પત્તિ કેમ થઈ ? એની આ ગાથા છે. અજ્ઞાન કેમ થયું ? જ્ઞાનનું અજ્ઞાન કેમ કર્યું ? થાય છે તો જ્ઞાન બધા જીવમાં, ઉપયોગ લક્ષણ. આહાહા ! જ્ઞાન થાય છે. આસ્ત્રવોની ઉત્પત્તિ કેમ થઈ એ કારણ બતાવ્યું છે.

પ્રશ્ન :- અમુક જગ્યાએ આવે કે જે જીવ છે એ નવતત્ત્વથી ભિન્ન છે, તો એ કઈ દૃષ્ટિથી.

ઉત્તર :- પર્યાયો છે ને, નવતત્ત્વ પર્યાયરૂપ છે. જીવ પહેલો છે ને એ પણ દસ પ્રકારના પ્રાણથી જીવ જીવે છે એટલે એ જીવ જે છે એ પર્યાયરૂપ જીવ છે અને અજીવનો જે વિકલ્પ એનું નામ અજીવ છે. અને આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આ બધા પરિણામ છે અને પરિણામ છે તે નાશવાન છે. બીજું શું છે, કે પરિણામ સાપેક્ષ છે, સ્વભાવ નિરપેક્ષ છે. જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાપેક્ષ હોય ને એ સત્ય ન હોય, અસત્ય જ છે એ. વ્યવહાર થઈ ગયો. વ્યવહાર અભૂતાર્થ છે એમાં આત્મબુદ્ધિ કરવા યોગ્ય નથી, જાણવા યોગ્ય છે. નવતત્ત્વ છે પણ એમાં મારું અસ્તિત્વ નથી.

બીજું, બીજું તમને કહું. એક સરસ વાત કે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એમાં ક્યાંય એણે જીવ નામ લખ્યું નથી, મારા વાંચવામાં નથી આવ્યું. મોક્ષ લખ્યું છે પણ એ જીવ છે એમ નથી લખ્યું ક્યાંય, એ નામ જ જુદું છે. નામ જુદું છે તો ભાવ એનો જુદો છે. કર્મના અભાવની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે. માટે એને કર્મકૃત કહ્યું મોક્ષની પર્યાયને. આહાહા ! સાપેક્ષ છે એ, ભગવાન આત્મા નિરપેક્ષ છે. આહાહા ! એને કર્મનો સદ્‌ભાવ કે અભાવ કાંઈ લાગુ પડતું નથી. અનાદિ અનંત શુદ્ધ છે.

પ્રશ્ન :- અને નવતત્ત્વમાં જે જીવ લીધો છે એ તો દસ પ્રાણથી જીવે તે જીવ છે.

ઉત્તર :- જે પહેલા જીવ લખ્યો ને, પહેલો જીવ છે એ પ્રમાણજ્ઞાનનો જીવ છે. એ જીવ છે એ પારિણામિકભાવે છે. એ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એવા ત્રણ પ્રકારના પારિણામિકરૂપ છે, પહેલા નંબરનો જીવ છે એ. સમજાણું ? એમાં ભવ્યત્વ અને અભવ્યત્વ એ તો અપેક્ષિત ધર્મો છે. અને જે પહેલો જીવ છે પ્રમાણજ્ઞાનનો વિષય, એમાં શુદ્ધ જીવત્વ અને અશુદ્ધ જીવત્વ પર્યાયાર્થિકનયનો પારિણામિક દસ પ્રકારના પ્રાણથી જીવ જીવે એ. એ પણ એમાં જીવમાં જીવ છે. જીવમાં જીવ શોધો તમે, જીવમાં જીવ રહેલો છે. એ પારિણામિકના ત્રણ ભેદ. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ.

હવે ભવ્યત્વને અભવ્યત્વ અપેક્ષિત ધર્મ છે. એટલે એ જાવા દ્યો. હવે એક જીવત્વ શબ્દ રહ્યો. એ જીવત્વના બે ભેદ, એક શુદ્ધ જીવત્વ અને એક અશુદ્ધ જીવત્વ. શુદ્ધ જીવત્વ ઉપાદેય છે. અશુદ્ધ જીવત્વ અને દસ પ્રકારના પ્રાણથી જીવ જીવે છે એનો તો નાશ થાય છે, માટે ખરો જીવ નથી. એ વ્યવહાર જીવ છે. નિશ્ચય જીવ નથી. વ્યવહાર જીવ હેય છે અને નિશ્ચય જીવ ઉપાદેય છે. જીવમાં જીવનું ભેદજ્ઞાન છે. જીવથી જીવ જુદો છે.

જેવી રીતે મોક્ષમાર્ગ પ્રકાશક કર્તાએ કહ્યું કે મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો છે પણ એનું નિરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચય અને એક વ્યવહાર. એમ જીવ તો એક જ પ્રકારનો પણ એનું નિરૂપણ બે પ્રકારનું, એક નિશ્ચય જીવ ને એક વ્યવહાર જીવ. વ્યવહાર જીવ હેય છે ને નિશ્ચય જીવ ઉપાદેય છે, તો સંવર પ્રગટ થઈ જાય છે. આહાહા !

જીવસે જીવકા ભેદજ્ઞાન. જ્ઞાનસે જ્ઞાનકા ભેદજ્ઞાન. ઈન્દ્રિયજ્ઞાન જુદું અને અતીન્દ્રિય-જ્ઞાન જુદું છે. આહાહા ! જીવમાં જીવ છુપાયેલો છે બોલો. વ્યવહાર જીવની અંદર-મધ્યમાં શુદ્ધ નિશ્ચય જીવ રહેલો છે, શુદ્ધ આત્મા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રોતા :- રહેલો છે તો પણ ભિન્ન છે. સર્વથા રહિત છે.

ઉત્તર :- ભિન્ન છે. હા. એક નથી થતો રહિત છે, પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ, શ્વાસોશ્વાસ, આયુષ્ય છે પણ એ કંઈ જીવ છે ? એનો તો અભાવ થઈ જાય છે. સિદ્ધ પરમાત્માને દસ પ્રાણ તો છે નહીં. તો શુદ્ધ આત્માનો તો અભાવ થતો નથી, તો જેનો અભાવ ન થાય, નાશ ન થાય તે હું અને નાશ થાય તે હું નહીં.

એ યાદ ન રહે તો લખી લેજો આ. જીવ છે ને એમાં પારિણામિકભાવના ત્રણ ભેદ છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. હવે જીવમાં બે ભેદ, શુદ્ધ જીવત્વ અને અશુદ્ધ જીવત્વ. શુદ્ધ જીવત્વ ચેતના પ્રાણથી જીવ જીવે છે. જ્ઞાનદર્શનમય એ ત્રિકાળી શુદ્ધ આત્મા, એ શુદ્ધ જીવત્વ છે. અને દસ પ્રકારના પ્રાણ છે ઈન્દ્રિયપ્રાણ, મનબળ, વચનબળ ને કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુ. એમ સંજ્ઞી પંચેન્દ્રિયને દસ પ્રાણ હોય એને પણ જીવ કહેવાય, પણ એ નાશવાન છે એટલે હેય છે ઉપાદેય નથી. પર્યાયથી ભિન્ન આત્મા ઉપાદેય છે. માટે નવતત્ત્વ હેય કહ્યા ને. નવતત્ત્વમાં જે શુદ્ધ આત્મા છે એ હેય નથી, એ ઉપાદેય છે પણ એ પર્યાયના ધર્મો છે. નવેય છે એ પર્યાયના ધર્મો છે. નાશવાન છે, સાપેક્ષ છે. કર્મના સદ્‌ભાવ ને અભાવની અપેક્ષા આવે છે. અનિત્ય છે. શુદ્ધ આત્મા તો નિત્ય છે.

વળી બીજો એક ન્યાય છે, કે કોઈપણ પર્યાય તમે લ્યો તો પર્યાય આત્મા કેમ નથી ? કે એક સમયની પર્યાયમાં અનંત ગુણ છે ? બતાવો મને. તો અનંત ગુણ જેમાં રહેલા હોય તે જીવદ્રવ્ય કહેવાય. મોક્ષની પર્યાયમાં પણ અનંત ગુણ નથી. બહુ ન્યાયથી છે જૈન દર્શન. આહાહા ! રાગ કેમ જીવ નથી ? કે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ એવા અનંત ગુણો છે એ પર્યાયમાં ? આહાહા ! મોક્ષની પર્યાયમાં નથી તો રાગની પર્યાયમાં ક્યાંથી હોય ? એ તો જીવમાં ગુણો ભરેલા છે, એ ગુણી તે હું છું. આહાહા !

પ્રગટ છે તે હું, પ્રગટ થાય તે મને પરદ્રવ્ય છે. આહાહા ! આવું ભેદજ્ઞાન વારંવાર કરવું જોઈએ. ખરેખર તો રાગથી આત્મા જુદો છે એટલો ખ્યાલ આવે તોપણ અનુભવ થઈ શકે છે, આટલું બધું ન વિચાર્યું હોય બહેનોએ, તોપણ રાગથી મારો આત્મા જુદો છે. (તો તેમાં અનુભવ થઈ જાય છે.)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩
## વિડીયો પ્રવચન નં. ૨૩૬, સળંગ પ્રવચન નં. ૯
## તા. ૨૮-૧-૯૦
## સ્થળ : રાજકોટ

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર ગાથા નં. ૯૨ તેનો ભાવાર્થ.

અજ્ઞાનથી કર્મની ઉત્પત્તિ કેમ થાય છે અને જ્ઞાનથી કર્મની ઉત્પત્તિ કેમ થતી નથી, ૯૨ ગાથાના મથાળામાં એમ છે. અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે. અજ્ઞાન એટલે જે જ્ઞાન આત્માને જાણવાનું ભૂલીને પરને જાણવા જાય એનું નામ અજ્ઞાન છે. એવી અજ્ઞાનની દશામાંથી ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. કર્મ એટલે રાગદ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ આદિ ભાવકર્મોનો જન્મ અજ્ઞાનમાંથી થાય છે. જ્ઞાનમાંથી ભાવકર્મનો જન્મ ઉત્પન્ન થતો નથી. સમ્યગ્જ્ઞાનમાંથી જ્ઞાનચેતના પ્રગટ થાય છે અને અજ્ઞાનમાંથી કર્મચેતના પ્રગટ થાય છે.

અજ્ઞાન શું અને કર્મચેતના શું ? અજ્ઞાન એટલે જે જ્ઞાન આત્માનું છે એને ચૂકીને એને ભૂલીને પરનું લક્ષ કરે છે, ત્યારે તે જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. અને એ અજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાં સુધી, જ્યાં સુધી અજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાં સુધી જ્ઞાન આત્માને ન જાણે, ત્યાં સુધી અજ્ઞાન છે. લાખો, કરોડો શાસ્ત્રોને જાણે અને પોતાને ન જાણે તો ત્યાં સુધી તે જ્ઞાનનું નામ અજ્ઞાન કહેવામાં આવે છે. આવું અજ્ઞાન જ્યાં સુધી છે ત્યાં સુધી અજ્ઞાનના ગર્ભમાંથી પુણ્ય અને પાપનો જન્મ થાય છે. જ્ઞાનમાંથી ધર્મનો જન્મ થાય છે. અજ્ઞાનમાંથી પુણ્ય-પાપનો જન્મ થાય છે. એવું જે અજ્ઞાન એમાં એ કર્મની ઉત્પત્તિ થાય. કર્મ એટલે રાગાદિ કાર્ય. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગદ્વેષ, મોહની ઉત્પત્તિ થયા જ કરે છે અને એ અજ્ઞાનની ઉત્પત્તિનું કારણ શું છે ? અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે એટલે રાગાદિ કર્મ. હવે એ અજ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય છે. એનું કારણ આમાં ૯૨ ગાથામાં આચાર્ય ભગવાન ફરમાવે છે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે એટલે જડની સત્તામાં રાગદ્વેષસુખદુઃખ થાય છે. રાગદ્વેષસુખદુઃખ થાય છે ક્યાં ? કે અનાદિથી દ્રવ્યકર્મમાં થાય છે. દ્રવ્યકર્મના એ પરિણામ છે. ખાટી-મીઠી અવસ્થા, ટાઢી, ઉની અવસ્થા એ બધા નોકર્મના પરિણામ છે. નોકર્મ એટલે આઠ કર્મથી જુદા શરીર આદિ, આ બાહ્ય પદાર્થ છે કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે નોકર્મ કહેવાય. નોકર્મના પરિણામ ટાઢી-ઉની અવસ્થા, ખાટા-મીઠા સ્વાદ એ બધા નોકર્મના પરિણામ છે, જીવના પરિણામ નથી.

એમ આ રાગદ્વેષસુખદુઃખ નિમિત્તમાં થાય છે. જ્ઞેયમાં થાય છે. એ દ્રવ્યકર્મની જાતિ છે. આઠકર્મ છે એમાં મુખ્યત્વે મોહનીય એમાં મુખ્ય દર્શનમોહ ને ચારિત્રમોહ એમ બે કર્મની પ્રકૃતિ છે. દર્શનમોહ કર્મજાતિ છે, એમાં મિથ્યાત્વ, એનો અનુભાગ રહેલો છે. અનુભાગ એટલે રસ. અને ચારિત્રમોહકર્મની પ્રકૃતિમાં અવ્રત, કષાય એમાં રહેલા છે અને કંપનમાં યોગાસ્રવ છે. એમ પુદ્‌ગલના પરિણામ છે એ. રાગદ્વેષસુખદુઃખાદિ જે પરિણામ છે એ ખાટો-મીઠો સ્વાદ પુદ્‌ગલનો છે એમ સુખદુઃખનો જે સ્વાદ આવે છે, જ્ઞાનમાં જણાય છે, એ જણાય છે જ્ઞાનમાં અને થાય છે પુદ્‌ગલમાં. રાગદ્વેષસુખદુઃખ થાય છે જડકર્મમાં અને એ જણાય છે જ્ઞાનની સ્વચ્છતામાં.

આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે અને જડકર્મ રાગદ્વેષસુખદુઃખરૂપે પરિણમે છે. આ જગતથી તદ્દન જુદા પ્રકારની વાત છે. આ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈ જાણી શકે નહીં. કહી શકે પણ નહીં. આત્મામાં અનાદિથી જ્ઞાન થાય છે. જ્ઞાની હો કે અજ્ઞાની. જ્ઞાન વિનાનો કોઈ આત્મા ન હોય. જ્ઞાન એટલે ઉપયોગ સામાન્ય, સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાન નહીં. અને એ જ્ઞાનની સ્વચ્છતામાં જ્ઞેયો ઝળકે છે-જણાય છે. એ જ્ઞેયોના પ્રકારમાં બે પ્રકાર છે. દ્રવ્યકર્મ અને એક નોકર્મ. જ્ઞેયો બે પ્રકારના એમાં દ્રવ્યકર્મ તેની સત્તામાં એના સ્વચતુષ્ટયમાં એના દ્રવ્યગુણપર્યાયમાં રાગદ્વેષસુખદુઃખ થાય છે. કોઈ કહે કે રાગદ્વેષસુખદુઃખ તો જીવમાં થાય છે. કે પ્રથમ તો જીવમાં થતાં જ નથી. પ્રથમ એકડાની વાત તું શીખી લે, કે પ્રથમ તો રાગદ્વેષસુખદુઃખ નિમિત્તમાં થાય છે. ઉપાદાનમા થતાં નથી. કઠિન લાગે તો ભલે લાગે, પણ સમજવા જેવું છે. આહાહા !

એ રાગદ્વેષસુખદુઃખ એ પુદ્‌ગલના પરિણામ છે. એ પુદ્‌ગલનો સ્વાદ છે, એ જીવનો સ્વાદ નથી. જેમ ખાટો-મીઠો સ્વાદ પુદ્‌ગલનો છે, એમ રાગદ્વેષસુખદુઃખ પુદ્‌ગલની સત્તામાં થાય છે ને પુદ્‌ગલના જ પરિણામ છે. પહેલી લીટીનો અર્થ ચાલે છે, કે રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. તેથી તે શીત-ઉષ્ણપણાની માફક ટાઢી-ઉની અવસ્થા જેમ પુદ્‌ગલની છે એમ રાગદ્વેષસુખદુઃખ પણ પુદ્‌ગલની અવસ્થા છે. તેની માફક સેઈમ.

જેમ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલની છે એમાં બધા હા પાડે પણ રાગદ્વેષસુખદુઃખ છે એ પુદ્‌ગલની અવસ્થા છે તેમાં બધા ના પાડે. એક જ્ઞાની હા પાડે, એક જ્ઞાની હા પાડે કે બરાબર છે. એ શીત-ઉષ્ણની માફક એની જેમ પુદ્‌ગલકર્મથી અભિન્ન છે. જેમ ટાઢી-ઉની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે એમ રાગદ્વેષસુખદુઃખના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. પરિણામ પરિણામીથી અભેદ હોય. પરિણામ પરિણામી દ્રવ્યથી અભિન્ન જ હોય અને આત્માથી અત્યંત ભિન્ન છે. ચેતનથી જડ અત્યંત એટલે સર્વથા ભિન્ન છે.

આ એક સ્થિતિ છે. હવે જીવમાં અજ્ઞાન કેમ ઉત્પન્ન થઈ જાય છે એ હવે કહેશે. આ એક સ્થિતિ છે.

અજ્ઞાનને લીધે એનું ભેદજ્ઞાન નહીં હોવાથી, તેનું એટલે આ રાગદ્વેષસુખદુખ આત્માના પરિણામ છે એમ માનીને, છે પુદ્‌ગલના પરિણામ, માને છે પોતાના પરિણામ તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે. આ દુઃખની અવસ્થા મારી જ છે એમ એને ભાસે છે. દુઃખ તો જણાય જ છે. દુઃખ જ્ઞાનની પર્યાયમાં આવતું નથી ને ઉત્પન્ન થતું નથી, એ જ્યારે એમ જાણે કે હું દુઃખી તો એ જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. તો નૈમિત્તિક રાગદ્વેષસુખદુઃખ અહીંયા ઉત્પન્ન થાય. થતાં રાગદ્વેષસુખદુઃખ પરિણામ જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે. જાણવાના કાળે એ ભૂલે છે, એક સમયમાં અહીંયા જ્ઞાન થાય છે તે જ સમયે સામે રાગદ્વેષસુખદુઃખ ઉત્પન્ન થાય છે. જેવી રીતે દર્પણ સ્વચ્છ છે એની સામે કાળો કોલસો આવે, તો અજ્ઞાનીને દર્પણ કાળો થઈ ગયો હોય એવી ભ્રાંતિ થાય અથવા અગ્નિની જ્વાળા એમાં પ્રતિભાસે તો જાણે એ ઊનો થઈ ગયો-દર્પણ ગરમ થઈ ગયો એમ છે નહીં.

એમ આ જ્ઞાનની સ્વચ્છતામાં રાગદ્વેષસુખદુઃખના પરિણામ ઝળકે છે-જણાય છે-પ્રતિભાસે છે. પણ આ જ્ઞાન છે ને આ જ્ઞેય છે, એમ જ્ઞાન અને જ્ઞેય જુદા હોવા છતાં એનું ભેદજ્ઞાન ન હોવાથી, એટલે બેયને એકમેક માનવાથી, જ્ઞાનમાં દુઃખ જણાય તો હું દુઃખી, રાગ જણાય તો હું રાગી, શરીર જણાય તો હું શરીરવાળો, એ જે જણાય છે એને પોતાનું માની લ્યે છે. એ જણાય જે જ્ઞેયો એ કંઈ પોતાનું ન થાય. જ્ઞેયો જણાય તો પોતાનું ન થાય. રાજકોટ જ્ઞાનમાં જણાય તો રાજકોટ પોતાનું થઈ જાય ? રાજકોટ તો સરકારનું છે.

એમ અજ્ઞાનને લીધે આત્માને, તેનું એટલે જ્ઞાનનું અને જ્ઞેયનું ભેદજ્ઞાન નહીં હોવાથી, તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે. આહાહા ! એકાંતે એ રાગદ્વેષસુખદુઃખ મારા છે. કથંચિત્ જીવના ને કથંચિત્ પુદ્‌ગલના એમ અજ્ઞાની માનતો નથી. સર્વથા રાગદ્વેષસુખદુઃખ એ પરિણામ મારા જ છે, એ ભાવ મારો જ છે. એમ કેમ એના જ્ઞાનમાં આવ્યું ? એનું કારણ, કારણ કે આ સમયસાર એક એક લીટી શાંતિથી વાંચવા જેવી છે, કારણ કે એમાં મારાપણું કેમ થયું રાગમાં ? તમે કહ્યું ને રાગ ભિન્ન ને જ્ઞાન ભિન્ન. કે હા, ભિન્ન છે જ્ઞાન. ચેતનમાં જ્ઞાન થાય છે અને દ્રવ્યકર્મમાં રાગ થાય છે. છે ભિન્ન તો એમાં મારાપણાની કલ્પના આવી ક્યાંથી ? એ રાગ પુદ્‌ગલનો છે એમ ન ભાસતા એ મારો છે-એમ ક્યાંથી આવ્યું ?

એનું કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે, આહાહા ! પ્રત્યેક જીવમાં જ્ઞાન છે. જ્ઞાન પ્રગટ થાય છે ઉપયોગ લક્ષણ અને સ્વચ્છ છે. જ્ઞાનની સ્વચ્છતાને કારણે રાગદ્વેષ આદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જેમ ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં પ્રતિભાસે છે. પ્રતિબિંબ થાય છે. બિંબ અને પ્રતિબિંબ. ટાઢી ઉની અવસ્થા એ બિંબ કહેવાય અને જ્ઞાનની પર્યાયમાં ઝળકે, પ્રતિભાસે તેને પ્રતિબિંબ કહેવાય. અહીંયા સ્વચ્છતા છે. અહીંયા જ્ઞાન છે ને સામે જ્ઞેય છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય ખરા, જ્ઞેયો જ્ઞાનમાં જણાય ખરા, જ્ઞાન પ્રગટ થાય ત્યાં સુધી અજ્ઞાન નહીં, ત્યાં દુઃખ પ્રગટ થાય ત્યાં સુધી અજ્ઞાન નહીં, દુઃખ જ્ઞાનમાં જણાય ત્યાં સુધી અજ્ઞાન નહીં, પણ દુઃખ જણાતા હું દુઃખી તો એ જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. ચોથા ભેદે અજ્ઞાન થાય. પહેલા ભેદે અજ્ઞાન નહીં, બીજા ભેદે અજ્ઞાન નહીં, ત્રીજા ભેદે અજ્ઞાન નહીં, ચોથા ભેદે જ્ઞાન ને કાં અજ્ઞાન થાય.

ફરીને, વિષય જરા સૂક્ષ્મ છે. પહેલો ભેદ એટલે પહેલા પ્રકારમાં જ્યારે અહીંયા ઉપયોગ પ્રગટ થાય છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. એ પ્રગટ લક્ષણ છે. બધાની પાસે છે. ચેતન લક્ષણ એ પહેલો પ્રકાર, પહેલો ભેદ એટલે પહેલો પ્રકાર. અહીંયા જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યાં સુધી અજ્ઞાન નહીં. બીજો પ્રકાર દ્રવ્યકર્મમાં રાગ-દ્વેષ થાય છે, ત્યાં સુધી અહીંયા અજ્ઞાન નથી થતું, બે ભેદ. રાગાદિ જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યાં સુધી અજ્ઞાન નથી થતું, ત્રીજો ભેદ. હવે ચોથા પ્રકારમાં એ જે રાગ જ્ઞાનમાં જણાય છે તે સમયે રાગ મારો, પુત્ર જણાય તો પુત્ર મારો, પુત્રી જણાય તો પુત્રી મારી, મકાન જણાય તો મકાન મારા, મોટર જણાય તો મોટર મારી, જણાય ત્યાં સુધી વાંધો નથી. મોટરનો પ્રતિભાસ થાય એ અજ્ઞાન નથી. મોટરનું હોવાપણું અજ્ઞાન નથી. મોટર જણાય એ અજ્ઞાન નથી. પણ મોટર જણાતા મોટર મારી એ જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું.

એવી રીતે રાગ. અહીંયા પહેલા ભેદે જ્ઞાન પ્રગટ થાય છે. બીજા ભેદે પુદ્ગલમાં રાગ પ્રગટ થાય છે. ત્રીજા ભેદે રાગ જ્ઞાનમાં જણાય છે, ત્યાં સુધી કોઈપણ પ્રકારનો દોષ નથી લાગતો. પણ એવી સ્થિતિ વખતે ભેદજ્ઞાનનો અભાવ છે, કે હું જ્ઞાન અને આ રાગ તો પુદ્ગલના ભાવ છે. એવું ભેદજ્ઞાન નહીં હોવાને કારણે હું રાગી છું, હું દ્વેષી છું, હું મનુષ્ય છું, હું શરીરવાળો છું. જે જે જણાય તે તે સમયે તે જ્ઞાનનું અજ્ઞાન કરે છે.

પહેલા સમયે જણાય તો અજ્ઞાન, બીજા સમયે જણાય તો અજ્ઞાન, ત્રીજા સમયે ભેદજ્ઞાન કરે તો જ્ઞાન. અહીંયા જ્ઞાન પ્રગટ થાય તે સંસારનું કારણ નહીં. કર્મમાં રાગ પ્રગટ થાય એ સંસારનું કારણ નહીં. રાગ જ્ઞાનની પર્યાય સ્વચ્છમાં જણાય, તો સંસારનું કારણ નહીં. પણ રાગ જણાય છે, તે વખતે હું રાગી તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. એનું કારણ આપે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે, દર્પણની સ્વચ્છતાને લીધે એમ. રાગદ્વેષાદિ વસ્તુનો સ્વાદ એનો રસ, શીત-ઉષ્ણતાની માફક જેમ ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં જણાય, એમ રાગદ્વેષ જ્ઞાનમાં જણાય, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં. જ્ઞાન જ્ઞેયને જાણે છે એમ નથી લીધું. જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, એક એક શબ્દની કિંમત છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે એમ નથી લીધું. જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એમ લીધું છે. પ્રતિબિંબ થાય છે. જ્ઞાન ત્યાં જાતું નથી પણ એની સ્વચ્છતા એવી છે કે જે પદાર્થ હોય તે એમાં પ્રતિભાસે છે. આહાહા ! બિંબ અને પ્રતિબિંબ. પ્રતિબિંબ છે એ જ્ઞાનની અવસ્થા છે. બિંબ છે એ જ્ઞેયની અવસ્થા છે. બિંબ જ્ઞેયની અવસ્થા ત્યાં સુધી સંસાર નહીં. અહીંયા પ્રતિબિંબિત થાય ત્યાં સુધી સંસાર નહીં પણ એ પ્રતિબિંબને પોતાનો ભાવ માને છે, પારકા ભાવને, એ અજ્ઞાન થઈ ગયું.

જ્ઞાનની સ્વચ્છતાને લીધે પ્રતિબિંબિત થતા જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું હોય, જ્ઞાન તો રાગ-દ્વેષ થાતું નથી. છતાં રાગ-દ્વેષ થઈ ગયું હોય એમ અજ્ઞાનીને ભાસે છે. જ્ઞાનીને જુદું ભાસે છે. અજ્ઞાનીને એમ ભાસે છે કે જાણે હું ક્રોધી થઈ ગયો. ક્રોધ જણાતા હું ક્રોધી થઈ ગયો. ક્રોધ આત્મામાં થતો નથી. ક્રોધને જ્ઞાન જાણતું નથી. ક્રોધ જ્ઞાનમાં જણાય જાય છે. આહાહા ! આ અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય ? એ ૯૨ મી ગાથામાં છે માર્મિક વાત. જણાય છે, ક્રોધ જણાય જ્ઞાનમાં, ક્રોધ તો જ્ઞાનીનેય જણાય ને અજ્ઞાનીનેય જણાય. તો જ્ઞાની તો એમ કહે છે કે આ ક્રોધ તો પુદ્‌ગલનો ભાવ છે. પ્રકૃતિનો સ્વભાવ છે. મારો સ્વભાવ નથી. આહાહા ! હમણાં બહુ આવે છે શનિવારે વ્યાખ્યાનમાં, બે અઠવાડિયાથી, કે આ રાગાદિ ભાવ બધા પ્રકૃતિનો સ્વભાવ છે, આત્માનો સ્વભાવ નથી. ગુરુદેવના વ્યાખ્યાનમાં ટેપમાં આવે છે. ધ્યાન દઈને પણ જો એક વ્યાખ્યાન સાંભળે ને એક જ વ્યાખ્યાન સાંઈઠ મિનિટનું તો દૃષ્ટિ ફરી જાય.

અહીંયા કહે છે કે રાગદ્વેષ જણાય છે. એને જાણતાં જાણે કે જ્ઞાન, રાગદ્વેષસુખદુઃખરૂપે થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. જ્ઞાન રાગરૂપે થતું નથી. જ્ઞાન દેહરૂપે થતું નથી, જ્ઞાન મોટરરૂપે થતું નથી, એવું અજ્ઞાનીને ભાસે છે. ભ્રાંતિ થાય છે ખોટી. તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું. હું માની છું. આહાહા ! ઈત્યાદિ.

આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે. કર્તા તો છે પુદ્‌ગલ. જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે. જાણવાના કાળે હું રાગી, હું દ્વેષી, હું ક્રોધી તો એવા અજ્ઞાનમાંથી કર્મ ચેતનાનો જન્મ થાય છે. હું રાગી એનું નામ કર્મ ચેતના. આહાહા ! અજ્ઞાનમાંથી કર્મ ઉત્પન્ન થાય છે. ૯૨ ગાથાના મથાળામાં એ છે જુઓ, હવે અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે, કર્મ એટલે જડ નહીં. દ્રવ્યકર્મ નહીં. આહાહા ! અજ્ઞાનથી જડકર્મની ઉત્પત્તિ થતી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. અજ્ઞાનથી ભાવકર્મની ઉત્પત્તિ થાય. અને ભાવકર્મની ઉત્પત્તિ નિમિત્તમાત્ર થઈને દ્રવ્યકર્મની ઉત્પત્તિ થાય છે એટલે અજ્ઞાનમાંથી દ્રવ્યકર્મનો જન્મ થતો નથી, કેમ કે એની સત્તા ન્યારી છે. અજ્ઞાનમાંથી કર્મચેતનાનો જન્મ થાય છે. કર્મચેતના હોય ત્યાં કર્મ ફળ ચેતના પણ હોય, હોય, હોય ને હોય જ.

અધ્યાત્મના ક્લાસ તો શિક્ષણ ને પ્રતિશિક્ષણ તો આ છે. આહાહા ! પ્ર-શિક્ષણ. પોતાને જ ખબર ન હોય. ૨૦૦ વર્ષ પહેલાનો પાઠ છે આ. ભાવાર્થ જયચંદ પંડિતનો ૨૦૦ વર્ષ પહેલાનો ઢુંઢારીમાં, એનું હિન્દી પરમશ્રુત પ્રભાવક મંડળમાં થયું. પહેલું સમયસાર એનું આ ગુજરાતી આપણા હિંમતભાઈ પંડિતે કર્યું છે જયચંદ પંડિતનું.

પંડિતજી લખે છે કે આ રાગદ્વેષસુખદુઃખ તો પુદ્‌ગલમાં થાય છે. અહીંયા તો જ્ઞાન થાય છે. એ બિંબ છે ને અહીંયા પ્રતિબિંબ થતાં જાણે કે હું રાગી, રાગને જાણતા હું રાગી. આહાહા ! જેને જાણે છે એમાં, એ મય થઈ જાય છે. એના જેવો પોતે ભાસે છે. એના જેવો હું છું એમ ભાસે છે. રાગ જણાય તો રાગી. ક્રોધ જણાય તો હું ક્રોધી અને જ્ઞાનમાં જ્ઞાયક જણાય તો હું જ્ઞાયક. હું ક્રોધી નહીં, ક્રોધી તો પુદ્‌ગલ છે. એ આવશે ૯૩ ગાથામાં, આના પછી ૯૩ ગાથા આવશે. ૯૨-૯૩ ગાથાની સંધી જોડકું છે.

અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે એ ૯૨ માં ૯૩ માં છે. આવશે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. જ્ઞાનથી મિથ્યાત્વનો જન્મ થતો નથી, એમ ૯૩ ગાથામાં આવશે મથાળામાં. આહાહા ! હું રાગી છું. હું દ્વેષી છું, હું માની છું ઈત્યાદિ આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે. અજ્ઞાનમાંથી રાગદ્વેષનો જન્મ થાય છે. નથી જ્ઞાયકમાંથી રાગદ્વેષનો જન્મ થતો, નથી પુદ્‌ગલમાંથી થતો. એની ભ્રાંતિમાંથી થાય છે. અજ્ઞાન એટલે ભ્રાંતિ. અજ્ઞાન છે એ એને જન્મવાની મૂળ ભૂમિ છે, યોની છે. રાગદ્વેષનો જન્મ એની યોની. આહાહા ! જન્મસ્થાન અજ્ઞાન છે. જ્ઞાયકમાંથી રાગદ્વેષ જન્મતો નથી. નથી પુદ્‌ગલમાંથી ભાવકર્મ જન્મતો. ભાવકર્મ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.

હવે અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે ? કે જ્યાં રાગ જણાય છે ત્યાં હું રાગી એનું નામ અજ્ઞાન-રાગ જણાય છે એ વખતે હું જ્ઞાનમય, તો રાગી તો પુદ્‌ગલ છે. એવું ભેદજ્ઞાન થઈ જાય છે. અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે. હવે આગળ ૯૩ ગાથાનું મથાળું.

અજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે એની વાત કરી. હવે જ્ઞાન કેમ ઉત્પન્ન થાય ? અજ્ઞાન ટળે અને જ્ઞાનનો જન્મ કેમ થાય ? સમ્યગ્દર્શન, જ્ઞાન એની ગાથા છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન કેમ પ્રગટ થાય અજ્ઞાન એની ગાથા ગઈ. પર જણાતાં પર મારું. હવે જ્ઞાની કહે છે પર જણાતા, પર પરરૂપે જણાય જાય છે મને મારાપણે જણાતું નથી, તો જ્ઞાન થઈ જાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. રાગી તો પુદ્‌ગલ છે એવું જ્ઞાનીના જ્ઞાનમાં આવ્યું. જ્ઞાનીના જ્ઞાનમાં ને સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવે કે રાગી પુદ્‌ગલ છે. ગુરુદેવના જ્ઞાનમાં આવે કે રાગી પુદ્‌ગલ છે. અજ્ઞાની માને કે રાગી જીવ છે. તો બે માં સાચું કોનું માનવું અમારે હવે ? કહે કે બેય સાચા, કથંચિત્ સ્યાદ્‌વાદ. આહાહા ! સ્યાદ્‌વાદ કરો. કથંચિત્ અજ્ઞાની સાચા ને કથંચિત્ જ્ઞાની સાચા. આહાહા ! કથંચિત્ સોનું ધોળું અને કથંચિત્ સોનું પીળું. ભેળસેળ થાય ને ચાંદીની. આહાહા ! ભાઈ એમા કથંચિત્ સ્વભાવમાં ન હોય. સ્વભાવમાં કથંચિત્ ન હોય. જ્યાં ત્યાં કથંચિત્ લગાવે ! અરે કથંચિત્‌ના નામે અજ્ઞાન પોષે અને સંસારમાં રખડી જાય. આહાહા ! અજ્ઞાન દઢ કરે છે.

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી, આ જડકર્મની વાત નથી. ભાવકર્મ ઉત્પન્ન થતું નથી. સમ્યગ્જ્ઞાન આત્માનું ભાન થાય, આત્માનુભવ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય તો એ જ્ઞાનમાંથી રાગદ્વેષસુખદુઃખના પરિણામ ઉત્પન્ન થતા નથી. ભાવકર્મનો જન્મ થતો નથી. એમાંથી તો જ્ઞાન ચેતના પ્રગટ થાય છે. જે આત્માને સુખરૂપ અને હિતરૂપ છે. આહાહા !

જ્ઞાનમાંથી કર્મ ઉત્પન્ન થતું નથી એટલે જેને આત્મજ્ઞાન થાય તેવા જ્ઞાનીના જ્ઞાનમાંથી રાગદ્વેષ ને સુખદુઃખ ઉત્પન્ન થતું નથી. જ્ઞાનીના જ્ઞાનમાં તો જ્ઞાનચેતના પ્રગટ થાય છે, કે જે અનાકુળ આનંદનું કારણ છે.

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. એમ કેમ કહ્યું ? કે અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે તો જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. એ કયું કર્મ ? દ્રવ્યકર્મ ? કે ના, એ ભાવકર્મની વાત છે દ્રવ્યકર્મની વાત નથી. ભાવકર્મ એટલે મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી જ્ઞાન થાય ત્યારે. આત્મભાન થાય પછી મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય. અને જેને રાગ ઉત્પન્ન થાય, તો જ્ઞાની કહેશે કે રાગી તો પુદ્‌ગલ છે. આ જ ગાથામાં રાગી તો પુદ્‌ગલ છે. આહાહા ! દૃષ્ટિ અહીંયા છે. રાગી તો પુદ્‌ગલ છે. હું રાગી નથી. હું તો જ્ઞાનમય આત્મા છું. આ ચોથા ગુણસ્થાને ગૃહસ્થ અવસ્થામાં આમ થાય. હવે ગાથા ૯૩ બોલો બધાય.

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

આ ગાથામાં મોદી સાહેબે ઈમ્પોર્ટન્ટ લખ્યું છે-આહાહા !

ગાથાર્થ :- જે પરને પોતારૂપ કરતો નથી. પરને એટલે રાગદ્વેષસુખદુઃખને પોતારૂપ કરતો નથી. પોતારૂપે જાણતો નથી, માનતો નથી અને પોતાને પણ પર કરતો નથી. પરરૂપ પોતે માનતો નથી. એ જ્ઞાનમય જીવ કર્મોનો અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

ટીકા :- જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી એટલે ભેદજ્ઞાનથી એટલે અભેદના અનુભવરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનથી, આ આત્મા પરનો એટલે રાગદ્વેષનો કે ટાઢી-ઉની અવસ્થાનો અને પોતાનો પરસ્પર વિશેષ તફાવત, જુદાઈ જાણતો હોય ત્યારે, પરને પોતારૂપ નહીં કરતો, રાગાદિ-ક્રોધાદિ ભલે જણાય, પણ જાણવાના કાળે એ જ્ઞાનમાં જાણનાર જણાય રહ્યો છે. એ જ્ઞાન-જ્ઞાયકને સ્વપણે જાણે છે એટલે રાગાદિ જણાવા છતાં રાગાદિ પોતાપણે ભાસતા નથી. જે જ્ઞાનમાં જ્ઞાયક નથી જણાતો અને રાગ જણાય તો રાગને પોતાપણે માન્યા વગર રહેતો નથી. કેમકે એ શ્રદ્ધા ક્યાંયને ક્યાંય એનું અસ્તિત્વ સ્થાપે છે.

અને પોતાને પરમય નહીં કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. ઓમાં કર્તા થાય છે કહ્યું, ત્યાં કહ્યું કર્તા પ્રતિભાસે છે. અહીંયા મૂળમાં કહ્યું કર્તા થતો નથી. આચાર્ય ભગવાને કહ્યું કર્તા પ્રતિભાસે છે. આહાહા ! હું કરું છું રાગને એમ જ્ઞાનમાં જણાતું નથી, એ જ્ઞાની છે.

જ્ઞાની ને અજ્ઞાનીના લક્ષણ બે બાંધ્યા છે. રાગને જાણતા હું રાગને કરું છું એ અજ્ઞાનીનું લક્ષણ છે. અને રાગ જણાતા હું તો જ્ઞાનમય છું ને રાગી પુદ્‌ગલ છે, એમ જે જાણે તેને જ્ઞાની કહેવામાં આવે છે. આ જ્ઞાની ને અજ્ઞાનીના લક્ષણ. આહાહા !

જણાય તો રાગ બેયને, પાંચ મહાવ્રતના પરિણામ બેયને જણાય. ભાવલિંગી સંત હોય એના જ્ઞાનમાંય પાંચ મહાવ્રત જણાય અને દ્રવ્યલિંગી મુનિ હોય એને પણ પાંચ મહાવ્રત તો જ્ઞાનમાં જણાય. પાંચ મહાવ્રત થાય બેયને પુદ્‌ગલમાં, થાય બેયને પુદ્‌ગલની સત્તામાં, ને પુદ્‌ગલના પરિણામ બેયને જ્ઞાનમાં જણાય, પણ જાણવા જાણવામાં ફેર. ભાવલિંગી સંત જાણે છે કે આ પાંચ મહાવ્રતના પરિણામ જે ભાસે છે એ પુદ્‌ગલના છે. મારા ભાવો, મારી જાતના નથી. દ્રવ્યલિંગી પાંચ મહાવ્રતના પરિણામને જાણતા તે મારા છે ને હું એને કરું છું તેમ તેને પ્રતિભાસે છે. જ્યાં મારાપણું આવે ત્યાં કર્તાબુદ્ધિ થાય અને જ્યાં પારકા જાણે ત્યારે તેને જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર ઊભો થાય, જણાય બેયને.

અજ્ઞાની ને જ્ઞાની બેય ભગવાનની ભક્તિમાં બેઠા હોય, શુભરાગ બેયના જ્ઞાનમાં જણાય. એક કહે છે કે હું તો જ્ઞાનમય આત્મા છું ને આ શુભરાગ મારો નહીં, એ તો પુદ્‌ગલનો ભાવ છે, એનો સ્વામી હું નથી. અને બીજો ભક્તિ કરે અને માને મેં ભક્તિ કરી. આહાહા ! તેં ભક્તિ કરી કે ભક્તિનું જ્ઞાન કર્યું કે આત્માનું જ્ઞાન કર્યું. એ શેનું જ્ઞાન તને થાય છે, રાગનું જ્ઞાન થાય કે આત્માનું જ્ઞાન થાય ? જો આત્માનું જ્ઞાન થાય તો જ્ઞાની છે અને રાગનું મને જ્ઞાન થયું તો અજ્ઞાની થઈ ગયો. આહાહા ! તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. ૯૨-૯૩ ગાથા બહુ ઊંચી છે. મનનપૂર્વક વાંચવા જેવી છે.

એમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ, નિમિત્તપણે સમર્થ એવી શીત-ઉષ્ણ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ટાઢી-ઉની પુદ્‌ગલ પરિણામની અવસ્થા. એ પુદ્‌ગલ દ્રવ્ય છે એની એક અવસ્થા ટાઢી-ઉની થાય છે નોકર્મની. એ પુદ્‌ગલથી, જડથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય ત્રણેયકાળ અત્યંત સર્વથા ભિન્ન છે. ટાઢી-ઉની અવસ્થા આત્માથી ત્રણેયકાળ ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ તે-તે પ્રકાર જેવી જેવી અવસ્થા હોય ટાઢી-અવસ્થા દેખાય તો આ ટાઢી છે. ઉની અવસ્થા હોય તો ઉની છે એમ જણાય જ્ઞાનમાં. તે તે પ્રકારનો અનુભવ. અનુભવ એટલે વેદન નહીં પણ જ્ઞાન, અહીં જ્ઞાન. જેવું જ્ઞેય છે એવું જ્ઞાન થાય. જ્ઞેયથી નહીં અને જ્ઞેયનું નહીં. જ્ઞાન તો જ્ઞાનનું જ્ઞાનથી થાય છે. જ્ઞેય એમાં માત્ર નિમિત્ત છે.

તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, આહાહા ! ત્યાં ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન અહીંયા એ સંબંધીનું જે જ્ઞાન થાય એ આત્માથી અભિન્ન. આહાહા ! ઉપયોગથી આત્મા અનન્ય છે. ઉપયોગથી આત્મા અનન્ય છે અને રાગદ્વેષસુખ-દુઃખ પુદ્‌ગલથી અનન્ય છે તેથી આત્માથી અન્ય છે-ભિન્ન છે.

એના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, અનુભવ એટલે જ્ઞાન. પુદ્‌ગલથી સદાય ત્રણેયકાળ, અત્યંત સર્વથા ભિન્ન છે. ''જ્ઞાન ભિન્ન ને પુદ્‌ગલ ભિન્ન'' જડ ભિન્ન ને ચેતન ભિન્ન છે. બેય ભિન્ન ભિન્ન દ્રવ્યો છે. આ તો વસ્તુની સ્થિતિ બતાવે છે. હવે એ અજ્ઞાન કેમ અને જ્ઞાન કેમ એ પછી કહેશે. આ કોમન છે. અજ્ઞાન થવા પહેલાં અને જ્ઞાન થવા પહેલાં, આ વસ્તુની આવી સ્થિતિ છે. જાણવાના કાળે ભૂલી જાય છે, બસ.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, અનુભવ એટલે જ્ઞાન કરાવવામાં નિમિત્ત, એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. આહાહા ! ભાવકર્મને માટે સમયસારમાં પણ છે અને જયસેન આચાર્ય ભગવાનમાં પણ છે, કે ભાવકર્મ બે પ્રકારના છે. જીવ સંબંધી ને અજીવ સંબંધી. ભાવકર્મ થાય ત્યાં સુધી બે જગ્યાએ થાય છે. થાય છે એક જગ્યાએ, અજ્ઞાનીને બે જગ્યાએ ભાસે છે. અરે અજ્ઞાનીને એક જ જગ્યાએ ભાસે છે. પણ જ્ઞાનીના જ્ઞાનમાં એમ છે કે થાય ત્યારે બે જગ્યાએ થાય છે. આહાહા !

તે જીવ સંબંધીનો રાગ અને પુદ્‌ગલ સંબંધીનો રાગ બે પ્રકારના બેયમાં રાગ થાય છે. અજ્ઞાનીને નિમિત્તમાંય રાગ અને નૈમિત્તિકમાંય રાગ, જ્યારે જ્ઞાન થાય ત્યારે રાગ એક જગ્યાએ થાય છે. અહીંયા જ્ઞાન થાય ત્યારે ભેદજ્ઞાન થઈ જાય છે. આહાહા ! એક જગ્યાએ રાગ પણ થોડો ટાઈમ રહે છે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી ચારિત્ર મોહમાં રાગ થાય. જ્ઞાનમાં જણાય પણ હું રાગી નથી તો એ રાગની નિર્જરા થાય છે. ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યકર્મની નિર્જરા થઈ જાય છે. એ રાગ છે ને એ સામાન્ય કાર્મણ વર્ગણારૂપે થઈને ખરી જાય. આહાહા ! જૈનદર્શન ઘણું સૂક્ષ્મ છે. આત્મા સૂક્ષ્મ છે.

એવી રાગદ્વેષસુખદુઃખાદિ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય, અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. રાગનું જ્ઞાન, દ્વેષનું જ્ઞાન, સુખનું જ્ઞાન, દુઃખનું જ્ઞાન એ પુદ્‌ગલ પરિણામ, એની અવસ્થાનું અહીંયા જ્ઞાન થાય છે. આહાહા ! ત્યાં થાય છે ત્યાં સુધી એ સંસાર નહીં. એ જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે ત્યાં સુધી સંસાર નથી. એ તો વસ્તુની સ્થિતિ છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, તે પ્રકારનો એટલે રાગ થાય તો રાગનું અહીંયા જ્ઞાન થાય અને દ્વેષ થાય તો દ્વેષનું જ્ઞાન થાય. આહાહા ! ત્યાં ફેરફાર થાય તો પણ અહીંયા ફરે નહીં. અહીંયા એકલું જ્ઞાન જ થયા કરે. આહાહા ! ઉપાદાનમાં જ્ઞાન જ થયા કરે-નિમિત્તમાં ફરે. ઘડીકમાં રાગ, ઘડીકમાં દ્વેષ, ઘડીકમાં ક્રોધ, ઘડીકમાં હરખ-શોક. આહાહા ! એ પુદ્‌ગલના પરિણામમાં ફેરફાર થાય, પણ જીવના પરિણામમાં ફેરફાર થતો નથી. એકધારું જ્ઞાન પ્રગટ થાય છે. આ તો કોઈ ગાથા છે.

તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી સદાય-અત્યંત ભિન્ન છે. હવે આ જ્ઞાન-અજ્ઞાનની વાત કરે છે.

જ્યારે જ્ઞાનને લીધે, એટલે ભેદજ્ઞાન થઈને આત્માનો જે અનુભવ થાય તેને કારણે, આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો, આહાહા ! ત્યાં (પુદ્‌ગલમાં) થાય ત્યારે પણ ભેદજ્ઞાન એક પ્રકારનું છે. ભેદજ્ઞાનના બે પ્રકાર છે. એક કર્મનું લક્ષ કરવું જ નહીં એનું નામ ભેદજ્ઞાન છે. એક કર્મનું લક્ષ થયા પછી ભાવાસ્રવ પ્રગટ થાય તો આસ્રવથી આત્મા ભિન્ન છે. એમ ભેદજ્ઞાનના બે પ્રકાર છે. આત્મા અને આસ્રવ, અહીંયા રાગ ઉત્પન્ન થઈ ગયો પરના લક્ષે, તો કહે છે કે આસ્રવથી આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન કર અને કોઈ વખતે એમ કહે કે રાગની ઉત્પત્તિ જ ન થાય, એ કળા તને બતાવું છું. કે રાગ પુદ્‌ગલમાં થાય છે એનું લક્ષ છોડી દે અને આત્માનું લક્ષ કર તો જે જ્ઞેયમાં રાગ છે એ જ્ઞેયપણે જ રહેશે. અહીંયા રાગ નહીં થાય એટલે એ નિમિત્તપણે નહીં થાય, આંહી નૈમિત્તિક ઉત્પન્ન નહીં થાય તો એનું નામ નિમિત્ત નહીં, એનું નામ જ્ઞેય છે, આમ બે પ્રકારે ભેદજ્ઞાનનો પ્રકાર ચાલે છે સમયસારમાં.

આવો પ્રકાર છઠ્ઠી ગાથામાં લીધો છે, લ્યો કાઢો-છઠ્ઠી ગાથા. આ જરા વાત અત્યારે ચાલે છે ને, એ વાત જરા કઠિન છે, સૂક્ષ્મ છે એટલે એનો આધાર (આપવાથી વધારે ખ્યાલમાં આવે). આહાહા ! પહેલા પેરેગ્રાફની છેલ્લી લીટી. જુઓ, તે જ સમસ્ત અન્ય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યના ભાવોથી ભિન્નપણે, તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવો એટલે પુદ્‌ગલમાં થતી રાગદ્વેષસુખદુઃખની અવસ્થા એના ભાવો, એનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આનો અર્થ ગુરુદેવે એમ કર્યો કે પર દ્રવ્યથી-પરના સ્વભાવથી ભિન્ન એટલે શું કે, પરનું લક્ષ કર્યું ને પછી નૈમિત્તિક રાગ થયો ને રાગથી ભિન્ન એવી લાઈન ન લીધી પણ પરદ્રવ્યના સ્વભાવથી આત્મા ભિન્ન છે, એટલે જે રાગદ્વેષસુખદુઃખ ત્યાં પુદ્‌ગલના પરિણામ થાય છે એનાથી આત્મા તદ્દન ભિન્ન છે, એટલે નૈમિત્તિક અવસ્થાનું સ્ટેજ કાઢી નાખ્યું. નિમિત્તનું લક્ષ છૂટ્યું ને ઉપાદાનનું લક્ષ આવ્યું. નિમિત્તનું લક્ષ થાય, નૈમિત્તિક થાય પછી નૈમિત્તિકથી ભેદજ્ઞાન કરવું એને બદલે નિમિત્તનું લક્ષ છોડી દે, તો સીધું ઉપાદાનનું લક્ષ તને થશે તો વચ્ચે નૈમિત્તિક ભાવ ઉત્પન્ન નહીં થાય-તો ભેદજ્ઞાન કરવાનો ઉપદેશ જ...જ-ત્યાંથી (નિમિત્તથી) કૂદકો મારીને સીધો અંદર આવ્યો. આહાહા! વચ્ચે રાગ ઉત્પન્ન થાય ને પછી રાગથી આત્મા જુદો, કર્મથી જુદો, ભાવકર્મથી જુદો એમ બે વાત ન કરતાં, આહાહા ! કર્મથી આત્મા જુદો છે, કર્મના પરિણામથી આત્મા ભિન્ન છે અને જ્ઞાનથી આત્મા અભિન્ન છે ત્યાં એને અનુભવ થાય છે. આહાહા !

તે સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી, અન્ય દ્રવ્યોના ભાવ છે રાગદ્વેષસુખદુઃખ એ કાંઈ જીવનો ભાવ નથી. એ પ્રકૃતિનો સ્વભાવ છે. એનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતો, સેવવામાં આવતો, શુદ્ધ કહેવાય છે. જ્યાં પરનું લક્ષ છૂટ્યું ને સ્વનું લક્ષ થયું ત્યાં તેને આત્માનો અનુભવ થયો તે વાતને ગૂઢ ત્યાં લખી છે એને અહીંયા ખુલ્લી કરીને વાત કરી છે. ગૂઢ છે, અદ્‌ભૂત છે. છતાં પણ ઘણી વખતે સમાજને આ વાત ન પચે એટલે આ વાતમાં પણ એક બીજો પ્રકાર લઈ શકાય.

એટલે જે કર્મમાં, દ્રવ્યકર્મમાં રાગદ્વેષ, મોહ થાય છે એના સંબંધી અહીંયા રાગદ્વેષ, મોહ થાય છે એ નૈમિત્તિકને નિમિત્તમાં અભેદ ગણીને એ પુદ્‌ગલના જ ભાવો છે. ભાવ આસ્રવો પણ પુદ્‌ગલના ભાવો છે. દ્રવ્યકર્મ તો પુદ્‌ગલના પરિણામ છે, પણ દ્રવ્યકર્મના લક્ષે જે રાગ થાય, થઈ ચૂક્યો રાગ, એ પણ નૈમિત્તિક એની જાતનો છે. માટે એ બેયને અભેદ કરીને એ પુદ્‌ગલનો ભાવ છે, મારો ભાવ નથી એમ આત્મા ને આસ્રવનું ભેદજ્ઞાન થઈ ગયું અને આત્મા ને જડકર્મનું પણ ભેદજ્ઞાન થઈ જાય. ભેદજ્ઞાનના બે પ્રકાર છે. પ્રતિપાદનની શૈલી બે પ્રકારે છે. છે તો ભેદજ્ઞાન જ બેયમાં, બેયમાં ભેદજ્ઞાન જ છે. અજ્ઞાન નથી ઉત્પન્ન કરવું જ્ઞાન જ ઉત્પન્ન કરવું છે.

ગુરુદેવ કહેતા'તા કે ચોવીસેય કલાક પાપના પરિણામ કરતો હોય એટલે પછી એનું જ્ઞાન બિડાઈ જાય છે. જ્ઞાન બિડાઈ જાય એટલે, ઉપાદાન શું ? નિમિત્ત શું ? નૈમિત્તિક શું ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેય શું ? જ્ઞાતા શું ? એ કાંઈ ખબર ન પડે, સાંભળે પણ આમ બોઘાની જેમ સાંભળ્યા કરે. એ પાપ ને તીવ્ર કષાય એમાં ઉપયોગ એવો રગદોળે છે. આહાહા ! ઉપયોગ એવો મેલો થઈ જાય છે, પાણી ડહોળું હોય તો મોઢું ન દેખાય. પણ પાણી સ્વચ્છ હોય તો, ડહોળ ચાલ્યો નથી ગયો ડહોળ નીચે બેઠો. પાણી સ્વચ્છ હોય આપણે આમ જોઈએ ને તો મોઢું દેખાય. અને ગાય-ભેંસ એમાં પાણી ડહોળી નાખે અને પછી મોઢું જોવે તો ન દેખાય, એમ ચોવીસે કલાક કષાયથી અનુરંજિત એવા પરિણામ થાય છે. ચોવીસે કલાક કષાય, કષાય, કષાય. આહાહા ! પાપના પરિણામ, પાપના પરિણામ ચોવીસે કલાક. આહાહા ! એમાં ઉપયોગ મલિન થઈ જાય છે. સ્થૂળ થઈ જાય છે એમાં ભગવાન આત્માની વાત, આત્મામાં જ્ઞાન થાય છે એ પહેલો ભેદ. પુદ્ગલમાં રાગ થાય છે બીજો ભેદ. રાગ જ્ઞાનમાં જણાય છે ત્રીજો ભેદ ને ચોથા ભેદે કાં જ્ઞાન ને કાં અજ્ઞાન. ચોથા ભેદમાં કા બંધમાર્ગ ને કાં મોક્ષમાર્ગ. આ શું આ ત્રણ ભેદ ? ભેદ એટલે પ્રકાર. આહાહા !

એ તો એમ જ માની બેઠો છે કે જીવમાં મિથ્યાત્વ થાય છે. અરે મિથ્યાત્વ થતી વખતે જ્ઞાન થાય છે, એમ લે ને. મિથ્યાત્વ જડકર્મમાં થાય છે. એ મિથ્યાત્વના જ્ઞાનની વખતે હું મિથ્યાદૃષ્ટિ, તો મિથ્યાદૃષ્ટિ થાય છે. મિથ્યાત્વ જણાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ ન થાય. શું કહ્યું ? અહીંયા જ્ઞાન થાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ નહીં. કર્મમાં મિથ્યાત્વ થાય દર્શનમોહમાં ત્યાં સુધી એ જીવ મિથ્યાદૃષ્ટિ થતો નથી. એ મિથ્યાત્વનો અનુભાગ જ્ઞાનની પર્યાયમાં જણાય, પ્રતિબિંબિત થાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ થતો નથી. ત્રણ ભેદ છે એ તો સ્થિતિ છે, ચોથા ભેદે કાં હું મિથ્યાદૃષ્ટિ તો ભાવકર્મ ઉત્પન્ન થઈ ગયું અને હું તો જ્ઞાનમય આત્મા છું, મિથ્યાત્વ એ તો પુદ્ગલની પ્રકૃતિ છે, પ્રકૃતિનો સ્વભાવ છે મારો સ્વભાવ નથી, ત્યાં મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન થઈ જાય, તો ચોથા પ્રકારમાં પુરુષાર્થ છે. ત્રણ પ્રકારમાં પુરુષાર્થ નથી એ તો વસ્તુની સ્થિતિ છે. આહાહા !

આત્મામાં જ્ઞાન કર્યા વિના જ્ઞાન થાય છે. પુદ્ગલમાં રાગ કર્યા વિના રાગ થાય છે. અને જ્ઞેયનો સ્વભાવ ત્યાં પ્રમેયત્વ છે ને અહીંયા પ્રમાતા છે તેથી જણાય છે, ત્યાં સુધી સંસાર નથી. આહાહા ! જરાક સમજે તો મજા આવે એવી વાત છે. મજા આવે કે, આહાહા ! આવું સ્વરૂપ છે, પણ કહ્યું કે પાપના તીવ્ર કષાયમાં, આહાહા ! આખો ચોવીસે કલાક રગદોળે છે ઉપયોગને, એવો મેલો કરે છે ડહોળી નાખે છે ગાય અને ભેંસ ઓલા તળાવમાં પડે ને પાણી સ્વચ્છ હોય ને અંદર પડે ત્યાં ડહોળી નાખે પછી મોઢું ન દેખાય. આહાહા !

એટલે એકલે હાથે (આ) કરવાનું (છે) કોઈ મદદ-બદદ કરે નહીં આમાં. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુ મળ્યા માટે મોક્ષ થઈ જાય એમ હોય કોઈ દિ', તો તીર્થંકર તો મળ્યા અનંતવાર, કેમ મોક્ષ ન થયો ? આહાહા ! આ ચોથા પ્રકારે ભેદજ્ઞાન ન કર્યું. ત્રણ પ્રકાર તો સહજ સ્થિતિ છે, એ તો સ્થિતિનું વર્ણન છે. અહીંયા ઉપયોગ પ્રગટ થાય ત્યાં રાગ પ્રગટ થાય. રાગ જ્ઞાનમાં જણાય ત્રણ પ્રકાર, એ તો સ્થિતિ છે. આહાહા ! સ્થિતિને ટાળી ન શકાય. આહાહા ! પણ જણાય, જાણતી વખતે હું જ્ઞાનમય અને રાગી તો પુદ્‌ગલ છે. ભેદજ્ઞાન થઈ ગયું-અનુભવ થયો, સંસારનો અંત. એક વખત (આત્માનો) સ્પર્શ થઈ ગયો. આહાહા ! પછી વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલ પરાવર્તન (નો કાળ રહે). સ્પર્શ થઈ ગયો ને. આહાહા ! સમ્યગ્દર્શન ચાલુ રહે તો પંદર ભવે, છૂટી જાય તો, કોક જીવ રડ્યો-ખડ્યો, બધા અર્ધ પુદ્‌ગલપરાવર્તને ન રખડે પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ (સ્થિતિ આમ છે). આહાહા ! એક વખત ટીકીટ રિઝર્વેશન થઈ ગઈ છ મહિના પહેલા રીઝર્વ, જો કાયદો હોય કે છ મહિના પહેલા રિઝર્વેશન કરાવો.

એક ભાઈ હતો કહે આપણે છ મહિના પહેલા જ કરાવી દો રીઝર્વેશન. એ ટીકીટ ખીસ્સામાં છ માસ પહેલા, અને અઠવાડીયું, પંદર દિ', મહિનો દિ' થયો. અરે બુમાબુમ કરવા માંડ્યા. અરે રેલ્વની ટીકીટો મળતી નથી. એ ટિકિટો મળતી નથી. કોઈ સંજોગોમાં મળતી નથી. ઓલો તો નિરાંતે બેઠો બઠો સાંભળે છે. મારી ટિકિટ તો મારા ખીસ્સામાં છે. તમને ન મળી હોય તો તમે જાણો. આહાહા ! એ તો પાંચ મિનિટ પહેલા જ જાય. ટીકીટ ન હોય તો કલાક પહેલા જાય શોધવા માટે. આહાહા !

એક વખત શુદ્ધાત્માના દર્શન થયા તેનો બેડો પાર છે. આત્માના અનુભવ વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં થતી નથી. અજ્ઞાની તો ગમે તેટલા વ્રત કરે, તપ કરે. આહાહા ! ઊભો સુકાઈ જાય અને અગિયાર અંગ ભણી જાય, શાસ્ત્રનો પાઠી થઈ જાય, પંડિત થાય પણ જ્ઞાની ન થાય. આહાહા !

બહુ સરસ ગાથા છે. ચોથા ભેદે કાં જ્ઞાન ને કાં અજ્ઞાન, ત્રણ ભેદ તો સ્વભાવ. આહાહા ! એક (ત્યાં) થાય એક (અહીંયા) થાય. અહીંયા સ્વચ્છતામાં ઓલું જણાય. ત્રણ ભેદ ત્રણ પ્રકાર કાંઈ વાંધો નહીં, પણ અહીંયા રાગ જણાણો કાં દુઃખ જણાણું. આહાહા ! હું દુઃખી ? અરે તું તો જ્ઞાનમય છો. દુઃખ તો તારા જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનમાં દુઃખ આવતું જ નથી. આહાહા ! કોલસાની કાળપ અરીસામાં આવતી જ નથી. અગ્નિની ઉષ્ણતા દર્પણમાં આવતી જ નથી, એ તો શીતળ છે. સ્વચ્છ અને શીતળ, બેવડો સ્વભાવ છે એનો, શીતળ પણ છે અને સ્વચ્છ પણ છે એમ આ આત્માનો શીતળ સ્વભાવ પણ છે અને સ્વચ્છ સ્વભાવ પણ છે. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાનને લીધે આત્મા, તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો, પરસ્પર-અરસપરસ, વિશેષ-નામ જુદાઈ ભેદ જાણતો હોય ત્યારે તેઓ એક નથી. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. એક નથી પણ ભિન્ન છે. જ્ઞાન અને દુઃખ એક નથી પણ ભિન્ન ભિન્ન છે. એક ચેતન ને એક જડ. જ્ઞાન ચેતનરૂપ છે અને રાગ જડરૂપ છે. જડ અને ચેતન એકમેક થાય નહીં. તેલ અને પાણી કદી એક ન થાય.

એવા વિવેકને લીધે, વિવેક એટલે ભેદજ્ઞાનને લીધે શીત-ઉષ્ણપણાની માફક અર્થાત્ જેમ ટાઢી-ઉની અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું, થવું અશક્ય છે, 'અશક્ય' શબ્દ વાપર્યો. 'અશક્ય' છે હોં ? આહાહા ! દુઃખરૂપે થવું આત્માનું અશક્ય છે. જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે, જેમના વડે આત્મા જેમનારૂપે રાગરૂપે, દ્વેષરૂપે આત્મા વડે પરિણમવું-થવું અશક્ય છે. એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાન આત્મા વડે જરાય નહીં પરિણમતો થકો, આહાહા ! એનામાં અજ્ઞાન ઉત્પનન નથી થતું.

નહીં પરિણમતો થકો જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, જ્ઞાનને જ્ઞાનપણે જાણતો અને જ્ઞેયને જ્ઞેયપણે જાણતો પ્રગટ કરતો-પોતે જ્ઞાનમય થયો થકો આ હું રાગને જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે. આ જિનવાણી છે. આ કોઈના ઘરની ક્યાં વાત છે ? સંસ્કૃતમાં છે રાગી તો પુદ્‌ગલ છે. ઓલો કહે રાગી તો જીવ છે. બીજો કહે રાગી તો પુદ્‌ગલ છે. બેયનો ઝઘડો અનાદિથી ચાલે છે. જ્ઞાની કહે રાગી પુદ્‌ગલ છે, અજ્ઞાની કહે રાગી તો જીવ જ હોય ને ! આહાહા !

આ ઝઘડો અનાદિકાળનો છે. બે વચ્ચેનો કોઈ પલટે નહીં. આહાહા ! ઓલો અજ્ઞાની ભડનો દિકરો એ જ્ઞાનીનું માને નહીં. આહાહા ! કાળ ન પાકે ત્યાં સુધી. રાગ તો આત્મામાં થાય છે. રાગી તો જીવ જ છે. શું ભીંતમાં થાય રાગ ? દુઃખ ભીંતમાં થાય ? આહાહા ! ભાઈ ભીંતમાં તો ન થાય પણ દ્રવ્યકર્મમાં થાય. ભીંતમાં તો ન જ થાય. એ તો પ્રશ્ન જ નથી. આહાહા !

રાગી તો પુદ્‌ગલ છે. અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે. ઈત્યાદિ વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. એકવાર એવું બન્યું'તું સુમનભાઈ ! કે હું મુંબઈ મારા બિઝનેશને માટે ગયો'તો ઘણાં વર્ષ પહેલા, આંહીથી રાજકોટ છોડીને પાંચ-સાત વર્ષ રહ્યો ત્યાં એ ઝવેરી બજારમાં વાંચતો'તો. એમાં આ ગાથા આવી. કહ્યું રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ પુદ્‌ગલમાં થાય છે. જીવમાં થતાં નથી. જીવમાં જણાય છે, થતાં નથી જેને એમ ભાસે કે મારામાં થાય છે, એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. એમ કહ્યું, માટે સર્વથા ભિન્ન છે, પુદ્‌ગલના પરિણામ છે માટે ચેતનના પરિણામથી સર્વથા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન જ હોય.

એવી વાત થાતી'તી એમાં એક અજિતપ્રસાદ કરીને થોડો ભણેલો વિદ્વાન અને હીરાલાલજી ભાવનગરવાળા છે ને એના કાકાનો દિકરો થાય એ વખતે તેઓ સર્વિસ કરતા'તા. હવે તો એના ગામ ચાલ્યા ગયા છે. તો એ સાંભળવા રોજ આવે એને વાંચનમાં કહ્યું. ભાઈ શું આ રાગ જેમ દિવાલ ભિન્ન છે એમ ભિન્ન છે ? કીધું હા. એમ ભિન્ન છે. આત્માથી ભિન્ન છે. જેમ દિવાલ ભિન્ન છે, એમ ભિન્ન છે. દિવાલમાં થાય છે એમ નથી કહ્યું. ભિન્નતાની વાત છે કે દિવાલ ભિન્ન છે એમ ભિન્ન છે. હા-એમ ભિન્ન છે. કેમકે પુદ્‌ગલની એ એક જાત છે. તો એને તો ડીપોઝીટ રાખી લીધું, બેઠું નહીં. બેઠું નહીં કે, આપણે વાત ભલે લાલુભાઈ કરે પણ આપણે તો ગુરુદેવને પૂછી લેવું. આપણે ગુરુદેવને પૂછ્યા પછી હા પાડવી. આહાહા ! મનમાં એને, મને કાંઈ ખબર નહીં. તો વર્ષે બે વર્ષે કુદરતી હીરાલાલજી ભાવનગરવાળાની દિકરીના લગ્ન થયા. આંહીથી હું ગયો. એ તો એ ગામના હતા. લગ્ન થઈ ગયા પછી કહ્યું, અજીતપ્રસાદ હાલોને આપણે બેસીએ જરાક અગાસીમાં હવા ખાઈએ. હવે આપણે અહીંયા શું કામ છે લગ્નમાં. એટલે અગાસી ઉપર અમે બે ય બેઠા. મને કહે ભાઈ એક વાત કરું. મેં કીધું શું ? કરો ને.

એક વાર ત્યાં ઝવેરી બજારમાં તમારી વાત મેં સાંભળી અને તમે કહ્યું રાગ, ભીંત જેમ ભિન્ન છે એમ ભિન્ન છે. એમ કહ્યું એ વાત મને જરા આશંકારૂપ લાગી. એટલે એકવાર હું ગયો સોનગઢ, પછી શું થયું ? તો કહે હું ગયો ગુરુદેવ પાસે, પછી શું થયું ? કે હું તો ગયો અંદર. પછી શું થયું ? કે મેં ગુરુદેવને પૂછ્યું કે સાહેબ આ રાગ છે એ દિવાલ, હિન્દી ભાષામાં એ દિવાર કહે આપણે ભીંત કહીએ. આ દિવાલ ભિન્ન છે ઐસે રાગ ભિન્ન હૈ ?

આમ ગુરુદેવે જોયું આમ (ચશ્મા ઊંચા કરીને) આમ, આમ ગુરુદેવે જોયું. એટલે ગુરુદેવને થયું કે આ જીવને પોતાની કાંઈ ગૂંચ પડી છે. એ ઉકેલવા માટેનો પ્રશ્ન છે કે તર્ક-વિતર્કનો છે. સમજી ગયા. એ જ્ઞાનીને ખ્યાલ આવી જાય. આમ જોયું. હા ! એમ જ છે દિવાલ ભિન્ન છે એમ જ ભિન્ન છે. એવું કહ્યું ગુરુદેવે. મેં કહ્યું એમ કહ્યું ? કહે હા. સાહેબ એમ કહ્યું. ત્યારે મને એમ થયું કે વાત સાચી છે. આહાહા !

આ ભિન્નતાની વાત અસાધારણ છે. અભિન્ન છે એમ માનીને બઠો છે ને ? અરે જ્ઞાનથી અભિન્ન લે ને. અભિન્ન જોઈએ છે તારે ? કે જ્ઞાનથી અભિન્ન લે ને. એ રાગથી ભિન્ન લે તારું કામ થઈ જશે. આ ગુરુદેવના શબ્દો હોં. એણે મને વાત કરી. હજી જીવે છે એ. આહાહા ! અજિતપ્રસાદ. આહાહા ! મેં કહ્યું એમ કહ્યું. મેં પૂછ્યું. સાહેબ આ રાગ છે એ જેમ દિવાલ ભિન્ન છે એટલો ભિન્ન છે ? કહે હા. એમ છે. પહેલા આમ હતું'ને એમણે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મને કહ્યું આ બધું કે હું ગયો મેં પૂછ્યું બધું હા આમ કહ્યું'તું.

વિચિક્ષણ પુરુષ છે ને એ તો. આ જિજ્ઞાસાથી પૂછે છે કે બીજી અપેક્ષાએ પૂછે છે ? કહે જિજ્ઞાસાથી પૂછે છે બિચારો. મૂંઝાણો છે, અભિન્ન માની બેઠો છે ને રાગથી આત્મા. બધા અભિન્ન માને છે. અભિન્ન માને છે એનું નામ જ સંસાર છે. આહાહા ! ભિન્ન જાણે ને માને તો મોક્ષમાર્ગ છે. તો જ્ઞાનથી અભિન્ન છે આત્મા એવું ભાન એને થઈ જશે. રાગથી અભિન્ન, રાગથી અભિન્ન, રાગથી અભિન્ન, હવે ભેદજ્ઞાન જ્યાં કરવાનું છે, જ્ઞાન ને રાગ ભિન્ન એમ કરવાનું છે, ત્યાં જ્ઞાન ને રાગ એક જ છે. આત્મામાં રાગ થાય છે. રાગને કરે છે ને ભોગવે છે. અરે પ્રભુ ! આહાહા ! રાગને જાણે છે એ ખટકે છે. સવિકલ્પદશામાં છે, બાકી નિર્વિકલ્પ ધ્યાનમાં તો (આત્માને જ જાણે છે)

**શ્રી સમયસારજી ગાથા - ૯૩**
**વિડીયો પ્રવચન નં.૨૩૭, સળંગ પ્રવચન નં. ૧૦**
**તા. ૨૯-૧-૯૦**
**સ્થળ : રાજકોટ**

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર ગાથા-૯૩ તેનો ભાવાર્થ.

જ્યારે એટલે એને અનુભવનો કાળ પાકે ત્યારે આત્મા શું કરે છે અને કેવી રીતે ભેદજ્ઞાન કરીને અંદરમાં જાય છે તેની પ્રક્રિયા બતાવે છે. જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને એટલે પરિણામને જ્ઞાનથી ભિન્ન જાણી એટલે કે આત્માથી ભિન્ન છે એમ જાણે, રાગને આત્માથી ભિન્ન છે એમ જાણે, ભિન્ન કરે નહીં. ભિન્ન છે એમ જાણે એટલે શું ? કે અભિન્ન છે એમ જાણતો'તો-માનતો'તો એને બદલે હવે ભિન્ન જાણે. અભિન્ન જાણે તો અજ્ઞાન ને ભિન્ન જાણે તો જ્ઞાન.

જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી એટલે જ્ઞાનમય આત્માથી ભિન્ન જાણે અર્થાત્ હવે એ ભિન્ન કેવી રીતે જાણે ? કોની જેમ ? એમ. કોની જેમ ભિન્ન જાણે ? દાખલો આપે છે. એ દાખલાથી ખ્યાલ આવી જાય કે આ જેમ ટાઢી-ઉની અવસ્થાથી આત્મા ભિન્ન છે એમ આત્માથી રાગદ્વેષ ભિન્ન છે એની જેમ. જેમ, દૃષ્ટાંત-શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે એ તો બધા આમાં હા પાડે છે. આમ આમ (હા) કહે છે. આ ટાઢી-ઉની અવસ્થા તો પુદ્‌ગલની છે. પુદ્‌ગલથી અભિન્ન છે આમાં હા પાડે છે. હવે રાગદ્વેષમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હા આવવી જરા કઠિન છે. તેમ રાગદ્વેષ આદિ પણ, શું કહ્યું ? કે ઓલી પુદ્‌ગલની અવસ્થા છે એની જેમ આ પણ દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ, સાંભળવાનો વિકલ્પ અત્યારે ઊઠે છે એ પ્રશસ્ત રાગ એ પણ પુદ્‌ગલની અવસ્થા છે. આહાહા ! જીવની અવસ્થા નથી. જીવમાં જ્ઞાન થાય છે.

કાલે ચાર સ્ટેજ લીધા'તા. આહીંયા જ્ઞાન થાય છે, ત્યાં રાગ થાય છે. ત્રીજા સ્ટેજે રાગ એમાં પ્રતિભાસે છે. ચોથા સ્ટેજે જો ભિન્ન જાણે તો જ્ઞાની ને અભિન્ન જાણે તો અજ્ઞાની. રાગદ્વેષ આદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે એવું ભેદજ્ઞાન થાય ત્યારે પોતાને જ્ઞાતા જાણે છે. હું તો જ્ઞાતા છું એમ જાણે અને રાગાદિરૂપ પુદ્‌ગલ છે એમ જાણે. એમ થતાં, આવું ભેદજ્ઞાન થતાં રાગ આદિનો કર્તા આત્મા થતો નથી. જ્ઞાતા જ રહે છે. રાગ રહે છે પણ રાગનો જ્ઞાતા રહે છે-થાય છે.

રાગના ચાર પ્રકાર છે. એક અનંતાનુબંધીનો રાગ, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન. એને ભેદજ્ઞાન થાય છે ત્યારે અનંતાનુબંધીનો રાગ ચાલ્યો જાય છે. એનો તો અભાવ થઈ જાય છે મિથ્યાત્વની સાથે, તથા-પ્રકારનો રાગ એટલે કે તે પ્રકારનો રાગ, એની સાથે સંબંધવાળો રાગ એ તો અભાવ થઈ જાય છે, પણ બીજા પ્રકારનો રાગ ઉત્પન્ન થાય છે અપ્રત્યાખ્યાન. જો કે એને જાણે છે પણ એ મારા ભાવ છે એમ હવે જાણતો-માનતો નથી. એ પુદ્‌ગલના ભાવ છે એમ જાણે છે. એ પુદ્‌ગલથી અભિન્ન છે. એ ૭૫ ગાથામાં આચાર્ય ભગવાને કહ્યું છે કે જ્ઞાની છે એ રાગને કેવી રીતે જાણે છે, કે એ પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. પુદ્‌ગલથી અભિન્ન છે એમ જાણે તે જ્ઞાની છે.

હવે એના માટે આપણે દૃષ્ટાંત લઈએ. કેમકે આ વિષય જરા એવો છે કે રાગ આત્મામાં થાય છે ને આત્માથી અભિન્ન છે ને આત્મા જ કરે છે, એવી અનાદિની મિથ્યાબુદ્ધિ અજ્ઞાન દશામાં અજ્ઞાનીને વર્તે છે. વર્તે છે એટલે ભેદજ્ઞાન થોડું કઠિન પણ છે, પણ અશક્ય નથી, કઠિન છે પણ અશક્ય નથી. એના માટે દૃષ્ટાંત લઈએ તો ખ્યાલ આવે કે પાણી તો સ્વભાવે શીતળ છે અને પોતાની તત્‌ સમયની પર્યાયની યોગ્યતા અને અગ્નિનું નિમિત્ત એટલે પર્યાય ઉષ્ણ થઈ. હવે એ પર્યાય ઉષ્ણ છે એ પાણીની છે કે અગ્નિની છે, બસ એટલું નક્કી કરવાનું છે. પર્યાય પાણીની કહેવાય પણ એ પાણીનો ધર્મ છે કે અગ્નિનો ધર્મ છે. એ લક્ષણ પાણીનું છે કે અગ્નિનું લક્ષણ છે. કેમકે લક્ષણ અને લક્ષ અભેદ જ હોય. જો લક્ષણ અને લક્ષ અભેદ હોય એને પાણીની પર્યાય કહો કે પાણીનું લક્ષણ કહો તો એ ઉષ્ણતા પાણીની સાથે અભેદ થઈ જાય. તો કોઈ કાળે ઠંડા પાણીની પ્રાપ્તિ થઈ શકે નહીં. માટે ઠંડા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણીની જેને પ્રાપ્તિ કરવી હોય એને માટે આ છે. જેને ધર્મ કરવો હોય એના માટે છે. એટલે એ જે ઉષ્ણતા છે એ અગ્નિની છે અને અગ્નિની સાથે અભેદ છે. એ અગ્નિના પરિણામ છે. સ્વભાવગ્રાહી જ્ઞાનથી જોવામાં આવે તો એ ઉષ્ણતા અગ્નિની જ છે એ લક્ષણ એની સાથે મળતું છે. શીતળ પાણીના સ્વભાવની સાથે લક્ષણ મળતું નથી. માટે લક્ષણ ભેદે ભેદ છે એટલે એ પાણીની અવસ્થા નથી, એ અગ્નિની અવસ્થા છે. અગ્નિની સાથે અભેદ થાય છે. પાણી એનાથી શીતળ સ્વભાવે જુદું એવું ને એવું રહેલું છે. પાણીની અવસ્થા ઉની છે ત્યારે પાણી શીતળ છે. ધુમાડા નીકળતા હોય ફદફદિયા બોલતા હોય. આહાહા...આ પાણી શીતળ-શીતળ છે. શેઠ કહે ત્યાં તમે આંગળી બોળી જુઓ. ટાઢું પાણી, ટાઢું પાણી શું કહો છો. આ બધાય કહે છે પાણી ઉનું છે. ખદબદે છે ને તમે કહો શીતળ ટાઢું છે. આહાહા !

પાણી શીતળ-શીતળ. કયુ પાણી ? કે આ પાણી હું જોઉં છું એ. કે અમેય જોઈએ છીએ ને તમેય જોવો છો. અમને ઉષ્ણ દેખાય છે ને તમને શીતળ દેખાય છે. આ શું ? કોક'તો ડાહ્યો માણસ હોય ને એમાં. બધાય કાંઈ મૂરખ ન હોય. કહે શેઠ કાંઈક સમજાવો ને કાંઈક માર્મિક વાત લાગે છે. હા, હો માર્મિક છે વાત. પર્યાયદષ્ટિથી જોનારને પાણી ઉનું લાગે છે અને દ્રવ્યદષ્ટિથી જોનારને પાણી એ વખતે શીતળ દેખાય છે. સ્વભાવગ્રાહી જ્ઞાનથી જોવામાં આવે તો પાણી શીતળ છે અને ઉષ્ણતા અગ્નિની છે, તો પાણી થોડીવારમાં ઠંડુ થઈ જાય છે અને શીતળ પાણીની પ્રાપ્તિ થાય છે. શીતળ પાણીના સ્વભાવનો ઘાત નથી થયો. એક સમયની પર્યાયનો તો ઘાત થયો. શીતળ પર્યાયનો તો ઘાત થયો પણ શીતળ સ્વભાવનો ઘાત નથી થયો માટે થોડીવારમાં શીતળ થઈ જાય છે. માટે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જોવામાં આવે તો, આહાહા ! પર્યાયદષ્ટિથી જોવે તો રાગ આત્મામાં થાય છે. દ્રવ્યદષ્ટિથી જોનારને રાગ પુદ્ગલમાં થાય છે, બસ દષ્ટિ ફેરે ફેર છે.

જો આમાં કળશ ટીકા છે ને આંહી. જુઓ ૬૦ મો કળશ છે. એ તો મોદી સાહેબનેય ખબર છે, યાદ છે. આહાહા ! આટલી ખબર પડે તો બસ છે. ઝાઝું આમાં ભણવાનું નથી. પાણીની પર્યાય ઉષ્ણ થઈ છે એ વખતે એ પાણીની પર્યાય છે કે અગ્નિની પર્યાય છે ? કે અગ્નિની પર્યાય છે. લક્ષણભેદે ભેદ છે. જેના સંગે થાય છે ને એ એની છે. દષ્ટાંત, જેમ અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો ભેદ નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ.

ભાવાર્થ આમ છે કે, જેમ અગ્નિના સંયોગથી પાણી ઉનું કરવામાં આવે છે. કહેવામાં પણ ઉનું પાણી એમ કહેવાય છે. ઉનું પાણી એમ કહેવાય છે તો પણ જેમ કહેવાય છે તેમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહાહા ! તોપણ સ્વભાવ વિચારતા ઉષ્ણપણું અગ્નિનું છે. ઓલી અગ્નિ નિમિત્ત છે એની વાત નથી. અહીંયા નૈમિતિક પાણીની ઉષ્ણ પર્યાય તે અગ્નિ છે. એ અગ્નિની જાત છે. આહાહા ! પાણીની જાત નથી પર્યાય, સ્વભાવ વિચારતા ઉષ્ણપણું તો અગ્નિનું છે. પાણી તો સ્વભાવથી શીતળ છે. આહાહા ! આવું ભેદજ્ઞાન વિચારતા ઉપજે છે. પાણીમાં પણ ભેદજ્ઞાન કરે તો આવું ખ્યાલ આવે છે કે પાણી શીતળ જ હોય. શીતળ હોય એને પાણી કહેવાય, ઉષ્ણ હોય એને અગ્નિ કહેવાય. આહાહા ! એમ જેનામાં જ્ઞાન થાય, જેનામાં જ્ઞાન હોય તે જીવ કહેવાય, જેનામાં રાગ થાય એ જડ-અચેતન એ પુદ્‌ગલના ભાવો છે. પુદ્‌ગલના લક્ષે થાય છે. અરે પુદ્‌ગલથી અનન્ય છે, અભેદ છે. આહાહા ! ક્યાં નાખવા એને ? કે પુદ્‌ગલમાં નાખી દેવા. આહાહા ! આવી વસ્તુની સ્થિતિ છે. આહાહા ! આ જુઓ ચાર લીટી બહુ સરસ છે ફરીને વાંચીએ.

ત્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે અર્થાત્ જેમ શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે તેમ રાગદ્વેષસુખદુઃખાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે. એવું ભેદજ્ઞાન થાય ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે. રાગી તો પુદ્‌ગલ છે. આહાહા ! ભેદજ્ઞાનીને પુદ્‌ગલ લાગે છે. મિથ્યાદૃષ્ટિને જીવના ભાવ લાગે છે, એ જ ફેર છે. એકને જીવના ભાવ લાગે છે, એકને અજીવના ભાવ લાગે છે. પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. જ્ઞાની ને અજ્ઞાનીની ઓળખાણ એટલી છે.

જ્ઞાની એમ કહે છે કે આ પુદ્‌ગલના ભાવો છે જડ, અચેતન. અજ્ઞાની એમ કહે છે કે આ જીવના ભાવો છે. બસ પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. પાણીની અવસ્થા એક, એને જોનાર બે-એક કહે છે કે એ અગ્નિની અવસ્થા છે. બીજો કહે છે કે એ પાણીની અવસ્થા છે. બસ, પર્યાય એક જોનાર બે. એક સ્વભાવદૃષ્ટિથી જુએ છે ને એક પર્યાયદૃષ્ટિથી જુએ છે. પર્યાયદૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, દ્રવ્યદૃષ્ટિ છે તે સમ્યગ્દૃષ્ટિ છે. આવું તો ઘણી જગ્યાએ છે. સમયસારમાં સેંકડો જગ્યાએ છે. રાગ પુદ્‌ગલના પરિણામ છે, એ એક બે પાંચ જગ્યાએ નથી. સેંકડો જગ્યાએ છે. ત્યારે જ ભેદજ્ઞાન થાય છે. જીવનો ભાવ તો અનંતકાળથી માન્યો છે. એમાં સ્વચ્છંદ ન થાય. સ્વતંત્ર થઈ જાય પાછો એમ.

રાગ પુદ્‌ગલનો જાણે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય એ સ્વચ્છંદી ન થાય. આહાહા ! પછી ઊંધો પડે તો તો એનો દોષ છે. હિંસા, જૂઠું, ચોરીના પરિણામ કરે અને કહે છે કે પુદ્‌ગલના પરિણામ, તો તારી ભૂલ છે. જેને પુદ્‌ગલના પરિણામ ભાસે એને હિંસાના પરિણામ આવે જ નહીં. અહિંસા જ થઈ જાય. વીતરાગી દૃષ્ટિ થઈ જાય એની. આહાહા ! પછી ઊંધું ન માને. પણ એ યોગ્યતા ઉપર આધાર છે, બસ બીજું કાંઈ નહીં. શાસ્ત્ર તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકના એક શાસ્ત્ર છે. હેં ! શાસ્ત્ર તો અનાદિનું હતું આ બે હજાર વર્ષ થયા. સમ્યગ્દર્શન કોઈને ન થયું. ગુરુદેવને થયું. આહાહા ! વર્ણીજીને તો ટીકા મોઢે હતી. ટીકા મોઢે હો આખી સંસ્કૃત. આ સંસ્કૃત મોઢે. આ શાસ્ત્રો ઉઘાડે નહીં અને ફટ, ફટ, ફટ, આહાહા ! પાંત્રીસ વર્ષ પહેલા ઓગણીસ પ્રશ્ન પૂછ્યા'તા, ઓગણીસ. પાંત્રીસ વર્ષ પહેલા ૧૦ ની સાલમાં.

આહાહા ! કાંઈ નહીં, કોરી પાટી. શું સમયસાર ! ભણતર શું કરે ? અગિયાર અંગ ભણી ગયો. ભેદજ્ઞાન ન કર્યું. હવે રાગથી આત્મા ભિન્ન છે એ દૃષ્ટિમાં આવતું નથી એને. આહાહા ! અત્યંત ભિન્ન, સર્વથા ભિન્ન. અરે નવતત્ત્વથીય સર્વથા ભિન્ન છે આત્મા. રાગ તો ક્યાંનો ક્યાં રહ્યો. એને ઘરે રહ્યો. આહાહા !

ૐ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૪

### શ્રી સમયસારજી ગાથા - ૯૨
### વિડીયો પ્રવચન નં.૭૦૯, સળંગ પ્રવચન નં. ૧૧
### તા. ૨૫-૧૧-૯૬
### સ્થળ : કલકત્તા શિબિર

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે, દૈવી શાસ્ત્ર છે, ભાગવતી શાસ્ત્ર છે. આમાં પ્રથમમાં પ્રથમ તો ઉપદેશ એ છે, સાંભળનારને કહે છે કે પ્રથમ હું પરમાત્મા છું ત્યાંથી શરૂઆત કરજે. અહીંયાથી તું શરૂઆત કરીશ તો પર્યાયમાં પણ તું પરમાત્મા થઈ જઈશ. પણ શરૂઆત તો અહીંથી કરવાની છે. હું મનુષ્ય છું, દેવ છું, હું નારકી છું, કર્મના સંબંધવાળો છું-કર્મના સંબંધે રાગ થાય છે એ બધું થોડીકવાર ભૂલી જા. ગૌણ કર એને, ગૌણ કરીને અભૂતાર્થ કર એને, છે ખરું પણ ગૌણ કરીને અભૂતાર્થ કર અને ભૂતાર્થ તારો સ્વભાવ છે. તું તો પરમાત્મા છો અત્યારે. એ પરમાત્માને દૃષ્ટિમાં રાખી અને આ સમયસાર સાંભળીશ તો તને લાભ થશે-દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખતાં-અનુભવ પહેલા પણ શરૂઆત આમ કરવાની છે. તો એના અંતમાં એને સમ્યગ્દર્શન થશે અને પછી મોક્ષ પણ થઈ જશે-એવું કોઈ અપૂર્વ શાસ્ત્ર છે આ. એનો કર્તા-કર્મ અધિકાર. જિનાગમમાં આટલો મોટો કર્તા-કર્મનો અધિકાર ક્યાંય કોઈ શાસ્ત્રમાં જોવામાં આવતો નથી.

બે પ્રકારના જીવો જગતમાં છે. એક તો ઈશ્વરના કર્તાવાદી એમ કહે છે કે બધું ઈશ્વર કરે છે. આચાર્ય ભગવાન કહે છે કે એમ નથી. બીજા જગતના જૈનો-જૈનકુળમાં જન્મેલા જીવો એમ કહે છે, કે કર્મના ઉદયથી રાગ થાય છે. એ કર્મને કર્તા બનાવે છે અને ઈશ્વરવાદી ઈશ્વરને કર્તા બનાવે છે, માને છે. પણ તારા પરિણામનો કોઈ કર્તા નથી. પ્રથમ પર તારા પરિણામનો કર્તા નથી તો પ્રથમ ભૂમિકામાં પરિણામનો કર્તા કોણ છે ? કે તું જ છો. રાગનો કર્તા કોણ છે ? કે પ્રથમ અવસ્થામાં અજ્ઞાન અવસ્થામાં તું જ એનો કર્તા છો. રાગ પરથી કર્મના ઉદયથી થતો નથી. કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે. તું સ્વતંત્રપણે તારા સ્વભાવને ભૂલીને, કર્મકૃત રાગને મારા માની રહ્યો છે. એ જ રાગની ઉત્પત્તિનું કારણ છે. તારી પર્યાયમાં છે માટે તું જ કર્તા છો પહેલા એમ લે. આમાં સ્વચ્છંદતાનો અભાવ થઈ જાય છે. હું જ આ દોષનો કર્તા છું. આદિ-મધ્ય-અંતમાં-મારા દોષો પરથી થતા નથી. હું જ કર્તા છું એમ પહેલા લે-પહેલા પ્રમાણમાં આવી જા અંદરમાં, પછી બીજા તબક્કે કહે છે કે આત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો કર્તા નથી. કે સાહેબ આપે તો પહેલા એમ કહ્યું હતું ને કાલે એમ કહ્યું કે રાગનો કર્તા આત્મા છે. એ કહ્યું હતું એ બરોબર છે-એમાં મર્મ એ હતો કે બે દ્રવ્યની જુદાઈ અમારે કરાવવી હતી. તને એમ થાય છે કે કર્મના ઉદયથી રાગ થાય છે, માટે કર્મ જ મને કરાવે છે. સુખી દુઃખી થાય છે એ બધું કર્મથી જ થાય છે એમ નથી. તારા દોષથી, તારા અજ્ઞાનથી તું સુખી દુઃખી થઈ રહ્યો છો.

પછી જ્યારે એ સ્વીકાર કરે કે પરથી નથી. મારા સ્વભાવને ભૂલીને હું જ પોતે સ્વતંત્રપણે પરને મારું માનીને અજ્ઞાની થઈ રહ્યો છું. હું જ એ રાગાદિનો કર્તા છું. એમ સ્વીકાર કર-એ સ્વીકાર કરી લીધા પછી બીજે દિવસે પાછો એ શિષ્ય આવે છે કે કાલનો પાઠ પાકો થઈ ગયો. કે હા. પ્રભુ ! પાઠ પાકો થઈ ગયો કે રાગ કોણ કરે છે ? પ્રભુ ! જ્યાં સુધી મને ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી હું આ રાગનો કર્તા થાઉં છું.

શ્રીગુરુએ કહ્યું કે એ પાઠ પાકો થઈ ગયા પછી હજી એક પાઠ બાકી છે. સાંભળ ! એ રાગનો કર્તા પરિણામ છે. તારો ભગવાન આત્મા એનો કર્તા નથી. પરમાત્મા તો અકારક ને અવેદક છે. સ્વતંત્રપણે-સ્વયં-નિસર્ગજ-શબ્દ છે, રાગને માટે અધ્યવસાન માટે નિસર્ગજ આપ મેળે-કુદરતી-એનો કર્તા તું નથી. એ પરિણામનો કર્તા પરિણામ છે. ક્ષણિક અશુદ્ધ ઉપાદાન-ક્ષણિક અશુદ્ધ ઉપાદાનથી રાગ થાય છે. ત્રિકાળી શુદ્ધ ઉપાદાનથી એ રાગ થતો નથી, એમ આજના પાઠમાં લે.

કાલે તો આપે એમ કહ્યું હતું. મેં પરથી જુદું પાડવા માટે કહ્યું હતું. આજે રાગથી જુદો પાડવા માટે તને વાત કરુ છું. આહાહા ! એને ધીમે ધીમે સ્યાદ્‌વાદથી સમજાવે છે-પછી કહે સાહેબ આજ તો પૂરું થઈ ગયું ને ! હવે કંઈ બાકી છે ? હવે એકદમ થોડું, એક જ પાઠ બાકી છે, કે આ પાઠ જો તારો પાકો થશે અને હું પરીક્ષા કરીશ અને મને એમ લાગશે કે (બીજો પાઠ) આપવા જેવો છે તો આપીશ નહીંતર નહીં આપું-(શિષ્યે કહ્યું કે) પ્રભુ પાઠ પાકો કરીને આવીશ-આવ્યો શિષ્ય. પ્રભુ ! કાલનો પાઠ તો અમૃત હતો. મારી કર્તાબુદ્ધિ છૂટી ગઈ-રાગને હું કરું છું એ કર્તાબુદ્ધિ છૂટી ગઈ પણ રાગને હું માત્ર જાણું છું. હું રાગને કરતો નથી પણ રાગને હું જાણું છું. ઠીક એ પાકું છે ? આત્મા અકર્તા છે.

રાગ સ્વયં કર્તા થાય છે એનો કર્તા કોણ છે પૂછ્યું ? તો કહે પરિણામનો કર્તા પરિણામ છે, ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય છે અને રાગની પર્યાયમાં તદ્‌રૂપો ન ભવતિ. પરમાત્મા એ રૂપે થાય તો રાગને કરે. ન્યાય આપ્યો. માટે તદ્‌રૂપો ન ભવતિ-તે રૂપે થતો નથી. માટે તું તેનો કર્તા નથી. તું એનો જ્ઞાતા છો એટલું રાખ હમણાં-હમણાં એટલું રાખ. પછી એ પાઠ પાકો થયા પછી આવ્યો એ શિષ્ય. હવે કાંઈ બાકી છે ? કહે હા, હવે થોડુંક બાકી છે છેલ્લું. બસ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે થોડુંક જ બાકી ? મને અનુભવ થઈ જશે ? હા બાપુ-તને અનુભવ થઈ જશે-આહાહા ! મારા જમાઈએ ગેરંટી માગી મારી પાસે. સમજી ગયા. વેપારી છે ને પાકો. વેપારી તો ગેરંટી માગે ને ?

પછી શિષ્યને એ કહે છે, કે હવે થોડું બાકી છે. આજે તને કહી દઉં કે સાહેબ હવે કાંઈ બાકી ન રાખતા જેટલું કહેવું હોય એટલું આજે જ કહી દો, કાલ ઉપર બાકી રાખતા નહિ. કાલે મારે વેપારના કામે બહારગામ જવું છે ને એટલે આજે બધું કહી દો, કાંઈ બાકી રાખતા નહિ-કાંઈ બાકી નહિ રાખું. કાંઈ છૂપાવતા નહિ પ્રભુ-કે કાંઈ છૂપાવીશ નહિ. મારો જેટલો વૈભવ છે તે વૈભવથી બધું કહીશ જા.

શિષ્યએ કહ્યું કે કાલે કહ્યું હતું, કે કર્તા નથી પણ તું પરિણામનો-રાગનો જ્ઞાતા છો. હવે આજે હું તને કહું છું કે તું એનો જ્ઞાતા નથી. જ્યાં સુધી એ તારું જ્ઞેય થશે અને તું એનો જ્ઞાતા રહીશ ત્યાં સુધી એ જ્ઞેય નહિ ફરે-હવે આજે જ્ઞેય ફેરવવાની વાત મારે તને કરવી છે. શશીભાઈ ! સમજાણું કાંઈ ? આહાહા ! (શ્રોતા :- આ વાત ક્યાંથી આવે છે સાહેબ !) આ તીર્થંકર ભગવાનના ઘરની વાત છે. અર્થાત વસ્તુના સ્વભાવની વાત છે-તીર્થંકરની પણ નથી. સાંભળો. તીર્થંકરે તો જેવું વસ્તુનું સ્વરૂપ જોયું પ્રત્યક્ષ એવું વાણીમાં આવ્યું છે, વસ્તુના સ્વભાવના એ કર્તા નથી. અનાદિ અનંત આવી વસ્તુ છે. આ કર્તા-કર્મ અધિકાર જેવો કોઈ અધિકાર દિગંબર શાસ્ત્રમાં જોવામાં આવતો નથી-છુટક છુટક બધું છે. કર્તા-કર્મની વાત છૂટક-છૂટક બધેય છે-બધા શાસ્ત્રમાં ચારે અનુયોગમાં છે. પણ સળંગ આખો અધિકાર અને એમાં તો વિશેષતા એ છે કે ૪૧૫ ગાથાના જેટલા અધિકાર છે એ બધા અધિકાર કરતા કર્તા-કર્મના અધિકારની ગાથાઓ ઝાઝી છે. અને એમાંય સંતોષ ન થયો તો સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકારમાં એ વિષય પાછો અપનાવ્યો છે, દોહરાવ્યો છે. આહાહા !

તો કહે છે તું એનો જ્ઞાતા નથી. તારામાં જ્ઞાન થાય છે ને ? ઈ જ્ઞાન તો આત્માનું થાય છે. તો જેનું જ્ઞાન પ્રગટ થાય એનું જ ઈ જ્ઞાન-જ્ઞાયક હોય તો તારા જ્ઞાનમાં તારો આત્મા જણાય છે, રાગ જણાતો નથી. કે સાહેબ ! એક પ્રશ્ન મને ઊઠે છે-પંચમકાળના જીવો મને મળે છે અને વાત કરે છે કે રાગનો વ્યવહારે તો જ્ઞાતા છે. એટલે જગત તરફથી તમને પ્રશ્ન કરું છું, કે વ્યવહારે રાગનો જ્ઞાતા છે એમ મારા કાન ઉપર બહુ વાત આવે છે. આહાહા ! કે વ્યવહારે જ્ઞેય છે એટલે શું ? એ રાગને જાણે છે કોણ ? કે જાણે છે બીજો અને આરોપ આવે છે આત્મા ઉપર કે વ્યવહારે એને જાણે છે-લોક મૂકે પોક-તું લોકની વાત હવે સાંભળીશમાં. અને સંભળાવતા હોય તો એનો સમાગમ છોડી દેજે.

કે તો સાહેબ બીજો એક પ્રશ્ન થાય છે કે વ્યવહારે એને ન જાણતો હોય તો ઠીક, પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયે તો આત્માને જાણે છે ને જ્ઞાન ? હોંશિયાર છે શિષ્ય. કપૂરચંદજી ! ખ્યાલ આવ્યો'ને પ્રશ્નનો, હેં ! કે વ્યવહારે ન જાણે તો કાંઈ નહિ પણ જ્ઞાન આત્માને જાણે છે એ તો નિશ્ચયનયથી જાણે છે ને ? કપૂરચંદજી ના પાડે છે. કે નિશ્ચયથી જાણે છે એ તો જે જાણતો નહોતો એને જરાક પહેલા પીપરમેન્ટ આપીને મેં ઉભો રાખ્યો-નહીંતર ભાગી જાય-નિશ્ચયથી તો જ્ઞાન આત્માને જાણે છે ભાઈ અને વ્યવહારે પરને જાણે છે. ત્યારે ઉભો રહ્યો સાંભળવા, નહીં તો ભાગી જાય. ભાગે એ પોષાય નહિ જ્ઞાનીને-કોઈ ભાગી જાય એ પોષાય નહિ. ત્યારે કહે છે કે નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે એમ જે હેતુવશ સમજાવવામાં આવે છે, કારણવશાત્ જગતના જીવોને સમજાવવા માટે નય છે. અનુભવ માટે નય નથી. ત્યારે શું છે ? એ તો સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે-ત્રણેકાળ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે. સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. કઈ નયથી ? સ્વભાવથી. હવે નય લગાડમાં, નય લગાડીશ તો નિશ્ચયથી પ્રકાશ સૂર્યને પ્રકાશે છે તો વ્યવહારે મકાન આદિને પ્રકાશે છે, તો તારું લક્ષ વ્યવહારના વિષય ઉપર ચાલ્યું જશે. તું પ્રમાણમાં આવી ગયો. નિશ્ચય વ્યવહાર બેય જાણીશ તો પ્રમાણમાં આવી ગયો-પ્રમાણનાં વાક્યમાંથી તું નિશ્ચયનય કાઢ અને નિશ્ચયનયને છોડી ને સ્વભાવમાં આવી જા. વસંતભાઈ ! નિશ્ચયનય પણ છોડવા જેવી છે. નય છે ને ? આહાહા !

કહે છે તારા સ્વભાવમાં જ તને જાણવાનું છે, એમાં કોઈ નયની જરૂર નથી. સ્વભાવ નિરપેક્ષ છે નય સાપેક્ષ છે-નિરપેક્ષ નયા મિથ્યાનય. પણ છે-બધું છે. આહાહા ! અહીંયા બધું કહી દેવું જોઈએ. સ્પષ્ટ વાત થાય કે અનાદિ અનંત સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે. ૧૭-૧૮ ગાથામાં કહ્યું કે આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે, ત્યાં નય નથી લગાડી. અનુભવમાં આવી રહ્યો છે એટલે તારા જ્ઞાનમાં એ જ્ઞાયક કથંચિત્ અભેદ હોવાથી તને તારો જ્ઞાયક જ જણાય છે, તું માનતો નથી. જણાય છે તારો જ્ઞાયક-તારો આત્મા જણાય છે એમ લે. હા પાડ તો હાલત થઈ જશે-માટે નયને છોડીને જ્યારે આખરમાં અનુભૂતિ થાય છે ત્યારે નય યાદ આવતી નથી. અરે પર્યાય પણ યાદ આવતી નથી. ત્રિકાળી દ્રવ્યનું સ્મરણ કરતાં કરતાં એ સ્મરણ પણ છૂટી જાય છે ને અનુભવ થઈ જાય છે-સ્મરણ તો માનસિક જ્ઞાન છે. ભગવાનનું સ્મરણ પણ છૂટે છે ને ભગવાન થઈ જાય છે લે. અનુભૂતિ થઈ એટલે દૃષ્ટિ અપેક્ષાએ ભગવાન થઈ ગયો. આહાહા !

એવો કર્તા-કર્મનો અધિકાર કોઈ બઢિયા હૈ. કર્તા-કર્મ અધિકાર બઢિયા હૈ. હિંદીમાં-બઢિયા સે બઢિયા હૈ. કર્તાબુદ્ધિ છોડવી હોય જેણે એને પહેલા કર્તા-કર્મ અધિકારનું અધ્યયન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવું. આ કર્તા-કર્મ અધિકાર સીધો ન વાંચી શકાય તો એના ઉપરના ગુરુદેવના વ્યાખ્યાન અગીયાર ભાગમાં છપાઈ ગયા છે. એમાં કર્તા-કર્મ અધિકાર ઉપરના વ્યાખ્યાનો પણ છે એ વાંચી લેવા.

હવે છેલ્લી વાત કહી દીધી એને-કે સ્વભાવથી તું જો નયથી ન જો. અને એ સ્વભાવની સન્મુખ થયો તો સત્ય અનુભવ એને થઈ ગયો. આમ એણે અનુભવ થાય છે એમ કહ્યું.

હવે આપણે કર્તા-કર્મ અધિકાર ચાલે છે, માર્મિક વાત છે. ગાથા ૯૨ની ટીકા પૂરી થઈ. હવે એનો ભાવાર્થ બાકી છે. એ ભાવાર્થ આજે લેવાનો છે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. છે ? શું કહ્યું ? જીવના પરિણામ નથી. હાય ! હાય ! જીવમાં રાગ થાય છે અને જીવના પરિણામ નથી. પ્રથમ સાંભળ ! રાગ જીવમાં થતો નથી-પહેલામાં પહેલું એમ લે કે જ્ઞાન આત્મામાં થાય છે ત્યાંથી શરૂઆત કર અને રાગ કર્મમાં થાય છે એમ લે પહેલા. આહાહા ! આ આમાં શરૂઆત જ એમ કરી છે. શરૂઆત શું કરી ? રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે એ તો એની સત્તામાં થાય છે. તેથી તે શીત-ઉષ્ણપણાની માફક પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે.

હવે એક પ્રશ્ન થાય કે અનદિકાળથી તો એમ સાંભળતા આવ્યા છીએ કે રાગદ્વેષ તો જીવમાં થાય. આ વળી પુદ્‌ગલમાં થાય છે એ ક્યાંથી આવ્યું ? કે સર્વજ્ઞ ભગવાનની વાણીમાંથી આવ્યું-કુંદકુંદાચાર્ય ભગવાને ઝીલ્યું-અમૃતચંદ્રાચાર્ય ભગવાને ટીકા કરી કે રાગદ્વેષ પુદ્‌ગલમાં થાય છે-એ ક્યાં છે શાસ્ત્રમાં બતાવો. આ કાઢો આસ્ત્રવ અધિકાર છે. આધાર તો આપવો જોઈએ ને ? રાગ જીવમાં થાય છે એ તો અનુભવથી સિદ્ધ છે પણ રાગ બીજે થાય છે. આહાહા ! એ આસ્ત્રવ અધિકાર છે ને એમાં સ્પષ્ટ વાત છે. એ કહું હમણાં મોઢાથી વાત કરવા કરતાં શાસ્ત્રથી વાત કરું, એ અજ્ઞાની જીવને અનુભવી કહે ને, તો એ ન માને પણ જ્યારે શાસ્ત્ર કહે ને ત્યારે લાયક પ્રાણી હથિયાર હેઠા મૂકી દે-માથે ચઢાવી લ્યે સંતોની વાણી. આસ્ત્રવ અધિકારની પહેલી જ બે ગાથા ૧૬૪ ને ૧૬૫ છે. બે ગાથાનું જોડકું એક સાથે છે.

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે. ૧૬૪.**

આસ્ત્રવ-સંજ્ઞ પણ છે અને અસંજ્ઞ પણ છે-એટલે એ ચેતનનો વિકાર પણ છે અને પુદ્‌ગલમાં પણ એ થાય છે. બે જગ્યાએ એ થાય છે. ખરેખર થાય છે એક જગ્યાએ, અજ્ઞાન થાય તો બે જગ્યાએ, જ્ઞાન થાય તો એકેય જગ્યાએ નથી-શું કહ્યું ? પ્રથમમાં પ્રથમ થાય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાં ? કે કર્મની સત્તામાં થાય છે, કર્મ એ અનુભાગ લઈને બંધાણુ છે. એનો રાગનો અનુભાગ દ્રવ્યકર્મમાં છે. અહીંયા જ્ઞાન થાય છે. સ્થિતિ આ છે. એનું વર્ણન કર્યું. એનું વર્ણન હજી બીજી ગાથામાં કરશે- ''મિથ્યાત્વ ને અવિરત કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે.'' એ સંજ્ઞ આસ્ત્રવ જીવના પરિણામ છે અને એ પરિણામ અનન્ય છે-અન્યપણું રાખીને અનન્ય છે-અનન્ય છે એ વ્યવહારનયનું કથન છે. રાગ આત્મામાં થાય છે ને અનન્ય છે એ વ્યવહારનયનું કથન છે અને રાગ દ્રવ્યકર્મમાં થાય છે અને એનાથી અભેદ છે એ નિશ્ચયનયનું કથન છે. ત્યાં નિશ્ચયનય છે, અહીંયા નિશ્ચયનય નથી. જો અહીંયા નિશ્ચયથી રાગ આત્મામાં થતો હોય તો, કોઈ દિ' અભાવ થઈ શકે નહિ અને ત્યાં નિશ્ચયથી કહ્યું-ત્યાંય અભાવ તો થાય છે-સામાન્ય કાર્મણ વર્ગણા થાય છે પણ એમાં એક મર્મ છે-એ સામાન્ય કાર્મણ વર્ગણા થાય છે, તો પણ ભવિષ્યમાં એને એ પરમાણુ, એ જ કાર્મણ વર્ગણા, રાગરૂપે પરિણમશે એવી એનામાં શક્તિ છે. અને અહીંથી રાગ છૂટ્યો પછી જીવ કોઈ દિ' રાગરૂપે પરિણમશે જ નહિ, માટે વ્યવહાર છે. આહાહા ! નીકળી જાય છે. રહે છે રાગ ? રાગ રહેતો હોત તો કોઈ સિદ્ધ અવસ્થાને પામત નહિ. આહાહા ! એ વિવિધ ભેદે જીવમાં જીવના અનન્ય પરિણામ છે.''

**વળી તેહ જ્ઞાનાવરણાદિક કર્મનાં કારણ બને**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

નિમિત્ત બને, કર્તા નહિ-નિમિત્ત.

ગાથાર્થ :- મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ-એ આસ્ત્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર છે) પણ ચેતનનો સ્વભાવ નથી. વિકૃત અવસ્થા છે, પરના લક્ષે થાય છે. પોતાની યોગ્યતાથી થાય પણ એ વખતે લક્ષ પર ઉપર હોય છે-એને નિમિત્ત કહેવાય અને આને નૈમિત્તિક કહેવાય. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી આખો સંસાર ઉભો થયો છે-ચેતનના વિકાર પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્ગલના વિકાર) પણ છે. મિથ્યાત્વ જીવમાં થાય અને મિથ્યાત્વ પુદ્ગલમાં પણ થાય. અસંજ્ઞ કહ્યું ને અચેતન. આહાહા ! કેટલાંક જીવે તો આ વાત સાંભળી પણ નહિ હોય કે પુદ્ગલમાં રાગ થાય છે. આહાહા ! રાગ તો આત્મામાં જ થાય ને ? પુદ્ગલમાં થોડો થાય ? જો પુદ્ગલમાં રાગ થાય તો એને ભોગવવું પડે-અહીંયા રાગ થાય છે તો હું જ એ દુ:ખને ભોગવું છું-દ્રષ્ટિ તદ્દન વિપરીત છે. શું થાય ?

એ આસ્ત્રવો સંજ્ઞ અર્થાત્ ચેતનના વિકાર પણ છે અને અસંજ્ઞ અર્થાત્ પુદ્ગલના વિકાર પણ છે. એમ વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્ત્રવો કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે. જીવની પર્યાયમાં-જીવમાં એટલે સામાન્ય જીવમાં નહિ. અશુદ્ધ ક્ષણિક ઉપાદાનમાં એ થાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્ત્રવો કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ જીવના જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્ત્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે. અને તેમને પણ અર્થાત્ અસંજ્ઞ આસ્ત્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં રાગદ્વેષાદિ ભાવ કરનાર જીવ કારણ નિમિત્ત થાય છે.

નિમિત્તનું નિમિત્ત-નિમિત્તનું નિમિત્ત એટલે જીવ રાગ કરે તો અહીં આસ્ત્રવ થાય અને કર્મબંધ થાય. પણ એમાં એ નિમિત્ત ન થાય તો સંવર થઈ જાય અને આસ્ત્રવ રોકાઈ જાય. અહીંયા આસ્ત્રવ રોકાઈ જાય તો ત્યાં પણ રાગની નિર્જરા થઈ જાય-કર્મની સત્તામાં રાગ રહેતો નથી, મિથ્યાત્વ રહેતું નથી. એવી વાત છે એટલે આ ભાવાર્થ કર્તાએ કહ્યું ને કે-રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે, જીવનો નથી. તેથી તે શીતઉષ્ણપણાની માફક-ટાઢી ઉની અવસ્થારૂપે થવું અશક્ય છે, અસંભવ છે જીવનું. ભલે ટાઢી-ઉની અવસ્થારૂપે તો ન થાય પણ રાગરૂપે તો જીવ થાય ને ? આહાહા ! ઈ ઉપર આવી ગયું-હજી આવશે, અશક્ય કહેશે. આહાહા ! માને છે એ જુદી વાત છે પણ છે અશક્ય-પુદ્ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે.

હવે જુઓ અજ્ઞાનને લીધે-છે તો સ્થિતિ આમ-જીવમાં ઉપયોગ પ્રગટ થાય છે અને કર્મમાં રાગદ્વેષસુખદુઃખાદિના પરિણામ પ્રગટ થાય છે. બેયની સત્તા ન્યારી ન્યારી છે. એકની સત્તામાં બીજાની નાસ્તિ છે. એકમાં બીજું બિલકુલ આવતું નથી.

અજ્ઞાનને લીધે આત્માને, તેનું એટલે સંજ્ઞ-અસંજ્ઞ આસ્ત્રવોનું ભેદજ્ઞાન નહિ હોવાથી-જુદાઈ નહિ પાડતો હોવાથી-તે એમ જાણે છે કે, એનું જાણવું વિપરીત છે-તે એમ જાણે છે કે, શું જાણે છે ? કે આ સ્વાદ મારો જ છે-આ દુઃખનો જે સ્વાદ આવે છે ને આકુળતા એ સ્વાદ મારો જ છે-એ આકુળતા પુદ્ગલના પરિણામ છે. તારા પરિણામ જ નથી લે. આહાહા ! તો તો કોઈ જીવ દુઃખી ન થાત-આમ સમજે તો દુઃખનો નાશ થઈને સુખરૂપે પરિણમી જાશે-દુઃખ નીકળી જાશે. દુઃખ છે-આસ્ત્રવ છે. પણ સ્વભાવના આશ્રયે આસ્ત્રવ રોકાઈ જાય છે અને સંવર શુદ્ધ ઉપયોગ પ્રગટ થઈ જાય છે-સંવર એટલે શુદ્ધ ઉપયોગ-ઘણાં કહે છે પાપને રોકો અને પુણ્યની પ્રવૃત્તિ થાય તે સંવર, ખોટી વાત છે. બિલકુલ ખોટી વાત છે. એમેય ચાલે છે. જગતમાં તો બધુંય ચાલતું હોય કે પાપનો ત્યાગ અને પુણ્યનું ગ્રહણ એનું નામ સંવર કહે. ના. બિલકુલ જુઠી વાત છે. પુણ્યપાપથી ભિન્ન ભગવાન આત્માનું લક્ષ કરીને જ્યારે અનુભવ કરે છે ત્યારે પુણ્યપાપથી ભિન્ન છે આત્મા એવો અનુભવ થાય છે તે અનુભવનું નામ સંવર છે-શુદ્ધાત્માની ઉપલબ્ધિ એનું નામ સંવર છે.

કારણ કે, હવે આગળ, આ સ્વાદ મારો છે એમ એને ખ્યાલમાં આવે છે-એમ એને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવામાં આવે છે, એ ખોટું છે. કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે-આ જ્ઞાનની સ્વયંસિદ્ધ નિરપેક્ષ સ્વચ્છતા છે-સ્વચ્છતા ગુણનું એમાં કામ નથી. એ ગુણ જુદો છે. એક ગુણને બીજા ગુણ સાથે કાર્ય-કારણ સંબંધ નથી. એટલી આઠેય જ્ઞાનમાં સ્વચ્છતા સ્વભાવથી રહી ગઈ છે, કે જેમાં પરનો પ્રતિભાસ થાય છે-શું કહ્યું ? સ્વચ્છત્વ શક્તિ જુદી છે અને અજ્ઞાનીનું જે જ્ઞાન છે, એમાં પણ એટલી સ્વચ્છતા રહી ગઈ છે કે એમાં પરપદાર્થનો પ્રતિભાસ થાય છે. આ તો પ્રવચનસારની ૧૨૪ મી ગાથા છે. નિગોદના જીવમાં પણ તદ્દન જ્ઞાન બિડાઈ ગયું છે, પણ સર્વથા બિડાઈ જાય તો તો જડ થઈ જાય. તો થોડો ઉઘાડ છે, તે ક્ષયોપશમની અપેક્ષાએ જોવામાં આવે તો એટલી એની સ્વચ્છતા સ્વતઃ સિદ્ધ છે-સ્વચ્છત્વ શક્તિનું એમાં કારણ નથી. નિરપેક્ષ સ્વચ્છ છે. આહાહા !

તો કહે છે કે એમાં, કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે જ્ઞાનની પર્યાયમાં એટલી સ્વચ્છતા તો રહી ગઈ છે કે જેમાં લોકાલોકનો પ્રતિભાસ થાય છે-લોકાલોકનો હોં-આ બધું શાસ્ત્રમાં છે. જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા-પ્રતિબિંબ કહો કે પ્રતિભાસ કહો કે ઝલકે છે કહો, પણ જ્ઞાનમાં એટલી સ્વચ્છતા છે કે એમાં પુદ્ગલના પરિણામનો પ્રતિભાસ થાય છે-ઝલકે છે-આહાહા ! અભવી જીવને પણ આવું થાય છે, અભવી જીવના જ્ઞાનમાં પણ પરનો પ્રતિભાસ છે. બધા જીવોમાં આઠેય જ્ઞાનમાં એમ જયસેનાચાર્ય ભગવાને લખ્યું છે. આઠેય જ્ઞાનમાં આ પ્રકારે પ્રતિભાસ થાય છે. ત્રણ અજ્ઞાન ને પાંચ સમ્યગ્જ્ઞાન.

કારણ કે જ્ઞાનની સ્વચ્છતામાં શીત-ઉષ્ણપણાની માફક જેમ ટાઢી-ઉની અવસ્થાનો પ્રતિભાસ થાય છે કે આ ટાઢી અવસ્થા છે આ ગરમ અવસ્થા છે એવું જે જાણપણું થયું ને ? એ જાણપણું એનું, એ સંબંધીનું કે આ ટાઢી અવસ્થા, આ ગરમ અવસ્થા-પ્રતિભાસ ન થાય તો એટલું ય જ્ઞાન ન થાય-પણ એ ઈન્દ્રિયજ્ઞાનનું કાર્ય છે આત્માનું કાર્ય નથી. એ ધ્યાન રાખજો. આહાહા ! (શીત-ઉષ્ણપણાની) માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, એ જ્ઞાનમાં જેમ ટાઢી ઉની અવસ્થા આવતી નથી-જ્ઞાનમાં આવે ? તો તો જ્ઞાન જડ થઈ જાય. ટાઢી ઉની અવસ્થા જ્ઞાનમાં ન પ્રવેશી શકે. કે આટલી વાત તો સાચી છે પણ રાગની વાત શું આવશે. હવે...ઈ તો પ્રવેશે છે ને જ્ઞાનમાં. જ્ઞાનમાં પ્રવેશ્યા વિના અજ્ઞાન કેમ થાય ? ભવના અંતની વાત કોઈ અપૂર્વ હોય છે પ્રભુ.

જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ, રાગદ્વેષ થઈ ગયું હોય-જ્ઞાન રાગરૂપે થતું જ નથી. પણ રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી-ક્રોધનો પ્રતિભાસ દેખીને હું ક્રોધી. જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. જ્ઞાનને કન્વર્ટ કરી નાખ્યું-જ્ઞાનનું ડોકું મરડી નાખે છે. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જો પ્રતિભાસેય ન હોય, પ્રતિબિંબેય ન હોય તો હું રાગી એવું અજ્ઞાન ઉત્પન્ન ન થાય અને એ પ્રતિભાસ છતાં, પ્રતિભાસ રહી જાય છે ને અનુભવ થઈ જાય છે. કેમકે એ પ્રતિભાસ થવા છતાં એ વસ્તુ જ્ઞાનમાં આવતી નથી. રાગ જો જ્ઞાનમાં આવતો હોય તો અનુભવ ન થાય. આહાહા ! એને ભ્રાંતિ થઈ છે એ વાત સાચી છે. એટલી ભ્રાંતિ તો થઈ છે-હું રાગી છું-હું દ્વેષી છું એવું અજ્ઞાન તો છે-આહાહા ! પણ જ્યાં એ ભેદજ્ઞાન કરે છે ત્યાં અજ્ઞાન ટળી જાય છે, એનો પ્રતિભાસ માત્ર છે. મારા જ્ઞાનમાં ક્યાં આવ્યું છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધાદિ નથી પ્રભુ ! આહાહા ! ક્રોધ ક્રોધમાં છે. ઉપયોગ ઉપયોગમાં છે. જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય-એવું અજ્ઞાનીને ભાસે છે. શું કહ્યું ?

એવું લાગે છે જાણે હું રાગી થઈ ગયો-હું દ્વેષી થઈ ગયો. હું મનુષ્ય થઈ ગયો. હું તિર્યંચ થઈ ગયો, હું પૈસાવાળો થઈ ગયો-કેમ ? પૈસાવાળા છે તો પૈસાવાળો કહેવામાં શું વાંધો ? કે નથી તમે પૈસાવાળા લે. અરે ! હાય ! હાય ! શું પૈસાવાળા નથી. કહે-ના. એવો એક પ્રસંગ બન્યો-હું મુંબઈ ગયો હતો-અમારા દીકરાના સગા ફરવા નીકળે-ફરીને સવારે કોઈ કોઈ વાર અમારા ઘરે આવે. મોટી પાર્ટી કરોડ બે કરોડ પાંચ કરોડની. કાપડના વેપારી મોટા. આવીને સવારે બેઠા. ચા-પાણી પાયા. એનું નામ રાયચંદભાઈ. મેં કહ્યું રાયચંદભાઈ ! આ દેહ તો નાશવાન છે હોં-કાલે ચાલ્યો જશે-શું કહો છો ? મંડ્યા રોવા. અરે ! એને એટલું દુ:ખ થયું કે આ દેહ ચાલ્યો જાશે. હાય ! હાય ! આ પૈસો ચાલ્યો જાશે. હાય ! હાય ! મારા હાથે હું કમાણો-વસંતભાઈ ! એના હાથે તો કમાણો નથી. અભિમાન છે-રોવા મંડ્યા. ભાઈ ! રોવા જેવું નથી. આ તો સો વર્ષની ઉંમરે બધાને દેહ તો છૂટી જાય છે અને દેહને તો, તમે ઘણાને બાળી આવ્યા કે નહિ ? હા-બાળી આવ્યા. એનો દેહ છૂટે તો આપણો દેહ પણ છૂટવાનો-પહેલો મારો છૂટશે, તમારો પછી છૂટશે. ભલે પણ તમારે ચિંતા કરવાની આમાં શું જરૂર છે. કેટલી એકત્વબુદ્ધિ છે. શાંતિભાઈ ભાયાણી ! આ દેહ મારો-આ બે શાંતિભાઈ બેઠા છે-બેય જણે હાથ ઊંચો કર્યો. મેં ભાયાણી કહ્યું એટલા માટે. આહાહા !

દેહની સાથે એકત્વબુદ્ધિ એટલી બધી છે. આહાહા ! દેહને માટે પાંચ-પચીસ લાખ ખર્ચવા અમેરિકા જાય પણ જ્યાં કલકત્તામાં ફાળાની વાત આવે ત્યાં ભાઈ સાહેબ કહે, પૈસા બૈસા મારી પાસે બહુ નથી. પાંચ હજાર લખજો. આહાહા ! અને બહુ કરોડપતિ અબજપતિ બે ચાર અબજ હોય તો કહે લાખ લખજો. અરે કરોડ લખાવી દેને, તારે ક્યાં ઓછા થાય છે. પ્રભુ ! પણ લોભકષાય હોય. આ અવસર અત્યારે મમતા ઓછી કરવાનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળ છે. મંદિર બનવાનું છે. ભગવાન બિરાજમાન થવાના છે. અહીંયા ભગવાન પધારવાના છે કલકત્તામાં. એલા ભગવાનની પધરામણી થાય એમાં તારી મમતા ઘટે નહિ. આહાહા !

ગુરુદેવ તો દાખલો આપે છે કે કાગડો હોય ને કાગડો તો પણ કોં કોં કરીને નાત ભેગી કરે-બધાને બોલાવે-ભલે કણીઓ કણીઓ હાથમાં આવે પણ ભાગ કરીને વહેંચીને ખાય. આહાહા ! આ કહે તને લક્ષ્મી મળી અને તું કાગડામાંથી જાઈશ. ગુરુદેવને ક્યાં કોઈની પડી હતી. આહાહા ! કલકત્તા માટે અવસર આવ્યો છે-અહીંયા તો એટલી બધી વાત મેં સાંભળી, મને તો ખબર નહિ કે કલકત્તા આવું સમૃદ્ધ છે. આપણા મુમુક્ષુની વાત કરું છું-મુમુક્ષુના બે પ્રકાર છે. એક મારવાડી ને એક ગુજરાતી. બેય મુમુક્ષુ કહેવાય. મુમુક્ષુ એટલે બેય આવી ગયા અભેદ-ભેદ પાડવાની જરૂર નથી. અબજ બે અબજ. એક જણો કહે આની પાસે પાંચસો કરોડ-પાંચ અબજ છે. સમજી ગયા ! એના પુત્ર બેઠા છે અહીંયા. પાંચ અબજવાળા, કોઈ બે અબજવાળા અહીંયા છે, બેઠા હોય-પણ ભગવાન આત્માને પૈસા અહીંયા મૂકીને જવું છે છતાં એને મમતા ઘટતી નથી. આહાહા ! તારી બધી મૂડી ક્યાં આપી દેવાની વાત છે. એક ટકો બે ટકો આપ તો ય ઘણી વાત છે.

એક બનાવ એવો બન્યો-પ્રકાશ ! હું હતો મુંબઈ એમાં એક કરોડપતિ મારા જાણીતા રાજકોટથી મળવા આવ્યા. મને કહે ભાઈ આટલા વખતથી હું ગુરુદેવનો સમાગમ કરું છું પણ કાંઈ મારી પરિણતિ ફરતી નથી. તમને મારો કંઈપણ દોષ લાગતો હોય તો તમે મને બતાવો. મેં કહ્યું, બતાવું પણ તમને દુઃખ ન થાય તો કહું. હું તો તમને ચોખ્ખું કહીશ, તો કહે મારે ચોખ્ખું સાંભળવું છે. મેં કહ્યું, ખરેખર હું તમને કહું તમે ક્યાં અટક્યા છો ? હા-કે પૈસા સંબંધી તીવ્ર લોભ તમને છે. મેં કહ્યું તીવ્ર લોભ. લોભ તો હોય ગૃહસ્થને, એ જુદી વાત છે, પણ તીવ્ર લોભ છે. તેમણે બે કાન પકડ્યા અને કહ્યું, લાલચંદભાઈ ! લોભ તો એવો છે તમને શું કહું. અમારી ક્રેડીટ બેંકોમાં છે અને ચારે બાજુથી કોઈ ઠકાણેથી ૧૦ લાખ, કોઈ ઠેકાણેથી ૨૦ લાખ, પચાસ લાખ લઈ લઉં અને પાંચ-પચીસ કરોડ ભેગા કરી લઉં તો થઈ શકે છે, પણ ડ્રાફ્ટ (બીજા ભવ માટે) કઢાવી શકાતો નથી, એ વાંધો છે. નહીં તો ડ્રાફ્ટ કઢાવીને લઈ જાઉં અને છોકરા પછી ભરે-મારે ક્યાં અહીંયા કરજનું જોવા આવવું છે. છોકરા ભરશે. પણ લાચાર છું કે ડ્રાફ્ટ નીકળતો નથી. ભાયાણી ! ડ્રાફ્ટ નીકળતો હશે ? કોક કોક તો કઢાવતા હશે-કોકને એવી બુદ્ધિ હશે આપણે ભેગા લઈ જાશું-અરે ! એક રજકણ ભેગું નથી આવતું. સાંભળને ભગવાન ! તું ક્યાં રોકાઈ ગયો-પૈસો મારો છે ! સાથે આવવાનો છે ? આહાહા ! અમે ક્યાં કહીએ છીએ કે તું બધું આપી દે-પણ શાસ્ત્રમાં ત્યાં સુધીની વાત છે કે કમાણીના ૧૦ ટકા તો ધર્માદામાં કાઢવા જોઈએ, ત્યાં સુધીનો પાઠ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આહાહા ! મૂડીના નહિ. કમાણીના ૧૦ ટકા-મૂડી ભલે તારી પાસે પાંચ અબજની હોય. પણ કરોડ-બે કરોડ-પાંચ કરોડ તો કમાયને-અબજવાળાને વ્યાજ તો આવે ને. આહાહા ! કમાણીના ૧૦ ટકા આપે તો ય અહીં ભંભલી ભરાઈ જાય એવું છે-એક ટકો ય કાઢે નહીં તો શું કરવું. પ્રભુ અવસર આ કલકત્તામાં આવ્યો છે. પછી કલકત્તામાં બીજો અવસર આવો મંદિર થવાનો ભગવાનની પ્રતિષ્ઠા થવાનો ક્યારે આવશે ? છેલ્લો-પહેલો છે-અપેક્ષાએ. ભલે થાશે ખરું ઘણું.

માટે આચાર્ય ભગવાન કહે છે કે, અજ્ઞાનીને એમ લાગે છે આ રાગ મારો તેથી તે એમ માને છે કે હું રાગી છું. માને છે હોં-રાગી થતો નથી. એક સમય પણ ઉપયોગ ને રાગ એકત્વ પામી જાય તો વિભક્ત ન થાય. એકત્વ પામે તો જ્ઞાન જડ થઈ જાય. રાગનો માત્ર પ્રતિભાસ એમાં દેખીને હું રાગી છું, એમ માને છે. ખરેખર જ્ઞાન, જ્ઞાનપણું છોડી અને રાગરૂપે થઈ જાય ? જ્ઞાન ઉપયોગ હજી હોં. જ્ઞાયકની વાત તો જુદી. ઉપયોગ પણ એ રૂપે થતો નથી તો આ પરમાત્મા રાગરૂપે તો ક્યાંથી થાય ? સોચ-વિચાર કર. આહાહા ! ''રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નર તન પામીશ ક્યાં ચેત ચેત નર ચેત'' આવે છે ને ''બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તો યે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો'' આહાહા ! માટે અવસર છે. થોડો ઈશારો કરું છું. બીજું તો કાંઈ મારાથી થાય એમ નથી.

હું રાગી છું. બોલો, કલ્પના કરે છે-છે જ્ઞાયક, આત્મા પોતે છે પરમાત્મા-અને માને છે શું ? પહાડીયાજી-માની બેઠો છે. માને એવું છે જ નહિ. એ માને કે હું રાગી છું તો એ રાગી થાય ? અરે ત્રિકાળી જ્ઞાયક તો રાગી ન થાય પણ એમાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે એમાંય રાગનો માત્ર પ્રતિભાસ થાય, રાગી થતો નથી. એકત્વ માને છે કે હું રાગી થઈ ગયો. જો એક સમય પણ રાગી થાય તો કોઈ દિવસ વીતરાગભાવ પ્રગટ ન થાય. તો ભેદજ્ઞાનનો ઉપદેશ નિરર્થક જાય-હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું. હું માની છું, હું પૈસાવાળો છું, હું કર્મના બંધવાળો છું હું મોટરવાળો, મારે ત્યાં કેટલી મોટર. ચાર ચાર મોટર-મારે ત્યાં છે એ મોટર કોની છે ? કે મારી છે. પ્રભુ ! રહેવા દે. પુદ્‌ગલ એનો સ્વામી છે. તું એનો સ્વામી નથી. આહાહા ! હું ક્રોધી છું, હું માની છું એમ માની ઈત્યાદિ, આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા પોતાના સ્વભાવને ભૂલીને થાય છે. જ્ઞાનનો કર્તા છે એ પણ કથંચિત્ છે પણ એ તો કહેવું પડે બીજો કોઈ ઉપાય નથી. રાગનો કર્તા નથી માટે તે જ્ઞાનનો કર્તા છે. જ્ઞાન સ્વયં થાય છે. પર્યાયને દ્રવ્યના કર્તાપણાની અપેક્ષા વિના જ્ઞાન પ્રગટ થઈ જાય છે. આહાહા ! એવું સત્ અહેતુક જ્ઞાનનું સ્વરૂપ છે. સૂક્ષ્મ વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રી સમયસારજી ગાથા - ૯૩**
**વિડીયો પ્રવચન નં.૭૧૦, સળંગ પ્રવચન નં. ૧૨**
**તા. ૨૫-૧૧-૯૬**
**કલકત્તા શિબિર**

આ સમયસારનો કર્તા-કર્મ અધિકાર ગાથા ૯૩ છે. ૯૨ ગાથા આજે પૂરી થઈ. ગાથા ૯૩ એનું મથાળું. જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી, આત્માને જ્યારે આત્માનો અનુભવ થાય છે, એવા સમ્યગ્જ્ઞાનથી કર્મ એટલે ભાવકર્મ એટલે મિથ્યાત્વાદિ આસ્ત્રવો ઉત્પન્ન થતા નથી એમ હવે કહે છે.

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩**

ટીકા :- જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી -આ આત્મા પરનો અને પોતાનો, પરના પરિણામનો અને પોતાનો એટલે જ્ઞાયકદેવનો, પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે-રાગાદિ પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો પોતે ભેદજ્ઞાન થતાંવેંત જ સ્વ-પરનું ભેદજ્ઞાન થતાવેંત પોતે જ્ઞાનમય થયો થકો કર્મોનો એટલે ભાવકર્મોનો અકર્તા પ્રતિભાસે છે, એનો અકર્તા થાય છે. જ્ઞાની કર્મોનો અકર્તા થાય છે એમ મૂળમાં કુંદકુંદભગવાનની ગાથામાં એમ છે. જ્યારે ટીકાકાર એમ કહે છે કે, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. પહેલા કર્તા પ્રતિભાસતો હતો કે હું રાગને કરું છું. એમ દૃષ્ટિ પર્યાય ઉપર હોવાથી એને કર્તાપણાની ભ્રાંતિ થઈ હતી. હવે જ્યારે એ જ આત્મા પરિણામ માત્રથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માને અનુભવે છે. ચૈતન્ય પરમાત્માના દર્શન કરે છે ત્યારે એ જ્ઞાની થાય છે, ત્યારે કર્મોનો એટલે રાગાદિ કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. હવે પ્રતિભાસ ફર્યો-પહેલા રાગનો કર્તા છું એમ ભાસ થતો હતો. હવે દ્રવ્યની વીતરાગ દૃષ્ટિ થઈ ત્યારે પરિણામમાં વીતરાગભાવ પ્રગટ થયો તો રાગનો અકર્તા છું એમ પ્રતિભાસે છે.

તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. આટલું તો, અઢી લીટી માત્ર તો મૂળ ગાથાનો અર્થ કર્યો. હવે ટીકા શરૂ થાય છે. ટીકા એટલે વિસ્તાર-ગાથામાં હોય એને વધારે ખોલવું એનું નામ ટીકા છે-તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. જગતને આ રીતે સમજાવે છે.

જેમ, દૃષ્ટાંત આપે છે નોકર્મનું. જેમ એટલે જેવી રીતે ટાઢી-ઉની અવસ્થાઓ પુદ્‌ગલની થાય છે એનો અનુભવ એટલે એ સંબંધી જ્ઞાન કરાવવામાં એટલે થવામાં નિમિત્તપણે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમર્થ એવી શીત-ઉષ્ણ પુદગલ પરિણામની અવસ્થા, ટાઢી-ઉની અવસ્થા છે એ જીવના પરિણામ નથી પણ એ પુદ્‌ગલના પરિણામ છે. અને એ પુદ્‌ગલના પરિણામ આત્માના જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે એ નિમિત્ત છે. એવી ટાઢી-ઉની અવસ્થા-પુદ્‌ગલ પરિણામની અવસ્થા-દશા-પુદ્‌ગલની દશાઓ, પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે એક જાત છે, માટે અભિન્ન છે. પુદ્‌ગલ અને પુદ્‌ગલના પરિણામ એક જાતના હોવાથી, પરિણામી અને પરિણામ અભેદ કહેવામાં આવે છે. અભેદ છે. જીવના પરિણામ જ્ઞાન થાય છે એ આત્માથી અભિન્ન હમણાં કહેશે-પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય-ત્રણે કાળ અત્યંત એટલે સર્વથા ભિન્ન છે. શું ભિન્ન છે ? પુદ્‌ગલના પરિણામ આત્માથી સદાય ત્રણે કાળ અત્યંત એટલે સર્વથા ભિન્ન છે એમાં કથંચિત્ નથી. સર્વથા ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ-ટાઢી અવસ્થા હોય તો એમ લાગે કે આ ટાઢું છે ઉનું છે વિગેરે.

તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન-વેદનની વાત નથી. પુદ્‌ગલના પરિણામને વેદે છે આત્મા એમ નહિ-એનો અનુભવ એટલે એ સંબંધી અહીંયા જ્ઞાન થયું-જ્ઞાન જ્ઞાનથી થાય છે પણ એમાં આ બાહ્યના પદાર્થ નિમિત્ત છે-તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. આત્માથી અભિન્નપણાને લીધે, એ જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે અને પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. એક ચેતન અને બીજો જડ-બેય પોતે પોતાના સ્વભાવે પરિણમે છે.

આ વસ્તુની સ્થિતિનું વર્ણન કરે છે. ક્યાં જીવ ભૂલે છે અને ક્યાં ભૂલ ભાંગે છે એ બે ગાથા છે-ભૂલનું કારણ ૯૨ ગાથામાં કહ્યું અને હવે અહીંયા પુદ્‌ગલના પરિણામ હોવા છતાં પણ એને જ્ઞાનીને હવે એમાં આત્મબુદ્ધિ થતી નથી-એનું જ્ઞાન થાય-અહિંયા જ્ઞાનમાં એ પ્રતિભાસે, તો ટાઢી ઉની અવસ્થા જે હોય એવું અહીંયા જ્ઞાન થાય-આવું જ્ઞાન જે થયું-તે આત્માથી અભિન્નપણાને લીધે, કેમકે જ્ઞાન ને આત્મા એકસત્તા છે. જેમ પુદ્‌ગલના પરિણામ અને પુદ્‌ગલ એક સત્તા છે-એક જાત છે-સ્વજાત છે. એમ એ સંબંધીનું અહિંયા જ્ઞાન થયું તે જ્ઞાન આત્માથી અભિન્ન છે. કેમકે આત્મા ને જ્ઞાન એક જાત છે માટે તેમાં અભિન્નપણું ઘટી શકે છે. પણ જ્ઞાનેય અભિન્ન થાય અને પુદ્‌ગલના પરિણામ અભિન્ન થાય એમ છે નહિ. જાત બે જુદી છે.

પુદ્‌ગલથી સદાય, આ જ્ઞાન એટલે અનુભવ, આત્માથી સદાય અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી એટલે પુદ્‌ગલના પરિણામથી સદાય ત્રણેકાળ. હંમેશા અત્યંત સર્વથા ભિન્ન છે. નોકર્મના પરિણામ અને કર્મના પરિણામ બે પ્રકારના પુદ્‌ગલ છે. એક નોકર્મરૂપ પુદ્‌ગલ અને એક દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલ બે પ્રકારની પુદ્‌ગલની જાત છે. જાત તો પુદ્‌ગલની એક છે. પણ ઓલું નોકર્મ છે અને આ દ્રવ્યકર્મ છે-અત્યંત ભિન્ન છે-તેવી રીતે દૃષ્ટાંત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપ્યો. ટાઢી-ઉની અવસ્થારૂપે આત્માનું થવું પરિણમવું અશક્ય છે-અસંભવ છે એમ કહ્યું.

તે રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ-પરિણામની અવસ્થા-સવારે બતાવ્યું'તું આસ્ત્રવ અધિકારમાં કે આસ્ત્રવો બે પ્રકારના છે. મિથ્યાત્વ બે પ્રકારનું છે. જીવ મિથ્યાત્વ અને અજીવ મિથ્યાત્વ-જીવ મિથ્યાત્વ અને પુદ્‌ગલ મિથ્યાત્વ બે પ્રકાર છે-એક ક્ષણિક અશુદ્ધ ઉપાદાનમાં ભૂલે ત્યારે અજ્ઞાનીને થાય અને નિમિત્તપણે પુદ્‌ગલમાં થાય એ જાત છે, એમ સવારે બતાવ્યું હતું.

હવે કહે છે પુદ્‌ગલ પરિણામની અવસ્થા રાગદ્વેષસુખદુખાદિરૂપ-જીવની અવસ્થા નથી. રાગ જીવમાં થાય છે એ તો એને ભ્રાંતિ છે ત્યાં સુધી છે-રાગ મારામાં થાય. જ્યાં આત્માનું ભાન થયું જ્ઞાન થયું-ભેદજ્ઞાન થયું-આત્માને જાણ્યો-જાણતાં આ ભિન્ન છે એમ એણે જાણી લીધું. જ્યાં રાગથી ભિન્ન પડી ગયો પછી રાગની એકત્વબુદ્ધિ કદી થતી નથી. રાગ હોય ખરો, અસ્થિરતાનો રાગ ન હોય અને વીતરાગ થઈ ગયો એમ નથી. દ્રષ્ટિમાં વીતરાગતા આવી ગઈ પણ સર્વથા વીતરાગ થયો એમ નથી. પણ અહીંયા ભેદજ્ઞાનની મુખ્યતાથી વાત કરે છે.

એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા-આહાહા ! જીવમાં જ્ઞાન થાય છે-નોકર્મમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ થાય છે અને દ્રવ્યકર્મમાં રાગદ્વેષ, મોહ-સુખદુઃખના પરિણામ થાય છે એ દ્રવ્યકર્મની સત્તામાં થાય છે-બેયની સત્તા ન્યારી-ન્યારી, ભિન્ન-ભિન્ન છે. જડ-ચેતન એ સવારે આસ્ત્રવ અધિકારમાં બતાવ્યું'તું, આસ્ત્રવ અધિકાર પુદ્‌ગલ-કર્મની અવસ્થા, કઈ? આ રાગ ને દ્વેષ, સુખ ને દુઃખ એ બધા પુદ્‌ગલના ભાવો છે-પુદ્‌ગલના પરિણામ છે એમાં એનો દ્રવ્યકર્મમાં અનુભાગ છે. અજ્ઞાનનું નિમિત્ત પામીને પૂર્વે અજ્ઞાની હતો-નિમિત્ત પામીને કર્મ તો બંધાણા હતા-અબાધાકાળ પાકતા કર્મ ઉદયમાં પણ આવે છે એ રસ લઈને ઉદય આવે છે. રાગદ્વેષસુખદુઃખના પરિણામ એની સત્તામાં થાય છે-અહીંયા જ્ઞાન થાય છે. પણ ભેદજ્ઞાન થયા પછી-એ રાગી હું છું એમ એને પ્રતિભાસ થતો નથી, એમ કહ્યું. પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલ પરિણામથી અભિન્નપણાને લીધે-રાગદ્વેષમોહના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. જેમ ટાઢી-ઉની અવસ્થા નોકર્મના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે એમ રાગદ્વેષસુખદુઃખના જે પરિણામ થાય છે એ દ્રવ્યકર્મના પરિણામ છે. એ દ્રવ્યકર્મના પરિણામ-દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલ એનાથી અભિન્ન છે. પરિણામી અને પરિણામ અભિન્ન છે. એક સત્તા છે એક જાત છે માટે અભિન્ન છે.

(પુદ્‌ગલથી) અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. પુદ્‌ગલના પરિણામ ત્રણે કાળ-ઉપાદાનથી નિમિત્ત સર્વથા ભિન્ન છે. અહીંયા તો હવે-ઉપાદાન એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણિક શુદ્ધ ઉપાદાનથી આ જ્ઞેયો સર્વથા ભિન્ન છે. ૯૨ ગાથામાં નિમિત્ત હતું-અહીંયા એ જ્ઞેય છે. હતું તો જ્ઞેય-પણ પોતાના સ્વભાવને ભૂલીને તું રાગી તો એ નૈમિત્તિક અહીં અવસ્થા થતી હતી અને નિમિત્તપણે ત્યાં રાગ હતો-એ નિમિત્ત હતું એનું. હવે જ્ઞાન પ્રગટ થયું-આત્મભાન. ત્યારે આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. જ્ઞાનમય થયો થકો જ્ઞાનરૂપે પરિણમે છે. હવે અજ્ઞાનરૂપે પરિણમતો નથી. એટલે જ્ઞાનમાં એ વ્યવહારે જ્ઞેય છે-નિશ્ચયે તો જ્ઞેય પોતાનો આત્મા થઈ ચૂક્યો-નિશ્ચય જ્ઞેય પોતાનો આત્મા હોય ત્યારે પરપદાર્થને જાણે છે, એમ કહેવું તે વ્યવહાર છે-સાધક રાગને જાણે છે, એમ કહેવું તે વ્યવહાર છે-વ્યવહાર એટલે શું ? વ્યવહારનયનો જન્મ કેમ થયો ને કેમ થાય છે ? શા માટે ? શુદ્ધ આત્માના આશ્રયે જ્ઞાન-સમ્યગ્જ્ઞાન તો પ્રગટ થઈ ગયું-પછી હજી કેવળજ્ઞાન થયું નથી-શ્રુતજ્ઞાન છે તો એમાં નિશ્ચય ને વ્યવહાર-એક સમયની પર્યાયમાં નિશ્ચય ને વ્યવહાર છે-જે જ્ઞાન શુદ્ધાત્માને જાણે છે તે નિશ્ચયનયથી જાણે છે-અને એમાં આ જે ભેદો જણાય છે-ભેદો પ્રતિભાસે છે-એ પ્રતિભાસ દેખીને એને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે-વ્યવહાર કેમ ? વ્યવહારનું કારણ શું ? વ્યવહારનું કોઈ કારણ હોવું જોઈએ ને ? કે હા-કેવળજ્ઞાન થયું નથી-શ્રુતજ્ઞાન છે-અધુરું જ્ઞાન છે, એ જ્ઞાનમાં એનો પ્રતિભાસ થાય છે. તો એને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે.

અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આત્માનું જ્ઞાન જે થયું એ પુદ્‌ગલના જે રાગદ્વેષમોહના પરિણામ છે એનાથી સદાય ત્રણે કાળ અત્યંત ભિન્ન છે.

જ્યારે જ્ઞાનને લીધે-જ્ઞાનને કારણે, આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, વિશેષ એટલે જુદાઈ-તફાવત જાણતો હોય ત્યારે-લક્ષણભેદે ભેદ છે. જ્ઞાનનું લક્ષણ આત્માને જાણવાનું છે અને રાગદ્વેષ છે એ પુદ્‌ગલનું લક્ષણ છે. લક્ષણભેદે ભેદ હોવાથી રાગનું ને જ્ઞાનનું એક લક્ષણ નથી. રાગ પુદ્‌ગલને જાહેર કરે છે. જેનું લક્ષણ હોય એને જાહેર કરે છે. રાગ તો કાંઈ જીવનું લક્ષણ નથી કે જીવને જાહેર કરે એ તો જ્ઞાન લક્ષણ છે. જ્ઞાન જીવને જાહેર કરે છે અને પુદ્‌ગલનો રાગ પુદ્‌ગલને જાહેર કરે છે. રાગ આત્માને જાહેર નથી કરતું.

એમ અનુભવનો પરસ્પર વિશેષ જુદાઈ-તફાવત જાણતો હોય ત્યારે તેઓ-તેઓ બહુવચન છે. રાગદ્વેષસુખદુઃખાદિના પરિણામો તેઓ એક નથી. જ્ઞાન ને રાગ એક નથી પણ ભિન્ન છે-ભિન્ન થયા એમેય લખ્યું નથી. અભિન્નની ભ્રાંતિ થઈ હતી. ઉપયોગમાં ઉપયોગ હતો, છતાં પણ ભાસતું હતું કે ઉપયોગમાં રાગ આવી ગયો, રાગનો પ્રતિભાસ દેખીને ભ્રાંતિ થઈ હતી, એ ભ્રાંતિ નીકળી ગઈ. રાગ તો એમાં આવ્યો જ નહતો-રાગનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવેશ તો જ્ઞાયકમાંય નથી અને ઉપયોગમાંય નથી પણ એની દ્રષ્ટિમાં વિપરીતતા હતી. હું રાગી થઈ ગયો એવો એની દ્રષ્ટિનો દોષ હતો એ નીકળી ગયો-કે તેઓ એક નથી પણ ભિન્ન છે.

એવા વિવેકને લીધે, વિવેક-વહેંચણી, સ્વ-પરનો વિભાગ થયો, વિભાગ કર્યો એમ નહિ-વિભાગ છે એમ જાણવામાં આવ્યું-આત્માને જાણતાં એમ થયું કે જ્ઞાન આત્માથી અભિન્ન છે અને જે જ્ઞાનમાં પરપદાર્થો જણાય રહ્યા છે પ્રતિભાસ થઈ રહ્યા છે તે બધા મારાથી ભિન્ન છે-એવા વિવેકને લીધે-વિવેક એટલે ભેદજ્ઞાન. ટાઢી-ઉની અવસ્થાની માફક-જો બધાને પૂછવામાં આવે કે આ ટાઢી-ઉની અવસ્થા છે તે ક્યાં થાય ? કે એ પુદ્‌ગલમાં થાય. એમાં પૂછો છો શું ? પછી પૂછીએ કે રાગદ્વેષ ક્યાં થાય ? તો કહે જીવમાં થાય. આહાહા !

શીત-ઉષ્ણની માફક અર્થાત્-કૌંસ કર્યો-અર્થાત્ જેમ ટાઢી-ઉની અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું થવું અશક્ય છે-અસંભવ છે. આહાહા ! જે અસંભવ છે-અશક્ય છે. એમાં એને મારામાં થયું એમ ભ્રાંતિ થઈ ગઈ-કોરી કલ્પના એને થઈ ગઈ. આહાહા ! એ કલ્પના કાંઈ સાચી નથી-પરિણમવું અશક્ય છે તેમ. રાગરૂપે જો આત્મા થયો હોય તો જડ થઈ જાય, એમ છઠ્ઠી ગાથામાં કહ્યું છે-શુભાશુભ ભાવ તેના સ્વભાવે પરિણમતો નથી. શુભાશુભભાવની હયાતીમાં પણ આત્મા શુભાશુભરૂપે થતો નથી. એમ થાય તો જડ થઈ જાય એમ-છઠ્ઠી ગાથામાં કહ્યું છે.

આત્મા વડે પરિણમવું-થવું-અશક્ય છે તેમ ટાઢી-ઉની અવસ્થારૂપે થવું-અશક્ય છે, એ વાત તો સાચી છે, એમ તો અમે માનીએ છીએ. આત્મા ટાઢી-ઉની અવસ્થારૂપે થોડો થાય-તેમ. જેમ ટાઢી-ઉની અવસ્થારૂપે થવું-પરિણમવું અશક્ય છે તેમ-જેમના રૂપે એટલે પુદ્‌ગલના પરિણામરૂપે-ઓલા નોકર્મના પરિણામ વડે પરિણમવું અશક્ય છે. એમ એવી જ રીતે એ જ જાતના પરિણામ દ્રવ્યકર્મના પરિણામ-જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે.

ભગવાન પરમાત્મા ચૈતન્ય પરમાત્મા. ભાઈ ! પરમાત્મા ચૈતન્યમૂર્તિ-એને જેમ ટાઢી-ઉની અવસ્થાપણે પરિણમવું અશક્ય છે તેમ, તેવી રીતે એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો. અજ્ઞાન ગયું-ભ્રાંતિ છૂટી ગઈ-હવે રાગ મારો છે અને હું રાગરૂપે પરિણમું છું, એમ નથી. ભ્રાંતિ છૂટી ગઈ. પહેલાય એ પરિણમતો તો નહોતો-એ તો જ્ઞાનરૂપે પરિણમતો હતો-પણ એની સ્વચ્છતામાં-જ્ઞાનની સ્વચ્છતામાં-ક્ષયોપશમ જ્ઞાનનો ઉઘાડ-અજ્ઞાનીની અજ્ઞાન દશામાં પણ-એ ઉઘાડમાં એટલી સ્વચ્છતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહી ગઈ છે કે પરપદાર્થનો એમાં પ્રતિભાસ થાય છે-પરપદાર્થ આવતા નથી. ત્રણકાળમાં રાગ એમાં આવતો નથી-ઉપયોગમાં ઉપયોગ છે પણ ઉપયોગમાં કોઈ ક્રોધાદિ નથી. ક્રોધ ક્રોધમાં ને ઉપયોગ ઉપયોગમાં છે-છે તો સ્થિતિ આવી બધાને હોં-બધા માટે આ વાત છે. પણ જ્યારે આવું ભેદજ્ઞાન કરે ત્યારે શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે-સંવર થાય છે. પણ એમ માને કે રાગ મારામાં થયો તો એ મિથ્યાત્વ નામનો આસ્ત્રવ ઉત્પન્ન થાય છે.

અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો-હવે જ્ઞાનનું મથાળું ઉપર આવી ગયું છે-કે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી. આત્મભાન થયું એટલે હું રાગી છું એવી એને ભ્રાંતિ ત્રણ કાળમાં ઊંઘમાં પણ એને ન થાય. સ્વપ્નમાં પણ એમ ન આવે કે હું રાગી છું. જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો-પેલામાં જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો હતો-હવે જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો-આ માર્મિક વાત છે. આ વાત જરા માર્મિક છે. શું કહ્યું ? ૯૨ ગાથામાં થતું'તું તો જ્ઞાન, થતો હતો ઉપયોગ પ્રગટ, થાય છે ઉપયોગ પ્રગટ બધાને, શુદ્ધઉપયોગ નહિ-અશુદ્ધ ઉપયોગ નહિ-ઉપયોગ પ્રગટ થાય છે જ્ઞાન. જ્ઞાયક તો પ્રગટ છે છે ને છે. પણ સમયવર્તી ઉપયોગ પ્રગટ થાય છે. એવું જ્ઞાન પ્રગટ થતું હતું ત્યારે અજ્ઞાનીને એમ ભાસતું હતું કે હું રાગી છું-ત્યારે જ્ઞાનનું અજ્ઞાન-એવો શબ્દ છે-જ્ઞાનનું અજ્ઞાનત્વ કરતો હતો-એનો અર્થ કે પ્રગટ થાય છે જ્ઞાન અને પરલક્ષે અજ્ઞાન પરિણમી જાય છે. શું કહ્યું ? પ્રગટ જ્ઞાન થાય છે-તો તો બધાને સમ્યગ્દર્શન હોવું જોઈએ ? ભાઈ સમ્યગ્દર્શનની વાત નથી. સામાન્ય ઉપયોગ છે-એ વિષયના ભેદે કાં સમ્યગ્જ્ઞાન અને કાં મિથ્યાજ્ઞાન થઈ જાય છે-જ્ઞાનનું અજ્ઞાન પ્રગટ કરતો હતો. જ્ઞાન, અજ્ઞાનમાં કનવર્ટ થતું હતું. હવે જ્ઞાન તો અજ્ઞાનદશામાં પ્રગટ થાય એવું જ થાય છે. હવે અહીંયા શું કરે છે કે જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થઈ જાય છે.

હું રાગી છું એમ ભાસતું નથી. હું તો જ્ઞાયક છું-ચિદાનંદ આત્મા છું. હું તો શુદ્ધ છું. પરમાત્મા છું. એમ અંતઃદૃષ્ટિ વડે જોતા-જ્ઞાનનું જ્ઞાનત્વ (થાય છે.) આહાહા ! એટલે બેયમાં જ્ઞાન તો હતું-બેયમાં જ્ઞાનનો ઉત્પાદ-ઉદય તો સરખો હતો અને બેયને-અજ્ઞાની જ્ઞાનીને-પણ એક જ્ઞાનનું અજ્ઞાન કરી નાખતો હતો. આહાહા ! જ્ઞાનનો દુરુપયોગ કરતો હતો કે મને પર જણાય છે. પરને કરું છું પરને હું જાણું છું ને પરને હું ભોગવું છું. એ જ્ઞાનનું અજ્ઞાન કરતો હતો. હવે જ્યારે સ્વપરના ભેદજ્ઞાનનો ઉદય થયો. આત્માનો આત્માને અનુભવ થયો ત્યારે જ્ઞાન તો ઉત્પન્ન થાય છે. જ્ઞાન તો ઉત્પન્ન થાય છે પણ જ્ઞાનનું જ્ઞાનત્વ કરવાનું કારણ શું હતું ? જ્ઞાનનું જ્ઞાનત્વ લખવાનું કારણ શું ? જે જ્ઞાન પ્રગટ થાય છે તે બંધ મોક્ષનું કારણ નથી. ઉપયોગ બંધ મોક્ષનું કારણ નથી. પણ એ જ્ઞાનનું જ્ઞાનત્વ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાન થયું કે હું તો જ્ઞાયક છું. એ કહેશે, રાગી તો પુદ્‌ગલ છે. એ હમણાં કહેશે.

અજ્ઞાનત્મા વડે નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ-જ્ઞાનપર્યાયનું નામ હવે સમ્યક્ પામ્યું. પહેલું જ્ઞાન અજ્ઞાન થતું હતું તો મિથ્યાજ્ઞાન નામ પામતું હતું. હવે, જાત બદલી ગઈ-સામાન્ય જ્ઞાન એવું ને એવું રહ્યું અને વિશેષમાં ફેરફાર થઈ ગયો. આહાહા ! સામાન્યજ્ઞાન ઉપયોગ તો લક્ષણ છે-એ તો એવો ને એવો ઉપયોગ છે. પણ એ ઉપયોગનો દુરુપયોગ કરતો હતો-હું રાગી, હું દ્વેષી, હું મનુષ્ય, હું તિર્યંચ, એમાં પરમાં પોતાપણાની માન્યતા કરતો હતો ત્યારે જ્ઞાનનું અજ્ઞાન કરતો હતો. એ અજ્ઞાન કર્મના ઉદયથી થાય છે એમ નહિ. પોતે જ જ્ઞાનનું અજ્ઞાન કરતો હતો-શું કહ્યું ? એ જ આત્મા પોતાનો આત્મા પોતાને પોતાની મેળે, કોઈની સહાય વિના-કોઈના ઉપદેશ વિના-અનાદિકાળથી જ્ઞાનનું અજ્ઞાન કરે છે. જે જ્ઞાનનું અજ્ઞાનત્વ કરે છે તેનો તે જ આત્મા, પોતાની લાયકાતથી એનો કાળ પાક્યો છે-જ્ઞાન થવાનો કાળ પાકી ગયો છે-સ્વકાળ એનો પાક્યો છે-એમાં આત્મજ્ઞાની ગુરુ મળે છે-દેશનાલબ્ધિ આપે છે, સાંભળે છે. સાંભળીને કહ્યું કે આ જ્ઞાનનું અજ્ઞાનત્વ કરે છે અને જ્ઞાનનું જ્ઞાનત્વ કરે છે. એ શું ? ત્યારે શ્રીગુરુ સમજાવે છે કે જે જ્ઞાનમાં પરનો-રાગનો-પુદ્‌ગલના પરિણામનો પ્રતિભાસ થતો હતો, ત્યારે એમ માનતો હતો કે, હું રાગી છું. રાગી તો એ વખતે પુદ્‌ગલના પરિણામ છે-છતાં જ્ઞાનનું અજ્ઞાન કરતો હતો.

હવે જ્ઞાનનું જ્ઞાનત્વ કરે છે. બેયમાં જ્ઞાન શબ્દ છે એ કોમન છે. શું કહ્યું ? ૯૨ ગાથામાં જ્ઞાનનું અજ્ઞાનત્વ પોતે પોતાની મેળે બીજાના ઉપદેશ વિના અનાદિનું કરે છે. હવે જ્યારે ભાન થાય છે આત્માને અજ્ઞાનીને, ત્યારે તેનો તે આત્મા, જ્ઞાનનું જ્ઞાનત્વ કરે છે. જ્ઞાનત્વરૂપે પરિણમે છે એમ. જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો-હું તો જ્ઞાની જ્ઞાયક છું બસ, દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી ગઈ ને પરિણામ ફર્યા.

પરિણામ ફરતા ન હતા-એ પરિણામ વિશેષમાં ફરી ગયા. સામાન્ય એમ ને એમ રહ્યું. ઉપયોગ તો ધારાવાહી એમ ને એમ ચાલે છે પણ વિષયના ભેદે કોઈ અજ્ઞાની થઈ જાય છે ને કોઈ જ્ઞાની થઈ જાય છે. એનું જ્ઞેય બદલી ગયું. ધ્યેય બદલ્યું અને જ્ઞેય પણ બદલી ગયું તો જ્ઞાનનું જ્ઞાનત્વ થયું. આ જ્ઞાનનું જ્ઞાનત્વ અને જ્ઞાનનું અજ્ઞાનત્વ-જ્ઞાનનું અજ્ઞાન તો થાય નહિ કે થતું નથી પણ એને ભ્રાંતિ થઈ ગઈ છે કે હું રાગી એટલે એનું નામ અજ્ઞાન છે-અને હું જ્ઞાયક તો જ્ઞાનનું જ્ઞાનત્વ થઈ ગયું. બેયમાં જ્ઞાન શબ્દ કોમન છે. વિશેષમાં ફેર પડ્યો-સામાન્યમાં તો એને એ રહ્યું.

આ આખો વિષય પંચાધ્યાયીની ૫૫૮ ગાથામાં છે, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો-સાધક થયો પોતે, હવે પોતે જ્ઞાનમય થયો થકો. પેલામાં અજ્ઞાનમય થયો થકો હતું-આમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે જ્ઞાનમય થયો થકો-જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થયું, ત્યારે પોતે જ્ઞાનમય થયો. અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો ત્યારે જ્ઞાનમય થયો. આહાહા ! જ્ઞાનમય આત્માનું જ્ઞાન, જ્ઞાનમય આત્માનું શ્રદ્ધાન અને જ્ઞાનમય આત્માનું આચરણ. જ્ઞાનમય થયો થકો-આ હું જાણું છું. આ હું રાગને-રાગ મારો એમ નહિ-રાગ ભિન્ન છે એમ જાણું છું. રાગી તો પુદ્‌ગલ છે એમ ચોથા ગુણસ્થાનવાળો સાધક કહે છે. પાંચમાવાળો-છઠ્ઠાવાળો-રાગી તો પુદ્‌ગલ છે. રાગી પુદ્‌ગલ છે તો સ્વચ્છંદ થશે કે સ્વતંત્રતા-હું રાગી એ સ્વચ્છંદ હતું. મિથ્યાત્વનું સ્વચ્છંદ અને હું તો જ્ઞાયક જ્ઞાનમય આત્મા છું. રાગી તો પુદ્‌ગલ છે. આહાહા !

જેમ છે તેમ જ્ઞાનમાં આવી ગયું. પહેલા હું રાગી છું એમ આવતું હતું-હવે પુદ્‌ગલ રાગી છે-અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે. પુદ્‌ગલની સત્તામાં રાગ થાય છે-આત્માની સત્તામાં જ્ઞાન થાય છે. એ તો વસ્તુસ્થિતિ છે. આટલું વસ્તુસ્થિતિનું વર્ણન કર્યા પછી-કોઈ એકત્વ કરે છે ને કોઈ વિભક્ત કરી નાખે છે. પહેલા એકત્વબુદ્ધિ કરતો હતો-એકત્વ થતું નહોતું કાંઈ-એકપણાની ભ્રાંતિ થતી હતી. જ્ઞાન ને રાગ જુદા હોવા છતાં એક ભાસતા હતા. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન એવું આત્મભાન થયું. સોગાનીજીએ જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન-એક વ્યાખ્યાન સાંભળ્યું-રાત આખી ભેદજ્ઞાનનો વિચાર કરતાં કરતાં અભેદજ્ઞાનની પરિણતિ થઈ ગઈ. ઉપયોગ અંદરમાં આવી ગયો. સવાર થયું-સૂર્ય ઊગે એ પહેલા-અંદરમાં સૂર્ય ઊગી ગયો-જ્ઞાન સૂર્યનો અંદરમાં ઉદય થયો. ભગવાન આત્માના એમને દર્શન થયા. આ બનેલો બનાવ છે.

આમની સાથે ત્રણ વર્ષનો પરિચય હતો. ૧૮-૧૯-૨૦ ત્રણ સાલનો-૨૦ ની સાલમાં મુંબઈમાં પરિચય થયો-પછી તો જ્યારે વ્યાખ્યાનમાંથી છૂટીને નવરંગભાઈ મોદી સાહેબ હતા એમના જાણીતા વીરચંદ પાનાચંદનો બંગલો માટુંગામાં હતો ત્યાં અમે પાંચ-સાત-આઠ મુમુક્ષુ ગયા, એમની સાથે તત્ત્વચર્ચા થઈ ત્યાં એ બંગલામાં છેલ્લી મુલાકાત થઈ, પછી તે કલકત્તા ગયા ત્યાં તો એનો સ્વર્ગવાસ થઈ ગયો. અને પોતે બોલ્યા. ''મૈં કિસકા ધ્યાન કરું, મૈં તો ધ્યેય હું. પરિણામ મેરા ધ્યાન કરે તો કરે'' આહાહા ! ધર્મધ્યાન અને શુક્લધ્યાનની કેટલી ઉપેક્ષા-મારે આત્માનું ધ્યાન કરવું છે. અત્યારે ધ્યાનમાં બેઠો છું લે. ધ્યાન કરવા બેઠો છું. ધ્યાન કરવાથી થતું હશે ? આહાહા ! એ તો સહજ દશા છે. અંતરમાં વળે છે. વારંવાર મુનિરાજ તો અંદરમાં અંતઃર્મુહૂર્તમાં હજારોવાર ડૂબકી મારે છે અને નિત્યઆનંદનું ભોજન (લ્યે છે). પણ કેવો આનંદ ? પ્રચુર આનંદનું ભોજન છે. ચોથે પાંચમે અલ્પ છે. જાત એક છે. સિદ્ધની જાત-મુનિરાજની જાત-હરણિયાની દેડકાની આનંદની જાત એક છે-અત્યારે નારકીના ભવમાં આપણા ભાવિ તીર્થંકર શ્રેણિક મહારાજા છે. એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં તીર્થંકર થવાના છે. આનંદની ગટાગટી કરે છે. દુઃખી બુખી છે નહિ-દુઃખ ક્યાં છે એનામાં ? દુઃખ હોય તો વેદન થાય ને ? દુઃખ તો એના ગુણમાંય નથી-દ્રવ્યમાંય નથી અને પર્યાયમાંય નથી. આહાહા ! એ અંતરની સ્થિતિ જ્ઞાનીની તો જ્ઞાની જાણે બીજો કોઈ જાણે નહિ. મારે, કાપે, કટકા કરતો હોય કોઈ ત્યાં તો બધું ચાલતું હોય. દેહના કટકા કરી નાખે પણ જ્ઞાનનું કોઈ હરણ કરી શકતું નથી.

અમીતગતિ આચાર્યનું યોગસાર નામનું શાસ્ત્ર છે. જ્ઞાનાદિક ગુણોનું-જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ. જ્ઞાનાદિ ગુણોનું-દોષ નથી ગુણ છે. સમ્યક્‌જ્ઞાન-સમ્યક્‌દર્શન-સમ્યક્ ચારિત્ર એ ગુણ છે. જ્ઞાનાદિ ગુણોનું કોઈના દ્વારા-બીજા દ્વારા હરણ કે સર્જન થતું નથી. આહા ! આ જ્ઞાની મને તારી દેશે તે મોટું મિથ્યાત્વ ને અજ્ઞાન છે. ભીંત ભૂલ્યો છો.

જ્ઞાનાદિ ગુણોનું કોઈના દ્વારા-બીજાના દ્વારા હરણ કે સર્જન થતું નથી. મથાળું છે, એની ૧૮-૧૯ ગાથા એક સાથે જોડકું છે. એનો શબ્દાર્થ વાંચું છું. જ્ઞાન-દર્શન અને ચારિત્ર ગુણ-ઈન્દ્રિય વિષયો દ્વારા હરિ શકાતા નથી. ઈન્દ્રિયના વિષયો ચક્રવર્તીને બહારમાં હોય પણ એના જ્ઞાન-દર્શન-ચારિત્રને બિલકુલ બાધક થતા નથી. હરિ શકતા નથી એટલે એનો ક્ષય કરી શકતા નથી-ઈન્દ્રિય વિષયો દ્વારા હરિ શકાતા નથી. એનું હરણ કોઈ કરી શકે નહિ. બીજો બોલ, અને નિરંતર સેવા કરવામાં આવેલ-નિરંતર ગુરુની શિષ્ય સેવા કરે છે કરવામાં આવેલ ગુરુઓ આદિ દ્વારા ઉત્પન્ન કરાતા નથી. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ગુરુ ઉત્પન્ન કરી દેતા નથી તને-વિષયો હરી શકતા નથી-જેની નિરંતર સેવા કરે છે શિષ્ય ગુરુની-વંદન નમસ્કાર વિનય, તો પણ એવા જ્ઞાનીઓ એને જ્ઞાન દર્શન આપી શકતા નથી. એ દેવા લેવાની ચીજ નથી.

ઈન્દોરમાં ઘણાં વર્ષ પહેલા ગયો હતો ત્યારે એક ભાઈ એનો કાળો રંગ હતો. એનું નામ ભૂલી ગયો. તે ગુજરી ગયા. અમેરિકા ગયા એમાં એક્સીડન્ટ થયો. એનો કાળો રંગ હતો. એ બધાને સમ્યગ્દર્શન આપતા હતા. મને ખબર પડ્યા, એ વ્યાખ્યાનમાં આવતા હતા-એને એમ થયું હું જમવાનું કહું એટલે જમવાનું કહ્યું-હું જમવા ગયો-સમજી ગયા-એની વાત કરવા મંડ્યા-સમજી ગયા. મેં કીધું. ઠીક છે ભાઈ-હું ત્રણ દિવસમાં સમ્યક્‌દર્શન કરી દઉં છું. આત્માને આપી દઉં છું. વાહ ! આપવાની ચીજ હશે આ ? એ ગુરુઓ એને ઉત્પન્ન કરી શકતા નથી. આત્મજ્ઞાની તીર્થંકર જેવા તીર્થંકર, પણ તીર્થંકર કોઈને સમ્યગ્દર્શન આપતા હશે-અરે તેં તીર્થંકરને જાણ્યા નથી. તીર્થંકર તો જ્ઞાતા છે, કર્તા નથી. સ્વના પરિણામના જે કર્તા નથી-તે બીજાના પરિણામને કરી દ્યે. જગતના જીવો ભીંત ભૂલે છે. આહાહા ! ભક્તિ કરે ત્યારે આંખમાંથી આંસુ આવે. આહાહા ! પણ સેવા કરે તો પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુ એને ધર્મ પમાડી દેતા નથી. ધર્મ આપતા નથી. ધર્મ લેવા દેવાની ચીજ નથી એમ લખે છે. ગુરુઓ આદિ દ્વારા ઉત્પન્ન કરાતા નથી. ઉપર મથાળું છે ને ? ગુણોનું કોઈના દ્વારા હરણ કે સર્જન થતું નથી.

પરિણામી જીવને-જો જો ધ્રુવની વાત નથી આ-પરિણામી જીવને પર્યાય દૃષ્ટિએ. એટલે પર્યાય અપેક્ષાએ-એ સ્વયં ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામ-ઈન્દ્રિયોના વિષય દ્વારા હરિ શકાતા નથી તેમ સેવા કરવામાં આવતા ઉપકારી ગુરુઓ પણ એને આપી શકતા નથી. ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તો ઉત્પન્ન થાય છે-ત્યારે શું છે ? કે પરિણામી જીવને-પરિણામ્ય ! જીવસ્ય ! સંસ્કૃતમાં છે. પરિણામી જીવને પર્યાય અપેક્ષાએ એ સ્વયં ઉત્પન્ન થાય છે. સ્વયં શબ્દ છે. આહાહા ! વિનશ્યતિ અને વિનાશ પામે છે. સ્વયં ઉત્પનન થાય છે અને સ્વયં વ્યય થાય છે. ઉત્પાદ્ પણ સ્વયં અને વ્યય પણ સ્વયં-સ્વયં થાય છે. એટલે કોઈ કોઈ જીવને સમ્યગ્દર્શન થયા પછી છૂટી જાય છે તો એ સ્વયં વિનાશ થાય છે-કોઈ એનો નાશ કરનાર નથી. એને સાદિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. સમ્યગ્દર્શન થાય છે એનો અલ્પકાળમાં મોક્ષ થવાનો છે. આહાહા !

સ્વયં ઉત્પન્ન થાય છે તથા વિનાશ પામે છે. અને તેથી તે કારણે જીવ-તેથી જીવ. હવે લ્યો. પર તો એને ઉત્પન્નેય ન કરી શકે અને નાશ પણ ન કરી શકે. પણ આત્મા તો એને ઉત્પન્ન કરી શકે કે કેમ ? જીવ સ્વયં એમનો દાતા નથી. કર્તાય નથી અને હર્તા પણ નથી. આત્મા સમ્યગ્દર્શનનો કર્તા નથી એમ કહે છે. અહીંયા રાગની વાત તો અજ્ઞાનીના ઘરમાં ગઈ-આ તો જ્ઞાનીના ઘરની વાત ચાલે છે-પોતાના પુરુષાર્થથી સમ્યગ્દર્શન નહિ થાતું હોય ? આહાહા ! એ પર્યાય તરફનું વલણ એ પુરુષાર્થ નથી. દ્રવ્ય તરફની દૃષ્ટિ થતાં સ્વયં સમ્યગ્દર્શન થાય છે. એકાએક પ્રગટ થાય છે તેવો પાઠ છે. એકાએક ! આહાહા !

આ ચર્ચા મારે સોગાનીજી સાથે થઈ હતી-મને એમણે કહ્યું, બરાબર છે. એકાએક થાય છે-કહ્યું-બરાબર છે. લાલચંદભાઈ ! તમારી વાત સાચી છે. જીવ સ્વયં એમનો દાતા નથી. આહાહા ! કર્તા નથી. ધર્મનો કર્તા ધર્મી નથી. ધર્મનો કર્તા ધર્મી નથી તો કર્મ કરે જીવ ? બધા ના પાડે છે. છેલ્લે બેઠા છે બધા-રાગને કરે ? ક્યાં ગયો ભાઈ ! ક્યાંનો ક્યાં બહાર નીકળી ગયો ભાઈ ! રાગની કર્તાબુદ્ધિવાળાને સંકેલવું બહુ ભારી પડશે.

અહિંયા કહે છે ધર્મના પરિણામ-ધર્મી એનો કર્તા-હર્તા નથી. યોગસાર છે એની ૧૮-૧૯ ગાથા અમિતગતિ આચાર્યનું યોગસાર પાનુ ૧૫૩ છે-સંવર અધિકાર છે જેને વાંચવું હોય એ ઘરે જઈને વાંચી લ્યે. પણ કોને ફુરસદ છે ? સાંભળી લીધું-આહાહા ! કો'ક કો'કને હોય, પરિણામી જીવને એ સ્વયં ઉત્પન્ન થાય છે. અપરિણામીને નહિ-પરિણમે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને ઉત્પન્ન થાય, એનું જ્ઞાન થાય પર્યાયનું. દ્રવ્ય તો એવું ને એવું રહે-દ્રવ્યમાં કાંઈ ઉત્પાદ્ વ્યય છે નહિ. સ્વયં ઉત્પન્ન થાય છે. સ્વયં-એની મેળે-આપોઆપ નિસર્ગજ કર્યા વિના. આહાહા! ''પરિણામ મારા કર્યા વિના થયા કરે છે અને પરિણામ મારા જાણ્યા વિના જણાયા કરે છે.'' એ સ્વયં ઉત્પન્ન થાય છે તથા વિનાશ પામે છે. તેથી જીવ સ્વયં એનો દાતા નથી. આહાહા! સ્વયં થતો ઉત્પાદ્ વ્યય છે. ઉત્પાદ્ સત્ ને વ્યય સત્ છે. એ સત્નો ઉત્પાદક તેનો આત્મા નથી. અને સત્નો નાશ કરનાર પણ એનો આત્મા નથી. કર્તાપણું આત્માના સ્વભાવમાં નથી એ તો અકારક અને અવેદક છે. પરમાત્મા, જ્ઞાતા છે. આહાહા!

જ્ઞાતા શું કરે? પોતાને જાણે-જાણતાં જાણતાં એના ભેદો હોય એને પણ જાણે, સવિકલ્પદશા હોય ત્યારે-નિર્વિકલ્પ ધ્યાનમાં નહિ. જીવ સ્વયં એનો દાતા નથી. અને ન પરને કારણે એમાં કદીયે ઉત્પાદ-વ્યય થાય છે. પરને કારણે આ દર્શનમોહનો ક્ષય થાય ને ત્યારે સમ્યગ્દર્શન થાય, તો દર્શનમોહની પૂજા કરવી પડે. એ તો સ્વયં ઉત્પન્ન થાય ત્યારે પ્રતિબંધક કારણનો અભાવ જ હોય, એની સમીપે ત્યાં દર્શનમોહનો ઉદય ન હોય-તો કહેવાય દર્શનમોહના ક્ષયથી સમ્યગ્દર્શન ક્ષાયિક થયું. કથનમાત્ર છે પ્રભુ-આમાં મોટી વાત છે. સાધારણ વાત નથી-અસાધારણ વાત છે-આની વ્યાખ્યા છે. એ કાલે સવારે લઈ લેશું-યાદ કરજો-અમિતગતિ આચાર્યનું બહુ સારું છે.

卐

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૫

### શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩
### વિડીયો પ્રવચન નં. ૬૭૧, સળંગ પ્રવચન નં. ૧૩
### તા. ૨૨-૨-૯૭
### સ્થળ : સ્વાધ્યાય હોલ - રાજકોટ

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે, એનો કર્તા-કર્મ અધિકાર છે. આત્મા કર્તા છે અને રાગાદિ પરિણામ મારું કર્મ છે એવી મિથ્યાબુદ્ધિ અજ્ઞાનીને અજ્ઞાનભાવથી અનાદિકાળથી ચાલતી આવે છે. એને કહે છે કે અજ્ઞાનીનો આત્મા પણ રાગને કરતો નથી. તો રાગને કોણ કરે છે ? એ પણ આમાં બતાવે છે કે રાગ જેની સત્તામાં થાય છે, એ દ્રવ્ય એને કરે છે. આત્માની સત્તામાં રાગ થતો નથી. આત્માની સત્તામાં તો દ્રવ્યરૂપે ચેતન પદાર્થ છે. ગુણરૂપે ચૈતન્ય એના ગુણ છે અને એની અવસ્થા છે ચેતના. ચેતના એટલે જેમાં જાણવાની ક્રિયા સહજ થયા જ કરે છે. એ ચેતના એનું લક્ષણ છે અથવા ઉપયોગ એનું લક્ષણ છે એટલે આત્મામાં અનાદિ અનંત ઉપયોગ જ પ્રગટ થાય છે.

આત્માની પર્યાયમાં રાગ ઉત્પન્ન થતો જ નથી. રાગ એ દ્રવ્યકર્મની અવસ્થા છે અને દ્રવ્યકર્મમાં જ એ પ્રગટ થાય છે, એની સત્તામાં રાગ છે. આત્માની સત્તામાં તો જ્ઞાન છે. અહીંયા જ્ઞાન થાય છે બહારમાં રાગ થાય છે. અહીંયા દ્રવ્યમાં રાગ નથી, ગુણમાંય રાગ નથી ને પર્યાયમાંય રાગ નથી. પર્યાયમાં જ્ઞાન થાય છે અને દ્રવ્યકર્મમાં રાગદ્વેષસુખદુઃખના પરિણામ એ બધા દ્રવ્યકર્મની સાથે અભેદ-અનન્ય છે તેથી એ દ્રવ્યકર્મની રચના છે. રાગ એ જીવની રચનામાં આવતો નથી અને રાગનું ફળ જે દુઃખ છે એ જીવના ભોક્તા ગુણમાંય આવતું નથી. જીવ દુઃખને ભોગવે એવો જીવનો સ્વભાવ નથી. જીવનો તો સ્વભાવ નથી, પણ જીવમાં જે ઉપયોગ પ્રગટ થાય છે એ પણ રાગને કરે ને દુઃખને ભોગવે એ ઉપયોગનો પણ સ્વભાવ નથી. એ કર્તા ભોક્તાપણું અભેદપણે દ્રવ્યકર્મમાં છે.

સ્પર્શ, ગંધ, વર્ણ એ નોકર્મમાં અભેદપણે છે. તેથી આત્માથી સર્વથા ભિન્ન છે, આ ભેદજ્ઞાનની પરાકાષ્ટાની ગાથા છે અને એમાં પ્રતિભાસને રાખે છે. પ્રત્યેક જીવમાં, પ્રત્યેક સમયે જ્ઞાન ઉપયોગ પ્રગટ થાય છે. તો એ ઉપયોગ સ્વચ્છ છે ને એ ઉપયોગનો સ્વભાવ જ સ્વપરનો પ્રતિભાસ થાય, એવો ઉપયોગનો સહજ પોતાનો સ્વભાવ છે. એ સ્વચ્છતામાં જેમ દર્પણની સપાટીમાં એની પર્યાયમાં દળ પ્રતિભાસે છે એમ બહારના પદાર્થો પણ એમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિભાસે છે. બહારના પદાર્થોથી તો એ દર્પણ સર્વથા ભિન્ન છે અને એનો જે પ્રતિભાસ થાય છે એની પર્યાયમાં એ તો દર્પણની અવસ્થા છે. દર્પણની અવસ્થા છે એ તો દર્પણથી અભિન્ન છે તેથી પરપદાર્થથી ભિન્ન અને પરપદાર્થના પ્રતિભાસથી અભિન્ન એની પર્યાય છે. અને એની પર્યાય દળથી કથંચિત્ અભિન્ન છે. આહાહા ! આ ભેદજ્ઞાનની અપૂર્વ વાત છે.

અનંતકાળથી પોતે માન્યું છે અને શાસ્ત્રોમાં પણ વ્યવહારનયના કથન આવે છે. કે આત્મા રાગને કરે અને દુઃખને ભોગવે, વ્યવહારનયથી છે એમ આવે, ખરેખર તો કરે છે ને ભોગવે છે એટલું તો આવે જ છે. પણ અહીંયાં કહે છે કે આત્મામાં રાગ થતો જ નથી, રાગ બીજે થાય છે અને આત્માના જ્ઞાનમાં માત્ર પ્રતિભાસે છે. જેમાં પ્રતિભાસે છે જ્ઞાનમાં, જે પ્રતિભાસે છે રાગ, એ જ્ઞાયકમાં તો આવતો નથી, પણ એ ઉપયોગમાંય આવતો નથી. માત્ર એનો અંદરમાં પ્રતિભાસ આવે છે. આહાહા ! તેથી રાગ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયથી ભિન્ન છે.

કોઈ કહે રાગ પર્યાયમાં તો થાય કે નહીં ? કે કોની પર્યાયમાં થાય ? જીવની પર્યાયમાં થાય કે રાગ દ્રવ્યકર્મની પર્યાયમાં થાય ? સર્વજ્ઞ ભગવાને કોની પર્યાયમાં રાગ જોયો ? જે સર્વજ્ઞ થયા, સાધક થયા, ગણધર આદિ, મુનિરાજ થયા એ તો અનુભવથી કહે છે કે રાગી તો પુદ્ગલ છે. આમાં આવશે બધું હોં. આહાહા ! પહેલા રાગ મારામાં થતો જ નથી. કોઈ તમને એવા વ્યવહારાભાસી મળશે, ભટકાશે. કે જો રાગ આત્મામાં થતો નથી તો આ સંસાર કોનો ? એને સંસાર દેખાય છે એના આત્મામાં, એ બોલે છે કે જો રાગ આત્મામાં ન થાય તો સંસાર કોનો ? એને જીવનો સંસાર માન્યો છે, જીવમાં સંસારનો ત્રિકાળ અભાવ છે. જીવમાં સંસાર નથી. આહાહા !

એવી અપૂર્વ આ ગાથા છે. પ્રતિભાસના માધ્યમથી પ્રતિભાસનું શું સ્વરૂપ છે ? પ્રતિભાસ તો એટમ બોંબ છે. પ્રતિભાસનું સ્વરૂપ જો સમજવાનો પ્રયત્ન કરશે તો મિથ્યાત્વ નહીં રહે, એમ સંતો ગેરંટીથી કહે છે. આહાહા ! કેમ ? કે એમાં છે નહીં. રાગનો ત્યાગેય આત્મા કરતો નથી. એ તો રાગના અભાવ સ્વભાવે અપોહક એનો સ્વભાવ છે. જ્ઞાયકે તો રાગને ગ્રહણ કર્યો નથી પણ જ્ઞાયકનો ઉપયોગ પ્રગટ થાય છે, જેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે, એવા સામાન્ય ઉપયોગે પણ રાગને ગ્રહણ કર્યો નથી. કોઈ કાળે ગ્રહણ કરશે જ નહીં. આહાહા ! એવો ઉપયોગનો પણ સ્વભાવ છે તો જ્ઞાયકમાં તો રાગ ક્યાંથી આવે ?

૯૨/૯૩ બે ગાથા અપૂર્વ છે. આહાહા ! અપૂર્વ ગાથા છે. જેટલો એનો મહિમા ગાઈએ એટલો ઓછો છે એટલો માલ આમાં ભર્યો છે. આહાહા ! આપણે તો કાંઈ કાઢી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શકતા નથી. લખનારે તો એટલો બધો માલ ભર્યો છે. આપણી શક્તિ પ્રમાણે એનું અવગાહન કરી અને આપણું કામ કરી લઈએ તો થઈ શકે છે. આપણે કર્તા-કર્મ અધિકારની ૯૨ ગાથા ચાલે છે.

ટીકા :- અજ્ઞાનથી આ આત્મા કર્મના ઉદયથી નહીં. એ કર્મના ઉદયથી આત્મા અજ્ઞાની થતો નથી અને કર્મનો ઉદય છે માટે એકતા થાય છે એમ પણ નહીં. એકતાનું કારણ પોતાનું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે સ્વ અને પર ભિન્ન ભિન્ન હોવા છતાં વિશેષ એટલે તફાવત હોવા છતાં પણ એને એક જેવા પ્રતિભાસે છે. એક થઈ શકતા નથી. રાગ અને જ્ઞાન એક થઈ શકે નહીં. જો એક થાય તો જ્ઞાન જડ થઈ જાય ને કાં રાગ ચેતન થઈ જાય. મોટો દોષ આવી જાય પણ એક થઈ શકવું તો અશક્ય છે.

અજ્ઞાનથી આ આત્મા, અજ્ઞાન એટલે સ્વ ને પરનો વિભાગ હોવા છતાં એને એકત્વ ભાસે છે. પુદ્‌ગલના પરિણામમાં રાગ થાય છે અને એ જ્ઞાનમાં પ્રતિભાસે છે તો એને ભ્રાંતિ થઈ ગઈ છે કે આ રાગ મારામાં થયો. મોટરનો પ્રતિભાસ થયો તો કહે મોટર મારી. આહાહા ! પુત્ર, પુત્રીનો પ્રતિભાસ થાય તો એ મારા ! આહાહા ! સોનું, ચાંદી, જર ઝવેરાત પ્રતિભાસે તો એ મારા. આહાહા ! એમ સ્વ ને પર બેય જુદા હોવા છતાં એના લક્ષણભેદે ભેદ કરીને પણ ભેદજ્ઞાન કરતો નથી. એટલે એને તફાવત નામ જુદાઈ ભાસતી નથી.

અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર અરસપરસ એકબીજાનો, વિશેષ એટલે તફાવત એટલે જુદાઈ ન જાણતો હોય ત્યારે, છે તો જુદાઈ. એક થયા છે એને હવે વિભક્ત કરવા છે ? જડ ચેતનને જુદા કરવા છે ? ઘઉં ને કાકરા એક થયા નથી. એ તો જુદા જ છે. આહાહા ! એમ મેલ અને પાણી નિર્મળ, પાણી મેલું થયું જ નથી. એ મેલું થાય છે એ માટી મેલી થાય છે. પાણી મેલું થતું નથી.

પાછું એણે નિશ્ચય-વ્યવહાર બહુ સાંભળ્યું છે ને એટલે વ્યવહારનું શલ્ય આગળ કરે છે કે પાણીના દળમાં તો મલિનતા ન આવે તો કાંઈ નહીં. પણ પાછો હોંશિયાર એવો છે કે ચાલાકીથી વાત કરે છે કે, પાણીની પર્યાય જ્યારે માટીના સંગમાં જાય છે ત્યારે પાણીની પર્યાય મલિન થાય છે. પાણીની પર્યાય મલિન થતી જ નથી. ઈ એનો પ્રતિભાસ અજ્ઞાન છે. એ પાણીની પર્યાય નથી. જેને એ પાણીની પર્યાય કહે છે એ પાણીની પર્યાય નથી. પાણીના લક્ષણથી, પાણીનું લક્ષણ સ્વચ્છત્વ છે અને આ મલિનતા છે. એક નથી માટે એ ભિન્ન ભિન્ન છે, તે પાણીની પર્યાય એ વ્યવહારનયે પાણીની પર્યાય ભલે કહે જ્ઞાની, કાંઈ વાંધો નહીં. આપણે તરત જ પૂછવું જોઈએ કે પ્રભુ પાણીની પર્યાયને, મલિનને આપણે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર શબ્દ વાપર્યો, તો એ નિશ્ચયથી ખરેખર શું છે ? એ પાણીની પર્યાય છે કે કોઈ બીજાની કે માટીની પર્યાય છે. તને કહ્યું તો ખરું વ્યવહારે છે એટલે કે એમ નથી. તારે સમજી લેવું ને સમજ્યો નહીં ને પૂછ્યું તો કાંઈ વાંધો નહીં પૂછવું. એક વાર નહીં દસ વાર પૂછજે. પણ એ પાણીની પર્યાય નથી. અણમળતો ભાવ છે. એમાં સ્વચ્છતા નથી. એમાં માટીનું લક્ષણ વ્યાપેલું છે. એમાં પાણીનું સ્વચ્છ દળ વ્યાપક નથી. આહાહા ! પાણીની સ્વચ્છતા એમાં વ્યાપક નથી. માટીની મલિનતા એમાં વ્યાપક છે. આહાહા ! વ્યાપ્ય-વ્યાપકભાવ તો એક સ્વજાતિના દ્રવ્ય પર્યાયમાં હોય, તે પાણીની પર્યાય જ નથી. એ તો માટીના પરિણામ છે. આહાહા ! તો પછી આ વ્યવહાર બધોય જુઠો ? કે તારે રાખવો હોય થોડો સાચો ને થોડો જુઠો તો તું જાણ ! સર્વજ્ઞ ભગવાને તો બધોય વ્યવહાર અભૂતાર્થ લખ્યો છે. અસદ્‌ભૂત વ્યવહાર છે એ તો જુઠો છે પણ સદ્‌ભૂત વ્યવહાર પણ જૂઠો છે. ચાર પ્રકારના વ્યવહાર અભૂતાર્થ ને અસત્યાર્થ અર્થને પ્રગટ કરે છે. જે નથી એને આત્મા કહે છે. અહીંયા અપૂર્વ વાત છે, શાંતિથી સાંભળવા જેવી છે.

એકવાર છઠ્ઠી ગાથા ચાલતી હતી, ગુરુદેવ છઠ્ઠી ગાથાની વ્યાખ્યા કરતા હતા. હું બેઠો'તો પછી તો છાપામાંય બધું છપાઈ ગયેલું છે. આ તો વાત કરું છું. એ પહેલો પારો જ્યાં આવ્યો, ને ગુરુદેવે કહ્યું કે આ જ્ઞાયકભાવ છે એ પ્રમત્ત, અપ્રમત્તથી રહિત છે. પ્રમત્તમાં મિથ્યાત્વના પરિણામ આવી ગયા. એનાથી જ્ઞાયકભાવ રહિત છે, રહિત કહીને પછી આગળ વધતા કહે છે કે, જો શુભાશુભરૂપે એના સ્વભાવે પરિણમે, તો આત્મા જડ થઈ જાય, પછી એનાથી આગળ વધીને આમ કહ્યું કે આ બધા ભાવો, એ પરભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે શુદ્ધ કહેવાય, ત્યારે એની વ્યાખ્યા કરતા પાછું એમ કહ્યું, કે પરભાવથી ભિન્ન એટલે પરના લક્ષે રાગ થાય છે અને રાગથી ભિન્ન એમ અહીંયા નથી કહેવું. આ ગુરુદેવનો આધાર આપું છું. અઢારમી વખતના પ્રવચનના ભાગમાં આ લખેલું છે. ત્યારે ગુરુદેવે ખુલાસો કર્યો કે પરભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતા, પરભાવ એટલે શું ? કે પુદ્‌ગલના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા, એ રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભના ભાવ એ પુદ્‌ગલના ભાવો છે, એ પરભાવોથી ભિન્ન. આહાહા ! જ્ઞાનથી અભિન્ન છે આત્મા. આહાહા ! ''આત્મસ્વભાવમ્ પરભાવ ભિન્નં'' એ પરભાવ છે. અહીંયા રાગને સ્થાપે છે એ પરભાવ નથી. અહીં તો જ્ઞાન થાય છે. આંહી રાગ ક્યાં થાય છે ? આહાહા !

કોઈ જીવની પર્યાયમાં મિથ્યાત્વનો રાગ થતો નથી. અત્યારેય જ્ઞાન થાય છે અને મિથ્યાત્વનો પ્રતિભાસ થતાં, રાગનો પ્રતિભાસ થતાં, એને તફાવત નથી દેખાતો પોતાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાનથી, તેથી આ મારામાં થયો છે રાગ, દુઃખ મને થાય છે અને હું દુઃખને વેદું છું, એવી એને ભ્રાંતિ થઈ ગઈ છે. ભ્રાંતિનો સંસાર છે. બાકી છે નહીં વાત સાચી. આહાહા !

પરભાવોથી ભિન્ન ગુરુદેવે ખુલાસો કરવો પડ્યો કે, પરભાવોથી ભિન્ન એટલે ? કે પરના લક્ષે રાગ થાય એ રાગથી ભિન્ન એમ અહીં કહેવું નથી. આહાહા ! પરભાવો એટલે કર્મના ભાવો, કર્મની સત્તામાં ભાવો થાય છે રાગ. આહાહા ! એ રાગદ્વેષસુખદુઃખના ભાવ તો ચેતનમાં જ થાય, આહાહા ! કાંઈ જડમાં થાય ? કે, હા જડમાં થાય. આહાહા ! એક જીવ રાગ ને એક અજીવ રાગ, જીવ પુણ્ય ને અજીવ પુણ્ય બે પ્રકાર છે. ભાવ અને દ્રવ્ય. છે તો એક જ ઠેકાણે પણ જેને તફાવત નથી લાગતો એને એના લક્ષે મારામાં રાગ થાય છે, એવી મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન થાય છે. માટે બે જગ્યાએ થાય છે એમ કહ્યું, થાય છે તો એક જ જગ્યાએ. બે જગ્યાએ થાય જ નહીં રાગ. આત્મામાં જ્ઞાન થાય ને રાગ પુદ્‌ગલમાં થાય છે. જડ કર્મમાં દ્રવ્યકર્મનો અનુભાગ છે. ન્યાં અનુભાગ ક્યાંથી આવ્યો ?

એક પ્રશ્ન થયો તો મને મુંબઈમાં ઘણા વર્ષ પહેલા. સમજી ગયા ! વીસ, પચીસ વર્ષ પહેલાની વાત છે. આહાહા ! ક્યાં ક્યાંથી આવતા'તા જુઓ. એક હસમુખભાઈ કરીને અત્યારે તત્ત્વચર્ચા કરે છે બોરીવલીમાં એણે વાત કરી કે અમે તો વિરારમાં રહેતા હતા. અને સવારે ચાર વાગ્યે ઊઠી તૈયાર થઈને ચાર પાંચ જણા અમે આવતા'તા. સમજી ગયા. થાણાથી તો આવતા હતા એની અમને ખબર હતી, પણ આ તો વિરારથી આવતા હતા. એની હમણાં વાત એણે કરી.

એ ગુરુદેવ કહે છે કે, અરે ! તારામાં તો જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન પહેલા તો એનાથી જુદું પાડ્યા પછી જ્ઞાન કોનું થાય છે ? એ બીજો પાર્ટ તો બાકી છે હજી. કે રાગને કરું નહીં તો કંઈ નહીં કેમ કે ભિન્ન છે, કર્તા તો નથી. પણ આત્માનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે ને ? આહાહા ! વ્યવહારનું લાકડું ગરી ગયું છે મોટું અત્યારે, નીકળી જશે ધીમે ધીમે. આહાહા ! ઘણાં તૈયાર થઈ ગયા છે જીવો, કે એને કરું નહીં તો કાંઈ નહીં પણ રાગ જાણેલો પ્રયોજનવાન લખ્યું છે. કે કોણ જાણે છે ? કે આત્માનું જ્ઞાન જાણે, આત્માને જાણતા જાણતા એને જાણે. આહાહા ! એને જાણે છે કે એનો પ્રતિભાસ થાય છે એવું જ્ઞાન જણાય છે, કે જે જ્ઞાન આત્માને જાણે છે. તો એ જ્ઞાન તો આત્માને જાણે છે. રાગને ક્યાં જાણવા જાય છે. રાગનો પ્રતિભાસ થાય પણ રાગને જાણે નહીં જ્ઞાન, એનું નામ જ્ઞાન કહેવાય. આહાહા ! વ્યવહારે જાણે છે. વ્યવહારે જાણે છે એટલે શું ? ચોખ્ખું કરોને. આહાહા ! એ તો એનો પ્રતિભાસ દેખીને લોકાલોકને જાણે છે એમ કહ્યું-વ્યવહાર છે, અસદ્‌ભૂત વ્યવહાર છે. આહાહા ! પાછો એ જાણવામાં અટક્યો. હજી કર્તાકર્મની વાત ચાલે છે અત્યારે તો બેની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્નતા. આહાહા !

ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો એટલે માનતો અને પોતાને પર કરતો, પરરૂપ જાણે થઈ ગયો હું. પોતે અજ્ઞાનમય થયો થકો, સ્વતંત્રપણે અજ્ઞાનમય થાય છે પોતે, કોઈના ઉપદેશ વિના. નિગોદમાં ક્યાં કોઈનો ઉપદેશ છે ? છતાં સ્વતંત્રપણે પોતે પોતાના સ્વભાવને ભૂલી, ભેદજ્ઞાનની શક્તિ એની અનાદિની બિડાઈ ગઈ છે તેથી સ્વતંત્રપણે પોતે અજ્ઞાની થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. કર્મ એટલે અહીંયા આઠકર્મની વાત નથી. આ કર્તાકર્મ અધિકારમાં ભાવકર્મની વાત ચાલે છે. કર્મોનો એટલે ભાવકર્મોનો કર્તા છું એમ એને ભાસે છે. કર્તા થતો નથી. હેં ? અશક્ય છે. આહાહા ! અજ્ઞાનીનો આત્મા પણ અથવા અજ્ઞાનીના આત્માનું જ્ઞાન પણ રાગનું કર્તા થઈ શકતું નથી. કેમકે રાગ પુદ્ગલના પરિણામ છે. ચેતનના પરિણામને કરે એ પણ કથંચિત્ છે. આમાં તો કથંચિત્‌ેય નથી, જડના પરિણામ કરે એમાં કથંચિત્ પણ લાગુ પડતું નથી. આહાહા !

હા, આત્માનો જ્ઞાનસ્વભાવ છે, એ જ્ઞાન દ્વારા આત્માને જાણે જ્યારે, ત્યારે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી, માટે જ્ઞાનને કરે છે એવો વ્યવહાર સમજાવવામાં આવે છે. ખરેખર પરિણામનો કર્તા પરિણામ છે, ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનનો કર્તા નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના નિશ્ચય રત્નત્રયના પરિણામનો કર્તા પણ ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય નથી. સ્વયં થાય છે. પરિણામનો કર્તા પરિણામ છે. આ પરિણામને કોણ કરે છે ? એની જીવને ખબર નથી અને હું કોણ છું એની પણ જીવને ખબર નથી. આહાહા !

એને આચાર્ય ભગવાન સમજાવે છે, કે ભાઈ ભેદજ્ઞાનની વાત સાંભળ. કર્મોનો કર્તા એટલે દયા, દાન, કરુણા, કોમળતાના ભક્તિનો ભાવ તો કરું ને ? પાપના પરિણામ ન કરે તો કાંઈ નહીં પણ પુણ્યના પરિણામ તો કરે કે નહીં ? આહાહા ! આ સામાયિકનો વિકલ્પ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચનાનો વિકલ્પ, જેને વિષકુંભ કહ્યા છે. આહાહા ! સાધકના પ્રતિક્રમણના વિકલ્પને વિષકુંભ કહેવાય છે. ઓલો તો સાધકેય ક્યાં છે ? આહાહા ! અપૂર્વ વાત ! સમયસાર ન હોત તો જીવ પામી ન શકત અને સમયસાર હોવા છતાં ગુરુદેવ ન મળ્યા હોત તો ન પામી શકત. આહાહા ! આ તો કોક એના જેવો પુરુષ થાય કે જેને ગુરુ વગર પણ જ્ઞાન થઈ જાય છે. કોઈ કોઈને એમ થઈ જાય છે. શાસ્ત્ર નિમિત્ત હોય છે.

કર્મોનો કર્તા પ્રતિભાસે છે. રાગને હું કરું છું એમ એને ભાસ થયો છે. મિથ્યા આભાસ, કર્તા પ્રતિભાસે છે. કર્તા થાય છે એમ નહીં. આચાર્ય ભગવાને કર્તા થાય છે એમ લખ્યું છે મૂળમાં, ૯૨ ગાથામાં કુંદકુંદ ભગવાને તો એમ લખ્યું છે કે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. આ તો ટીકા છે ને ? એનો અર્થ સમજાવે છે કે કર્તા થાય છે એટલે શું ? કે કર્તા પ્રતિભાસે છે એને ઉપચારથી કર્તા થાય છે એમ અમે કહ્યું છે, એ ટીકાકારે ખોલ્યું અને ટોડરમલ સાહેબે કહ્યું છે કે, અત્યારે આ પંચમકાળમાં અધ્યાત્મ હોય તો સમયસારની આત્મખ્યાતિ ટીકામાં છે. સમયસારમાં છે એમ ન લખ્યું, કેમકે સમયસારમાં તો કર્તા થાય છે એમ લખ્યું. ટીકાકાર કહે કર્તા થતો નથી, કર્તા પ્રતિભાસે છે. આહાહા !

કેટલું ભેદજ્ઞાન એણે સરળ કરી નાખ્યું. આહાહા ! હાથ હલાવી શકતો નથી પણ હાથને હું હલાવું છું એવો એને મિથ્યા પ્રતિભાસ થયો છે. હાથ હલાવી શકતો હોય ને હલાવતો હોય તો અજ્ઞાન ન કહેવાય, તો તો સમ્યગ્જ્ઞાન કહેવાય. એમ રાગને કરતો હોય, એનામાં શક્તિ રાગને કરવાની હોય અને કરતો હોય તો તો સમ્યગ્જ્ઞાન કહેવાય. કરતો નથી કર્તા પ્રતિભાસે છે એ એનું અજ્ઞાન છે. પછી અકર્તા થાય છે એમેય નથી લખ્યું. અકર્તા પ્રતિભાસે છે. આહાહા !

આ સમયસાર એટલે, પંકજને આજે મેં કહ્યું આ સમયસાર લઈને તો, એકલા જંગલમાં જાવા જેવું છે. આહાહા ! એકાંત, કોઈ કંપની નહીં. આહાહા ! કંપનીમાં પોતાનો આત્મા અને વધારે કંપની જોઈએ તો બે આચાર્ય અને ત્રીજા ગુરુદેવ ત્રણને રાખવા, એ કંપની તરીકે-નિમિત્ત તરીકે એવું આ સમયસાર છે.

કર્તા થાય છે ને કર્તા પ્રતિભાસે છે એમાં મોટો તફાવત છે. આહાહા ! એ એટમ છે. કર્તા થયો તો પછી અકર્તા નહીં થઈ શકે પણ કર્તા પ્રતિભાસે છે એને અકર્તાપણું પ્રતિભાસશે. કર્તા થાય છે એ અકર્તા નહીં થાય. એક સમયનો રાગનો કર્તા તો સૌ સમય લાગુ પડી જશે. એક સમય માત્ર પણ ભગવાન આત્મા રાગનો કર્તા થતો નથી. તો રાગ થાય છે નિરંતર ? કે હા, તો એને કરે છે કોણ ? કે દ્રવ્યકર્મ કરે છે. આદિ, મધ્ય, અંતમાં વ્યાપ્યવ્યાપક એની સાથે છે. ભગવાન આત્મા એમાં વ્યાપક નથી ને એનું વ્યાપ્ય નથી. આહાહા ! આ બધું સમયસારમાં છે. પણ ફુરસદ કોને ? ગુરુદેવ કહેતા'તા કે વેપારી ચોવીસે કલાક પાપના પરિણામમાં પડ્યો છે. આહાહા ! (શ્રોતા :- કર્તા પ્રતિભાસે તો અકર્તાનો પ્રતિભાસ થશે) અને કર્તા છું તો ? (શ્રોતા :- અકર્તા નહીં થાય) આહાહા ! આ પ્રતિભાસ ઉપર વજન છે આપણું, અત્યારે ચાલે છે પ્રકરણ શરૂ થયું છે પ્રતિભાસનું. (શ્રોતા :- આ એટમબોંબ નથી ભાઈ, વિસ્ફોટ થઈ ગયો છે એટમબોંબ તો પડ્યો રહે નિષ્ક્રિય અત્યારે તો વિસ્ફોટ થઈ ગયો છે ચારે બાજુ ફેલાય જાય ને) હા. વાહ ! એમ. હા. ફેલાઈ જાય. ખલાસ ચારે બાજુ ફેલાઈ જાય.

આ મધુભાઈ અને મહેન્દ્રભાઈ કહે છે અમારે મુંબઈમાં તો હવે આ જ ચર્ચા ચાલે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે સ્વપ્રકાશક છે કે સ્વપરપ્રકાશક છે. મને સારા સારા માણસોએ કહ્યું કે ભાઈ આ બાબત હવે અમને એમ લાગે છે એને કરુણાથી કહ્યું. અમને એમ લાગે છે કે તમે વિદ્વાનો ભેગા થાવ અને આની કંઈક ચર્ચા કરો તો ઉકેલ આવે, મેં કહ્યું આ ચર્ચાથી ઉકેલ આવે એવું નથી. ગુરુદેવ કહી ગયા છે, ટેપમાં છે કે સ્વમત કે પરમતની સાથે તું વાદવિવાદ કરીશ નહીં. ચર્ચા વાદવિવાદમાં કન્વર્ટ થઈ જાય છે. ચર્ચાનો વિષય નથી. સમજવાનો વિષય છે. સમજો તો સમજો અને આ તો આધાર છે પાછો. એમ કે આ લાલુભાઈ કહે છે, એમ ક્યાં છે ? આહાહા ! ગુરુદેવ કહી ગયા છે, કે તારા જ્ઞાનમાં કોઈ જ્ઞેય નથી સાંભળને. આહાહા ! છ કેસેટ કાઢી. આહાહા ! એમાંય હમણાં હિન્દીમાં એ પાછું છપાવ્યું. હિન્દી ભાઈઓને ૨૭૧ કળશ ચારે બાજુ મોકલાશે. વિસ્ફોટ કોને કહે ? અજમેરાભાઈએ તો એમ કહ્યું કે આ મારે ફેલાવવું છે. વ્યાજબી છે.

કર્મોનો કર્તા પ્રતિભાસે છે. છે અકર્તા, ભાસે છે કર્તા એ એનું અજ્ઞાન છે તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. જેમ શીત-ઉષ્ણનો, દૃષ્ટાંત આપે છે. કે જેમ જેવી રીતે ટાઢી-ઉની અવસ્થાનો અનુભવ કરાવવામાં સમર્થ-નિમિત્ત. એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, ટાઢી-ઉની અવસ્થા છે એ જીવના પરિણામ નથી પણ એ પુદ્‌ગલના પરિણામ છે, નોકર્મના પરિણામ છે. નોકર્મના પરિણામ જુદા અને કર્મના પરિણામ જુદા. આ અબદ્ધ નોકર્મ ને બદ્ધ નોકર્મ આ બે પ્રકારના નોકર્મ છે. શરીર છે ને એને બદ્ધ નોકર્મ કહેવાય અને આ બહારના પદાર્થો છે એને અબદ્ધ નોકર્મ કહેવાય, અને અંદરમાં એકક્ષેત્રાવગાહ બંધાણું છે જે દ્રવ્યકર્મ એને દ્રવ્યકર્મનો બંધ કહેવાય. આ રાગદ્વેષ છે એ દ્રવ્યકર્મના પરિણામ છે અને ટાઢી-ઉની અવસ્થા છે એ નોકર્મના પરિણામ છે.

વાત આખી જુદી છે. દૃષ્ટાંત આપ્યું આ કે, નોકર્મનું દૃષ્ટાંત સાંભળ કે નોકર્મમાં, પુદ્‌ગલમાં ટાઢી-ઉની અવસ્થા તો થયા જ કરે છે. તો કહે છે કે એનો અનુભવ કરાવવામાં સમર્થ એટલે એનું જ્ઞાન કરાવવામાં નિમિત્તપણે છે સમર્થ, એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. ગુજરાતીમાં ચોખ્ખો પાઠ છે. ટાઢી-ઉની અવસ્થા એ પુદ્‌ગલના પરિણામ છે એમ રાગદ્વેષના પરિણામ પણ પુદ્‌ગલના છે એમ કહેશે. કથંચિત્ જીવના ને કથંચિત્ પુદ્‌ગલના એમ નહીં કહે. આહાહા ! તો તો સ્યાદ્‌વાદ નહીં રહે ? એ સ્યાદ્‌વાદનો આત્મામાં અભાવ જ છે. અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદ છે, તો એ તો જાણે છે કે આ તો પુદ્‌ગલના જ છે, જીવના નથી ને પુદ્‌ગલના છે એનું નામ ભેદજ્ઞાન એનું નામ અનેકાંત. આહાહા ! જીવનાય છે ને પુદ્‌ગલનાય છે એ અનેકાંત નથી એ તો એકતાબુદ્ધિ છે, અજ્ઞાન છે.

આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે અને અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! એ તો પૂર્ણ ન થાય તો કથંચિત્ એની પર્યાયમાં અસ્થિરતાનો રાગ થાય છે એ તો કહેવાય. આહાહા ! પણ કઈ નયનું કથન છે, કે વ્યવહારનયનું કથન છે માટે તેને અભૂતાર્થ જાણજે. આહાહા ! શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, પુદગલથી અભિન્નપણાને લીધે, ટાઢી-ઉની અવસ્થા છે એ પુદ્‌ગલથી અભિન્ન છે પુદ્‌ગલ દ્રવ્યથી, આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. ત્રણેકાળ સદાય અત્યંત ભિન્ન છે સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન-કથંચિત્ અભિન્ન એમ નથી. છે કથંચિત્ એમાં કે સર્વથા ભિન્ન ? પછી ધ્યાન રાખજો હોં પાછું. આહાહા !

આ સર્વથા ભિન્ન કહો છો, પાછું હમણાં રાગ પુદ્‌ગલથી અભિન્ન છે એ કથંચિત્ છે કે સર્વથા એ પાછું કહેવું પડશે તમારે. આહાહા ! આમાં ભિન્ન કહો છો ને એમાં ના પાડશો તો નહીં ચાલે. (શ્રોતા :- સર્વથા ભિન્ન છે) એમ. ભલે સારું. આહાહા ! લેશન પાકું થઈ જાય બધાને. જ્યાં ત્યાં કથંચિત્ લગાડે છે. આહાહા ! અરે જડના ભાવથી કથંચિત્ આત્મા ભિન્ન-અભિન્ન હોય ? ચેતનના ભાવથી કથંચિત્ ભિન્ન-અભિન્ન હોય. પણ જડના ભાવથી આત્મા કથંચિત્ ભિન્ન-અભિન્ન ક્યાંથી લઈ આવ્યો તું ? આહાહા ! બે દ્રવ્ય વચ્ચે કથંચિત્ ન હોય. એક દ્રવ્યની પર્યાય અને દ્રવ્ય વચ્ચે કથંચિત્ હોય, નિત્ય-અનિત્ય. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય, પર્યાય અપેક્ષાએ અનિત્ય એ જુદું છે.

ગુરુદેવ કહે છે અભ્યાસ નથી. અભ્યાસ જોઈએ. આહાહા ! કલાક બે કલાકનો પણ અભ્યાસ ન મળે. સવારે નવ વાગ્યે નીકળે. આહાહા ! લુખી બે રોટલી ખાઈને, રાતના નવ વાગ્યે આવે. આહાહા ! અને કાં ટાઢું હોય, આ ટીફીન મંગાવે. અરે ! અરે ! શું જિંદગી ? આહાહા ! આજીવિકાનું સાધન થઈ ગયું હોય તો હવે છોડી દેજે. આહાહા ! છોડે કોણ પણ ? મોક્ષગામી છોડે.

પુદ્‌ગલ પરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને કારણે, નિમિત્તે એટલે કારણે અનાદિ અનંત, ટાઢી-ઉની અવસ્થા અનાદિ અનંત જ્યારે પ્રશ્ન પૂછો સર્વજ્ઞ ભગવાનને તો કહેશે પુદ્‌ગલથી અભિન્ન છે. એમ રાગદ્વેષસુખદુઃખના પરિણામ જ્યારે પૂછો, અહીંથી જાવને ત્યારે પૂછજો, કે આ રાગદ્વેષ છે એ જીવથી અભિન્ન છે કે પુદ્‌ગલથી અભિન્ન સાહેબ ? તો જવાબ આવશે કે પુદ્‌ગલથી અભિન્ન છે. સુપ્રિમ કોર્ટનો ફેંસલો છે એ તો તમે માનો. આહાહા ! હાય ! હાય ! ત્યાં તો કહે સ્વચ્છંદ થઈ જાય, જો રાગ આત્મામાં ન થાય અને પુદ્‌ગલમાં હોય તો સ્વચ્છંદી થઈ જાય, અરે સ્વતંત્ર થઈ જાય. (શ્રોતા :- અરે સ્વનો છંદ જ કરવો છે) એટલે કે છંદ એનો નાશ રાગનો થઈ જાય. (શ્રોતા :- અર્થ બદલી નાખ્યા ગુરુએ બધા ભાઈ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માથી સદાય અત્યંત ભિન્ન છે લ્યો. ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી સદાય અત્યંત, સર્વથા ભિન્ન. કથંચિત્ નહીં, સર્વથા ભિન્ન હોં. આ કથંચિત્‌નું લાકડું ગરી ગયું છે ને એટલે કહેવું પડે છે સર્વથા ભિન્ન. આચાર્ય ભગવાનને ખબર હતી એટલે સર્વથા શબ્દ મૂક્યો છે.

અને તેના નિમિત્તે એટલે ટાઢી-ઉની અવસ્થા જે પુદ્‌ગલના પરિણામ છે એના નિમિત્તે એ પ્રતિભાસ થાય છે, એનો પ્રતિભાસ થાય છે તો એ નિમિત્ત છે. પ્રતિભાસમાં એ નિમિત્ત છે, પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં, એ ઉપાદાનમાં, ઉપાદાનમાં પ્રતિભાસ થાય છે. એ પ્રતિભાસ છે ને એ રાગ નથી, એ પ્રતિભાસ જ્ઞાનનો છે, એ પ્રતિભાસ જ્ઞાનથી અભિન્ન છે અને જેનો પ્રતિભાસ (રાગનો) થાય છે એ જ્ઞાનથી ભિન્ન છે. આહાહા ! (શ્રોતા :- પ્રતિભાસ જ્ઞાનથી અભિન્ન છે અને જેનો પ્રતિભાસ થાય છે એ જ્ઞાનથી ભિન્ન છે) સર્વથા ભિન્ન છે. આહાહા !

આ તો સમયસાર છે ભાઈ, આ અદ્વિતીય ચક્ષુ ભાગવતી શાસ્ત્ર છે. આ સમયસારના નિમિત્તે અત્યાર સુધીમાં, બે હજાર વર્ષ થયા ને ? ઘણાંને આ નિમિત્ત થયું છે મુખ્યપણે. ઓમ તો ચારેય અનુયોગ નિમિત્ત છે. ભગવાનની વાણી છે, પણ દ્રવ્યાનુયોગ ! આહાહા ! દ્રવ્યાનુયોગમાં પ્રવેશ જ થોડાનો હોય છે એમ લખે છે.

તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, તે અવસ્થા ટાઢી હોય તો ટાઢી, ઉની હોય તો ઉની એવું અહીંયા જ્ઞાન થાય છે, એની સન્મુખ થયા વિના અહીંયા જ્ઞાન થાય છે. કેમકે પ્રતિભાસ થાય છે એમાં એને જ્ઞેયની સન્મુખ ન થવું પડે અને જ્ઞાયકની સન્મુખ ન થાય તોય પ્રતિભાસ થાય. અજ્ઞાનીનું જ્ઞાન ભલે જ્ઞાયકની સન્મુખ ન થયું હોય, તોપણ એને જે પ્રતિભાસ થાય છે રાગાદિનો, શરીરનો એની સન્મુખ થઈને પ્રતિભાસ નથી થતો. એની સન્મુખ થઈને જાણ્યું એ તો વ્યવહારના કથનો છે ભાઈ. આહાહા !

જ્ઞાનનો સ્વભાવ નિરાવલંબી છે. પરના અવલંબનવાળું જ્ઞાન જીવને હોય નહીં. આહાહા ! ઊંચી ઊંચી વાતો છે બધી. આ એના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન, વેદનની વાત નથી. અહીંયા જાણવાની વાત છે, જણાય છે એમ. આત્માથી અભિન્નપણાને લીધે, આહાહા ! આ રાગનો પ્રતિભાસ અહીંયા થયો, એ પ્રતિભાસ છે એ જ્ઞાનથી અભિન્ન છે, અને એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. અને જેનો પ્રતિભાસ થાય છે, રાગાદિ, શરીરનો, મોટરનો એ તો તદ્દન ભિન્ન છે, સર્વથા ભિન્ન છે. એ નિમિત્ત છે અને આ ઉપાદાન છે. ઉપાદાન અને નિમિત્ત એક થતાં નથી ને નિમિત્તને કારણે અહીંયા પ્રતિભાસ થયો નથી. નિમિત્તમાત્ર છે એ તો. આહાહા !

એનામાં જ્ઞેયત્વ છે. આહીંયા જ્ઞાનત્વ છે એટલે પ્રતિભાસ થાય છે એ હકીકત છે, પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞેયનો પ્રતિભાસ જ્ઞેયના કારણે થાય છે એમ નહીં, અહીંયા એની યોગ્યતા પ્રતિભાસની છે, આવે છે ને ઓને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા ! બેય સ્વતંત્ર છે સત્ અહેતુક. એકને કારણે બીજું એમ છે નહીં. (શ્રોતા :- જ્ઞેયનો પ્રતિભાસ જ્ઞાનની યોગ્યતાથી થાય છે) જ્ઞાનની યોગ્યતા અહીંયા પ્રતિભાસરૂપે પરિણમવાની છે ત્યારે ઓને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા ! નિમિત્ત અકિંચિત્કર છે. (શ્રોતા :- તો જ નિમિત્ત કહેવાય) નહીંતર નિમિત્ત ક્યાંથી કહેવાય ? એનાથી આ થાય તો નિમિત્ત ક્યાંથી રહ્યું. આહાહા ! શાંતિથી અધ્યયન કરવા જેવું આ તો શાસ્ત્ર છે. આહાહા ! તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે એટલે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા ! જ્ઞાન છે, જ્ઞાન છે. ઓનું નિમિત્તપણું છે પણ એ નિમિત્તથી ઉપાદાન સર્વથા ભિન્ન છે, તેવી રીતે દૃષ્ટાંત પુરું થયું.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ, હવે ઓમાં તો હા પાડી’તી પાછી આમાં હા પાડવી કઠણ લાગશે જોજો. હવે તો કઠણ નહીં લાગે, એમ લાગે છે. આહાહા ! રાગ પુદ્‌ગલના પરિણામ ? ખરેખર આવી સત્‌ની વાણી એને સાંભળવા મળતી નથી. એવા પુણ્ય પણ જગતના પરવારી ગયા છે. અનાદિ અનંત રાગ પુદ્‌ગલના પરિણામ છે. એક સમયમાત્ર જીવના પરિણામ થયા નથી, થવા અશક્ય છે. તો કથંચિત્ કહો ને ? આહાહા ! હવે તારે શું કરવું છે ? હજી થાક્યો નથી, હજી થાક નથી લાગ્યો તને ? આહાહા !

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ નિમિત્તપણે, એવી રાગદ્વેષસુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા. જેમ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલ પરિણામની છે. નોકર્મની અવસ્થા કહેવાય, આ દ્રવ્યકર્મની અવસ્થા છે પણ જાતિ તો બેય પુદ્‌ગલની છે. નોકર્મમાં રાગદ્વેષનો અનુભાગ નથી પણ દ્રવ્યકર્મમાં અનુભાગ છે. અજ્ઞાનીના નિમિત્તે ત્યાં એમાં એવો અનુભાગ એમાં પ્રગટ થયો છે. આહાહા !

એક જ જગ્યાએ રાગ થાય છે, બીજી જગ્યાએ રાગ પ્રતિભાસે છે. બીજી જગ્યાએ રાગ થતો નથી, પણ જેને બેનું ભેદજ્ઞાન શક્તિ બિડાઈ ગઈ છે, તફાવત દેખાતો નથી એને ભ્રાંતિ થાય છે કે રાગ મારામાં થાય છે. થાય છે પુદ્‌ગલની સત્તામાં. અહીંયા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ઊંડા ઉતરીને જુએ તો ક્યાંય રાગ દેખાતો નથી. આહાહા ! ચેતન, ચૈતન્ય ને ચિદ્‌વિવર્તન સિવાય કાંઈ નથી. આહાહા !

(શ્રોતા :- એક ઠેકાણે રાગ થાય છે ને બીજે ઠેકાણે પ્રતિભાસ થાય છે !) હા. બસ, પછી તો, પછી તો બીજી જગ્યાએ રાગ થાય છે એ દેખાતો નથી. એકલો આત્મા દેખાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો સમજાવવા માટે પહેલા એટલું કહેવું પડે છે. આહાહા ! કેમકે કર્મ સામાન્ય વર્ગણારૂપે પરિણમી જાય છે, અને આત્મા મોક્ષમાં ચાલ્યો જાય છે. પછી ક્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહ્યો. જ્ઞાતા, જ્ઞેયનો વ્યવહાર પણ છૂટી જાય. આહાહા ! કિશોરભાઈ, આમ, આમ, હવે હા પાડે છે. એ બધાય ફેક્ટરીમાં સલવાઈ ગયા છે, આ કમલેશેય ફેક્ટરીમાં સલવાઈ ગયો છે. પણ હવે નીકળવાનો પ્રયત્ન કરે છે. આહાહા !

રાગદ્વેષસુખદુ:ખાદિ પુદ્ગલ પરિણામની અવસ્થા, આમાં ગુજરાતીમાં લખ્યું છે હોં, સંસ્કૃતનું ગુજરાતી છે. વાંચી શકે બધાય, પુદ્ગલ પરિણામની અવસ્થા, પુદ્ગલથી અભિન્નપણાને કારણે ત્રણેયકાળ અભિન્ન. રાગ છે એ ત્રણેયકાળ દ્રવ્યકર્મથી અભિન્ન છે. આહાહા ! પણ છે ત્યાં સુધી અભિન્ન છે, પછી એવો પ્રશ્ન આવ્યો કે એ રાગ પુદ્ગલ દ્રવ્યકર્મથી અભિન્ન છે એ સ્વભાવ છે ? હા, મેં કીધું સ્વભાવ છે. તો પ્રશ્ન કર્યો કે તો તો કાર્મણવર્ગણારૂપે થઈ જાય છે ને ? પણ એનામાં યોગ્યતા પડી છે. પાછો અજ્ઞાનીનું નિમિત્ત પામીને એમાં રાગ દ્રવ્યકર્મમાં ઉત્પન્ન થશે. અહીંયા તો રાગ ઉત્પન્ન થવાનો જ નથી. આહાહા !

પહેલા તો વાંચવા જાતો ત્યારે કોઈ કોઈ પ્રશ્ન તો કરે ને. આહાહા ! એવી રીતે તે પ્રકારનો અનુભવ કરવાથી, રાગ પુદ્ગલ પરિણામથી અભિન્ન છે. પુદ્ગલથી અભિન્ન-પણાને લીધે, આત્માથી સદાય ત્રણેયકાળ, અત્યંત-સર્વથા ભિન્ન છે. કહે છે કે એ રાગદ્વેષસુખદુ:ખાદિ જે પરિણામ છે એ પુદ્ગલથી, દ્રવ્યકર્મથી અભિન્ન છે. એનો પ્રતિભાસ ભલે અહીંયા થાય છે, એટલી વાત સાચી છે, તોપણ એ આત્માથી સદાય, અત્યંત ભિન્ન છે. કોણ ? પુદ્ગલના પરિણામ. ચેતનના પરિણામ હોય તો કથંચિત્ ભિન્ન-અભિન્નનો પ્રશ્ન ઉભો થાય. આહાહા ! શું અધ્યાત્મની પરાકાષ્ટા અમૃતચંદ્રાચાર્યની. ઓહોહો ! ગજબ કરી નાખી છે.

પહેલા તો લઈ લે ને કે ઉપયોગ જ પ્રગટ થાય છે. ઉપયોગમાં રાગ પ્રતિભાસે છે. એકતાબુદ્ધિનો રાગ નથી ને અસ્થિરતાનો રાગ પણ નથી. અનુભવ પછી અસ્થિરતાને થોડો ટાઈમ આગળ રાખજે, પણ ભિન્ન ભાસે એટલે થોડા ટાઈમમાં અસ્થિરતાનો પણ અભાવ થઈ જશે. જેમ જેમ ઉપયોગ અંદરમાં જાશે, વિજ્ઞાનઘન સ્વભાવ થતો જશે તેમ તેમ અસ્થિરતાનો રાગ પણ (જતો રહેશે) આહાહા ! (શ્રોતા :- પહેલા તો લઈ લેને કે ઉપયોગ જ પ્રગટ થાય છે) હા, ઉપયોગ જ પ્રગટ થાય છે બધાને, અને એમાં સ્વપરનો પ્રતિભાસ બધાને થાય છે, એ ઉપયોગ જ્યારે આત્માને જાણે છે વિષય ભેદે, ત્યારે સમ્યગ્જ્ઞાન કહેવાય અને પરનું લક્ષ કરે તો મિથ્યાજ્ઞાન થાય છે. આહાહા ! કે એણે ક્યાં લક્ષ કરવું ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ એના હાથની વાત છે. સ્વ તરફ વળવું કે પર તરફ આમ આમ જોવું, એ એના હાથની વાત છે. આમ (અંદર) જાણે તો કામ થઈ જાય છે, આમ (બહાર) જાણે તો સંસાર.

આત્માથી સદાય અત્યંત ભિન્ન છે, અને તેના નિમિત્તે થતો, તે પ્રકારનો અનુભવ, રાગ હોય નિમિત્તપણે તો રાગનો પ્રતિભાસ થાય, દ્વેષ હોય તો દ્વેષનો પ્રતિભાસ થાય, ક્રોધ હોય તો ક્રોધનો પ્રતિભાસ થાય, પ્રતિભાસ તો જ્ઞાન છે ઓલું નિમિત્ત છે. અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, એ જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે અને જેનો પ્રતિભાસ થાય છે રાગનો એ પુદ્‌ગલથી અભિન્ન છે. આહાહા !

અહીંયા જ્ઞાન, જેમાં પ્રતિભાસ થાય છે એવું જ્ઞાન, સ્વપરનો પ્રતિભાસ થાય છે એવું જ્ઞાન, એ જ્ઞેયાકાર જ્ઞાન એ આત્માથી અભિન્ન છે. અને ઓલું જ્ઞેયાકાર એ પુદ્‌ગલથી અભિન્ન છે, એનું જ્ઞેયાકાર. આહાહા ! રાગ છે ને એ પુદ્‌ગલથી અભિન્ન છે. અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, એ રાગ અત્યંત ભિન્ન છે આત્માથી, પુદ્‌ગલના ભાવો છે માટે.

ત્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે, થઈ ગયો લ્યો ટાઈમ. હવે પછી બપોરે લેશું. થાક લાગે છે. બહુ સારો વિષય છે બેની સત્તા ન્યારી ન્યારી છે-ભિન્ન ભિન્ન છે. તમે ને મધુભાઈ એક છો ? તમારો જમણો હાથ ને ડાબો હાથ એક છે ? અંદરમાં ય ભિન્નતા છે તો બહારમાં તો ક્યાં વાત કરવી. આહાહા ! એ ધ્યેયની વાત તો ગુરુદેવ બહુ ચોખ્ખી કરી ગયા. હવે આ જ્ઞેયમાં ભૂલ્યો છે. પ્રતિભાસમાં ભૂલ્યો છે, પ્રતિભાસ દેખીને ભ્રાંતિ થઈ ગઈ છે. હવે જિનવાણીની સ્તુતિ બોલો.

**શ્રી સમયસારજી ગાથા - ૯૨/૯૩**
**વિડીયો પ્રવચન નં. ૬૭૨, સળંગ પ્રવચન નં. ૧૪**
**તા. ૨૨-૨-૯૭**
**સ્થળ :- સ્વાધ્યાય હોલ રાજકોટ**

ગુરુદેવના પ્રતાપે આવ્યું. બસ, શાસ્ત્ર ક્યાં ?

ઉપરની આખી વાત છે, આખો પારો જે લખ્યો, એ વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન કર્યુ. એ એક બાજુ દ્રવ્યકર્મ અહીંયા પરિણમે છે, એની પર્યાયરૂપે પરિણમે છે, દ્રવ્યકર્મ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના પરિણામરૂપે પરિણમે છે. દ્રવ્યકર્મના પરિણામ શું છે ? કે રાગ, દ્વેષ, મોહ, સુખ, દુઃખ છે. એ જડ દ્રવ્યકર્મ છે એના એ પરિણામ છે. એ પરિણામ અહીંયા પરિણમે છે. અહીંયા આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. સામાન્ય જ્ઞાન, સ્વને જાણે કે પરને જાણે એવું નહીં. એ જ્ઞાનની પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ થાય, એવા જ્ઞાનરૂપે અહીંયા પરિણમે છે આત્મા. સામે દ્રવ્યકર્મ એનો અનુભાગ છે રાગ, દ્વેષ, સુખ, દુઃખ એમાં રસ પડ્યો છે, પૂર્વે અજ્ઞાનીના અજ્ઞાનના નિમિત્તે એવા દ્રવ્યકર્મનો બંધ પડ્યો છે.

ચાર પ્રકારના એને બંધ કહેવાય. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ બંધ એવો અનુભાગ એમાં રાગના અનુભાગરૂપે પરમાણુ પોતે પરિણમ્યા છે, નિમિત્તપણે છે. છે તો એનું ઉપાદાન. જો આ જોડાય તો એને નિમિત્ત કહેવાય. ને આ ન જોડાય તો એનું નામ નિમિત્ત નથી પણ એનું નામ જ્ઞેય થઈ જાય છે. છે તો જ્ઞેય જ, પણ મૂર્ખો એનું લક્ષ કરે છે એટલે અહીંયા નૈમિત્તિક ને નિમિત્ત કહેવામાં આવે છે. પણ જો અહીંયા લક્ષ પોતે ન કરે તો તો જ્ઞાનરૂપે પોતે પરિણમે છે. એટલે આખી સ્થિતિનું વર્ણન કર્યા પછી હવે એની ક્યાં કેમ ભૂલ થાય છે ? અને ભૂલ કેમ ભાંગે છે એની વાત આવશે.

ત્યારે અજ્ઞાનને લીધે, પોતાના અજ્ઞાનને લીધે. અજ્ઞાન એટલે સ્વ અને પર બે ભિન્ન ભિન્ન હોવા છતાં બેમાં એકત્વબુદ્ધિ કરવી એનું નામ અજ્ઞાન છે. એકત્વની બુદ્ધિ થાય છે. જડ, ચેતન એક થતાં નથી. ''જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ'' દ્રવ્યકર્મ રાગરૂપે પરિણમે છે અને આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. આ તો એક વસ્તુની સ્થિતિનું વર્ણન કર્યું. હવે આવું છે એમાં અજ્ઞાની જીવ ક્યાં, ભૂલ કેમ ખાય છે અને એ પછી ભૂલ ભાંગે ને જ્ઞાની કેમ થઈ જાય છે. એની વાત આમ પહેલામાં અજ્ઞાનીની વાત કરશે, ભૂલ બતાવશે અને પછી પાછો જ્ઞાની થાય છે એ જ આત્મા, અજ્ઞાની હોય તે જ જ્ઞાની થઈ જાય.

તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો એટલે તે સંબંધે જ્ઞાનમાં જે પ્રતિભાસ થયો એવા જ્ઞાનનો, અનુભવનો એટલે જ્ઞાનનો, કે જે જ્ઞાનમાં પોતાનો આત્મા તો પ્રતિભાસે છે, પણ આ રાગદ્વેષસુખદુઃખના પરિણામ જે પુદ્‌ગલના પરિણામ છે તે પણ તેની સ્વચ્છતામાં પ્રતિભાસે છે. અનુભવ એટલે પ્રતિભાસ એનો, અનુભવ એટલે વેદનની વાત અહીંયા નથી. વેદનની વાત નથી, તેમ એનું લક્ષ કરે છે એની પણ વાત નથી. પોતાનું લક્ષ છૂટી ગયું છે માટે અજ્ઞાન છે એની વાત છે.

અને તેના અનુભવનો એટલે તેના સંબંધેનો પોતાના જ્ઞાનનો એટલે કે અજ્ઞાન, વિશેષ જાણતો નથી એ આવ્યું ને ? પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે, ત્યારે એટલે ત્યાં સુધી,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરસ્પર તફાવત ન જાણતો હોય ત્યારે, હવે આ ચેતન છે અહીંયા ને ત્યાં તો જડ છે. એનો તફાવત, લક્ષણ ભેદે ભેદ છે એ ન જાણતો હોય ત્યારે, અથવા ત્યાં સુધી. ત્યારે એકપણાના અધ્યાસને લીધે, છે તો બે ય ભિન્ન-ભિન્ન, ચેતન ભિન્ન અને જડ ભિન્ન છે. આહાહા ! તમારો દિકરો હા પાડે છે. સમજાય છે ને ? તો ઠીક. અમને તો નાના બાળકો સમજી લ્યે ને તો બહુ સારું, જલ્દી મોટા થાશે ને પછી એ સત્‌ની ચલાવશે ગાડી.

ત્યારે એકપણાના અધ્યાસને લીધે, અભ્યાસમાંથી અધ્યાસ થઈ ગયો. અભ્યાસ હતો ઉપર ઉપરનો પછી અધ્યાસ એવો પાકો થઈ ગયો કે દેહને આત્મા એક જ હોય. રાગ તો આત્મામાં થાય ને કંઈ ભીંતમાં રાગ થોડો થાય ? દુઃખ કાંઈ ભીંતમાં થાય ? જડમાં દુઃખ હોય કોઈ દિ' ? દુઃખ હોય તો એ તો જીવમાં દુઃખ થાય. જેમાં સુખ થાય એમાં દુઃખ થાય. પાછો એ તર્ક લગાવે છે. સમજી ગયા. આહાહા ! ખોટે ખોટા તર્ક.

શ્રીમદ્‌જીએ કહ્યું છે કે તર્કવાળાની પડખે તું ચડીશ માં. હું જૈન દર્શનને તર્કથી ખોટું પાડી શકું, એવી મારામાં શક્તિ છે. સાબિત કરી દઉં એટલે તર્કવાળાની પડખે તું ચડીશ માં એમ ચેતાવે છે બધાયને. સમજી ગયા. તર્કવાળો હોય છે એની ખબર પડી જાય છે. સમજ્યા. તર્ક કર્યા જ કરે એના તર્કનો અંત જ ન આવે પાછો, આજે થોડા તર્ક લઈને આવ્યો પછી વધારે તર્ક લઈને આવે. સમજી ગયા. મારા બાપુજી પાસે સોનગઢથી એક ભાઈ દિવાનપરામાં હતો ત્યારે આવતા'તા. ત્યારે તર્ક ઉપર તર્ક, તર્ક ઉપર તર્ક કર્યા જ કરે. તો દર અઠવાડીયે એકવાર આવે પછી બાપુજીએ કહી દીધું કે આ તમારું કામ નથી. તમે તર્કમાં ચડી ગયા છો, પછી બંધ થઈ ગયો આવતો. આહાહા !

આ તર્કનું કામ નથી આ તો સમજવાનું કામ છે. એ તર્કમાં પછી કુતર્ક હોય. સુતર્કેય નહીં, સુતર્ક છે કે કુતર્ક એ ખબર પડી જાય. આહાહા ! ખબર ન પડે ? (શ્રોતા :- પરખાઈ જાય જેનો અંત ન આવે એ કુતર્ક જેનો અંત આવે એ સુતર્ક) આહાહા !

એકપણાના અધ્યાસને લીધે, અભ્યાસમાંથી એકત્વબુદ્ધિનો અધ્યાસ થઈ ગયો. જડ, ચેતન એક થતા નથી એકપણે માની બેઠો છે. શીત-ઉષ્ણની માફક ટાઢી-ઉની અવસ્થા છે એ નોકર્મના પરિણામ છે, પોતે નોકર્મ નથી. પણ નોકર્મના પરિણામની ટાઢી-ઉની એની અવસ્થા છે. ઉષ્ણની માફક અર્થાત્ જેમ ટાઢી-ઉની અવસ્થા શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. આવો એક સ્થૂળ દૃષ્ટાંત આપ્યો, કે ટાઢી-ઉની અવસ્થા જે પુદ્‌ગલના પરિણામ છે, એ રૂપે આત્મા પરિણમતો નથી, અશક્ય છે. પરિણમવું ઈમ્પોસીબલ છે-અશક્ય છે તેમ, જેમ ઓનારૂપે પરિણમવું અશક્ય છે એમ, એમ જ. તેમ જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવા, જેના વડે આત્મા વડે પરિણમવું અશક્ય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવા, શું ? કેવા પરિણામરૂપે પરિણમવું અશક્ય છે કે એવા રાગદ્વેષસુખદુ:ખાદિરૂપે અનાત્મા વડે પરિણમતો થકો, આહાહા ! અજ્ઞાની મૂંઢ જીવને બે ની એકતા છે એટલે અજ્ઞાન થઈ ગયું છે. વિવેકશૂન્ય થઈ ગયો છે એટલે અજ્ઞાન આત્મા વડે પરિણમતો થકો, આહાહા ! જો, ત્યાં અજ્ઞાન આત્મા લખ્યું. આત્મા પરિણમે છે એમ ન લખ્યું. આત્મા તો જ્ઞાનરૂપે પરિણમે, આત્મા અજ્ઞાનરૂપે ન પરિણમે, એ તો વિશેષ અપેક્ષાની વાત કરી છે.

અજ્ઞાન આત્મા વડે પરિણમતો થકો અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, માને છે એ. શ્રદ્ધા, જ્ઞાન એના વિપરીત થઈ ગયા છે. આહાહા ! જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, જો કેવી સરસ વાત કરે છે કે બધાને પ્રગટ તો થાય છે જ્ઞાન, સમ્યગ્જ્ઞાન નહીં મિથ્યાજ્ઞાન નહીં, ઉપયોગ પ્રગટ થાય છે, જેને લક્ષણ કહેવાય. અને એ લક્ષણ લક્ષને તો પ્રસિદ્ધ કરે જ છે અને અલક્ષને પ્રસિદ્ધ ન કરે. ઉપયોગ આત્માને તો જાહેર કરે પણ એ ઉપયોગ આ રાગ છે અને આ શરીર છે અને આ પુદ્‌ગલ છે, એમ જાહેર ન કરે. જો એને જાહરે કરે તો એનું લક્ષણ થઈ જાય. તો આત્મા જડ થઈ જાય.

પદાર્થને જાણવાના ચાર ઉપાય પ્રવેશિકામાં કહ્યાં. એક લક્ષણ કહ્યું, પછી પ્રમાણ, નય અને નિક્ષેપ ત્રણ બીજા કહ્યા. આત્માના અધિગમના ઉપાય સમયસારમાં ત્રણ કહ્યા. પ્રવેશિકા કર્તાએ ચોથું ઉમેર્યું. લક્ષણ, પ્રમાણ, નય અને નિક્ષેપ એ ચાર લક્ષણથી પદાર્થ ઓળખી શકાય છે. એમ આ ઉપયોગ લક્ષણથી પદાર્થ જાણી શકાય છે. પણ એ લક્ષણ કોને કહેવાય ? કે જે લક્ષને પ્રસિદ્ધ કરે, કરતો જ હોય, તો એને લક્ષણ કહેવાય. પણ જો એ ઉપયોગ આત્માને પ્રસિદ્ધ ન કરતો હોય અને રાગને જાણું છું ને શાસ્ત્રને જાણું છું ને આ નિમિત્તને જાણું છું ને પ્રતિમાને હું જાણું છું ને તો એ લક્ષણ જીવનું ન રહ્યું. લક્ષણ એને કહેવાય કે લક્ષને પ્રસિદ્ધ કરે એને લક્ષણ કહેવામાં આવે છે. એવી પ્રવેશિકામાં વ્યાખ્યા છે.

કળશ ટીકામાં પણ આઠમો કળશ છે. એમાં પણ એ કહ્યું છે કે જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. એમ ન કહ્યું કે ચેતના લક્ષણ તે સ્વપર બેયને જાણે છે એમ ન કહેતા ચેતના લક્ષણથી (જીવને જાણે છે.) આહાહા ! લક્ષણ અને લક્ષ અભેદ છે, એટલે જે અભેદ હોય એનો જે ભેદ હોય એ અભેદને પ્રસિદ્ધ કરે. અભેદનો ભેદ, જેનો અભેદનો ભેદ છે એ એના અભેદને પ્રસિદ્ધ કરે અને પ્રસિદ્ધ કરે તો અભેદ થઈ ને અનુભવ થઈ જાય. પણ એ જે અભેદનો ભેદ લક્ષણ ઉપયોગ કહ્યો એ રાગને અને પરને જાણતો જ નથી. પ્રતિભાસ દેખીને ઉપચાર કરવામાં આવ્યો અને અજ્ઞાનીએ સાચું માન્યું કે ઉપચાર કર્યો છે ભલે પણ ઉપચાર તો છે ને ? વ્યવહારે તો પરને જાણે છે ને જ્ઞાન. આહાહા !

વ્યવહારે પરને જાણે છે એનો ખુલાસો કર્યો-ટોડરમલ સાહેબે કે, જિનાગમમાં જેટલું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



''વ્યવહારનયનું કથન હોય તેને અસત્યાર્થ અભૂતાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડી દે જે'' જ્ઞાન પરને જાણે છે તે વ્યવહાર છે. એ તો આગમમાં પ્રસિદ્ધ વાત છે, એ તો આગમની પ્રસિદ્ધ વાત છે. એ વ્યવહારની વાત છે એ ખરેખર સાચું નથી. ત્યારે સાચું શું છે? કે ''નિશ્ચયનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય જિનાગમમાં તેને સત્યાર્થ, ભૂતાર્થ જાણી એનું શ્રદ્ધાન અંગીકાર કરજે'' કે જ્ઞાન આત્માને જાણે છે એ સાચી વાત છે. જ્ઞાન રાગને ને પરને છ દ્રવ્યને જાણે છે? આહાહા! પ્રતિમાને જાણે છે કે નહીં જ્ઞાન? નહીં? ત્યારે દર્શન કરવા તો આપણે બધાય જઈએ છીએ, હું ય જાઉં છું. તો એને કોણ જાણે છે? હૈં! (શ્રોતા :- બીજો બીજાને જાણે છે) બીજો બીજાને જાણે છે. ઈન્દ્રિયજ્ઞાન એને જાણે છે. ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે. આહાહા! (શ્રોતા :- કાલથી ભગવાનના દર્શનનીય છૂટ્ટી) ભગવાનના દર્શનની વૃદ્ધિ થશે, છૂટ્ટી નહીં થાય. કેમકે ચોવીસે કલાક (આત્માનું) વિસ્મરણ હતું એ જ્યાં વીતરાગી પ્રતિમાને પ્રતિમાને દેખે છે, અરે! ભગવાન તમારો જે આત્મા ચેતન, ચૈતન્ય ને ચિદ્‌વિવર્તન છે. હે! અરિહંત પરમાત્મા એવો જ મારો આત્મા છે. આખો દિવસ (પરમાત્માનું) વિસ્મરણ થઈ ગયું'તું. હવે આજે હું આપના દર્શન કરવા આવું છું. તો મને મારું સ્મરણ તાજું થાય માટે આવું છું. આપને જોઉં છું તો મારો આત્મા યાદ આવે છે કે જેવા અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય હોય એવો મારો આત્મા છે એમ. આહાહા!

એકવાર ઈન્દોરમાં, હું ઘણી વાર બહાર તો જતો'તો ને, તો ઈન્દોર ગયો'તો. ત્યાં બહાર પરામાં એક મંદિર થયું. તે પરાવાળા આવીને કહે, અમારા મંદિરે દર્શન કરવા આજે આવજો, સાંજે અમે ત્યાં હાજર રહેશું. કીધું, ભલે. દર્શન કરવા ગયો. દર્શન કર્યા ચર્ચા થઈ, વાતચીત કરી. બધાયને પૂછ્યું કે આ દર્શન કરવા તમે શા માટે આવો છો? શા માટે, કોઈ કારણ હોવું જોઈએ ને? આ જે વ્યવહારની સ્થાપના ચાલી છે, એમાં કાંઈક તથ્ય છે કે નહીં? તો કહે એ ખબર નથી.

પછી કહ્યું કે જુઓ એના માટે એક દૃષ્ટાંત આપુ તમને કે એક સિંહનું બચ્ચું હતું. એ એના ટોળામાંથી છૂટું પડી ગયું. પાંચ-સાત બચ્ચા અને પાંચ-સાત સિંહ, હોય ને ટોળું આખું. ગીરમાં તો અત્યારે ટોળા ફરે છે. એમાં એ બચ્ચુ છૂટું પડી ગયું. અને આગળ છૂટું પડીને ઓલો ભરવાડ, ઘેંટાને ચારતો તો એમાં એ ભળી ગયું. ભળતા ભળતા એને એવું થઈ ગયું કે આ હું ઘેટો છું એ આના જેવું છે. પોતાનું સ્મરણ ભૂલી ગયો આખું. એમાં એક વખત એક ટોળું આવતું'તું એમાં ઉપર ટેકરીમાં એક સિંહ આવ્યો ને આમ જોયું. એને એવી ત્રાડ મારી એક એટલે ઓલું સિંહનું બચ્ચુ હતું ને એટલે એને જાગૃતિ થઈ. આહાહા! ઓણે એમ કહ્યું કે પહેલા મારી સામે જો, અને પછી તું તારી સામે જો. આમ તેની સામે જોયું પછી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની સામે જોયું. એ ઠેકડો મારીને ભાગી ગયું. એ અરિહંતને જાણતા પોતાનો આત્મા જણાય જાય છે એમ. માટે એ વ્યવહાર છે, એ બરાબર જ છે. પણ એ વ્યવહાર છે એમાં આપણું પ્રયોજન સિદ્ધ કરી લેવું, ત્યાં ચોંટી ન રહેવું. આહાહા ! મુનિરાજ ભાવલિંગી સંત પણ દર્શન કરવા મંદિરે આવે છે. આહાહા !

એમ લક્ષણ કોને કહેવાય ? પાયાની જ ભૂલ છે. અભેદનો ભેદ એનું નામ એ પદાર્થનું લક્ષણ કહેવાય. આત્મા અનંત ગુણાત્મક છે અને પર્યાય સહિત આત્મા છે. જ્ઞેય આખું એ અભેદ છે. એનો એક ભેદ ઉપયોગ છે. એ અભેદનો ભેદ ચેતના છે એ ચેતના ચેતનને પ્રસિદ્ધ કરે છે, કેમકે તન્મય છે, પણ એ લક્ષણ રાગને, શરીરને, મોટરને, પૈસાને, આહાહા ! દ્રવ્યશ્રુતને પ્રસિદ્ધ કરતું હશે કે નહીં ? કે ના, પ્રસિદ્ધ ન કરે. આહાહા ! તે બધા ઈન્દ્રિયજ્ઞાનના ધર્મો છે. તારો જ્ઞાનનો એ ધર્મ નથી. આહાહા ! ત્યારે આ બધો વ્યવહાર જુઠો ? કે હા. સો ટકા જુઠો જા. તો વ્યવહાર છોડી દેવો ? તો કહે પહેલા શ્રદ્ધામાંથી છોડી દે પછી ઠરીને છોડ. છોડવાના બે પ્રકાર. પહેલા શ્રદ્ધામાંથી છોડી દે. શ્રદ્ધામાંથી છોડ્યા પછી ઉપયોગ વારંવાર અંદર જાય ને, એ તો મુનિ થાશે. પછી દશામાંથી છૂટી જશે અને કેવળજ્ઞાનનો ભડકો થઈ જશે. આહાહા !

એમ અહીંયા કહે છે કે તેનારૂપે પરિણમવું અશક્ય છે. જેમના રૂપે આત્મા વડે પરિણમવું, થવું, ભવવું અશક્ય છે એવા રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાન આત્મા વડે પરિણમતો થકો, કે રાગરૂપે કોણ પરિણમે છે ? કે જેને રાગમાં આત્મબુદ્ધિ થઈ એવો અજ્ઞાનીજીવ, અજ્ઞાનભાવે પરિણમે છે. અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે અને પછી મિથ્યાજ્ઞાન અજ્ઞાન થઈ જાય એમ નથી.

પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે, સામાન્ય જ્ઞાન પ્રગટ થાય છે. ઉપયોગ લક્ષણ અને ઉપયોગ લક્ષણમાં એની સ્વચ્છતામાં અહીંયા પુદ્ગલના પરિણામ રાગદ્વેષ પ્રતિભાસે છે, ત્યારે આ ઉપયોગમય હું છું ને આ પ્રતિભાસ છે એ મારો નથી, રાગી તો પુદ્ગલ છે. એવું જો ભેદજ્ઞાન કરે તો જ્ઞાનનું જ્ઞાનત્વ થઈ જાય અને એ ભાવને પોતાના માને તો જ્ઞાનનું અજ્ઞાનત્વ થઈ જાય છે. પ્રગટ તો આવું જ્ઞાન જ થાય છે. વિષયભેદે કાં સમ્યગ્જ્ઞાન અને કાં મિથ્યાજ્ઞાન થઈ જાય છે.

જ્ઞાનનું અજ્ઞાનત્વ, અજ્ઞાની થયો એમ ન કહ્યું. પ્રગટ તો જ્ઞાન થાય છે. પછી જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આનંદ આવે કે નહીં ? આ સમ્યગ્જ્ઞાન ને અતીન્દ્રિયજ્ઞાનની વાત નથી ભાઈ ! આ સામાન્ય લક્ષણ છે. વિવિક્ષાનો અભાવ તેને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્ય કહેવામાં આવે છે, મતિશ્રુતેય નહીં. આહાહા !

એક વાર એવો બનાવ બન્યો. હું સોનગઢ હતો અને રાત્રી ચર્ચામાં પ્રશ્નો તો થાય. પ્રશ્ન માટે જ રાત્રી ચર્ચા છે. એમાં કંઈ વાત નીકળી એમાં ગુરુદેવે ફરમાવ્યું. આહાહા ! જ્ઞાનમાં આત્માનો અનુભવ થાય છે એટલે અનુભવ કરીને બહાર નીકળ્યા અને વાણીમાં આવ્યું તરત જ કે જ્ઞાનમાં આત્માનો અનુભવ થાય છે. ત્યારે એક મુમુક્ષુએ પૂછ્યું તરત જ કે સાહેબ એ મતિજ્ઞાનમાં કે શ્રુતજ્ઞાનમાં ? જવાબ ન આપ્યો. જ્ઞાનમાં અનુભવ થાય છે એમ ગુરુદેવ બીજીવાર બોલ્યા. પછી કહે સાહેબ તે ક્ષયોપશમજ્ઞાન કે ક્ષાયિકજ્ઞાન. એ વિદ્વાન થોડા ભણેલા હતા, પોતાને માને એટલે વિદ્વાન, વિદ્વાન તો નહોતા. પછી કહે એ સાહેબ ક્ષયોપશમમાં કે ક્ષાયિકમાં. કે નહીં જ્ઞાનમાં અનુભવ થાય. પછી પાછો ત્રીજો પ્રશ્ન કર્યો કે સાહેબ એ સંવર, નિર્જરામાં તો અનુભવ થાય ને ? કે ના જ્ઞાનમાં થાય. આહાહા ! બધી ઉપાધિ કાઢી નાખી. શ્રુતની ઉપાધિ (કાઢી નાખી) આહાહા ! ત્યારે એમ થયું કે, વાહ પુરુષ વાહ ! આહાહા ! કોણ આ આવો જવાબ આપે. અને એને સમજેય કોણ ? પાછું કોઈએ એમ પૂછ્યું નહીં, કે ત્રણની ના પાડી પણ જ્ઞાનમાં અનુભવ થાય પણ એ જ્ઞાન એટલે શું ? એ તો સમજાવો. કોઈએ પૂછ્યું નહીં. આહાહા ! પૂછત તો વાત હજી બહાર આવત .

એ જ્ઞાન, અહીંયા કહે છે કે એ જ્ઞાનનું અજ્ઞાનત્વ થઈ જાય છે કાં જ્ઞાનનું જ્ઞાનત્વ થશે, આમાં આવશે પાછું. પ્રગટ તો જ્ઞાન જ થાય છે. ઉપયોગ પ્રગટ થાય છે. અશુદ્ધ ઉપયોગ નહીં, શુદ્ધ ઉપયોગ પણ પ્રગટ થતો નથી. આહાહા ! કોઈ સમયસાર અદ્વિતીય શાસ્ત્ર છે. આહાહા !

સમયસાર, સમયસારને બતાવે છે. સમયસાર, સમયસારની પ્રસિદ્ધિ કરે છે. આહાહા ! નમઃ સમયસારમાં પહેલા જ શ્લોકમાં કહ્યું, હું શુદ્ધ આત્માને નમસ્કાર કરું છું. અરિહંતને નમસ્કાર ન કર્યા. સિદ્ધને નમસ્કાર ન કર્યા. નહીંતર માંગલિકમાં તો પંચપરમેષ્ઠિને નમસ્કાર કરે છે. હું શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. અધ્યાત્મ શાસ્ત્રની ફાટ-ફાટ, આ અમૃતચંદ્રાચાર્ય એટલે ! આહાહા ! આ કાળમાં અધ્યાત્મની વાત સમયસારની આત્મખ્યાતિમાં છે એમ ટોડરમલસાહેબે બીજાને ચીઠ્ઠી લખી એમાં લખ્યું. સમયસારમાં છે એમ ન લખ્યું. સમયસારની આતમખ્યાતિ નામની ટીકા છે એમાં અધ્યાત્મ ભરેલું છે બોલો. વિશેષતા દેખાય આપણને આ શ્લોકમાં જ. બેય સાચા જ્ઞાની જ છે.

એક કહે છે કે રાગને કરે છે, એક કહે છે રાગનો કર્તા પ્રતિભાસે છે. આહાહા ! બે વચ્ચે મોટો તફાવત છે, જો ન સમજે તો. સમજે તો બેય યથાર્થ છે, એમ. બેય સાચા છે. બેમાંથી એક સાચા અને એક ખોટા એમ નથી. આહાહા ! એવી વાતો સમયસારમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરેલી છે. (શ્રોતા :- કુંદકુંદ ભગવાને મર્મ રાખીને વાત કરી અને અમૃતચંદ્રાચાર્યે મર્મ ખોલી નાખ્યો) ખોલી નાખ્યો. એ કરુણા કરી આપણા ઉપર નહીંતર આપણે મુંઝાત. ને આપણે આમાં લખ્યું છે એમ જ અર્થ કરત. (શ્રોતા :- અને આપણે આપણી રીતે અર્થ કરત તો ઊંધુ મરાઈ જાત એટલે અમૃતચંદ્રાચાર્યનો વધારે ઉપયોગ કર્યો) એને કરુણા બહુ આવી ગઈ કે, આ આજના બે હજાર વર્ષ પહેલા તો એણે લખ્યું, તે વખતે એના કાળમાં તો એવી પ્રજ્ઞાવાળા જીવો હતા. કે એનો અર્થ સમજી શકશે પણ એક હજાર વર્ષ પછી જ્યારે મારા હાથમાં આવ્યું, આનો અર્થ નહીં સમજી શકે એટલે એનું અર્થઘટન કરી દીધું. કર્તા થાય છે એટલે શું ? કર્તા પ્રતિભાસે છે, કર્તા થતો નથી, ચોખ્ખું લખ્યું. આહાહા !

ઘણાં વર્ષો પહેલા એક જિજ્ઞાસુને આ વાત મેં કરી. આહાહા ! આટલો બધો મર્મ આમાં છે ? કે આ મર્મ છે. મેં કહ્યું જુઓ તમે. આહાહા ! આમાં ચોખ્ખું જ છે, આમાં કર્તા થાય છે એમ લખ્યું ને આમાં કર્તા પ્રતિભાસે છે કહે છે. બેય સરખું છે ? બેય સરખું નથી. એકમાં ગંભીર મર્મ એમનેમ રાખ્યો છે. બીજામાં ખોલી નાખ્યો. આહાહા !

અહીંયા કહે છે કે જ્ઞાનનું અજ્ઞાનત્વ, તો જ્ઞાન એટલે પહેલા સમ્યગ્જ્ઞાન હતું ને પછી મિથ્યાજ્ઞાન થઈ ગયું ? જ્ઞાનનું અજ્ઞાનત્વ લખ્યું છે ને તો પહેલા સમ્યગ્જ્ઞાન હોય ને પછી મિથ્યાજ્ઞાન થાય, એવું હોય ? આહાહા ! સમ્યગ્જ્ઞાન, મિથ્યાજ્ઞાન થાય જ નહીં અને કેવળજ્ઞાન હોય તો એ છદ્મસ્થને કેવળજ્ઞાન છે નહીં. જ્ઞાનનું અજ્ઞાનત્વ, સામાન્ય જ્ઞાન છે જ્યાં વિવિક્ષાનો અભાવ છે. મતિશ્રુતની ઉપાધિ કાઢી નાખી. આહાહા !

જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો પોતાની મેળે-આપોઆપ, ઉંધો પડ્યો અજ્ઞાની જીવ. પોતે અજ્ઞાનમય થયો થકો, વિશેષ અપેક્ષાએ અજ્ઞાનમય થાય છે. સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે. સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાયક જ છે આત્મા. વિશેષ અપેક્ષાએ અજ્ઞાનમય થયો થકો, ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. થયો થકો, આ હું રાગી છું. રાગનો પ્રતિભાસ દેખીને, આ હું રાગી છું. મોટરનો પ્રતિભાસ દેખીને આ મોટર મારી છે. પુત્રનો પ્રતિભાસ દેખીને આ પુત્ર મારો છે. આહાહા ! પ્રતિભાસ વિના મારાપણું આવે ક્યાંથી ?

પ્રતિભાસમાંય મર્મ છે. સ્વનો ય પ્રતિભાસ ને પરનો ય પ્રતિભાસ. સમજાણું ? (શ્રોતા :- બરાબર છે, એ જ કહું છું કે મારાપણું પ્રતિભાસ વગર કેવી રીતે આવે) પ્રતિભાસ વિના મારાપણું આવે ક્યાંથી ? આહાહા ! નીશુ પ્રતિભાસે તો નીશુ દિકરી મારી એમ થાય. પણ પ્રતિભાસ ન હોય તો મારાપણું આવે ક્યાંથી ? એમ જ્ઞાયકનો પ્રતિભાસ ન હોય તો જ્ઞાયકમાં મારાપણું આવે નહીં ને કોઈને સમ્યગ્જ્ઞાન થાય નહીં. પ્રતિભાસ બેના છે. લક્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકનું હોય, બેનું લક્ષ ન હોય. સમયસાર તો સમયસાર ! સમયસાર લગે હમકો પ્યારા. આહાહા ! બહુ ભજન સારું છે સમયસારનું.

(શ્રોતા :- પ્રતિભાસ ન હોય તો મારાપણું આવે ક્યાંથી ? સ્વમાં ચાહે પરમાં) આવે ક્યાંથી ? આહાહા ! આ ફલેટ મારો છે. એ ફલેટનો પ્રતિભાસ થયો, તો મારાપણું કલ્પના થઈ ને ? આહાહા ! શરીરનો પ્રતિભાસ થયો કે શરીર મારું છે. આહાહા ! ફેક્ટરીનો પ્રતિભાસ થયો, કિશોરભાઈ ! તો તરત જ મારાપણું આવે. પણ મારાપણું તમે ના પાડો છો પણ મારાપણું જ્યાં સુધી તમારા આત્મામાં નથી સ્થાપ્યું ત્યાં સુધી ના પાડો તો પણ એ મારું છે એમ જ છે. હા, એમ નેમ આ પોલી વાત નથી કાંઈ. કે ના એ ફેક્ટરી મારી નથી, દિકરો મારો નથી, મોટર મારી નથી. મોદીસાહેબ કહે છે સુનિલભાઈ મારો દિકરો નથી. ના ના એમ ના ચાલે, ભાષાનું કામ આમાં નથી. મારો નથી એ ક્યારે થાય કે ભગવાન આત્મામાં અહમ્‌બુદ્ધિ થઈને અનુભવ કરે. મારાપણું જ્યાં અહીંયા સ્થાપ્યું ત્યાં કોઈ પદાર્થ મારાપણે એને ભાસતો નથી. ખલાસ એટલે જીવ ઉદાસ થઈ જાય છે. ઉદાસીનતા આવી જાય છે. દિકરો મારો એમ બોલે ભાષામાં, ભાવમાં નહીં. આહાહા ! ભાષા જુદી ને ભાવ જુદો. આહાહા ! ભાષા જ્ઞાની ને અજ્ઞાનીની સરખી હોય પણ ભાવમાં મોટો ફેર હોય. આહાહા !

શ્રીમદ્દ્ કહ્યું કે મારો ડગલો આપો. સમજી ગયા. હવે એ તો ભાષા થઈ. તો હવે આ શ્રીમદ્‌ને પણ મારાપણું હશે કર્તામાં કે ઓલામાં ડગલામાં. અરે ! ભાઈ, ભાષાનું આમાં કામ નથી. આ વાત ભાવપ્રધાન છે. આહાહા ! એમ હમણાં કહ્યું કિશોરભાઈને કે આ ફેક્ટરી મારી. આ ના બોલ્યા કે મારી નથી. સમજી ગયા ! એમ ન ચાલે. મારાપણું જો આત્મામાં સ્થાપો તો મારાપણું પરમાંથી ઉથાપાય. એમ નેમ અદ્ધરથી ઉથાપન નથી થતું. એ તો આત્માને ઉલટો વધારે છેતરે છે, આ એવું છે. હા, અસ્તિ નાસ્તિ અનેકાંત છે. જ્ઞાયકમાં અહમ્ થયું તો, આખા જગત પ્રત્યે ઉદાસ થઈ જાય છે, ખલાસ. પછી ભાષા ભલે મારા તરીકે આવે, પણ મારાપણું ત્યાં ભાસતું નથી. મારાપણું અહીંયા સ્થાપ્યું, સ્થાપ્યું તે સ્થાપ્યું. પૂર્ણ કેવળજ્ઞાન લેશે એ જીવ તો. (શ્રોતા :- અહમ્ સ્થાપિત થયા વિનાનો ઉત્પાદ હોતો નથી) બિલકુલ ન થાય. સમ્યક્ ઉત્પાદ હોય જ નહીં. (શ્રોતા :- અહીંયા અહમ્ નથી તો પણે અહમ્‌વાળો જ ઉત્પાદ હોય) એમ જ હોય. પરમાં અહમ્ હોય જ. અહીંયા અહમ્ ના આવે એને પરમાં અહમ્ નથી ? પરમાં અહમ્ નથી, મારું નથી, મારું નથી, દિકરો મારો નથી, ફેક્ટરી મારી નથી, પૈસા મારા નથી, હૉસ્પિટલ મારી નથી, કારખાનું મારું નથી, ભાષા આવે, ના, આ ભાષાનું કામ નથી. આહાહા ! એ અનુભવથી એકતા તૂટે છે. ભાષાથી એકતા તૂટે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો પોતે અજ્ઞાનમય થયો થકો આ હું રાગી છું. આહાહા ! રાગ ઉપર લક્ષ રાખી અને આ હું રાગી છું અર્થાત્ આ હું રાગ કરું છું. કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ એક સમયમાં હોય. રાગને કરું છું એટલે રાગને જાણું પણ છું અને રાગને કરું પણ છું તો બેય દોષ એક સાથે હોય. ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. આહાહા ! અજ્ઞાની જીવ રાગનો કર્તા થતો નથી, અજ્ઞાની તો રાગને કરે, જ્ઞાની રાગને ન કરે, અજ્ઞાની રાગને કરી શકતો નથી, અશક્ય છે એમ કહ્યું. અજ્ઞાની પણ હોં, પુદ્ગલના પરિણામને અજ્ઞાની કરે ? આહાહા ! આ છે ને સૂક્ષ્મ છે. ઓમ તો અજ્ઞાની જીવ પરને કરી શકતો નથી એ તો પરપદાર્થની વાત કરી. એ ભેદજ્ઞાન કર્યું. આ તો અંદરની વાત છે. મુંબઈથી ધક્કો ખાય અહીંયા, તો સૂક્ષ્મ માટે જ આવે છે ને. હેં ? આહાહા !

આ હું રાગ કરુ છું, ઈત્યાદિ વિધિથી રાગાદિકર્મનો ભાવકર્મનો કર્તા પ્રતિભાસે છે. ઉપર મથાળું હતું. અજ્ઞાની જીવ, જુઓ ઉપર શું મથાળું હતું. હવે અજ્ઞાનથી કર્મ ઉત્પન થાય છે. ભાવકર્મ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, અજ્ઞાનથી ભાવકર્મને ઉત્પન્ન કરે છે એમ ન લખતાં ઉત્પન્ન થાય છે એમ લખ્યું. (શ્રોતા :- અરે ! વાહ રે વાહ ! એક એક શબ્દમાં વજન છે પ્રભુ)

આ તો દિવ્ય ધ્વનિનો સાર છે. આહાહા ! હવે અજ્ઞાનથી જ કર્મ, ભાવકર્મ, રાગ ઉત્પન્ન થાય છે. આહાહા ! અજ્ઞાની પણ રાગને ઉત્પન્ન કરી શકતો નથી. પુદ્ગલના પરિણામને ઉત્પન્ન કરી શકે ? કે એ તો અમે પુદ્ગલના પરિણામને ઉત્પન્ન કરે એમ ક્યાં કહીએ છીએ, અમે તો ભાવકર્મને ઉત્પન્ન કરે એમ કહીએ છીએ. આહાહા ! એલા ભાવકર્મ સ્વયં એના સ્વકાળે ક્રમબદ્ધમાં આવે છે અને ઉત્પન્ન થાય છે કે તું કરશ એને. એ શું ? આહાહા ! પર્યાયનો કર્તા પર્યાય છે કે અજ્ઞાનીનો આત્મા દ્રવ્ય એને કરે છે ? આહાહા ! દ્રવ્ય તો નિષ્ક્રિય છે, કરે ક્યાંથી એને ? એને જાણતોય નથી તો એને કરે ક્યાંથી ? (શ્રોતા :- પોતાની પર્યાયને જાણતો, કરતો નથી તો પુદ્ગલની પર્યાયને જાણવા કરવા જાય) આહાહા ! આ તો ખપીનું કામ છે. આહાહા ! બાકી ૯૩ ગાથા પછી કાલે આખી આવશે એટલે વાંધો નહીં આવે, થઈ જશે પૂરી. કેમકે ઓલું તો કોમન છે. જેમ ઓલામાં આખો પારો છે ને એમ આમાં એ જ પારો આખો લેશે. પછી ક્યાં ભૂલ ભાંગે છે એ બતાવશે.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. ભાવ આસ્ત્રવનો સ્વાદ્ નથી. ભાવ આસ્ત્રવ તો આત્મામાં ઉત્પન્ન થતાં જ નથી. હાય ! હાય ! તો સંસાર નહીં રહે, કે અમારે એ જ કામ છે. અમારું કામ તો, જ્ઞાનીઓ કહે એ જ છે. બધાને સંસારનો છેદ થઈ જાય અને બધા પામી જાય. ત્યાં પાછી સંકડાશ જરાય નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વાણભૂમિમાં કાંઈ સંકડાશ નથી, એકમાં અનેક છે. આહાહા ! (શ્રોતા :- અપૂર્વ અવગાહન છે) અવગાહન છે. આહાહા ! પાંચસો ધનુષ્યની કાયા લઈને ઋષભદેવ ભગવાન ગયા એના પેટમાં અનંતા સિદ્ધો છે. એનું પેટ બહુ મોટું છે. પાંચસો ધનુષ્યવાળાનું પેટ બહુ મોટું છે. આહાહા ! જૈન દર્શન પરિપૂર્ણ દર્શન છે, બસ. બાકી ક્યાંય વાત છે નહીં. જૈનનું નામ બાકી શાસ્ત્રો બધાય ખોટા.

ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. આહાહા ! કષાયનો સ્વાદ છે એ. આનંદનો સ્વાદ નથી. તેથી તે શીત-ઉષ્ણપણાની માફક પુદગલકર્મથી અભિન્ન છે. કોણ અભિન્ન છે ? રાગદ્વેષના પરિણામ. કોનાથી અભિન્ન છે ? પુદ્‌ગલથી અભિન્ન છે. પુદ્‌ગલના પરિણામ હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે. આહાહા ! એ પુદ્‌ગલના પરિણામ જીવથી અભિન્ન થાય ? કહેવા પુદ્‌ગલના પરિણામ અને જીવથી અભિન્ન, ત્રણ કાળમાં ન હોય. આહાહા ! પુદ્‌ગલથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન, અભિન્નની વાત જ અહીંયા નથી. આહાહા ! એક ઘા ને બે કટકા છે.

અજ્ઞાનને લીધે, આત્માને તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, જુદાઈ નહીં ભાસતી હોવાથી રાગ છે એ પુદ્‌ગલના પરિણામ છે, જ્ઞાન છે એ જીવના પરિણામ છે. જીવમાં એ પ્રતિભાસે છે પણ પ્રતિભાસ હોવા છતાં, રાગ એમાં આવતો નથી. જેમ દર્પણમાં ફૂલ પ્રતિભાસે પણ રતાશ દર્પણની પર્યાયમાં આવતી નથી. એમ ગરમ પદાર્થ પ્રતિભાસે ગરમી ઉષ્ણતા, તો કાંઈ અરીસો ગરમ થતો નથી. આહાહા ! એમ ખાટી-મીઠી કેરીનો પ્રતિભાસ થાય, તો કંઈ દર્પણ ખાટો થઈ જાય, પછી મીઠો થાતો હશે ? આહાહા ! તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી તે એમ જાણે છે કે, આ સ્વાદ મારો છે, છે સ્વાદ કોનો ? પુદ્‌ગલનો. અને માને છે મારો સ્વાદ આવ્યો. હું દુઃખી થઈ ગયો. પણ દુઃખી તો જીવ જ થાય ને ? પુદ્‌ગલ દુઃખી થાય એ તો સાંભળ્યું નથી. તેં સાંભળ્યું નથી એ જ વાત મારે તને સંભળાવવી છે. એકત્વ-વિભક્તની વાત તેં અત્યાર સુધી સાંભળી નથી. આ સ્વાદ મારો છે.

કારણ કે એ જ્ઞાનની સ્વચ્છતાને લીધે, જો આવ્યું સ્વચ્છતા, શુદ્ધતા નથી લખી ભાઈ ! જ્ઞાનની સ્વચ્છતાને લીધે, આહાહા ! જ્ઞાનની સ્વચ્છતાને કારણે, લીધે એટલે કારણે રાગદ્વેષાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિભાસ થાય છે કહો કે પ્રતિબિંબિત કહો. આહાહા ! ઓમાં આવ્યું ? પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં પ્રતિફલતિ, પ્રતિફલતિ એટલે પ્રતિબિંબિત થાય છે એમ. પ્રતિફલતિ એનો અર્થ કર્યો પ્રતિબિંબ, અહીંયા પ્રતિબિંબ ને ઓલું બિંબ છે. રાગદ્વેષ પુદ્‌ગલના પરિણામ એ બિંબ કહેવાય. અને એનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા જ્ઞાનમાં પ્રતિભાસ થાય તેને પ્રતિબિંબ કહેવાય, એમ. પ્રતિબિંબ થતાં, જ્ઞાનમાં પ્રતિબિંબ થતાં, જ્ઞાનમાં રાગ આવી જાય એમ ન લખ્યું. રાગ તો આવતો જ નથી. જાણે કે જ્ઞાન, જાણે કે જ્ઞાન રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. એવું થયું નથી.

જ્ઞાનમાં, અભવી જીવના જ્ઞાનમાં પણ રાગ આવતો નથી. અભવી જીવનું જ્ઞાન પણ સ્વચ્છ છે. આહાહા ! નિગોદીયા જીવના જ્ઞાનના ઉઘાડમાં એનું જે અનંત પ્રકારનું દુઃખ, કોઈ પાર વગરનું પુદ્‌ગલમાં દુઃખ થાય છે, પુદ્‌ગલમાં દુઃખ થાય એનો અહીંયા પ્રતિભાસ થાય છે. પણ એણે કહ્યું ને કે તેં અત્યાર સુધી વાત સાંભળી નથી તેવી વાત હું કહેવાનો છું. શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામ, ભોગ, બંધનની કથા પણ પરથી વિભક્ત એવા આત્માની વાત તેં કદિ અનુભવી તો નથી પણ સાંભળી નથી. આહાહા ! સાંભળી હોય તો આ કાને સાંભળી ને આ કાને કાઢી નાખી. ઠીક છે એ તો જ્ઞાની કહે પુદ્‌ગલના પરિણામ, છે તો જીવના જ પરિણામને. આ દયાના પરિણામ, દયાના પરિણામ એ તો મારામાં જ થાય છે, એ તો ઠીક પણ પૈસાવાળો કહે એક કરોડ રૂપિયાનું મંદિર બનાવી દ્યે તો એ લોભ કષાય એ તો જીવમાં જ થાય ને ? કે પૈસા ગયા ને બધું ય ગયું મારું. (શ્રોતા :- પરિણામ તો રાખો અમારા) હેં ! પરિણામ એના નથી. એ તો ભૂલ છે. એ લોભ કષાયની મંદતા થઈ ગઈ એ પરિણામ તો પુદ્‌ગલના છે, એ તો સમજાવવું છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ, વ્રતના પરિણામ, અઠ્ઠમ ને અઠ્ઠાઈ ને વરસીતપને, આહાહા ! વિકલ્પની જાળ એવી કરે છે, એ પોતાના પરિણામ માને છે, ત્યાં સુધી એની સાથે કર્તાબુદ્ધિ છે. આહાહા ! ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાનની શક્તિ ઉલ્ટી બિડાઈ જાય છે.

એક વાર તો ગુરુદેવે એમ કહ્યું ભાઈ, અજમેરાભાઈ ! પહેલા તો અમે દર રવિવારે બહાર ફરવા જાતા'તા મોદી સાહેબ જાણે છે, મોદી સાહેબની મોટર હોય, ચંદુભાઈની મોટર હોય, રતિભાઈ ઘીયાની મોટર હોય, ત્રણ ચાર મોટર હોય તો દર રવિવારે ક્યાંક ને ક્યાંક પ્રોગ્રામ હોય. ત્યાં જઈને પણ તત્ત્વની જ ચર્ચા. નાસ્તો હારે લઈ જઈએ. બાકી તત્ત્વની જ ચર્ચા. એમાં એક બેન શાંતાબેન ઘીયા પણ સાથે હતા. વાંકાનેર પાસે ગયા'તા તે દિવસની વાત છે. એ બેન સોનગઢથી તાજા આવેલા ત્યાં થઈને સીધા, રવિવારે સાથે હતા કે ભાઈ ગુરુદેવે તો આજે એવી વાત કરી. શું કહ્યું ગુરુદેવે ? કે ભક્તિમાં ગુરુદેવ રોજ બેસે છે. વાંચન પછી પા કલાક, વીસ મિનિટ, બે બહેનો ભક્તિ કરાવે ને, બે બહેનો સાથે ભક્તિ કરાવતા. ભક્તિમાંથી ઊભા થઈ, સામે ભગવાનની સામે હાથ જોડયા છે. પોતે કહ્યું, આહાહા ! આ ભક્તિના રાગમાં જીવોનું જ્ઞાન બિડાઈ જાય છે. આહાહા ! શુભભાવ થાય છે ને બંધન થાય છે એ વાત ન કરી, આ કાનોકાન સાંભળેલી વાત છે અને હજી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂછવું હોય તો પૂછજો, અહીંયા એ જીવતા છે. એને કહેલી વાત કેમ ? મોદી સાહેબ ! બરાબર છે. મોદી સાહેબે સાંભળેલી વાત છે. સાક્ષી છે. ભગવાનની ભક્તિના રાગમાં જીવોનું જ્ઞાન બિડાઈ જાય છે. આહાહા ! ત્યારે ભક્તિ ન કરવી ? કરવા ન કરવાનો પ્રશ્ન નથી, એનું સ્વરૂપ શું છે એ સમજ. આહાહા ! જ્યાં સત્ય વાત કહે ત્યાં ભક્તિ છોડી દ્યે. આહાહા ! ભક્તિ કરતોય નથી ને છોડતોય નથી, એ તો થવા કાળે પુદ્ગલના પરિણામની રચના થાય છે, એ જ્ઞાનમાં પ્રતિભાસે છે બસ. આહાહા !

(શ્રોતા :- જ્ઞાન બિડાઈ ન જાય એ જો ને, ભક્તિ કરવી ન કરવી એમાં ક્યાં ચોટી જાશ) ક્યાં વાત આવી ? જ્ઞાન જેમાં ઉઘડે એવી વાત કરવી જોઈએ ને, જ્ઞાની તો એવી વાત કરે ને. આહાહા ! (શ્રોતા :- જ્ઞાનીની વાતને એમ જો) એમ જો તું. આહાહા ! પણ બહુ પાત્ર જીવેય ઓછા હોય, લાયક જીવેય ઓછા હોય, ઉંધુ મારી દ્યે. કરવી ન કરવીનો પ્રશ્ન ન થાય. ત્યાં આવે, હોય બસ, ભક્તિના ભાવ આવે છે-હોય છે. આહાહા ! એનો પ્રતિભાસ પણ થાય છે અને જ્ઞાન આત્માને પણ જાણે છે. પ્રતિભાસ થાય છે એને જ્ઞાન જાણતું નથી હોં. આહાહા ! પરનો જ્ઞાતા નથી ત્રણ કાળમાં, જ્ઞાનનો મૂળ સ્વભાવ, આવ્યું કે નહીં ? જ્ઞાનનો મૂળ સ્વભાવ, શું ? પછી જ્ઞાનનો મૂળ સ્વભાવ આત્માને જાણવાનો છે અને જ્ઞાનનો મૂળ સ્વભાવ પરને જાણવાનો નથી. એ હમણાં છપાઈને આવશે પેપર એમાં લીધું છે. આહાહા !

અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહીં હોવાને લીધે, તે એમ જાણે છે કે આ સ્વાદ મારો છે. આહાહા ! છે પુદ્ગલનો સ્વાદ, આમાં આ સ્વાદ મારો છે. કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે અહીં આવ્યુંને, સ્વચ્છતા છે. જ્ઞાનની સ્વચ્છતા છે એટલે સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વચ્છતા છે માટે સ્વપરને જાણે છે એમ નથી. (શ્રોતા :- જાણવાનું સ્વચ્છતાને લાગુ જ નથી પડતું. વાહ રે વાહ ! જાણવાનું સ્વચ્છતાને લાગુ નથી પડતું.) ક્યાંથી પડે પણ ? આહાહા ! જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષસુખાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિફલતિ, પ્રતિબિંબિત થાય છે. પ્રતિભાસ થતાં જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય ? આહાહા !

જ્યાં પ્રતિભાસ થયો. આ ફૂલનો પ્રતિભાસ થયો ત્યાં સ્ફટિકમણિ રાતું થઈ ગયું. આહાહા ! હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું, ઈત્યાદિ આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષ આદિનો કર્તા થાય છે. મૂળ હતું કર્તા થાય છે એ પાછું કર્તા થાય છે એમ લીધું. થઈ ગયો ટાઈમ લ્યો. પચાસ મિનિટ થઈ ગઈ. સમયસારની સ્તુતિ લ્યો. સમયસાર લગે હમકો પ્યારા. સમયસાર બે જગ્યાએ છે હોં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રી સમયસારજી ગાથ - ૯૩**
**વિડીયો પ્રવચન નં. ૬૭૩, સળંગ પ્રવચન નં. ૧૫**
**તા. ૨૩-૨-૯૭**
**સ્થળ : સ્વાધ્યાય હોલ - રાજકોટ**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો કર્તાકર્મ અધિકાર ચાલે છે. આત્મા છે. દૃષ્ટિની અપેક્ષાએ તો અકર્તા જ છે. છતાં પણ જ્ઞાનપ્રધાનથી જોવામાં આવે તો એને કથંચિત્ કર્તા પણ કહેવામાં આવે છે. તો એ કર્તા શેનો થાય છે ? કે જ્ઞાનનો. કયા જ્ઞાનનો કર્તા થાય છે ? ઈન્દ્રિયજ્ઞાનનો ? કે નહીં. રાગનો તો નહીં જ, પણ ઈન્દ્રિયજ્ઞાનનો કર્તા થાય એવું એના સ્વભાવમાં જ નથી. પરિણમે તો જ્ઞાનપણે પરિણમે છે, તો જ્ઞાનપણે પરિણમે તો એ જ્ઞાનનો કર્તા કથંચિત્ કહેવામાં આવે છે. એ કર્તાકર્મપણું સ્વજાતિમાં હોય, દ્રવ્ય જેવું હોય એવા જ એના પરિણામ હોય એને કર્તાકર્મનો વ્યવહાર કહેવામાં આવે છે.

નિશ્ચયથી તો કર્તાકર્મ એ પર્યાયનું પર્યાયમાં છે, દ્રવ્ય તો એનો કર્તા છે જ નહીં, પણ કર્તાકર્મ અધિકારમાં, અનંતકાળથી જીવને એવી ભ્રાંતિ થઈ ગઈ છે કે અનંતકાળથી અજ્ઞાની જીવ છે, તો અજ્ઞાની જીવ હોય ત્યાં સુધી એની પર્યાયમાં રાગ થાય અને એ જ્યારે જ્ઞાની થાય ત્યારે રાગનો અકર્તા થાય. એવું સ્વરૂપ છે એમ અનાદિકાળથી એને ભાસ્યું છે. એને અહીંયા આચાર્ય ભગવાન જીવનો મૂળ સ્વભાવ અને પુદ્ગલનો મૂળ સ્વભાવ એ બે સ્વભાવની પ્રસિદ્ધિ કરીને પછી હવે એ જ્ઞાનમય આત્મા કેવી રીતે જ્ઞાનમય થઈ જાય છે, એની આ ગાથા છે.

ટીકા :- ૯૩ ગાથાની. જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી, શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી, એ તો ઈન્દ્રિયજ્ઞાન છે એટલે ખરેખર તો એ જ્ઞેય છે, પણ એ જ્ઞાન નથી, માટે અહીંયા પહેલો શબ્દ એમ વાપર્યો કે જ્ઞાનથી એટલે આત્મજ્ઞાનથી આ આત્મા, અહીંયા આ આત્મા કહ્યું, તે આત્માની વાત નથી. આ આત્મા પરનો અને પોતાનો એટલે પુદ્ગલ ને પુદ્ગલના પરિણામનો અને પોતાનો જ્ઞાયક તત્ત્વનો પરસ્પર, અરસપરસ વિશેષ જાણતો હોય ત્યારે, એ જ્ઞાની કેમ થયો ? કે એને એમ જાણ્યું કે આત્મામાં ત્રણેયકાળ જ્ઞાન પ્રગટ થાય છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે. આ આત્મામાં કદિ રાગ ઉત્પન્ન થાય જ નહીં, તો દ્રવ્યકર્મ અને નોકર્મની વાત તો ક્યાંય રહી. અમે આત્મા એને કહીએ છીએ કે જે હંમેશા ત્રણેયકાળ જ્ઞાનમય છે, એક સમયમાત્ર પણ તે રાગમય થયો નહોતો,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તમાનમાં થયો નથી અને ભવિષ્ય કોઈ કાળે પણ આત્મા રાગમય થવાનો નથી. એ તો જ્ઞાનમય જ રહ્યો છે અને જ્ઞાનમય જ છે અને જ્ઞાનમય જ રહેવાનો છે. કોઈ એવો એક સમય નહીં આવે કે જ્ઞાનમય આત્મા રાગમય થઈ જાય, એવો સમય નહીં આવે. તું રાહ જોઈશ તોપણ એવું તો તને તારા જ્ઞાનમાં થવાનું નથી. કારણ કે એવું સ્વરૂપ જ થવાનું નથી.

ત્યારે અહીંયા આત્મામાં એક સામાન્ય જ્ઞાન પ્રગટ થાય છે અને સામે દ્રવ્યકર્મમાં રાગદ્વેષસુખદુઃખના પરિણામ પ્રગટ થાય છે. બે દ્રવ્ય ભિન્ન છે. બે દ્રવ્યના પરિણામ પણ ભિન્ન ભિન્ન છે. આત્માના પરિણામ જ્ઞાનમય છે, એમાં જ્ઞાન પ્રગટ થાય છે અને સામે બીજું પુદ્ગલ દ્રવ્ય છે, એનામાં અનાદિથી દ્રવ્યકર્મ છે ત્યાં સુધી એનામાં રાગ પ્રગટ થાય છે. નોકર્મમાં રાગ પ્રગટ ન થાય. નોકર્મમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ પ્રગટ થાય. ત્યાં રાગ પ્રગટ ન થાય. એમાં એની પર્યાયમાં રાગ થાય એવી નોકર્મમાં યોગ્યતા પણ નથી અને દ્રવ્યકર્મની એવી યોગ્યતા પર્યાયમાં છે કે એનામાં રાગદ્વેષસુખદુઃખનો અનુભાગ પ્રગટ થાય, ત્યારે અજ્ઞાનીનું અજ્ઞાન એમાં નિમિત્ત થાય. ઉપાદાન તો એનું પોતાથી જ છે.

એવી સ્થિતિ છે કે અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે. સામે દ્રવ્યકર્મ છે એ સત્તામાં છે, એનો ઉદયકાળ આવે છે ત્યારે એમાં રાગ પ્રગટ થાય છે, એમાં જ્ઞાન પ્રગટ થતું નથી. અને આત્મામાં સામાન્ય ઉપયોગ પ્રગટ થાય છે, ત્યારે એમાં ઉપયોગ જ પ્રગટ થાય છે, એમાં રાગ પ્રગટ થતો નથી, આવી વસ્તુની સ્થિતિ છે. બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. હવે બે પદાર્થની ભિન્નતા ઉપરાંત એવું સ્વરૂપ છે, કે રાગનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય પણ એ રાગ જ્ઞાનમાં આવી શકે નહીં. જ્ઞાનમાં તો જ્ઞાયક છે એટલે રાગનો આવવાનો એમાં અવકાશ નથી. જગ્યા જ નથી. જગ્યા હોય તો ઉપયોગમાં રાગ આવે ને ? ઉપયોગમાં ઉપયોગ છે પણ ઉપયોગમાં રાગાદિ નથી. આ વસ્તુની સ્થિતિ છે. પહેલા વસ્તુની સ્થિતિ ખ્યાલમાં લ્યે તો એને ખ્યાલ આવે કે હું અજ્ઞાની આજ સુધી કેમ પર્યાયે રહ્યો અને હવે અજ્ઞાન ટળીને કેમ જ્ઞાનમય પ્રગટ થાય એની વિધિ એને ખ્યાલમાં આખી આવી જાય.

પહેલા વસ્તુસ્થિતિ શું છે એ એને જાણવી જોઈએ. વસ્તુસ્થિતિ તો એવી છે કે અનાદિથી આત્મા અજ્ઞાની રહ્યો નથી. અજ્ઞાનભાવ તો સમયવર્તી છે. ત્રિકાળવર્તી અજ્ઞાનની પર્યાયને ગૌણ કરો, તો ત્રિકાળવર્તી તો જ્ઞાનમય રહ્યો છે, અજ્ઞાનમય થયો પણ નથી. આહાહા ! એક સમયની પર્યાયદૃષ્ટિથી જુઓ તો એ અજ્ઞાની થયો છે, પણ આત્મા અજ્ઞાની થયો નથી. ઉપચારથી આત્માને અજ્ઞાની કહ્યો. આત્મા પોતાના જ્ઞાયકભાવને છોડીને કદિ પણ રાગમય થયો નથી એટલે અજ્ઞાની થયો નથી. ભ્રાંતિથી કોઈને ભાસે છે, તો એ તો એનું અજ્ઞાન જાહેર થાય છે. એ અજ્ઞાન જાહેર થાય તોપણ એ જ્ઞાયકભાવમાં અજ્ઞાનની ઉત્પતિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નહીં થાય, એમાં તો સામાન્ય જ્ઞાન જ ઉત્પન્ન થયા કરે છે. પછી વિશેષમાં એ ભૂલે છે. સામાન્યમાં તો જ્ઞાન જ પ્રગટ થાય છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે.

બીજું કે ભગવાન આત્મા જ્ઞાયક હોવાથી એ લક્ષ છે અને એમાં ઉપયોગ પ્રગટ થાય તે તેનું લક્ષણ છે. તે તેનું લક્ષણ કેમ કહ્યું ? કે એ જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે, લક્ષણ લક્ષને જ અભેદપણે થઈને પ્રસિદ્ધ કરે છે અલક્ષને પ્રસિદ્ધ જ કરતું નથી. ઉપયોગ અનાદિકાળથી આજ સુધી પરનો કર્તા તો થયો નથી, પણ અત્યાર સુધી જ્ઞાનમાં પરજ્ઞેય બન્યું નથી હોં. સામાન્ય જ્ઞાનમાં જ્ઞેય બન્યું નથી. એ જ્યાં સામાન્ય અંદરમાં વળે છે તો વિશેષમાં પણ જ્ઞેય બન્યું નથી એમ એને અનુભવમાં આવી જાય છે. ભૂતકાળમાં પણ જ્ઞેય મારો આત્મા હતો. વર્તમાનમાં પણ આત્મા છે ને ભવિષ્યકાળે પણ આત્મા જ રહેશે. ધ્યેય તો નહીં ફરે, પણ જ્ઞેય પણ પછી ફરતું નથી.

એવી એક સહજ સ્થિતિ છે, કે અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે ત્યાં રાગ પ્રગટ થાય છે, અહીંયા સ્વચ્છતા છે એટલે એ એમાં પ્રતિભાસે છે. એ પ્રતિભાસે છે એ તો જ્ઞાનની અવસ્થા છે. રાગનો પ્રતિભાસ થાય છે તો ત્યાં રાગ આવી જાય છે એમ છે નહીં. રાગ રાગમાં છે. જ્ઞાન જ્ઞાનમાં છે એનો પ્રતિભાસ જ્ઞાનમય છે અને જેનો પ્રતિભાસ થાય છે એ જડ છે, અચેતન છે એમાં ચેતનનો અંશ નથી. આહાહા !

એવી વસ્તુ સ્થિતિને જાણનારો જે જ્ઞાની છે એમ, એવી વસ્તુસ્થિતિને જે જાણીને જ્ઞાની થયો તે, પરનો અને પોતાની પરસ્પર વિશેષ નામ જુદાઈ, આ અનુભવથી ભેદજ્ઞાન થયું. એક વિકલ્પાત્મક ભેદજ્ઞાન છે અને નિર્વિકલ્પ અનુભવથી ભેદજ્ઞાન થાય એ યથાર્થ છે. સમજી ગયા. ઓલું સામાન્ય કોટિનું છે, પણ એ સામાન્ય કોટિમાંથી પણ જો પુરુષાર્થ કરે, તો વિશેષ કોટિ આવી જાય છે. પણ સામાન્ય કોટિમાંય જે આવતો નથી. સવિકલ્પદશામાં પણ ભેદજ્ઞાનનો વિચાર કરતો નથી. એવી એકત્વબુદ્ધિ કરી રહ્યો છે, એકત્વબુદ્ધિ થઈ છે. એની બુદ્ધિ બગડી ગઈ છે. જડ, ચેતન એક થતું નથી. આહાહા ! (શ્રોતા :- એકત્વ થયું નથી, એકત્વબુદ્ધિ થઈ છે) એકત્વબુદ્ધિ થાય છે, એકત્વ ક્યાંથી થાય ? જડ, ચેતન એક થાય તો તો આત્માનો નાશ થઈ જાય. અહીંયા આત્માનો નાશ થાય અને ઓલું જડ, ચેતન થઈ જાય, એમ તો કોઈ કાળે બનતું નથી. આહાહા !

એમ આત્માનું જ્ઞાન જેને થાય છે. તે જીવો, પરસ્પર વિશેષ તફાવત જુદાઈ એની જાણે છે. વિશેષ જાણતો હોય ત્યારે, વિશેષ એટલે જુદાઈ-ભેદ, જડ ચેતનની જુદાઈ જાણતો હોય ત્યારે, આ જાણે છે ને આત્મા જેવો છે એવો રાગથી ભિન્ન જણાય પણ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે અજ્ઞાનીને પણ રાગથી ભિન્ન જ્ઞાયક જણાય છે પણ એ સ્વીકાર કરતો નથી. બાળગોપાળ સૌને રાગથી ભિન્ન ભગવાન આત્મા અનુભવમાં આવે છે, રાગથી સહિત થયો નથી અને કોઈ કાળે થવાનો પણ નથી. આહાહા !

વિશેષ જાણતો હોય ત્યારે બે વચ્ચે તફાવત જુદાઈ જાણતો હોય ત્યારે, પરને પોતારૂપ નહીં કરતો, રાગાદિને રાગ છે એ મારા પરિણામ છે એવી એની જ્ઞાનમાં બુદ્ધિ થતી નથી, અજ્ઞાનમાં કલ્પના કરતો'તો, કલ્પના છૂટી ગઈ, અને વાસ્તવિક સ્વરૂપ ખ્યાલમાં આવ્યું, ત્યારે શું કહે છે કે પરને પોતારૂપ નહીં કરતો રાગનો પ્રતિભાસ થાય છે, પ્રતિભાસ રાગનો રહી ગયો, પણ જેનો પ્રતિભાસ થાય છે એમાં અહમ્ છૂટી ગયું. આહાહા ! અને જેમાં પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં એ પ્રતિભાસમય તો જ્ઞાન આત્મા છે. કેમકે એમાં આત્મા જણાય છે. આહાહા !

જ્ઞાની થયો ને ? પ્રત્યક્ષ, (શ્રોતા :- એ પ્રતિભાસમય જ્ઞાન આત્મા છે) પ્રતિભાસમય જ્ઞાન જે છે એ પ્રતિભાસથી જ્ઞાન અનન્ય અભેદ છે, અને એવું જે જ્ઞાન છે તે આત્માથી અભેદ થઈને અનુભવે છે. પ્રતિભાસ છે એ જ્ઞાનમય છે. (શ્રોતા :- જ્ઞાન જ્ઞાયકમય છે.) અને જ્ઞાન તો જ્ઞાયકનું છે. તો જ્ઞાન ને જ્ઞાયક જુદા નથી. આહાહા ! એ તો અભેદ એક જ્ઞેય છે. ધ્યેય પણ એક ને જ્ઞેય પણ એક. આહાહા ! પછી તો આ ધ્યેય ને આ જ્ઞેય અનુભવના કાળે એવો ભેદ દેખાતો નથી.

પરને પોતારૂપ નહીં કરતો. રાગનો, શરીરનો પ્રતિભાસ થાય છે. આહાહા ! પ્રતિભાસ તો થાય. શાંતિનાથ ભગવાનને રાજપાટનો પ્રતિભાસ થતો હતો, હેં ? પણ એ પરને પોતારૂપ નહીં જાણતો, કરતો, આહાહા ! પોતારૂપ નહીં કરતો, એ મારા છે એવી એને કલ્પના બિલકુલ ઉત્પન્ન થતી નથી, અને પોતાને પર નહીં કરતો, પોતે તો જ્ઞાનમય છે. એ કંઈ રાગમય થતો નથી, તો શરીરમય ક્યાંથી થાય ? તો બહારના મોટરાદિ પદાર્થોમય તો થવાનો પ્રશ્ન જ નથી. મૂર્ખ કહે છે મૂર્ખા, મોટર મારી. આહાહા ! એ તો મોટર મારી જ છે ને ? મેં પૈસા ખર્ચ્યા છે ને. આહાહા ! મારા નામે લાયસન્સ છે, જોઈ લ્યો. આહાહા ! કેટલો દૂર ચાલ્યો ગયો.

જ્ઞાયકથી તો જુદો પડ્યો, પણ જ્ઞાયકનું જે જ્ઞાન પ્રગટ થાય છે, જ્ઞાયકનું જ્ઞાન પ્રગટ થાય છે. મોટરનું જ્ઞાન નથી થતું, રાગનું જ્ઞાન પ્રગટ ન થાય. કેમકે રાગનું જો જ્ઞાન હોય તો જ્ઞાન રાગ જ હોય. એ તો તન્મય જ હોય, માટે કોઈ પણ જીવને અત્યાર સુધી રાગનું જ્ઞાન થયું નથી લે. બધાને જ્ઞાયકનું જ્ઞાન થાય છે. થઈ રહ્યું છે ને થશે. પણ એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાતી નથી. આ મને જણાય છે, આ જણાય છે. આહાહા ! પોતાને પર નહીં કરતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે જ્ઞાનમય થયો થકો, ઉપર તો જ્ઞાનથી એમ લખ્યું'તું.

હવે કહે છે કે જ્ઞાનમય થયો થકો, જ્ઞાયક ને જ્ઞાન એકમેક થઈ ગયું છે. આહાહા ! સાકર ને સાકરનું ગળપણ એ કાંઈ જુદી વસ્તુ નથી. જ્ઞાનમય થયો થકો. અરે જ્ઞાનમય તો હતો. આજે ભાન થયું, અરે હું તો પૂર્વે જ્ઞાનમય હતો. આહાહા ! જ્ઞાનમય હતો એવો જ્ઞાનમય છું એવું અત્યારે ભાન થયું તો આલોચના થઈ, તો પૂર્વે પણ જ્ઞાનમય હતો એવું પ્રતિક્રમણ એને થઈ ગયું. પૂર્વે હું રાગમય કદિ થયો નથી. આહાહા !

પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના એક સમયમાં શુદ્ધ ઉપયોગના કાળમાં થાય છે. આહાહા ! એનું નામ પ્રત્યાખ્યાન છે. હા, ભવિષ્યકાળે હું રાગરૂપે થઈશ, એવો કદી એને ભાવ આવતો નથી, એટલે એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. શું પ્રતિક્રમણ ને શું પ્રત્યાખ્યાન ? કાંઈ ખબર નહીં. આહાહા ! પછી તો કહે છે કે એ તો અપોહક છે. એને રાગને ગ્રહણ ક્યાં કર્યું છે. કોણ છોડે અને કોણ ગ્રહે. આહાહા ! એ બધી પર્યાય તરફથી વાતો કરવામાં આવે છે. પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ, આહાહા ! કોણ રાગને ગ્રહણ કરે ને કોણ છોડે ? અપોહક તો અપોહક છે.

રાગના અભાવ સ્વભાવે આત્મા ત્રણેય કાળ રહેલો છે હોં. એક સમય પણ રાગરૂપે થયો નથી, જો એક સમય રાગરૂપે થયો હોય તો ત્રણેય કાળ રાગરૂપે રહે તો કોઈ દિ' કોઈને સમ્યગ્દર્શન ન થાય ને મોક્ષ પણ ન થાય. હવે રાગમય થતો નથી. તો આ કરોડ બે કરોડ રૂપિયાને હીરામય ક્યાંથી થાય ? પંકજ ! થાય ? હાય ! હાય ! અમારા હીરા ગયા, પણ તમારા હીરા હતા જ કે દિ', આ ચૈતન્ય હીરો તમારો છે, જળહળ જ્યોતિ અહીંયા બિરાજમાન છે ભાઈ. આહાહા ! મોટી ભ્રમણા થઈ ગઈ છે. આહાહા !

જ્ઞાનમય થયો થકો, હવે શું કહે છે. ફળ શું આવ્યું ? જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. કર્મોનો અકર્તા થયો એમ લખ્યું નથી. કર્મોનો ભાવકર્મનો, રાગનો અકર્તા પ્રતિભાસે છે. હવે એને આત્મા એવો પ્રતિભાસમાં આવ્યો, કે એ તો ત્રણેય કાળ અકર્તા જ હતો અને અકર્તા જ રહ્યો છે. કર્તા તો થયો જ નથી. જો અકર્તા થાય તો પૂર્વ પર્યાયમાં કર્તાપણાનો દોષ આવે. ત્રણેય કાળ દ્રવ્ય સ્વભાવ અકારક ને અવેદક છે. એક સમય માત્ર પણ એ કર્તા થતો નથી. અકર્તાપણું છૂટે નહીં ને કર્તાપણું અંદર દ્રવ્યમાં આવે નહીં. આહાહા ! કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. આહાહા !

આ બે દ્રવ્યો. અહીંયા આત્મા છે ને સામે દ્રવ્યકર્મમાં રાગ થાય છે. બે વચ્ચે જ્યારે તફાવત, ભિન્નતા જુદાઈ એને ભાસે છે ત્યારે અંતર્મુખ થઈને અનુભવ કરે છે, ત્યારે રાગનો કર્તા ભાસતો'તો, એ હવે અકર્તા ભાસે છે. આહાહા ! કે પૂર્વે અજ્ઞાનદશામાં તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તા થતો હતો કે નહીં ? કે નહીં. કર્તા તો થયો જ નથી, પણ કર્તા ભાસતો'તો, મને પ્રતિભાસમાં આવતું'તું કે રાગને હું કરું છું. એ તો એનું અજ્ઞાન હતું. અજ્ઞાન ટળી ગયું અને જ્ઞાન પ્રગટ થયું. જ્ઞાનમાં એ આત્માને જ્ઞાનથી જાણ્યો, અભેદ થઈને અનુભવ કર્યો. આહાહા !

શિષ્ય પ્રશ્ન કરે છે, કે જ્ઞાનમય થઈ ગયા તમે ? કે હા, સર્વથા જ્ઞાનમય ? તો કે હા. તો કહે એક વાર તમે ડૂબકી મારીને જુઓ ક્યાંક તો રાગ થતો હશે ને ? અસ્થિરતાનો રાગ તો ક્યાંક થાય ને ? સાધક છે. કે હું સાધકેય નથી ને બાધકેય નથી. હું તો પરમાત્મા છું. આહાહા ! જુઓ ! સાધકનો જવાબ. કે લાવ તું કહેશ તો ડૂબકી મારીને જોઉં, ડૂબકી મારી અંદરમાં, શુદ્ધ ઉપયોગ થયો, બહાર આવ્યા અને કહ્યું કે એ ચારે બાજુ મેં જોયું, અસંખ્યાત પ્રદેશમાં ક્યાંય પણ રાગનું અસ્તિત્વ મને દેખાણું નહીં. આહાહા ! અને ગુણોનું અસ્તિત્વ દેખાય છે એ પણ અભેદપણે મને દેખાણું, ભેદપણે દેખાણું નહીં. કેમ કે શુદ્ધઉપયોગમાં અભેદપણે આત્મા દેખાય, આ શુદ્ધઉપયોગની વાત ચાલે છે. આહાહા ! ભેદ દેખાય તો શુદ્ધઉપયોગ થાય નહીં. પરિણતિ ભલે રહે સમ્યગ્દર્શનની. આહાહા ! ગુણભેદ પણ દેખાતો નથી. આ સમયસાર તો સમયસાર છે. આહાહા !

શ્રીમદ્જીએ કહ્યું એક વખત તને સમ્યગ્દર્શન થાય ને તો તું માનીશ કે મારે સંસારમાં રહેવું છે તો રહેવા નહીં દ્યે. એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા પહેલા વિચાર કરજે. સમજી ગયા. આહાહા ! એવા મૂર્ખાય હોય ને, કે સાહેબ એ જાય મોક્ષમાં ત્યારે પછી આ કઢી ને આ શાક ને દાળ ને ભાત ને શીરો ને એ ત્યાં શું મળશે ? અરે પ્રભુ ! તું ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો. આહાહા ! અરે એ તો જ્ઞાન અને આનંદનું ભોજન કરે છે, સાધક આનંદના નિત્ય ભોજી છે.

હવે તે વાત સ્પષ્ટતાથી સમજાવે છે. પહેલા ટૂંકાણમાં કહી દીધું, હવે વધારે વિસ્તારથી સ્પષ્ટ કરીને સમજાવે છે. એટલે સંક્ષેપ રુચિવાળો હોય તો એ બે લીટીમાં સમજી જાય. પણ વિસ્તાર રુચિવાળા માટે હવે અમે ખુલાસો કરીએ છીએ. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે. જે કહ્યું છે એની વિશેષ સ્પષ્ટતા કરીએ છીએ.

જેમ-દૃષ્ટાંત આપે છે, મૂળમાં દૃષ્ટાંત નથી. મૂળ ગાથામાં દૃષ્ટાંત નથી પણ દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ-જેવી રીતે શીત-ઉષ્ણનો અનુભવ એટલે તે પ્રકારનું જ્ઞાન. ટાઢી-ઉની અવસ્થા હોય તો ટાઢું છે એવું જ્ઞાન થાય, અહીંયા પ્રતિભાસ થાય. ઉષ્ણ અવસ્થા હોય તો ઉષ્ણ છે તેવો પ્રતિભાસ થાય છે. તો શીતઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ, એનો પ્રતિભાસ થવામાં એ સમર્થ છે, નિમિત્ત છે. પ્રતિભાસ તો ઉપાદાનમાં થાય છે. તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિભાસનું નિમિત્ત કારણ કોણ છે ? કે ટાઢી-ઉની અવસ્થા એ નિમિત્તકારણ છે, એ ઉપાદાન કારણ નથી. ઉપાદાન કારણ અહીંયા અંદરમાં હોય, નિમિત્ત કારણ બહારમાં હોય, અને એ નિમિત્તને જ્ઞાન જાણતું નથી. એ નિમિત્તના પ્રતિભાસને જ્ઞાન જાણે છે, પણ ત્યાં પણ પૂર્ણવિરામ નથી. એ જ્ઞાન તો આત્માને જાણે છે. આહાહા !

જ્ઞેયાકાર અવસ્થા થાય છે, એમાં પણ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે, બીજું કાંઈ જણાતું નથી. આહાહા ! તો પછી એક બીજો વિષય પ્રવચનસારમાં આવ્યો. પ્રવચનસારમાં, કે જે સર્વને જાણે છે તે જ આત્માને જાણી શકે છે. એટલે આપણે ચીઠ્ઠીઓ એટલા માટે મોકલી છે કે ભૂતકાળમાં નારકીમાં એ દુઃખરૂપે પરિણમ્યો'તો, તો દુઃખનો પ્રતિભાસ થયો'તો. તો એરૂપે એ જ્ઞાન થયું'તું કે નહીં ? એમ કરીને જરા અવળચવડ કરીને, પ્રશ્ન તો એમ જ થાય ને ? પાકા હોય તો ભૂલે નહીં. કાચા હોય તો ભૂલી જાય. આહાહા !

પછી આ પૂરું થાય પછી ચીઠ્ઠીઓ આવી ગઈ છે બધાની ન આવી હોય તો આપી દેજો બધી. (શ્રોતા :- ત્રણ ચાર આવી છે.) ભલે ત્રણ ચાર આવે કાંઈ વાંધો નહીં. જ્ઞાયક પાસે આવી છે. જ્ઞાયક તો આજ નથી આવ્યો. તો જ્ઞાયક બપોરે આવશે ? નહીં આવે તો એની પાસે ચીઠ્ઠીયું લઈ લેજો. આવી ગઈ. ચીઠ્ઠી આવી ગઈ તો વાંધો નહીં. આહાહા ! અદ્‌ભૂત શાસ્ત્ર છે. અશરીરી થવાનું આ શાસ્ત્ર છે. આહાહા ! આપણા ઉપકારી ફરમાવે છે કે સમયસાર તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. આહાહા ! શરીર નહીં મળે તને. આહાહા !

સર્વાર્થ સિદ્ધિનો દેવ પણ તું નહીં થા હોં. ઊંચામાં ઊંચું દેવલોક છે ને ? તેત્રીસ સાગરનું આયુષ્ય, ઊંચું સ્વર્ગ. આહાહા ! મુનિરાજ બધા ત્યાં જાય અને ચર્ચા રાત ને દિ' કરે. તેત્રીસ સાગરોપમ ખૂટી જાય, ચર્ચા ખૂટે નહીં, અધૂરી રહી ગઈ ચર્ચા. આહાહા ! હવે સમ્યગ્દર્શન તને થશે તો સ્વર્ગ મળશે કે નહીં ? કે સ્વર્ગ તો મળશે જ નહીં. તને આત્મા મળ્યા પછી સ્વર્ગની ક્યાં વાત પૂછેશ ? ક્યાં ગયો તું. આહાહા ! કેમકે કલ્પના છે ને સ્વર્ગમાં બહુ સુખી હોય જીવ, કલ્પના. નરકમાં નથી જાવું પણ સ્વર્ગમાં જઈએ તો ઠીક. રમણીકલાલ ! આહા ! રમણીકલાલનું નામ લીધું. આહાહા !

એલા આત્મા મળ્યા પછી તો આત્મા જ રહેવાનો છે, આત્મા દૃષ્ટિમાંથી નહીં છૂટે અને આનંદ આવ્યા કરશે અને પૂર્ણ આનંદ અલ્પકાળમાં થઈ જશે. કોલ કરાર છે. (શ્રોતા :- સર્વાર્થ સિદ્ધિથી ઉપર જતો રહેશે) ઉપર જતો રહેશે. સવાર્થસિદ્ધિનો ઉપરનો છેડો અને સિદ્ધ શીલાનો નીચેનો છેડો એક વાળ જેટલું છેટું છે બેય ને. અડ્યું કે ન અડ્યું એના જેવું છેટું. અડતું તો નથી. અડે તો નહીં જ. આહાહા ! પછી એનું કારણ છે જે ત્યાં જઈ આવ્યો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને એટલે પછી તો નીચે ઉતરીને એનો મોક્ષ થઈ જવાનો. ત્યાં જ જવાનો સીધો. આહાહા !

જેમ ટાઢી-ઉની અવસ્થાનો અનુભવ કરાવવામાં સમર્થ, નિમિત્તપણે સમર્થ, કર્તા નથી બનતો. અહીંયા પર્યાયનું નિમિત્ત કર્તા નથી બનતું પણ નિમિત્તનો પ્રતિભાસ થાય છે. એટલે સમર્થ એમ કહ્યું. (શ્રોતા :- પ્રતિભાસ થાય છે એટલે સમર્થ) પ્રતિભાસ થાય છે એટલે સમર્થ કહ્યું. આહાહા ! પ્રતિભાસનો અર્થ ઉષ્ણપર્યાય ને ટાઢી પર્યાય જ્ઞાનમાં આવતી નથી, એનો માત્ર પ્રતિભાસ થાય છે, રાગનો પ્રતિભાસ થાય છે, રાગ જ્ઞાયકમાંય આવતો નથી ને જ્ઞાનમાં પણ આવતો નથી. આહાહા !

અદ્‌ભૂત ચમત્કારિક ભેદજ્ઞાનની વાત છે. એટલા માટે આપણે પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાંથી પ્રતિભાસનો પાઠ પહેલો લીધો. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય પાછું વાચ્યું તો એમાં પ્રતિભાસ સિવાય બીજું કાંઈ દેખાણું નહીં. ત્રીજી વાર વાંચ્યું તો ય એમાં એમ નથી લખ્યું કે એને જાણે છે ને આ જણાય છે. જાણે છે એમ તો લખે જ નહીં. જ્ઞાની પણ ક્યાંક જણાય છે એમ તો લખે, કોક કોક બોલે પણ આ તો એમાં પ્રતિભાસ, પ્રતિભાસ, પ્રતિબિંબિત થાય છે. આહાહા ! પ્રતિફલતિ, પ્રતિબિંબ, આહાહા ! શાસ્ત્રો તો શાસ્ત્રો છે.

પરપદાર્થો આ જ્ઞાનમાં જણાય છે તો તો એ જ્ઞેય થઈ ગયું. તો જ્ઞાન જ્ઞેય ન થયું. પ્રતિભાસ થાય છે, પણ જેનો પ્રતિભાસ થાય છે એને જ્ઞાન જાણતું નથી. અને જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે એ તન્મય છે માટે એને જ જાણે છે, ઓને જાણતું નથી. શાસ્ત્રમાં તો ભંડાર ભર્યો છે.

શીત ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ નિમિત્તપણે. એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, એ ટાઢી-ઉની અવસ્થા છે એ જીવના પરિણામ નથી, કોના પરિણામ છે ? પુદ્‌ગલના પરિણામ છે. એ પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, ટાઢી-ઉની અવસ્થાનો પ્રતિભાસ જ્ઞાનમાં થયો, તોપણ ટાઢી-ઉની અવસ્થા તો પુદ્‌ગલથી અભિન્ન જ રહી છે, અહીંયા પ્રતિભાસ થયો, માટે ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં આવી જાય છે એમ છે નહીં. આહાહા ! માટે પુદ્‌ગલથી અભિન્ન જ રહે છે. એ પુદ્‌ગલથી ભિન્ન થાય તો જ્ઞાનમાં આવે ને ? મર્મ છે આમાં. આમાં રાગમાં ઉતારવું છે. દ્રવ્યકર્મથી રાગ છૂટો પડે તો તો જ્ઞાનમાં આવી જાય. પણ ત્યાંથી છૂટો પડી અને જ્ઞાનમાં પ્રવેશતો નથી. કે પ્રતિભાસ થાય ત્યારે ? કે ના. ત્યાંથી છૂટો પડે તો, તો રાગે ય રહેતો નથી ને પુદ્‌ગલેય રહેતું નથી. આહાહા ! એ આવશે પછી.

પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે કાયમ, ત્રણેયકાળ અભિન્ન. અભિન્ન થાય છે એમ નથી લખ્યું. અભિન્નપણાને લીધે, ડૉક્ટર ! અભિન્નપણાને લીધે, ત્રણેય કાળ ટાઢી-ઉની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન જ હોય, ભિન્ન હોય જ નહીં. આત્માથી, એનાથી ભિન્ન છે તેથી આત્માથી સદાય, ત્રણેય કાળ, આહાહા ! નિમિત્તપણે એ પ્રતિભાસે છે, ત્યારે પણ આત્માથી ભિન્ન છે. આહાહા ! નિમિત્તપણે જ્યારે ટાઢી-ઉની અવસ્થા જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે પણ એ ટાઢી-ઉની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે, જેમાં પ્રતિભાસ થાય છે એમાં તો એ આવતી જ નથી ટાઢી-ઉની અવસ્થા, ત્યાંથી છૂટે તો જ્ઞાનમાં આવે. ત્યાંથી તો છૂટતું નથી. સદાય અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ, અનુભવ એટલે પ્રતિભાસ થાય છે, એને અહીંયા અનુભવ કહ્યો. વેદનની મુખ્યતા નથી, પ્રતિભાસની મુખ્યતા છે. તે પ્રકારનો અનુભવ એટલે ટાઢી હોય તો ટાઢી પ્રતિભાસ થાય, ઉની હોય તો ઉની તે પ્રકારનો અનુભવ આત્માથી, અનુભવ એટલે જ્ઞાન. એ જ્ઞાનમાં ટાઢી-ઉની અવસ્થાનો પ્રતિભાસ થાય છે, એવું જે જ્ઞાન-એવું જે જ્ઞાન, પ્રતિભાસમય જ્ઞાન, પરના પ્રતિભાસમય જ્ઞાન, પરમય નહીં. આવી ગયું.

ટાઢી-ઉની અવસ્થામયજ્ઞાન નથી થતું. પણ એના પ્રતિભાસમય તો જ્ઞાન છે. એ પ્રતિભાસને જ્ઞાનમાંથી કાઢી નાખે તો અજૈન છે. અને પ્રતિભાસ દેખીને રાગમાં અહમ્ કરે તો પણ અજૈન છે. અભિન્નપણાને લીધે, આત્માથી સદાય અત્યંત ભિન્ન છે ટાઢી-ઉની અવસ્થા. કેમકે પુદ્‌ગલથી જે અભિન્ન હોય તો આત્માથી ભિન્ન જ હોય, અને આત્માથી જે અભિન્ન હોય એ પુદ્‌ગલથી ભિન્ન હોય. આત્માથી અભિન્ન જ્ઞાન છે તો પુદ્‌ગલથી જ્ઞાન ભિન્ન છે.

તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં નિમિત્ત-સમર્થ, સમર્થ એટલે નિમિત્ત એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, જીવની અવસ્થા રાગ છે માટે રાગ ભિન્ન છે, એમ નથી. હા. બે પ્રકાર ઉપદેશના છે ખરા, અમને ખબર છે ઈ. કર્તાકર્મ અધિકારની બોંતેર ગાથામાં આત્મા ને આસ્રવનું ભેદજ્ઞાન કરાવ્યું. ત્યાં આસ્રવને જીવમાં સ્થાપ્યો છે. ભાવાસ્રવથી ભિન્ન કહ્યું. અહીંયા કહે છે કે ભાવાસ્રવ ઉત્પન્ન જ ન થાય. માટીને શરીરમાં ચોપડવી ને પછી ન્હાવું એના કરતા માટીને ચોપડવી જ નહીં. આ માટી અહીંયા પ્રવેશી નથી એમ કહે છે આમાં, ઓમાં તો આસ્રવ થઈ ગયો પછી આસ્રવ ને આત્માનું ભેદજ્ઞાન કરાવે છે. ભેદજ્ઞાનના બે પ્રકાર છે. સમજી ગયા. આ ભેદજ્ઞાનનો પ્રકાર ઉંચો છે. આહાહા ! રાગ આત્મામાં થાય છે એવી ભ્રાંતિ જ થતી નથી હવે. આસ્રવ જ ઉત્પન્ન ન થાય. આત્મજ્ઞાન પ્રગટ થાય એમ કહે છે. એ આત્મજ્ઞાનને તમે સંવર કહો, નિર્જરા કહો, મોક્ષ કહો તમારે જે નામ આપવા હોય એ આપો. બાકી આત્મજ્ઞાન પ્રગટ થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ-જ્ઞાન થવામાં સમર્થ, નિમિત્તપણે, એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, અનાદિ અનંત પુદ્‌ગલ પરિણામની અવસ્થા છે. એક સમય પણ જીવની અવસ્થા નથી. આહાહા ! રાગરૂપે પરિણમતો જ નથી, જીવ જ્ઞાનરૂપે પરિણમે છે.

પણ અભવીનો જીવ ? અભવીનો જીવ પણ જ્ઞાનરૂપે પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી. રાગરૂપ પરિણમન તો પુદ્‌ગલનું છે. એનો પ્રતિભાસ દેખીને ભ્રાંતિ થઈ છે. ભ્રાંતિ થાય છે ત્યારે રાગરૂપે એ પરિણમે ? આહાહા ! ભલે એ માને પણ જ્ઞાનમય જ રહ્યો છે આત્મા, રાગમય થયો નથી. આહાહા ! છે જરા સૂક્ષ્મ વાત. કે અજ્ઞાની આત્મા તો અજ્ઞાનમય થયો, રાગમય થયો એને કરે, ભોગવે બધું આવે છે. આહાહા ! હવે ગારો ચોપડવાની વાત રહેવા દેને, ગારાને દૂર રાખને. ચોપડ્યા પછી કાઢવું મુશ્કેલી આવશે. ચોપડ્યા પછી રાગને કાઢવો મુશ્કેલ થશે, દુશ્મનને પ્રવેશ જ કરવા દે માં. આહાહા !

રાગ તો દુશ્મન છે. જે ભાવે તીર્થંકરકર્મની પ્રકૃતિનો બંધ થાય એવો શુભરાગ પણ આત્મઘાતક છે. ત્યાં ચારિત્રનો ઘાત થાય છે. ભલે સમ્યગ્દર્શનના ઘાતમાં કારણ નથી, પણ એ શુદ્ધઉપયોગને હણે છે. માટે જ્ઞાનીના શુભરાગને વિષકુંભ કહ્યો છે. આહાહા ! અજ્ઞાનીના રાગની તો શું વાત કરવી, એ તો વિષકુંભ છે જ.

એવી રાગદ્વેષસુખદુઃખાદિ પુદ્‌ગલની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, જુઓ ! રાગ પુદ્‌ગલથી અભિન્ન કહ્યો. રાગ આત્માથી અભિન્ન ન કહ્યો. આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. કોણ ? રાગ. ક્યારે ? હર સમયે કે જ્ઞાન થાય ત્યારે ? અજ્ઞાન હોય ત્યારે તો અભિન્ન હોય ને રાગથી સહિત આત્મા ? આહાહા ! એ સહિત માને છે એનું નામ અજ્ઞાન છે, છે રહિત.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ચૌદમી ગાથા છે, એમાં આચાર્ય ભગવાને ફરમાવ્યું છે કે, આ આત્મા કર્મકૃત રાગાદિથી ને શરીરાદિથી અસંયુક્ત હોવા છતાં એટલે રહિત હોવા છતાં, અજ્ઞાનીઓને સહિત જેવો પ્રતિભાસે છે. ત્યાં પણ પ્રતિભાસ શબ્દ વાપર્યો. સહિત છું એવું ભાસે એમ ન લખ્યું. એનાથી જાણે હું સહિત છું એમ એને પ્રતિભાસે છે. આહાહા ! એમ એને લાગે છે, પણ એને લાગે છે એવું સ્વરૂપ નથી. આહાહા !

શું શાસ્ત્રો અને એનો ઉકેલ કરનાર આપણને પુરુષ પૂ. ગુરુદેવ મળી ગયા. આપણે કાંઈ જાણતા ન હતા. આહાહા ! આ રાગ પુદ્‌ગલમાં થાય છે. એ વાત સાંભળી નહોતી કોઈ દિવસ, રાગ તો જીવમાં જ થાય ને ? અનંતો ઉપકાર છે એનો બસ. ઘણાં જીવો એના નિમિત્તે, થોડા પામ્યા અને વધારે પામશે અને ઘણાં જીવો મોક્ષમાં એની સાથે જશે. એના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી કેટલાક જશે, બાકી રહી ગયા હોય તો, પણ ઘણાં જીવો જાવાના. આહાહા ! ગુરુદેવ કહેતા'તા આ બધી મોક્ષની મંડળી છે. સોગાનીજીએ કહ્યું ઈધર કા અધિકાંશ જીવ મોક્ષ જાનેવાલા હૈ. સોનગઢમાં પોતે આવ્યા અને સભા જોઈ 'ઈધર કા અધિકાંશ જીવ મોક્ષ જાનેવાલા હૈ'. આહાહા ! એના જ્ઞાનમાં આ આવી ગયું. ગુરુદેવના જ્ઞાનમાં તો ઘણું આવ્યું છે. આહાહા ! એને લબ્ધિ ઘણી હતી. બીજા સંબધીનું જ્ઞાન એને બહુ હતું. પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને એ વાત બહાર ન આવી.

અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન. આત્માથી અભિન્નપણાને લીધે, નિમિત્તથી અભિન્ન નથી. નિમિત્તનો પ્રતિભાસ જેમાં થાય છે, એવું જે જ્ઞાન એ તો આત્માથી અભિન્ન છે. એ પ્રતિભાસ જ્ઞાનથી અભિન્ન અને એ જ્ઞાન આત્માથી અભિન્ન એનું નામ અનુભવ છે. પ્રતિભાસ ભિન્ન નથી. પ્રતિભાસનું નિમિત્ત ભિન્ન છે. ભિન્ન છે માટે એ નિમિત્ત જણાતું નથી. ઉપાદાન જણાય છે. ઉપાદાનમાં પણ ભેદ જણાતો નથી અભેદ જણાય છે. ઉપાદાનમાં પણ પ્રતિભાસ થાય છે. એકલી જ્ઞાનની પર્યાય જણાતી નથી. એ પર્યાયમાં અભેદપણે જ્ઞાયક જણાય છે, ત્યારે અનુભવ થાય છે.

અભિન્નપણાને લીધે, પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. આત્મા અને આત્માનું જ્ઞાન, પુદ્‌ગલના પરિણામથી સદાય ભિન્ન રહેલું છે. તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ પરિણામની અવસ્થા, આહાહા ! ટાઢી-ઉની અવસ્થા તો પુદ્‌ગલના પરિણામ છે. એમ તરત જ હા આવે. પણ એને એ સ્થાપ્યું છે કે રાગદ્વેષસુખદુઃખ અહીંયા થાય છે. અહીંયા તો માત્ર જ્ઞાન થાય છે. રાગદ્વેષસુખદુઃખ અહીંયા ક્યાં થાય છે ? એ તો પુદ્‌ગલમાં થાય છે. એ તો અહીંયા બતાવવું છે. આહાહા ! એ હમણાં કહેશે.

પુદ્‌ગલ પરિણામની અવસ્થા, પુદ્‌ગલથી અભિન્નપણાને કારણે, આહાહા ! અભિન્ન થાય છે એમ નહીં, અનાદિ અનંત અભિન્ન જ છે રાગ પુદ્‌ગલથી, દ્રવ્યકર્મથી હોં, નોકર્મથી નહીં. આત્માથી સદાય અત્યંત ભિન્ન છે, કોણ ? રાગ. આ ભક્તિનો રાગ તો અભિન્ન હશે ને કથંચિત્ ! પંચપરમેષ્ટિનો ભક્તિનો રાગ. દિવ્યધ્વનિ સાંભળવાનો શુભ રાગ. એ ક્યાં થાય છે ? દિવ્યધ્વનિ સાંભળવા આપણે અનંતવાર ગયા. પણ હું સાંભળું છું એમ એને આવ્યું અને સાંભળવાનો વિકલ્પ મારામાં થયો અને વિકલ્પ મેં કર્યો. આહાહા ! ભક્તિનો રાગ મારામાં થાય છે, મેં ભક્તિ કરી. આહાહા ! મેં ભક્તિ કરી અને હું કહું બીજો ભક્તિ કરે છે એ તો જીભ નહીં ઉપડે મારાથી. એક કલાક ભક્તિ કરી. આહાહા !

શું કહે છે ? આત્મભાવના ભાવતા જીવ લહૈ કેવળજ્ઞાન, બે આંખમાંથી પાણી ઉતરે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોણે ભક્તિ કરી ? કે મેં કરી. અરે તેં શું કર્યું ? (શ્રોતા :- તું કોણ છો એ ભૂલી ગયો) સાવ ભૂલી ગયો. આહાહા ! રાગને આત્મામાં સ્થાપ્યો, ઉથાપવો જોઈએ. જ્ઞાન સ્થાપી અને રાગને ઉથાપી અને પુદગલમાં અભિન્ન દેખવું જોઈએ એને. આહાહા ! આત્મામાં જ્ઞાનને સ્થાપી અને રાગને પુદ્ગલમાં સ્થાપી અને પુદ્ગલના પરિણામ છે એમ એણે જાણી લેવું જોઈએ.

આ મુંબઈવાળા આવે છે ને એટલે આ બધું કુદરતી આવે છે. ખપી છે બધા ખપી. આહાહા ! આ મુંબઈથી આવે છે. એક કપલ તો છ-છ મહિને લંડનથી અહીંયા આવે છે. બોલો અહીંથી જાય ત્યારે નક્કી કરીને જાય. એ કહે છઠ્ઠે મહીને તો અમારે આવવું જ છે. અરે પણ આટલો બધો ખર્ચો. કહે ખર્ચ ગૌણ છે, અમે બેય કમાઈએ છીએ. પગાર સારો છે. આહાહા ! પૈસા ગૌણ થયા. અહીંયા ત્રણ દિવસ આવે છે તો એની કમાણી ગૌણ થઈ, એ આવવા જવાનો ખર્ચો થાય. ત્રણ દિવસનો ટાઈમ ગયો. સમજી ગયા.

અરે આ વસ્તુ ક્યાંથી મળશે ? કે તારામાં રાગ થતો નથી, તારામાં તો જ્ઞાન થાય છે. કે એ તો આત્મ અનુભવ થાય પછી જ્ઞાન થાય. તેની પહેલા તો રાગ અને મિથ્યાત્વ જ હોય ને આત્મામાં. (શ્રોતા :- ત્યાં સુધી અનુભવ નહીં થાય. એમ માન્યા કરીશ ત્યાં સુધી અનુભવ ક્યાંથી થશે) આત્મદર્શન નહીં થાય. આહાહા ! કષાયના દર્શન થશે. એ તો કર્યા અનંતકાળથી, દુઃખી થઈ ગયો. આહાહા !

આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય, જ્યારે જ્ઞાનને લીધે, જ્ઞાનને કારણે, આત્મા ને રાગદ્વેષ, આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો ને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે. જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. સોગાનીજીએ સાંભળ્યું, જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન. એક શબ્દ સાંભળી રાત્રે પલોઠી વાળીને બેસી ગયા. સવારે સમ્યગ્દર્શન લઈને ઉઠ્યા. એટલું સાંભળ્યું જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન એ શબ્દ સાચો હતો. અરે એના ભેદજ્ઞાનમાં અનુભવ થયો. કે અજ્ઞાનીને તો રાગ અભિન્ન જ હોયને આત્માથી. આત્મા અજ્ઞાની છે જ નહીં. મૂરખ રામ બોલો ભાઈ રામની વાત રહેવા દે ને હવે. આત્મા તો જ્ઞાનમય રહ્યો છે ને રહેશે. રાગમય થયો નથી અને થવાનો પણ નથી કોઈ કાળે. રાગમય એ બીજાનો ધર્મ છે મારો નહીં. બીજાનો એટલે કોનો ? કે દર્શનમોહનો ધર્મ છે એ,મારો ધર્મ નથી. આહાહા !

પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન જ્યારે જ્ઞાનને લીધે, આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો ને તેના અનુભવનો પરસ્પર વિશેષ જુદાઈ જાણતો હોય ત્યારે તેઓ એક નથી પણ ભિન્ન છે. એવા વિવેકને લીધે ભેદજ્ઞાન, આ વિવેક કહેવાય. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શીત-ઉષ્ણની માફક, જેમ ટાઢી-ઉની અવસ્થા છે, એ રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. કે એ વાત તો સાચી છે હોં. એ તો પુદ્‌ગલરૂપે તો આત્મા પરિણમે ક્યાંથી ? ટાઢી-ઉની અવસ્થારૂપે તો ન પરિણમે પણ રાગદ્વેષરૂપે તો પરિણમે છે ને જીવ ? જો ન પરિણમે તો સંસાર નહીં રહે. કે તારે સંસારમાં રહેવું છે હજી ? આહાહા ! તેમ અશક્ય છે હોં એમ કહ્યું. અશક્ય ઈમ્પોસીબલ. ટાઢી-ઉની અવસ્થારૂપે તો ન થાય પણ રાગરૂપે તો કથંચિત્, થાય ને ? (શ્રોતા :- સર્વથા નહીં) નહીં ? જો રાગરૂપે પરિણમતો જ નથી એમ ઉડાડી દેશો તો તો સંસાર નહીં રહે. કે અમારે કોઈને સંસારમાં રહેવા દેવા નથી. તારે રહેવું હોય ને તો અહીં રહીશ નહીં, સમર્થ ગુરુ મળ્યા છે તને. આહાહા ! ગજબની વાત છે.

આ ગુરુ તો ગુરુ છે. બીજા ઘણાં જ્ઞાનીને મારી પાસે આગળ કરે. બધા જ્ઞાની છે કોઈ એમાં પ્રશ્ન છે જ નહીં. એને ઘડીયે ઘડીયે થોડું કહેવાય, કે આ ગુરુની તોલે કોઈ આવવાના નથી. તું આની વાણીને અધિક રાખ. બીજી વાણી સમ્યક્ છે પણ એને ગૌણ કર. જે આનામાં તીખાશ છે એ બીજામાં અમે જોઈ નથી. આહાહા ! એવા ઈન્જેક્શન આપ્યા કે રોગ રહે જ નહીં. આહાહા ! સમર્થ પુરુષ ! અરે ગુરુતત્ત્વ તો ગુરુતત્ત્વ. ભલે શિષ્યતત્ત્વ એકાવતારી હોય પણ ગુરુની તોલે આવે નહીં. આવે ? (શ્રોતા :- ન આવે, કેવી રીતે આવે ?) આહાહા ! પ્રશંસા કરે, અમને કબુલ છે ભાઈ ! જ્ઞાની છે બધા બરાબર છે. આહાહા ! એના વાક્યોને આગળ કરે, મને એમ થાય કે આ ગુરુના વાક્યોને કેમ આ ગૌણ કરી નાખે છે, એવું મને લાગે પણ બોલાય નહીં. આહાહા ! આની વાણી તો તીર્થંકર તુલ્ય વાણી છે. આહાહા !

એવા શીત-ઉષ્ણરૂપે પરિણમવું અશક્ય છે. જેમનારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવા, આત્મા રાગરૂપે પરિણમી શકતો નથી, અશક્ય છે. પુદ્‌ગલના પરિણામરૂપે પરિણમી શકે જ નહીં. ટાઢી-ઉની અવસ્થા જેમ પુદ્‌ગલની છે, તે રૂપે થવું, પરિણમવું અશક્ય છે. એમ પુદ્‌ગલમાં થતો રાગ, એ રૂપે થવું પરિણમવું અશક્ય છે. કે અજ્ઞાની થાય ત્યારે તો રાગરૂપે પરિણમે કે નહીં ? અરે રાગરૂપે પરિણમ્યો છું એ તો એને ભ્રાંતિ થઈ છે, એ તો જ્ઞાનરૂપે પરિણમે છે, એ સમયે પણ. આહાહા ! એ તો આ ચીઠ્ઠીઓ લખી છે એમાં પરીક્ષા એની છે. આહાહા ! અશક્ય શબ્દ વાપર્યો. અજમેરાભાઈ ! રાગરૂપે પરિણમવું અશક્ય છે. ગજબની વાત છે. આહાહા !

કથંચિત્‌ના વ્યવહારને ઉડાડ્યો, કથંચિત્‌ના વ્યવહારને ઉડાડ્યો કે જે વ્યવહાર અજ્ઞાનની સિદ્ધિ કરતો'તો. કથંચિત્ કર્યું શું ને ઢીલું થયું શું ? ગયો દુનિયામાંથી. સર્વથા ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બદલે કથંચિત્‌માં પ્રમાણમાં આવી ગયો. શું થાય ? એ તો પોતે કરે તો થાય એવું છે. જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેવા, કેવા ? રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાન આત્મા વડે જરાય નહીં પરિણમતો થકો, એટલે અજ્ઞાનરૂપ થઈને પરિણમે એમ પણ નથી. તો અજ્ઞાન જ પ્રગટ નહીં થાય. અજ્ઞાન આત્મા વડે, અજ્ઞાન આત્મા વડે તો રાગરૂપે પરિણમે છે ? કે ના. આ શું લખે છે આ ? અજ્ઞાની જીવ અજ્ઞાન આત્મા થાય ત્યારે તે રાગરૂપે પરિણમે, એ પરિણમન એનું જ્ઞાનનું છે, રાગરૂપે પરિણમતો નથી. રાગનો પ્રતિભાસ થાય છે એવા જ્ઞાનરૂપે પરિણમે છે. આહાહા ! એ ચીઠ્ઠીઓ આવશે ત્યારે ખુલાસો કરશું. આહાહા !

અજ્ઞાન આત્મા વડે જરાય નહીં પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, હું તો રાગરૂપે પરિણમતો નથી. અજ્ઞાની રાગરૂપે પરિણમે ? કે ના. રાગરૂપે પરિણમે તો જડ થઈ જાય, રાગરૂપે પરિણમું છું, એ એને ભ્રાંતિ થઈ છે. કપડું સફેદ હોવા છતાં, મને પીળું લાગે છે. આહાહા ! આંખનો દોષ છે. કપડું તો જેવું છે તેવું છે. આહાહા ! પોતે જ્ઞાનમય થયો થકો, આ હું રાગને જાણું જ છું. આહાહા ! આ હું જાણું જ છું. કૌંસમાં જે નિમિત્ત છે એની પ્રધાનતાથી એમ કહ્યું કે રાગને જાણું છું એમ.

રાગી તો પુદ્‌ગલ છે. જુઓ આ સાધકની વાત છે. સાધક થયા પછી અથવા સાધક થવું હોય એને પણ. સાધક થવા પહેલા રાગી તો પુદ્‌ગલ છે. હું તો જ્ઞાનમય છું એવું ભેદજ્ઞાન કરવું જોઈએ. અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે. આહાહા ! કર્તાકર્મ, વ્યાપ્યવ્યાપક પુદ્‌ગલની સાથે રાગનું છે. હું તો જ્ઞાનમય આત્મા છું, મારામાં તો જ્ઞાન થાય છે. રાગનું જ્ઞાન કે જ્ઞાયકનું જ્ઞાન ? કે સ્વપર બેયનું જ્ઞાન કે એકનું જ્ઞાન ? આહાહા ! વ્યવહારના પક્ષમાં રહીને મરી ગયો. રાગી પુદ્‌ગલ છે. રાગ તો પુદ્‌ગલ કરે છે. ઈત્યાદિ વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે. અકર્તા થયો એવું લખ્યું નહીં. પહેલા કર્તા પ્રતિભાસતો'તો. હવે અકર્તા પ્રતિભાસે છે, એવો પાઠ કહ્યો. થઈ ગયો કલાક.

卐 卐 卐

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on Rajesh@AtmaDharma.com